કિસી સમય ત્યાગરાજ કઈ શિષ્યોં સહિત એક જંગલ સે હો કર જા રહે થે. ડાકુઓં કા એક ગિરોહ ઉન પર પત્થર ફેંકને લગા. પરંતુ સબ કે સબ હવા મેં ઉડ ગયે. ઇતનેમેં દો સુંદર યુવક ડાકુઓં પર તીરોં કી વર્ષા કરતે દિખાઈ પડે. ડાકૂ ભાગ ગયે ઔર ફિર જંગલ કે દૂસરે સિરે પર ત્યાગરાજ સે મિલે. ડાકૂ ત્યાગરાજ કે પાસ આ કર ઉન યુવકોં કી સુંદરતા કી તારીફ કરને લગે, જિનકે પરાક્રમ સે તંગ આ કર વે ભાગે થે. તબ ત્યાગ-રાજ ને કહા-"મિત્રો ! વે મામૂલી યુવક નહીં હૈં, બલ્કિ રામ ઔર લક્ષ્મણ હૈં ! આપ લોગ ધન્ય હૈં ! આપ લોગોં કે સૌભાગ્ય કી મૈં કહાં તક તારીફ કરૂં ! આપ પૂર્વજન્મ મેં બડે ભક્ત હુએ હોંગે, વરના ભગવાન કે દર્શન તો કભી હોતે નહીં." ત્યાગરાજ કા યહ કથન સુન કર ડાકૂ લોગ નિહાયત ખુશ હુએ ઔર તબસે ત્યાગ-રાજ કે શિષ્ય બન કર ઈશ્વરભજન કરને લગે.

ત્યાગરાજ ને ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, નીતિ, ધર્મ આદિ કઇ ગૂઢતમ વિષયોં પર અસંખ્ય પદ બનાયે હૈં. કઇ પદોં મેં ઉનકે જીવન કી અનેક મહત્ત્વપૂર્ણ ઘટનાઓં કા જિક્ર હૈ. કઈ વિદ્વાનોં કી રાય હૈ કિ ત્યાગરાજ કેવલ પદશૈલી કે હી નહીં, બલ્કિ અન્ય સબ પ્રચલિત શૈલિયોં કે ભી મહાન કવિ થે. ખોજ દ્વારા પતા લગા હૈ કિ ઇન્હોંને 'પ્રહ્લાદ-વિજય' ઔર 'નૌકા-ચરિત્ર' નામક ઉચ્ચકોટિ કે કાવ્ય ભી રચે થે, પરંતુ વે અલભ્ય હૈં.


અસ્સી વર્ષ કી અવસ્થા મેં ત્યાગરાજ ઇસ નશ્વર

સંસાર સે પ્રાયઃ વિરક્ત હો ગયે ઔર ભગવાન સે પ્રાર્થના કરને લગે: "હે ભગવન્ ! મુઝે જ્ઞાન દે દો. યહી ઉપયુક્ત સમય હૈ. મુઝસે ઇસ સંસાર મેં નહીં રહા જાતા. મુઝે અપને સન્નિધાન મેં લે ચલિયે." ઈશ્વર ને ત્યાગરાજ કી પ્રાર્થના સુન લી ઔર સ્વપ્ન મેં દર્શન દે કર કહા–"ત્યાગરાજ ! સંન્યાસાશ્રમ ગ્રહણ કરો, આજ સે આઠવેં દિન તુમ્હેં મોક્ષ દે દૂંગા." ત્યાગરાજ ને અપના ઘર–દ્વાર સબ કુછ ગરીબોં કો દાન દે દિયા ઔર સર્વસંગપરિત્યાગી બન ગયે. ત્યાગરાજ અપની મૃત્યુ કે સંબંધ મેં પહલે હી સે સચેત થે, અતઃ વહ અપને અંતિમ દિન પવિત્ર કાવેરી નદી કે કિનારે બિતાને લગે. અંતિમ દિનોં મેં વહ નિરાહાર ઔર નિર્જલ રહને લગે. કભી સોતે હી ન થે. બાહરી જગત સે સારા નાતા તોડ દિયા ઔર ધ્યાનમગ્ન હો કર પદ બના બના કર ગાને લગે. ઉનકે અંતિમ સમય કે પદ બડે મહત્વ કે હૈં. ત્યાગરાજ કે શિષ્ય, ભક્ત, મિત્ર આદિ ઉન્હેં ચારોં ઓર ઘેરે રહે ઔર નામ–સંકીર્તન કરતે રહે. ઠીક આઠવેં દિન નિર્ણીત સમય પર (કલિયુગાબ્દ ૪૯૪૮ વર્ષ ગુજર જાને કે બાદ) પુષ્ય વદી પંચમી કે દિન દક્ષિણ કે નાદ-બ્રહ્મ, [illegible]-કવિ-કુલ-ગુરુ [illegible] ત્યાગરાજ અપને [illegible] કે. [illegible] ઈશ્વર સાયુજ્ય કો પ્રાપ્ત હો ગયે. ઉસ સમય ઉનકા સિર ફટ ગયા ઔર એક દિવ્ય તેજ નિકલ કર આસમાન કી તરફ ચલા ગયા. યહ કેવલ ઉનકે શિષ્ય [illegible] હી દેખ સકે.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]

[illegible]



૧૨-સંત તુકારામજી

(અંગ્રેજી પરથી હિંદીમાં અનુવાદકઃ-શ્રી. મોહનલાલજી અને તે પરથી ગુજરાતી અનુવાદકઃ-શ્રી. ચંપકલાલ માણેકલાલ શુકલ)

[આ લેખ અંગ્રેજી ભાષાના સુવિખ્યાત વિદ્વાન કલાકાર મિ. રાઉલેન્સનની લેખિનીનો ચમત્કાર છે. સંત કવિ તુકારામનું સમસ્ત જીવન ચમત્કારોથી ભરપૂર છે. અલૌકિકતાઓનું તેમના ચરિત્રમાં એટલું બાહુલ્ય છે કે પાશ્ચાત્ય ભૌતિક વિજ્ઞાનવાદી જગત તો તેના ઉપર કદી વિશ્વાસ જ નહિ કરે, પરંતુ નવા ભણેલા ભારતીયોમાં પણ ગણ્યા ગાંઠ્યા જ એવા બ્રાહ્મણ જીવો મળી આવશે કે જેઓ વિશ્વાસ કરશે. મિ. રાઉલેન્સન એક પરદેશી વિદ્વાન છે. વિદેશીઓનો વિશેષતઃ ભિન્ન ભિન્ન ધર્માવલંબીઓનો એ સહજ સ્વભાવ હોય છે કે, તેઓ બીજા દેશો અને ધર્મ-[illegible] પ્ર[illegible]ની અલૌકિકતાઓને "બાંટલીલા" યા "પોપલીલા" સમજે છે. [illegible] [illegible]

ક્યાંક ક્યાંક નાની નમ્ર ટેકરીઓની સાથે ઉન્મુક્ત-સ્વતંત્ર-ઊંચી ચોરસ ભૂમિ, વિશાળ સૂર્યપ્રકાશથી ઝળકતાં મેદાનો, ગીચ જંગલો અને ભયંકર નાળાંમાં, કે જ્યાં વરસાદનું પાણી દૂરના સાગર સુધી પહોંચવાને માટે ઝરણોમાં પડ્યા કરે છે-એક નવો ઉત્સાહ ફેલાયલો હતો. આ એક સંયોગની વાત હતી કે, જ્યારે તુકારામ ઇંદ્રાયણીના તટ ઉપર સ્વપ્ન જોઇ રહ્યા હતા તે અરસામાં રાણી જીજાબાઇ-એ જુન્નરના સુદૃઢ કિલ્લામાં એક બાળકને જન્મ આપ્યો હતો કે જે પાછળથી દેશનો એક ઉદ્ધારક મનાયો.

આ લેખના ચરિત્રનાયક તુકારામનો જન્મ, સફેદ પટ્ટીની માફક ઘાટોની નીચે નીચે પૂનાથી મુંબઇ સુધી ફેલાયલી પાકી સડકની પાસે, ઇંદ્રાયણી નદીના તટ ઉપર, એક ઉજ્જડ જેવા ગામમાં થયો હતો. તેમના કુટુંબીઓ કેટલીએ પેઢીઓથી નાનકડી દુકાન ચલાવતા હતા. તેઓ મીઠું, મરચું, ચોખા, લોટ, કપડાં અને બીજી ચીજો વેચવાનો ધંધો કરતા હતા. તેઓ જાતિના શૂદ્ર હોવા છતાં ચતુર, પરિશ્રમી, ઈશ્વરભીરુ અને દક્ષિણના પ્રસિદ્ધ દેવતા વિઠોબાના ભક્ત હતા, કે જેઓ ભીમા નદીના તટ ઉપર પંઢરપુરમાં પોતાના મંદિરમાં વિરાજમાન હતા. માબાપનાં ચાર સંતાનોમાં તુકારામ બીજા હતા. લોકો કહે છે કે, તુકારામના જન્મ પહેલાં તેમની મા કનકાઇ એક નિર્જન મંદિરમાં ગઇ હતી. જન્મ પછી તુકારામને તેમની મા દેવતાનાં ચરણો પાસે લઇ ગઇ અને તેમને તેમની સેવામાં અર્પણ કરી દીધા. લોકો કહે છે કે, એજ સમયથી તેમના ચહેરા ઉપર પવિત્રતા અને પ્રકાશ ઝળકી રહ્યાં હતાં.

ઇ. સ. ૧૬૨૧ માં જ્યારે તુકારામ માત્ર ૧૩ વર્ષના હતા, ત્યારે તેમના પિતા બોલ્હાજીએ, પવિત્ર હિન્દુ-ધર્મનો આચાર પાળ્યા પછી પોતાનો કામધંધો છોડીને સંસારમાંથી વિશ્રામ લઇ લેવા ઇચ્છયું. આ તરફ તેમના

મોટા પુત્ર સવાજી, જેમને વેપારમાં ઓછો પ્રેમ હતો, તે પણ સંન્યાસી થવા ઇચ્છતા હતા. આ રીતે સઘળો કર્તવ્યભાર યુવક તુકારામ ઉપર આવી પડ્યો. એક સાંસારિક અને ભાવિક પુત્ર તુકારામનો સવાજી કરતાં વિશેષ ઝોક ચોખા તોળવાનો કે દુકાનદારી કરવાનો નહોતો, છતાં પણ 'મિલ્ટન'ના શબ્દો—'તેનો આત્મા તેના નિર્માતાની સેવા અને એક સાચો હિસાબ રજુ કરવાને માટે વધારે ઝૂક્યો' એ ઉક્તિ અનુસાર તે છોકરાએ આહ્‌લાદપૂર્વક, મનને અનુકૂળ નહિ એવા એ કર્તવ્યભારને પોતાના ઉપર ઉઠાવી લીધો. ત્યારપછી થોડા સમય બાદ, તેનાં લગ્ન કરીને તેના ગૃહસ્થજીવનનો પ્રારંભ કરાવવામાં આવ્યો. તે સમયની પ્રથા અનુસાર તેમણે બે સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં હતાં, જેમાં એક રુકમાબાઇ હતાં કે જેમના ઉપર તેમણે તેમના ભયંકર અને અસામયિક મૃત્યુ સુધી પ્રેમ રાખ્યો હતો તથા બીજાં અવાલીબાઇ હતાં, કે જે એક અભિમાની અને સ્વાર્થી સ્ત્રી હોઇને પતિની ધાર્મિક અભિલાષાઓ તરફ તેમને જરા પણ સહાનુભૂતિ નહોતી. મહારાષ્ટ્રીય સાધુ પોતાના વૈવાહિક જીવનથી બિલકુલ પ્રસન્ન નહોતા. નામદેવને પણ એવી જ વિપત્તિનો સામનો કરવો પડ્યો હતો.

ભગવાન મારફત મદદ

[illegible] અને તુકારામ પોતાના કામ-
[illegible]

શી કહ્યા કરતા હતા કે 'તમારા કામધંધાનું વધારે અને પરમાત્માનું ઓછું ધ્યાન રાખ્યા કરો, નહિ તો તમે ઘણાજ જલદી દરિદ્ર થઈ જશો.' એવા ઉપદેશકોમાં એક એવો પણ હતો કે જે તેમને મુશ્કેલીઓમાં મદદ આપ્યા કરતો હતો. લોકવાયકાઓપરથી જણાય છે કે, જ્યારે તેઓ એક ભયંકર તોફાનને કારણે જંગલી પશુઓ વચ્ચે ફસાઈ ગયા હતા અને તેમના કોથળા ઢીલા થઈને બળદોની પીઠ પરથી પડી ગયા હતા ત્યારે એક રહસ્યમય આગંતુકે અચાનક પ્રગટ થઇ તેણે તેમને અને તેમનાં જાનવરોને બરાબર રસ્તા પર લાવી મૂકયાં હતાં.

એક બીજા પ્રસંગ ઉપર પણ એજ આગંતુકે તુકારામને જે ગ્રામવાસીઓએ તેમને લૂંટી લીધા હતા તેમની પાસેથી માગતા પૈસા વસૂલ કરવામાં મદદ પહોંચાડી હતી. એ કથા આ પ્રકારે છે--એક દિવસ સંધ્યાસમયે તુકારામે પોતાના કોથળાઓ એક પીંપળા નીચે ઉતાર્યા. તેમની ચારે તરફ એકત્ર થયેલા પ્રેક્ષકોએ પૂછ્યું--'કેટલા લેશો ?' તુકારામે જવાબ આપ્યો–'જે કંઇ જરૂર હોય તે યોગ્ય મૂલ્ય આપીને લઈ લો.' તે સમયે તેમનું મન ઘણે ઉંડે પરમાત્માના ધ્યાનમાં નિમગ્ન હતું. જ્યારે માગતું ચૂકવવાનો સમય આવ્યો ત્યારે ગામડીઆઓએ સોગન ખાઇને કહી દીધું કે 'અમે કોઇ ચીજ ખરીદી નથી.' તે સમયે એક ગ્રામ્ય-અમલદારના વેષમાં એજ આગંતુક પુનઃ પ્રકટ થયો અને જોતજોતામાં બધા રૂપિયા એકઠા કરી લેવામાં આવ્યા. તુકારામે પોતે કોનો સત્કાર કરી રહ્યા છે એ જાણ્યા વિનાજ પોતાના મિત્રને જમવાની અને ભોજન કરવાની પ્રાર્થના કરી. આ [illegible] સર્વ લાગણીને એક એવા હલકા કે શુદ્રને ત્યાં ભોજન કર્યું કે જેમની સાથે બ્રાહ્મણ કદી પણ ખાવાપીવાનું [illegible] કારના નથી.

'હરિ કો ભજે સો હરિ કા હોઇ'

એવે તુકારામ ઉપર સંકટો વધવા લાગ્યાં. ભગવાન

તેમની પરીક્ષા લઇ રહ્યા હતા. તેમનાં વૃદ્ધ માતાપિતા સદાને માટે ચાલી નીકળ્યાં, સવાજીની સ્ત્રી પણ મરણ પામી અને સવાજીએ પણ ભજનાનંદી થવાની પોતાની કામના પૂરી કરી. એજ સમયે ઇ. સ. ૧૬૨૯-૩૦ નો ભયંકર દુકાળ દેશમાં ફેલાયો હતો. તુકારામનો બધો રોજગાર બેસી ગયો અને ભૂખ તેમનો શિકાર કરવા લાગી. તેમનો નાનો પુત્ર તેમના ખોળામાંજ ભૂખે તરફડતો મરી ગયો અને તેમની હૃદયેશ્વરી રુકમાબાઈ રોટલાની બૂમ પાડતી મરણ પામી. આટલાં સંકટ સહન કરવા છતાં પણ તુકારામે ભગવાનની આસ્થા છોડી નહિ. તેમણે, જેમાં ધીરેલી રકમો ચઢી ગઇ હતી તેવા ચોપડા-ચોપડીઓને ભસ્મ કરી દઇ, બંડારાની ટેકરી તરફ પ્રયાણ કર્યું અને ત્યાં જઇને એક ઉંડી સમાધિના આનંદમાં લીન થઇ ગયા. ઘણા દિવસોની શોધખોળ પછી તુકારામના ભાઇ કન્હોબાએ તેમને ત્યાંજ જોયા હતા.

ભગવાનનો આદેશ

હવે તુકારામનું જીવન બદલાઈ ગયું હતું. તેમણે પરમાત્માને અતિ નિકટ જોઇ લીધા હતા, અને તેમનો જીવન-ઉદ્દેશ તેમની સમક્ષ પ્રગટ થઇ ચૂક્યો હતો. કેમકે જ્યારે તે સમાધિમાં લીન હતા ત્યારે તેમને પવિત્ર [illegible] ભગવાનનો આદેશ થયો. [illegible] અને તે ઉત્સુકતાપૂ-ર્વક [illegible] અધ્યયન કરવામાં [illegible]

[illegible]

[illegible]

[illegible] એક દિવસ [illegible]
-ઓઢી જવા લાગી [illegible]
થઈને [illegible]
લાગ્યો અને [illegible]
'એને શા માટે [illegible] આપી નહીં કે? [illegible]
[illegible]
પરથી નીચે [illegible] પડ્યું છે.' [illegible] કહ્યું
કે તરત જ [illegible] નીકળી ગયો, પરંતુ આગાડી-
ઓ તેમની વાતો ઉપર ધ્યાન આપ્યું નહિ [illegible] બૂમ
પાડીને કહ્યું "ત્યાં પેલા મૂર્ખ ભોજનની પાટ લેઈ રહ્યો
હશે અને અહીં હું બેઠી બેઠી [illegible] " એમ
કહીને તે ફરીથી ચાલવા લાગી. બીજી વાર તુકારામે એક
દીન નીચ જાતિની ભિખારણ સ્ત્રીને, તેની પાસે કોઈ વસ્ત્ર

નહોતું એટલે અબાલીનું એકમાત્ર પહેરવાનું વસ્ત્ર આપી દીધું. ઘેર આવ્યા પછી આ વાત ઉપર અબાલી ખૂબ નારાજ થઈ, પરંતુ સ્વયં હરિએજ તેને માટે એક નવું રેશમી વસ્ત્ર લાવીને આપી દીધું.

હરેક પ્રકારે તુકારામ પ્રત્યેક જીવ ઉપર દયા કરતા હતા. જો કે તેઓ પોતે ભૂખે મરતા હતા, પરંતુ એક ગરીબને દેવામાંથી છોડાવવા માટે તેમણે પોતાનું સર્વસ્વ આપી દીધું હતું. જ્યારે પાંડુરંગનું મંદિર પડી ગયું હતું ત્યારે તેમણે પોતે મજૂરની પેઠે કામ કર્યું હતું અને પોતાના ભંડારમાંથી બીજા કામ કરનારાઓને અનાજ પણ આપ્યું હતું. જ્યારે તેમના પડોશીઓને તેલ જોઈતું ત્યારે તે તેલના વેપારીઓને ત્યાં તેલના ઘડા ઉઠાવીને પહોંચી જતા, પરંતુ અફસોસ! તેઓને અયોગ્ય રીતે ઠગવામાં આવતા હતા; કેમકે બદલામાં કેટલું લેવું જોઈએ, તેનું તેમને જ્ઞાનજ નહોતું અને તેઓ એ વાત ઉપર ધ્યાન પણ આપતા નહિ. જ્યારે ગણગણતી માખો તેમના અંગ ઉપર બેસતી ત્યારે તેઓ તેમને ઉડાડવાનો પ્રયત્ન કરતા નહિ. તેઓ ઘરડાં વૃદ્ધ અને નિરાધાર જંગલમાં મરવાને માટે છોડી મૂકવામાં આવેલાં ગાય-બળદોની પણ રખવાળી કર્યા કરતા અને તેમને ભોજન આપ્યા કરતા હતા. [illegible]

[illegible]

માટે તો મોટા મોટા પથ્થરોનું બિછાનું અને આકાશનું
ઓઢણ છે. કિંમતી પોશાકો તથા જવાહીર આપને
ખપનાં છે. ભજનાનંદી જીવન એજ મારું સુખ છે.
એકમાત્ર એજ વાતનું શિક્ષણ દ્યો કે પ્રાણીમાત્રમાં ઈશ્વર
આત્મા છે. શિવાજી ઉપર તુકારામના આ સંદેશાનો
એટલો બધો પ્રભાવ પડ્યો કે તેઓ પોતે તેમના દર્શન-
ને માટે પહોંચી ગયા અને પગમાં દંડવત કરતા કરતા
તેમને સોનાની એક થેલી તથા તુલસીની એક માળા
અર્પણ કરી. તે દિવસે રાતે તેમણે કવિનું કીર્તન સાંભ-
ળ્યું. તુકારામે ગાયું—

"સંસાર એક માયા છે. એ છિન્નભિન્ન અને સ્વ-
પ્નની પેઠે નષ્ટ થઈ જશે. પરમાત્માની પૂજા કરો. આ
પ્રકારે તમે તમારા પિતા અને તમારા આત્માનું રક્ષણ
કરી શકશો."

તુકારામના આ ઉપદેશથી શિવાજી ઉપર એટલી
બધી અસર થઈ કે તેમણે સદાને માટે સંસાર છોડવાનો
નિશ્ચય કરી લીધો, પરંતુ સદ્‌ભાગ્યે આ સમાચાર રાજ-
માતા જીજાબાઈ પાસે પહોંચાડવામાં આવ્યા.

જીજાબાઈ પોતાના પુત્રની ધર્મ તરફ ઉંડી પ્રવૃત્તિ
સાંભળીને ખૂબ ગભરાયાં. તે તરતજ તુકારામ પાસે પહોં-
ચ્યાં અને તેમને કહ્યું–'જો મારો પુત્ર સંસારનો ત્યાગ
કરશે તો રાજ્યની રક્ષા કોણ કરશે?' તેજ રાત્રે તુકારામે
પોતાના નવા શિષ્યને વીરના કર્તવ્ય ઉપર ઉપદેશ આપ્યો.
તેમણે કહ્યું: "પ્રત્યેક જાતિને માટે પોતપોતાને ભાગે આવેલું
કામ છે. શું અરબી ઘોડો હળ ખેંચી શકે? બ્રાહ્મણ દેવ-
તાની સેવા કરે છે, ગૃહસ્થ ઘરનાં કામોની વ્યવસ્થા કરે
છે અને સંન્યાસી સંસારનો ત્યાગ કરે છે. યોદ્ધાનું એજ
કર્તવ્ય છે કે, તે શત્રુઓને જીતે, ધર્મનું રક્ષણ કરે, દીન–
દુઃખીઓને ભોજન આપે તથા બ્રાહ્મણોનું સન્માન કરે,
અસત્યથી દૂર રહે, કોઈને સતાવે નહિ, પરમાત્માને ભૂલે

નહિ અને પ્રાણીમાત્રમાં તેને શોધવાનો પ્રયત્ન કરે. આ કર્તવ્યનું પાલન કરશો ત્યારે તમે સંસારમાં નિશ્ચિંત રહી શકશો. આ વાતોથી સંતોષ પામીને શિવાજી મહારાજ પછી પાછા ચાલ્યા ગયા.

એમ કહેવાય છે કે, એક બીજા અવસરે તુકારામના પૂનામાં રહેવાના સંબંધમાં સાંભળીને શિવાજી પોતાની જાતને જોખમમાં નાખીને પણ ત્યાં પહોંચી ગયા. મુસલમાન સેનાપતિએ ચાકનમાંજ આ વાત સાંભળીને પોતાના ઘોડેસ્વારોને નગરને ઘેરી લેવા તથા શિવાજીને પકડી લેવા માટે મોકલ્યા. પરંતુ તુકારામને આ વાતની ખબર પડી ગઈ અને તેમણે ભગવાનને પ્રાર્થના કરી. તે પ્રમાણે હરિએ સ્વયં શિવાજીનો વેશ ધારણ કરીને પીછો પકડનારાઓને એવા તો હેરાન કર્યા કે શિવાજી અને તેમના સાથીઓ સહિસલામત ચાલ્યા ગયા.

× × × ×

ઈર્ષ્યા

કેટલાયે સ્થાનોમાં તુકારામની પ્રસિદ્ધિએ ઈર્ષ્યા અને દ્વેષને જન્મ આપ્યો. [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

એક વાર તુકારામને ચિંચવાના પુરોહિત-ઠુંગર દેવની સાથે કૃપાબાઈની પ્રેરણાથી, ભોજનને માટે નિમંત્રણ કરવામાં આવ્યું હતું. બે માન વિરોધી અને અભ્યાગતિને માટે લાવવામાં આવ્યા હતા, પરંતુ ભાણા ઉપર પીરસેલો ભાત એવી રીતે અદૃશ્ય થઈ ગયો કે જાણે કોઈ અદૃશ્ય અતિથિ તેને સાફ કરી ગયા હોય! આથી દેવના નીચ જાતિની સાથેજ ભોજન કરવા બેસી ગયા. આ ઘટનાએ સ્થાનિક પુરોહિતોનો દ્વેષ જાગ્રત કર્યો અને તેમના ઉપર નવી આફતો વરસવા લાગી. એક મંબાજી નામના ગોસ્વામી બ્રાહ્મણે તેમને નાગની ફેણા (એક જાતના ઝેરી કાંટા) વડે ખુબ નિર્દયપણે માર માર્યો. તેમનો અપરાધ એજ હતો કે, શૂદ્ર હોઈને તેમણે વિઠોબાના મંદિરમાં જવાનું સાહસ કર્યું હતું. એ સઘળાં કષ્ટોને તેમણે સાધુજનોચિત સરળતાથી ઝીલી લીધાં. એક બીજા બ્રાહ્મણ, રામેશ્વર ભટ્ટે તેમને કહ્યું કે 'શૂદ્ર જાતિના હોવાથી તેમને પવિત્ર મંદિરમાં પ્રવેશ કરવાનો કોઈ પણ અધિકાર નથી અને તેની સાથેજ તેમને પોતાની રચનાઓ-કૃતિઓને નદીમાં ફેંકી દેવાની પણ આજ્ઞા કરવામાં આવી. તુકારામને બ્રાહ્મણની આજ્ઞા પાળવામાં કંઈ પણ આપત્તિ નહોતી. બ્રાહ્મણના આદેશ પ્રમાણે તેમણે કાર્ય કર્યું, પરંતુ તેમની વહાલી કૃતિઓના નાશથી તેમનું હૃદય ફાટી જવા લાગ્યું. તેર દિવસ સુધી તેઓ મંદિરની સામે ખુલ્લા પથ્થર ઉપર ઘવાયેલા હૃદયે પડયા રહ્યા. અંતમાં ૧૩ મે દિવસે તેમની અમૂલ્ય હસ્તલિખિત પ્રતો જેવી ને તેવી નદીના પ્રવાહ ઉપર તરતી જણાઇ.

તેમને કષ્ટ આપનારાઓ પણ અંતે તેમના ચમત્કારો જોઇ તેમના ચેલા થઇ ગયા.

પોકાર-આદેશ

ઇ. સ. ૧૬૪૯માં જ્યારે તુકારામ ૪૦ વર્ષના હતા

ત્યારે તેમને આદેશ થયો. તેઓ પોતાના અનુયાયીઓની વચ્ચેથી અદૃશ્ય થઈ ગયા. કોઇ જાણતું નહોતું કે તેઓ કેવી રીતે ને ક્યાં ગયા છે! તેમના ગ્રંથ (જે ચમત્કાર દ્વારા નદીમાંથી બચાવી લેવામાં આવ્યા હતા) માં લખ્યું છે કે "આ દિવસે પ્રાતઃકાળે, તુકોબાએ મહાયાત્રાને માટે પ્રયાણ કર્યું અને અંતિમ વિદાય લીધી." પછી તેઓ કદી પણ દેખાયાજ નહિ.

તુકારામ મહારાષ્ટ્રીય ઇતિહાસમાં એમ સ્મરણીય અને મૌલિક પુરુષ છે. તેમની રચનાઓમાં તેમની શૈલીની એક વિશેષ પ્રકારની છાપ છે. તેઓ એક ચતુર અને વિનોદી પુરુષ હતા! પ્રપંચોથી તેઓ દૂર રહેતા હતા. વ્યક્તિની પૂજા એ તેમને માટે પ્રકૃતિ વિરુદ્ધની વાત હતી. પરમાત્મામાં તેમને પૂર્ણ વિશ્વાસ હતો અને તેઓ પરમ-ત્યાગી હતા. તુકારામના જીવનનો અભ્યાસ કરવા માટે એ જાણવું અત્યંત જરૂરી છે કે, પરમાત્મા તેમને માટે એક, નિત્ય, આભ્યંતરિક અને સત્યસ્વરૂપ હતા. તેમનાં પ્રેમ સંબંધી પદો અસાધારણ છે. સામાન્યમાં સામાન્ય માણસ ગાડીવાન, સિપાઈ અને ખેડુતો સુદ્ધાં પોતાના કામ ઉપર જતી વખતે તેમનાં પદો ગાયા કરે છે! આળંદી અને પંઢરપુરની પગપાળા યાત્રા કરનાર યાત્રીઓ પણ તે ગાયા કરે છે. જ્યાં સુધી આપ તુકારામના જીવનનો અભ્યાસ નહિ કરો ત્યાં સુધી મરાઠાઓના વિષયમાં પૂરી માહિતી પ્રાપ્ત થઈ શકશેજ નહિ.

[illegible]



૧૨—भक्त पीपाजी

(૧)

એક જૂની લોકકથા છે.

મને જૂની વાતો જૂની ભાષામાં કહેતાં નથી આવડતી. કથા જૂની, ભાષા મારી. એ રીતે કથા હું તમને કહું?

એ કથા છે સંત પીપાજીની, એ કથા છે એની પત્ની સીતાની.

લોકો એને 'સંત' કહેતા; પત્ની એને 'પ્રભુ' તરીકે પૂજતી; મંડળ એને ભક્તરાજ કહેતું.

ને એની પોતાની નજરમાં તો એ ભગવાનનો આશક હતો, કિરતારનો માશુક હતો. એના અંતરતમ અંતરમાંથી અહોરાત અનાહત વેણુનાદ ઉઠતોઃ ભગવાનના નામનો. એની જીભ અહોનિશ મૂંગો સાદ પાડતીઃ 'વ્હાલા! વેગે આવો રે, દયા દિલે લાવો રે, બીડી મારી ભાંગવા હોજી.' એના કાન અહોનિશ સરવા રહેતા—શેષ જગતને ન સંભળાય એવાં અનાહત પગલાં સાંભળવા.

ભક્તરાજ પોતાની અનેરી આલમમાં જીવતા. કરતાલ ને હોકડની એની દુનિયા. પ્રભુના નામની અહાલેક, ભજનમંડળની ધૂન, એ એના જગતની શાંતિ હતી, એ એના જગતનો શોર હતો. ચકવાક જેમ વૃક્ષ ઉપર બેસીને મેઘના બિન્દુને ઝંખે, એમ ભક્તિના વૃક્ષ ઉપર બેસીને એ ભગવાનને ઝંખતો હતો. જમીન ઉપર પેટ ઘસ-

ડીને ચાલનાર આલમ સાથે એને કશોયે રાગ નહોતો.

એના ઘરમાં દેવદેવીઓનો ભર્યો ભંડાર હતો. દેવમાત્રની મૂર્તિ એના પાલખમાં હતી. રોજ સવારે વહેલો ઉઠીને એ નાહતો ને દેવને નવરાવતો. ધૂપ દેતો ને દીપક કરતો. એનું મંગલ ગાતો ને એને પ્રસાદ ધરતો. એને માટે પુષ્પશય્યા રચતો ને એનાં 'નિર્માલ્ય' આંખે લગાડતો.

જગત સાથે એને નિસ્બત નથી હોતી, આ લોક સાથે એને લેવા–દેવા નહોતી. એની આંખ હતી પરલોકના ગેબમાં. ત્યાં એ પોતાના 'વહાલાજી'ને શોધતો. વહાલાજીનાં વધામણાં ગાતો ને એના વિલાપ કરતો. ભક્તરાજની આલમમાં 'વહાલા' સિવાય કોઈ ન હતું. એ નિર્મોહી હતો, નિર્વ્યાજ હતો, નિરુપદ્રવી હતો. એ નાહતો દેવોને નવરાવવા, એ ખાતો દેવને ખવરાવવા, એ ગાતો દેવને રીઝવવા, એ સૂતો દેવને સુવરાવવા. દેવ એનાં બાળક હતાં; દેવનો એ પિતા હતો. દેવ એના પિતા હતા; દેવનું એ બાળક હતો. એ સાત્ત્વિક હતો, નિર્લોભી હતો.

એવો એ ભક્ત પીપાજી હતો.

(૨)

જ્યાં દેવો નિત્ય સમુદ્રસ્નાન કરે છે, જ્યાં દેવો નિત્ય વાસ કરે છે એવી દ્વારકાપુરીનાં દર્શન કરવાની ભક્તરાજને હૃદયે ઉમેદ થઈ આવી. કોઈ આનંદને [illegible] [illegible]

ળશે ! અહો ! જીવન ધન્ય બનશે, મુરાદ પૂરી
હવે તો દ્વારકા જ જવું ને ત્યાં દેવની વાટ જોવી.
દેવ ત્યાં ન મળે તો ગોમતીમાં હાડ ગાળી નાખવાં

ભક્તરાજે હાથમાં કરતાલ લીધી. ભક્તરાણીએ માથે
ા મૂક્યો. સૂંડલામાં પૂજા નાખી. ભક્તયુગલ ચાલ
ત્યું દ્વારકાની યાત્રાએ, દેવની શોધમાં. ભક્ત કરતા
વે છે, દેવને પોકારે છે, ને ભક્તપત્ની સૂર પુરાવે

સારા મુલકમાં વાયુની પાંખ ઉપર સમાચાર
યા. પીપા ભગત દ્વારકા જાય છે, પાછા નથી આ
ના, પોતાનાં હાડ ગોમતીમાં ગાળવાના છે.

ને ગામ ગામને પાદર ભાવિકો એનાં અર્ચન કરે
તરખેતરને સીમાડે ભક્તમંડળ ઠંડા જલ ને ફલાહા
ામગ્રી ચોજે છે. ગામેગામ એના સત્કાર થાય છે, ગ
ગામ એના વળાવા થાય છે. શ્રદ્ધાનો અથાક પુંજ મા
ના હાડમાંથી માગી માગીને જાણે પરલોકની કૂચે ઉપડ્યે

માર્ગમાં એક ગામ આવ્યું, નહિ નાનું ને
મોટું એવું. ભક્તો તો ઘણાં ને ભક્તરાજની રાહ
હતાં. ગામને પાદર ભક્તોનું જૂથ મળ્યું હતું. સ
પંથ પેખતું હતું, પરલોકના પથિકનાં શ્રદ્ધાભાનાં સ
કરવા પુષ્પો, ચંદન, ધૂપ, દીપ વગેરે થોકેથોક ખ
હતા. પાદરના નદીકાંઠાનાં મંદિરમાં ભક્તના વિ
જોગવાયા હતા.

એક વૃદ્ધ કણબી હતા. પીપા ભગતની
મરણકથાએ એના દિલમાં પ્રબળ તાલાવેલી
એના મગજમાં, એની બુદ્ધિમાં, એના રોમરોમ
હાડની મહોબ્બતનો નશો ચડી ગયો. ભક્તમંડળ
રમાં પંથ પેખતું મૂકીને એ ઉભી વાટે દોડ્યો.

કણબીએ ભીના અવાજે આતુરતાનાં આંસુએ ભકતને આજ તો પોતાની ગરીબ ઝુંપડી પાવન કરવાની કૃપા યાચી. ભકત સત્કારના ભૂખ્યા નહોતા; ભાવનાના ભૂખ્યા હતા. ભક્તિ અને શ્રદ્ધાની આ કણબીની પરલોકપૂજાથી એ પ્રસન્ન થયા. પોતાની જોડી એને સાંપડી લાગી. ભકતે ઇજન કબૂલ રાખ્યું ને કણબીનો આત્મા પરિતૃપ્તિને સાતમે આસ્માને ચડયો.

કણબી તો ભક્તરાજની પાછળપાછળ ચાલવા લાગ્યો. ભક્તરાજ ગામના પાદરમાં પહોંચ્યા. સહુએ એની પૂજા કરી, પધરામણીની પ્રાર્થના કરી. ભક્તરાજ કણબી સાથે બોલે બંધાયા હતા. ભક્તરાજ અન્ય ઇજનોનો અસ્વીકાર કરી કણબીને ઘેર ગયા. કણબીને ઘેર માણસોનો જામો થયો. આંગણામાં ભજનની ધૂન જામી ને કણબીની ઝૂંપડીમાં હરિરસની છોળ ઉડી રહી. કણબી કૃતકૃત્ય થયો. ધન્યભાગ્ય એનાં, ધન્યભાગ્ય એની અવસ્થાનાં, ધનભાગ્ય એના આત્માનાં કે એને ઘેર પીપા ભગત જેવાએ ભજનની ધૂન જગાવી.

ભજનની ધૂન જામી હતી ને ભક્તરાજ એકતાર થઈ ગયા હતા. કોઈક છોકરે કણબીને આંગળીને ઇશારે ને કાનની ફૂંકે ઘરની અંદર બોલાવી ગયું. એની ભકતરાજને ખબર ન રહી. કણબી ઘરમાંથી પાછોય ન આવ્યો, એનું પણ એને ધ્યાન ન રહ્યું.

અંધાર થયો ને સહુ રોટલા ખાવા વેરાયા. ભકત-

'અરે એવું હોય, પીરસશે પટલાણી. ક્યાં છે પટલાણી?'

કણબીના ચહેરા ઉપર શાહી ઢળી, એના ચહેરાનું નૂર ઉડી ગયું.

પીપાજી થંભી ગયા, કણબીને એણે આગ્રહથી પૂછયું: 'પટલાણી ક્યાં છે?'

કણબી ચૂપ રહ્યો. એની આંખોમાં વિહ્વળતા પુરાતી જોઇ.

ભક્તરાજે કહ્યું: 'આમાં કાંઈક પણ ભેદ છે, અમે અહીં જમવા આવ્યા એનાથી પટલાણી નારાજ હશે; નહિતર ઘરમાં કેમ ન હોય?'

પીપાજી આસન ઉપરથી ઉભા થયા: 'પટેલ! તમને ધણીધણિયાણીને વિખવાદ કરીને અમારે નથી ખાવું.'

કણબી પાયે પડયો: 'બાપજી! વિખવાદ જેવું નથી, કાંઇ નથી; પણ પટલાણીથી અવાય એમ નથી.'

'કેમ?'

'બાપજી! આપ આરોગો; પટલાણીને કાંઈ નથી.'

'પહોંચી ગયું તમારૂં ભોજન પટેલ' ભક્તરાજના ચહેરા ઉપર વિષાદ છવાયો: 'અમે તો પરલોકનાં પંખી, કાલ ઉડી જશું. પણ અમારે કારણે તમારે શું કામ ઝઘડવું પડે?'

'પણ બાપજી! આપ મારે ઘેરથી ભૂખ્યા પાછા ફરો તો મારી આબરૂ જાય.'

પીપાજી હસ્યા: 'ભગત! અમને આરોગાવવા માટે તેં ઇંજન કર્યું હોય તો અમને તારૂં ભોજન પહોંચ્યુ. ગામમાં તારી આબરૂ વધારવા કર્યું હોય તો અમે કોઇને એક શબ્દ સરખો પણ નહિ કહીએ.'

કણબીની આંખમાં આંસુ ભરાયાં: 'બાપજી! આપ આરોગો, મારી સ્ત્રી ઘરમાં છે, આપને એ દેખે છે: આ-

પની વાત એ સાંભળે છે. ‘અલી, એય’ કણબીએ સાદ દીધો: ‘બાપજીને કહે કે અમારે ટંટો નથી થયો, વિખવાદ નથી થયો, આપ નિરાંતે આરોગો.’

અતિથિઓ બેઠા હતા, ત્યાં સામે એક મોટી ભાંગેલી કોઠી હતી. કોઠીની કિનાર ઉપર કણબીની ઓરતે શરમ ને ઓછપથી ઝાંખું પડેલું મોં બતાવ્યું.

‘ હાથ જોડું છું, બાપજી ! પધાર્યા છો, તો હવે ભોજન લ્યો.’

ભક્તરાજ તાજુબ બન્યા. ‘ આ શું ? આમ કેમ મૈયા ! તમે આ કોઠીમાં કેમ પૂરાયાં છો ?’

પટલાણીએ નીચું મોં કર્યું. કોઈ ચોર પકડાય ત્યારે એનો જેવો ચહેરો થાય એવો કણબીનો ચહેરો બન્યો.

‘ બાપજી ! ’ કણબી બોલ્યો: ‘ અમે ગરીબ ! આપ જેવા ભક્તની પધરામણી ! ઘરવાળીનો સાડલો વેચીને જાર લીધી. આપને માટે રોટલા કર્યા. ’

ભક્તરાજને આંચકો લાગ્યો: ‘ શું કહો છો ? સાચી વાત ? ’

‘બાપજી ! નાહક આપ જેવા સંત ઘરઆંગણું પાવન કરે ને ઘરવાળી કોઠીમાં પૂરાય ! ’

ભક્તરાજ આસન ઉપરથી ઊભા થઈ ગયા.

‘નહિ. [illegible] નહિ કરવા [illegible]’ [illegible] અભિપ્રાય

[illegible]

બીની આટલી બેદાલી કેમ ? ઘરવાળીનો કે એકનો કે
આટલો વેરો ત્યારે એ લ્હાબેશે ખાય ! કેમ કેમ ?

ભક્તરાજના હૃદયમાં જ્ઞાન માથું ઊંચક્યું. આજ
દિવસ સુધી શું પોતે ભ્રુદાજ જગતમાં ફસ્યો રહ્યો ?
પરલોકની પરવાનીમાં આ લોક ભૂલ્યો રહ્યો ? પોતે આજ
દિનસુધી બરાબર મલાવ્યું રહ્યું ? જગતાનું ઓરેલું રહ્યું ?

મૂર્તિ અર્ચના કરવાથી ભગવાન બને ને પ્રસાદ ખાજો
પથ્થર બને ? શું મૂર્તિની સેવા એટલે પરસેવાથી પથ્થરને
નવરાવવા એજ, કે બીજું કંઈ ? આમાં ગામ, ત્યાં નહિ,
કાંઈ. ને ઓરતનાં અંગવસ્ત્ર પણ વેચાય ?

કણબી ભક્ત પીપાજીનો ગભરાયેલો ચહેરો જોઈને
હાથ જોડી બોલ્યો: 'બાપજી! ભૂલ માફ કરો. આજ-
ન હશો.'

ભક્ત પીપાએ પટલાણીને પ્રણીપાત કર્યા.

"મા! બધું જૂઠું. તું એક સાચી છે !"

ભક્તરાજે પોતાની સહચારિણી સીતા સામે જોયું:
"આપણે આજ દિવસ સુધી જૂઠા જગતમાં રહ્યા. જીવવુ
આ લોકમાં ને મહેનત પરલોકની કરવી, એ ખોટો મારગ
આપણે પકડ્યો, આપણું જોઈને આવા ભોળાઓએ પક-
ડ્યો. આપણે આ જૂઠાણનું પ્રાયશ્ચિત્ત કરવું પડશે.'

સીતાએ કહ્યું: 'શું કરવું પડશે ?'

"આપણે આજ દિન તક અસત્યને ઓથે વગર-
મહેનતનું આવા ભોળા અને અજ્ઞાનીઓનું ખાધું છે. આજ
એ બધું ય પરત કરી દઈએ: પરસેવાની કમાણી કરીને."

"આપણે તો ભક્તજન. આપણને શું કામ આવડે ?"

"હું ભજનમંડળીમાંથી ઢોકડ વગાડતાં શીખ્યો છું;
તમે મંડળીમાં પગે ઘૂઘરા બાંધી થેઈથેઈકાર બજાવતાં
શીખ્યાં છો. બાઈ! તમે મુજરો કરજો. એમાંથી આપણે
કમાશું ને આ દરિદ્રનારાયણને તમામ દરિદ્રોનું આપેલું
વાળી આપશું."

(૩)

તે દિવસે ગામમાં વીજળી પડે એવા સમાચાર મળ્યા: ગામની ભાગોળમાં પીપાજીની સીતા મુજરો કરવાની છે.

સભામાં હૂલકું પડયું. લોક આ નવો દેખાવ જોવાને થોકે જમા થયું. ગરાસિયા આવ્યા, મુસલમાન આવ્યા, બ્રાહ્મણ આવ્યા, સહુ આવ્યા.

ને પાદરમાં સીતાએ મુજરો કર્યો. એણે પગને ઠમકે ઘૂઘરીઓ ગજવી ને કનૈયાની હોળી ગાઇ, સાવરિયાનો વિયોગ ગાયો. ગામમાં વટવૃક્ષ નીચે સંગીત-દેવીનો જાણે પ્રસ્વેદ નીતર્યો.

ને એના પગ પાસે ધનનો ઢગલો થવા માંડયો. તાંબાનાણું, રૂપાનાણું ને કયાંક હેમ ફેંકાવા લાગ્યું. 'વાહ વાહ' ના પોકાર પીપાજીની દોકડમાં જાણે અધુરા રહેતા તાલ પૂરવા લાગ્યા.

મુજરો પૂરો થયો. પીપાજીએ વાટખર્ચી રાખીને બધું ધન કણબીને અર્પણ કર્યું. પીપાજી ને સીતા ચાલી નીકળ્યાં.

'ક્યાં જશો બાપજી?' કણબીએ પૂછ્યું.

'જશું દ્વારકા. સમુદ્રમાં નાહશું. આત્મનો મેળ ત્યાં જ થાશે.' પીપાજીએ પોતાનાં દેવદેવીઓનું પોટલું કણબીને આપતાં કહ્યું: 'અને આ મૂર્તિઓને સાગરમાં ફેંકી



૧૪–ભક્ત સગાળશા

(લેખકઃ–શ્રી. પ્રતાપરાય ગિરધરલાલ મહેતા)

સૌરાષ્ટ્રના ઇતિહાસમાં ચિરકાળ અમર રહે તેવી, સૈકાઓ પહેલાંની આ એક અપૂર્વ ઘટના છે. આપણા કવિઓ અને લેખકોએ તે ઘણી વાર ગાઇ કે લખી છે. રેંટીઓ કાંતતાં કાંતતાં ડોશીમાએ આંસુ સાથે અનેક વાર તે કહી બાળકોની આંખોમાંથી આંસુ સરાવ્યાં છે, આપણા વડીલો અને વૃદ્ધોએ તે કહી અને અવાર નવાર તેને યાદ કરી છે. પૌરાણિકો અને હરિકથાકારનો તે પ્રિય વિષય છે. શેઠ સગાલશા, શેઠાણી ચંગાવતી અને તેમના પુત્ર ચેલઇઆની એ ભક્તિરસથી તરબોળ હૃદયદ્રાવક કથા છે, જેમાંથી અનેકને પ્રેરણા અને ભકિત મળ્યાં છે, પરોપકાર અને સ્વાત્મભોગની ભાવના પ્રાપ્ત થઈ છે.

સૌરાષ્ટ્રના સાગરતીર્થે અગ્નિખૂણામાં શિયાળબેટ નામે એક દ્વીપ છે,* જ્યાં કપોળ વણિક શેઠ સગાળશા

* જાફરાબાદ તાબાનો ટાપુ શિયાળબેટ રામપરાથી અને ચાંચના ટાપુથી ત્રણ માઈલ દૂર છે, અને તેનો ઘેરાવ ત્રણ માઈલ છે. બોમ્બે ગેઝેટીયર (વૉ. ૮) માં કહ્યું છે કે શિયાળબેટના અનંત ચાવડાએ જુનાગઢના રા' કવાટને અને બીજા કેટલાક [illegible] ને લાકડાના પાંજરામાં કેદ રાખ્યા હતા. તેમને [illegible] અને [illegible] છોડાવ્યા હતા. [illegible] સંવત ૧૨૦૨ની [illegible] નામ છે. [illegible]
[illegible] ૨૧

રહેતા હતા.× તેમાના વડવાઓ સંવત ૫૩૫ માં મોણપર રહેતા હતા. સંવત ૭૨૫ માં સંડળીકે શિયાળબેટમાં શેઠાઇ સ્થાપી. તેનો પુત્ર મુંજો, તેનો સાલવ, તેનો સદાફળ, તેનો ભીમ, તેનો હાદો, તેનો સદ્ધરાજ અને તેના પુત્ર બંગાળ શેઠ થયા. શેઠ બંગાળશા ગણેશ ધોળકે વાચ્છાગાંધીની પુત્રી લાડકી સાથે પરણ્યા હતા.

અને તે દંપતિના સુયોગે આપણા ચરિત્રનાયક સગાલશા થયા, કે જેને સમસ્ત ગુજરાત એક ભકતશિરોમણિ તરીકે આજ વર્ષોથી સ્મરણમાં રાખી રહેલ છે. તેઓ ધાતરવાડના ગોવિંદ મહેતાની પુત્રી ચંગાવતી સાથે પરણ્યા હતા. પરોપકારી ભકતપતિને અનુરૂપ ધર્મપત્ની તે હતી. સગાળશા શેઠનાં માતુશ્રી સતી થએલાં તેમની પછવાડે તમણે ગામ જમાડ્યું, દેગડી શેર પાંચની ઘીએ

ચિયાપાણું કરતા. તેથી જુનાગઢના ફોજદાર સરદારખાને તેને કાંઈ કાઠી કિલ્લો બાંધી એક ફોજ ત્યાં મૂકી હતી. સવાઇપીરની અને સેખનશાની અહીં દરગાહો છે. આ બેટનું નામ ભક્ત સગાળશાહ નામ ઉપરથી કે શિયાળ કોળીના નામ પરથી પડ્યું હશે. સંભવ એવો છે, કે સગાળશા ઉપરથી બેટનું નામ અને તેના ઉપરથી કે બીજાઓનું નામ પડ્યું હોય. (પૃષ્ઠ ૬૫૨-૫૩)

× શેઠ સગાળશા [illegible]

ઘણી વાવ બંધાવી, તળાવ ખોદાવ્યું, ચાર કુવા કરાવ્યા અને ચાંપુઠ મહાદેવનું દેવળ બંધાવ્યું છે.* તેમણે કાશીના સંઘ કાઢ્યો હતો. દ્વારકામાં રૂપાની તુલા કરી બ્રાહ્મણી-ઓને શણગાર પહેરાવ્યા, કોટાશી બંદર મઠ બંધાવી અને આહીર લક્ષ્મીદાસને લાખ પસાવ કરી આપ્યો.

આપણે તેના જીવન સંબંધની હકીકત લખીયા કે બન્નેનો ટેક આવી પેઠે જાણીતો છે. તેને એવું મન હતું કે સાધુને ભોજન કરાવ્યા વિના જમવું નહિ. એક વખતને સમે વરસાદ મુશળધાર વરસવા લાગ્યો, અને હેલી થઈ; ચોતરફ આકાશમાં મેઘ છાઈ રહ્યાં, અને વિદ્યુતના ચમકાર આકાશમાં થવા લાગ્યા. એક, બે, ત્રણ દિવસ–આમ દિવસો ઉપર દિવસો જાય છે, પરંતુ આવા સખત વરસાદમાં સાધુજન મળવા અશક્ય હતા, તેથી મન અનુસાર ભૂખ્યા રહેતા. દિવસો સુધી સૂર્ય ન દેખાયો; અને સાધુનાં દર્શન પણ ન થતાં છતાં પણ શેઠે પોતાનું મન ન છોડયું:

× શેઠ સગાળશા સાધુને સેવે, વાણિયો પાળે વ્રત;
ન મળ્યા સાધુ ને રહ્યા અપવાસી, નાવવા આવ્યા તરત,
કૃષ્ણજી ફકીર થઈને રે, વેશ અતીતનો લઈને રે.

* ખાંભા પાસેથી ત્રણ માઈલ દૂર એક શહેરના સ્મરણાવ-શેષો દેખાય છે, તે સ્થળે ધાતરવડ હતું. અને ટીંબાને ધાતરવડનો ટીંબો કહેવામાં આવે છે. કપોળની વસ્તી ધાતરવાડમાં ઘણી હતી. નદી ધાતરવાડી અરબી સમુદ્રને મળે છે, અને તેના મુખ ઉપર શીઆળબેટ આવેલો છે. શેઠ આ ધાતરવાડમાં પરણ્યા હોય તે સંભવિત છે. આ નાના બેટમાં ૮૦–૯૦ વાવ છે, જે કદાચ પહેલાં કૂવા પણ હોય. આ વાવો પૈકી એકને થાનવાવ કહે છે, જેનું જળ પીવાથી, જેને ધાવણ ન આવતું હોય તેવી સ્ત્રીઓને ધાવણ આવે છે એમ કહેવાય છે. દરિયાકિનારા પર એક મીઠા પાણીનું ઝરણ છે. સમુદ્રની ભરતીનાં પાણી તેના પર ફરી વળે છે છતાં મિષ્ટજ રહે છે અને તે ગુપ્તગંગાના નામથી ઓળખાય છે.

× એક કવિ શેઠને રાજા હોવાનું કલ્પતા નીકળે છે:–

પિતાનો તે પુત્ર હતો; જેથી તેને પણ મૃત્યુની બીક ન હતી. તેનું સત્ય વક્તવ્ય અને આપભોગ સૌ કરતાં ચડી ગયાં:—

હું ભાગું તો ભૂમિ લાજે ને, ભોરીંગ ઝીલે ન ભાર;
મેરૂ સરીખા ડોલવા લાગે, આકાશનો આધાર.
મેરામણ માઝા મૂકે…રે, કેલૈયો સત્ય ન ચૂકે રે.

અતીત ! અતીત ! હવે તો અવધિ આવી ગઈ. હવે વધારે તાવવું ન ઘટે. પણ અતીતરૂપી કૃષ્ણને તો ભક્તની લાજ લેવી હોય, એવો નિશ્ચય દીસતો હતો.

ભણતો ને ગણતો આવ્યો કેલઇઓ, આવ્યો પોતાને આવાસ;
માતાએ મુખનાં મીઠડાં લીધાં, નાખીને નિશ્વાસ.

પરોપકારી પિતાના પુત્રની સ્વાત્માર્પણની ભાવના કંઇ વિરલજ હતી.

એ શું કરીયું માતાજી મારાં, નાખી નિસાસો આજ;
સફળ મનખો કેલૈયાનો, માંસ જમે મહારાજ.

તેણે હસીને માથું ધર્યું. માતપિતાનો જીવ ચાલે કેમ, પુત્રે તેમની ફરજનું, તેમની ટેકનું, તેમની સત્યતાનું ભાન કરાવ્યું, અને નિઃસંકોચ કાપવા વિનંતિ કરી. વચનને ખાતર ગળું કપાયું ! અને શરીરમાંથી માંસ કાઢી, રાંધી થયું અને કહ્યું: ' પ્રભુ હવે પારણું કરો ! '

પણ પ્રભુએ તો મોં ફેરવ્યું: "બસ ! દીકરાનું ઉત્તમાંગ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

આંજી, કપાળે ચાંદલા કરી, હાલરડાં ગાતાં ગાતાં ખાંડણિયામાં ખાંડો, અને પછી પકાવીને આપો તો આહાર થાય ખરે; પણ જોજો, એક પણ આંસુ ના આવે."

કરુણતા કે ક્રૂરતાનાં કાંઇ માપ હોતાં હશે ખરાં? સાધુને કોઇ પણ ભોગે સંતોષવાજ, આમ નિશ્ચય કરી વાત્સલ્યને તિલાંજલિ આપી, હૈયું વજ્રનું કર્યું ને સાંબેલું લઇ કામ આદર્યું:

એજી, મારે હાલરડે હુડનાળ, કુંવર ચેલૈયા ખમા ખમા તુને.
એજી, તારા મહેતાજી જુએ વાટ, કુંવર ચેલૈયા ખમા ખમા ભાઇ.
અમે જાણ્યું ચેલઇઆને પરણાવશું, ગાડી જોડશું જાન;
પણ ઓચિન્તાં મરણ આવીઆં, સ્વર્ગમાંથી ઊતર્યાં વૈમાન.
દૂવા ઢાંકણ પાત્રડું જગત ઢાંકણ નાર,
બાપનું ઢાંકણ બેટડો ઘરનું ઢાંકણ નાર.
ફળ વિના ઝુરે પીપળી, એમ બંધવ વિનાની ઝુરે બેન;
પણ પુત્ર વિના ઝૂરે માવડી, એજી તારે પીપળી પડીએલ ખોટ,
બાળા ચેલૈયા ખમા ખમા તુંને.
હાથે પોંચી હેમની, ગળે એકાવન હાર;
જેને આંગણે નહિ દીકરો હોયે, તેનાં મંદિરિયાં સૂનકાર,
બાળા ચેલૈયા ખમા ખમા તુંને.

આંખમાં ટીપુય નથી, ને ખાંડતાં જાય અને હાલરડાં ગાતાં જાય છે. જો ખાંડણીઆમાં જીવ હોત તો જરૂર આંસુ સારત, ને સાયીજ કરત. જો સાંબેલામાં શક્તિ હોત તો આમ ખાંડતાં અટકાવત.

ઉત્તમાંગને ખાંડી રાંધી અતીતને ધર્યું, અને મનમાં સંતોષ ધર્યો કે હવે તો જરૂર આરોગાશે.

ભોજનિયાં તો ભાવશું કીધાં, પીરસીને આગળ દીધાં.
પણ—
'વાંઝીયાનું અમે જમતાં નથી, એમ અવિનાશી કહે.'

આ તે કાંઇ રીત છે? આટલી આટલી મહેનત બાદ કહે કે "તમે વાંઝિયા છો, 'વાંઝિયાનું અન્ન ખાવું એ પાપ છે."

સગાળશા અત્યાર સુધી ધીરજ ધરી રહ્યા હતા તે હવે મુંઝાયાઃ “ અરે ! ઘેરથી અતિથિ પાછો જશે. હાય ! દૈવ ! આ શું ? ” દેવી ચંગાવતી જબરાં હતાંઃ “મહારાજ ! હું વંધ્યા નથી ! મને પાંચ માસનું ઓધાન છે, અને ખાત્રી ન થાય તો લ્યો જુઓ ” કહી છરી પેટ ચીરવા ઉગામી.

હં—હં—હં—

न हि कल्याणकृत् कश्चिद्दुर्गतिं तात गच्छति ।

કૃષ્ણે નિજ સ્વરૂપ ધરી હાથ ઝાલ્યોઃ ‘वरं ब्रूहि’ ‘वरं ब्रूहि’

આવી કસોટી ન દેજો કોઇને, સ્વામિ એ માગું વરદાન.

ભકતજનો બીજું શું માગે ?

ચેલૈયો તો રમતો ને કૂદતો નિશાળેથી આવ્યો. સૌને નમી પડ્યો. ભકત અને ભકિતનો કદી પરાજય નથી. અને એક એકથી ચડે તેવા સ્વાત્માર્પણવાળા આત્માઓ સૌરાષ્ટ્રને સાંપડ્યા છે તે દેશને ધન્ય છે. અને આવાં રત્નો જ્ઞાતિમાં જન્મવા માટે કંપાળ જ્ઞાતિ ગૌરવવન્તી બની છે.*

પ્રભુ ભાવિ પણ એવુંજ ગૌરવંતુ બનાવો ! ૐ શાંતિઃ

(“શારદા” માસિકના એક અંકમાંથી)

---

* સગાળશાને સંતાનમાં ચેલૈયા પુત્ર અને [illegible] [illegible]



१५-भक्तश्रेष्ठ नामदेव दरजी

(લેખકઃ-શ્રી. નારાયણલાલ પુરૂષોત્તમદાસ સુખડીઆ, મુ. વિસનગર)

દક્ષિણ હૈદ્રાબાદમાં નરસીબ્રાહ્મણી નામનું એક ગામ છે. ત્યાં દામા શેઠ નામનો પરમ ભગવદ્ભક્ત દરજી રહેતો હતો. તેની ધર્મપત્નીનું નામ ગોણાઇ હતું. ભક્તશ્રેષ્ઠ નામદેવજી આ દંપતિના પુત્રરત્ન હતા. વિક્રમ સંવત ૧૩૨૭ ના કાર્તિક સુદી ૧ ને રવીવારના દિવસે સૂર્યોદયસમયે નામદેવજીનો જન્મ થયો હતો. તે પૂર્વસંસ્કારથીજ જન્મથી ભગવદ્ભકત હતા. નામદેવજીના પૂર્વજ યદુ શેઠ પણ અત્યંત સરળ પ્રકૃતિના, સદાચારી તથા પંઢરપુરના ભગવાન શ્રીવિઠ્ઠલના એકનિષ્ઠ ઉપાસક હતા. દામા શેઠ તેમની પાંચમી પેઢીએ થયા. નામદેવ સરખા પરમ ભક્તનો જન્મ આવાજ પુનિત કુળમાં થયા કરે છે.

માતા-પિતા બાળકનાં સર્વપ્રથમ ગુરું ગણાય છે. તેમની રહેણી-કરણીનું બાળક અનુકરણ કરે છે. નામદેવજીનાં માતા-પિતા ભગવદ્ભક્ત હતાં. તેઓ નિરંતર ભગવાનનું નામ અને ગુણોનું ગાન કર્યા કરતાં હતાં. નામદેવજી પણ તેમની પાસે ભગવન્નામ સાંભળીને શીખવા લાગ્યા. શ્રીવિઠ્ઠલની મૂર્તિ, વિઠ્ઠલનું નામ, વિઠ્ઠલનો જયજયકાર અને વિઠ્ઠલની પંઢરી નગરીના નિરંતર શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી નામદેવ વિઠ્ઠલમય થઇ ગયા હતા. નામદેવની દૃઢ શ્રદ્ધા થઇ ગઇ હતી કે, શ્રીવિઠ્ઠલમૂર્તિ ચૈતન્ય અને તેજ સાચા ભગવાન છે.

એક સમયે એમના પિતાને કાર્યવશાત્ ક્યાંક બહા
જવું પડ્યું. જતી વખતે તેઓ નામદેવને ભગવાન વિઠ્ઠલન
પૂજાનો ભાર સોંપતા ગયા. બાળપણની સરળ શ્રદ્ધાથ
નામદેવ પૂજાનો સામાન અને નૈવેદ્ય માટે કટોરીમાં દૂધ
લઈ ભગવાનની પાસે ગયા. સહજ શ્રદ્ધાથી ભગવાનની
પૂજા સમાપ્ત કરી દૂધની કટોરી ભગવાનની સામે રાખી
તેમને પીવા માટે કહેવા લાગ્યા. પરંતુ ભગવાન પણ
ઘણાજ હઠીલા હોય છે. બાળકની સીધી સાદી વાણી પર
તેમણે ધ્યાન આપ્યું નહિ. નામદેવજીએ કેટલોક વખત
આંખો બંધ કરી ખુલ્લી કરી, દૂધ તો જ્યાંનું ત્યાં કટો-
રીમાં પડેલું હતું. એથી તેમના મનમાં દુઃખ થયું. નામ-
દેવ વિચાર કરવા લાગ્યા કે, મારો શો અપરાધ છે કે
વિઠ્ઠલ ભગવાન મારૂં નિવેદન કરેલું દૂધ પણ પીતા નથી.
તે દૂધ પીવા માટે આગ્રહપૂર્વક નિવેદન કરવા લાગ્યા.
પરંતુ જ્યારે ભગવાને તેમનું દૂધ ગ્રહણ કર્યું નહિ ત્યારે
તેમને બહુજ દુઃખ થયું. આંખોમાં પ્રેમાવેશથી આંસુ
આવ્યાં. તેમણે કહ્યું કે "વિઠ્ઠલ! જો આપ મારી કટો-
રીનું દૂધ પીશો નહિ તો યાદ રાખજો કે, હું જીવનભર કદી
દૂધ પીશ નહિ."

આ બાળપ્રતિજ્ઞાએ મોટું કામ કર્યું. નામદેવે ભગ-
વાનની મૂર્તિને પાષાણની મૂર્તિ નહિ માની. તેને મન
તો તે સાક્ષાત્ સચ્ચિદાનંદઘન પરમાત્મા હતા. આપણે
ચૈતન્યને ન માની મૂર્તિપૂજા કરીએ છીએ તેથીજ ભગ
વાન ચૈતન્યરૂપે આપણી સામે પ્રકટ થતા નથી, પરંતુ

ભગવાન સાથે નામદેવજીની પૂરી ઓળખાણ-પિછાણ થઇ ગઇ. હવે તે જે કાંઇ અર્પણ કરતા તે પ્રકટ બની તેમની સામે ગ્રહણ કરતા હતા. આ પ્રકારે તેમની ભક્તિનો રંગ દીનપર દિન ઉંડો ઉતરવા લાગ્યો. તે ફકત નાની વયની ઉંમરમાંજ ભક્તમંડળીમાં બાળ-ભાગવત ગાવા લાગ્યા.

આ સમયે સામાજિક પ્રથા અનુસાર નામદેવજીનો વિવાહ ગોવિંદશેઠ સદાવર્તની છોકરી રાજાબાઇની સાથે નાની ઉંમરમાં થયેલો હતો. પરંતુ જેમ જેમ ઉંમર વધતી ગઇ, તેમ તેમ તેમની ભકિત પણ વિશુદ્ધ બની વધવા લાગી. ગૃહસ્થીનાં કાર્યોમાં તેમનું મન ચોંટતું નહિ. તેમનાં પત્ની અને માતા વ્યાપાર-ધંધો કરવા માટે કહ્યા કરતાં. પરંતુ તેમના માટે હરિકીર્તન છોડી બીજા કામમાં જોડાવું એ અસંભવિત હતું. પંઢરપુરના ભકતમંડળમાં નામદેવજીની ખૂબ પ્રસિદ્ધિ થઇ. હવે નામદેવજી નરસી-બ્રાહ્મણીને છોડી દઇ પંઢરપુરમાં જઇ રહેવા લાગ્યા. અહીં તેમને ગોરા કુંભાર, સાંવતો માલી વગેરે ભકતો સાથે પ્રીતિ થઈ ગઈ. સર્વ ભેગા મળીને ભક્તિરસમાં તરબોળ થઇ ભજન-કીર્તન કરવા લાગ્યા.

પંઢરપુરમાં હરિશયની અને હરિબોધિની એકાદશી-એ ઘણો મોટો મેળો ભરાય છે. તે દિવસે ભગવાનના દર્શન માટે સર્વ સંતપુરુષો પંઢરપુર આવે છે અને ભકિત-પ્રેમ તથા સત્સંગનો આનંદ લૂંટી પોતપોતાના સ્થાને પાછા ફરે છે. પરંતુ નામદેવજીની તેવી સ્થિતિ નહોતી. તેમણે તો પંઢરપુરનેજ પોતાનું નિવાસસ્થાન બનાવી લીધું હતું, જેથી તેમને ચંદ્રભાગા નદીમાં સ્નાન, પુંડલિક ભકત તથા તેમના ભગવાન પાંડુરંગ વિઠ્ઠલરાયનાં દર્શન, નિરંતર આવતા જવાવાળા વૈષ્ણવભકતોનો સંગ તથા મહાદ્વાર અને ચંદ્રભાગા નદીના રેતીના મેદાનમાં ચાલતી કથા-કીર્તનમાં મગ્ન રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું હતું. વિઠ્ઠલના માટે તો તેઓ એવા બની ગયા હતા કે રાત્રિદિવસ અંદર અને

બહાર કેવળ ભગવાનની સાથેજ ક્રીડા કરતા હતા. ભગવાન વિઠ્ઠલ પ્રતિ તેમની અનન્ય ભક્તિ હતી. તે પોતાની કટિ પર હાથ રાખેલા, ઇંટ પર ઉભેલા પંઢરનાથ વિઠ્ઠલ ભગવાનના ધ્યાનમાં મસ્ત રહેતા હતા.

"પંઢરપુરમાં લેવામાં અને આપવાના વ્યવહારમાં વિઠ્ઠલનું નામ લેવામાં આવે છે. વિઠ્ઠલના નામથીજ દરેક કામ કરવા લાયક બને છે. એ પ્રકારે વિઠ્ઠલનામરૂપી સુખની લેણદેણ ત્યાં ચાલ્યા કરે છે, જેનાથી ભગવાનનું નામસ્મરણ કરતાં કરતાં સંપૂર્ણ કાર્ય કરવાનું શીખાય છે. ત્યાં ભક્તભાવન ભગવાન પોતાના ભક્તોની સંપૂર્ણ ઇચ્છાઓ પૂર્ણ કરે છે. જે આ પંઢરીનાથનાં દર્શન કરે છે, તેમને આ પુરુષોત્તમ કદી ભૂલતા નથી ! આ પ્રકારનો બ્રહ્માનંદ અન્ય સ્થાનમાં ક્યાં છે? પંઢરપુર ક્ષેત્ર ભગવાનના સુદર્શન ચક્ર પર વસેલું છે. જે લોકો હરિબોધિની અને હરિશયનીના દિવસે ભગવાનના દર્શન માટે ઉત્કંઠિત રહે છે, તેમની ત્રિલોકેશ્વર ચક્રપાણિ ઇંટ પર ઉભેલા ભગવાન વાટ જુએ છે. તેમનું રૂપ મધુર છે, તેમનું નામ મધુર છે, તેમનો યશ મધુર છે, તેમનું સર્વ કાંઈ મધુર-બસ મધુરજ છે." આજ નામદેવની વિઠ્ઠલ-ઉપાસનાનું રહસ્ય છે.

એક સ્થાન પર નામદેવજીએ કહ્યું છે કે "હે પુરુષોત્તમ ! આપના પ્રેમથી હું અનંતજ [illegible] આવ્યો છું. માટે. અને આપનાં નિત્ય શરીર અને આત્મા જેવાં છે. [illegible] આપનાજ છે." આ પ્રમાણે [illegible]

નામ-રૂપોના અલંકાર તેમણેજ તમને પહેરાવ્યા છે. વાસ્તવમાં આપ તો નામ-રૂપ અને જાતિકુળથી પર છો. આ સર્વ આપને ભક્તોથીજ પ્રાપ્ત થયેલ છે. ભક્તોના કારણેજ આપ ભક્તવત્સલ કહેવાઓ છો. આપની મોટાઇ અમારા લીધે છે. અમો જેવા આપને માટે ગાંડા બની રહીએ છીએ, તેજ પ્રમાણે આપે પણ અમારે માટે ગાંડા બનવું જોઇએ. જો એમ ન બનો તો અમને શું નુકસાન છે? અમારા પ્રેમ-સુખને તો આપ લઈ શકતા નથી?" નામદેવના પ્રેમ-કલહનો આ એક નાનો નમુનો છે.

ઈશ્વરપ્રેમની પ્રબળતા, ભાવનાની તીવ્રતા અને સર્વ-સ્વનું અર્પણ, આમાં આત્મ-નિવેદનની પરિપૂર્ણતા છે. જાગ્રત-સ્વપ્નાદિ સર્વ અવસ્થાઓમાં ભગવાનના સિવાય કાંઇ પણ પ્રિય ન લાગવું-तच्चिन्तनं तत्कथनं अन्योन्यं तत्प्रबोधनम्। ભાગવતની આ ઉક્તિ અનુસાર ભગવાનના ગુણાનુવાદમાંજ નિમગ્ન રહેવું અને શરીર-વાણીસહિત મનનું ભગવત્પ્રેમમાં સમાઇ જવું એજ ભક્તિ છે. આ પ્રકારનો દુર્લભ પ્રેમ ભગવાનની કૃપાથીજ પ્રાપ્ત થાય છે.

માત્ર અભ્યાસ કરવાથી મનુષ્ય તેને મેળવી શકતો નથી. ભગવાનની કૃપાથીજ એક માત્ર ભગવાનમાં પ્રિયતમ ભાવ ઉત્પન્ન થાય છે. જેના મનમાં ભગવાન પ્રિયતમ થઈ જાય, તેને ભગવાનનું સ્થાન, ભગવાનની મૂર્તિ, ભગવાનના ગુણાનુવાદ, ભગવાનનો ભક્ત, ભગવાનનું નામ, ભગવાનની ચર્ચા આદિ ભગવત્સંબંધી પ્રત્યેક વસ્તુ પ્રિય બની જાય છે. ઈશ્વરપ્રેમના નિરતિશય સુખનો લોભી મનુષ્ય આ સુખને પળમાત્ર માટે પણ છોડી શકતો નથી. નામદેવજીની સમસ્ત વાણીમાં આ પ્રકારનો મહાન પ્રેમ ભરેલો છે.

સંત સ્વભાવથીજ ઉદાર હૃદયના હોય છે. તે કોઇની નિંદા કરતા નથી, પરંતુ પાખંડીઓનો દંભ બતાવીને સાધકને સાવધાન કરવા માટે તેમના દુર્ગુણોનું દિગ્દર્શન તેમને કરાવવું પડે છે, અને એમ નામદેવજીએ પણ કર્યું છે.

પ્રસિદ્ધ સંત શ્રીજ્ઞાનેશ્વર મહારાજને એક વખત નામદેવજીના સંગની ઇચ્છા થઇ. તેમણે નામદેવજીને તીર્થ-યાત્રામાં સાથે આવવા કહ્યું. નામદેવજીએ કહ્યું કે, આપ મને ભગવાન પાસેથી રજા અપાવો તો હું તમારી સાથે આવું. જ્ઞાનેશ્વરજી નામદેવના સંગની ઇચ્છા કરે છે એ જા-ણીને ભકતની ઇચ્છાને કલ્પતરુ સરખા ભગવાને નામદેવની પ્રશંસા કરી જ્ઞાનેશ્વરજીને કહ્યું: "નામદેવ મારો મોટો લાડીલો છે. હું તેને મારાથી ક્ષણભર પણ દૂર કરી શકતો નથી. તમારી ઇચ્છા હોય તો તમે લઇ જાઓ, પરંતુ તેની સંભાળ રાખજો." એટલું કહી ભગવાને જ્ઞાનેશ્વરજીને નામ-દેવજીનો હાથ સોંપી દીધો. એકાંતિક ભકિતની સાથે સર્વ-વ્યાપી જ્ઞાનનું સંમેલન હોય તેવું જ્ઞાનેશ્વર અને નામ-દેવનું મિલન હતું.

નામદેવજી જ્ઞાનેશ્વરની સાથે ભગવત્ ચર્ચા કરવા લાગ્યા. પરંતુ તેમનું ચિત્ત તો શ્રીપાંડુરંગના ચરણકમળ-માંજ ચોંટેલુંજ હતું. તે કહેતા હતાઃ "હે પાંડુરંગ ! તમારા વિયોગથી મારું હૃદય ચીરાઈ જાય છે. મને ઘણો ઉદ્વેગ રહે છે. મારે તો તીર્થ, વ્રત, ધર્મ, અધર્મ સર્વ કાંઇ તમેજ છે.." જ્ઞાનેશ્વર મહારાજ તેમને અનેક પ્રકારે સાંત્વન આપી કહેતા કે "તમને ધન્ય છે કે આવો પ્રેમ તમને પ્રાપ્ત થયો છે. તમે વ્યર્થ શોક શા માટે કરો છો ? ભગવાન સર્વવ્યાપી છે. તમારા હૃદયમાં વસે છે." તેમના જવાબમાં [illegible] છે. પરંતુ મને તો [illegible]

જતાંજ વિનયમૂર્તિ નામદેવજીએ ગદ્‌ગદ્ બની જ્ઞાનેશ્વર-
ના ચરણ પકડી લીધા અને કહ્યું કે 'મને તો પાંડુ-
રંગની કૃપાનોજ ભરોસો છે. આવું જ્ઞાન મારા ભાગ્યમાં
ક્યાંથી ? મારામાં જ્ઞાન પણ નથી તેમ હું બહુશ્રુત પણ
નથી. એટલા માટે ભગવાને મારો હાથ આપને સોંપ્યો છે.
આપનો પ્રશ્ન એવો છે કે, જેવો કલ્પવૃક્ષ દીનની પાસે
યાચના કરે, અથવા કામધેનુ કોઈ દરિદ્રી પાસે પોતાની
ગરીબાઈ બતાવે. એમ જણાય છે કે આપ વિનોદથી આવો
પ્રશ્ન પૂછી મારું સુખ વધારો છો." આથી જ્ઞાનેશ્વરજીએ
કહ્યું–"હું તમારાજ મુખે અનુભવ સાંભળવા માગું
છું. તમે તો ભગવાનના પ્રેમભંડારી છો. તમારી રસ
પૂર્ણ વાતો સાંભળવા માટે મારા કાન આતુર બન્યા છે.
એટલા માટે મને તમારા અનુભવની વાતો જરૂર બતાવો."
જ્ઞાનેશ્વરની આ આજ્ઞાથી નામદેવજી કહેવા લાગ્યાઃ

'હું શું કહું, મને તો નામસંકીર્તનજ પ્રિય છે.
તેમની સામે બીજાં સાધન વ્યર્થ અને કષ્ટપ્રદ પ્રતીત
થાય છે. એજ ભજન છે. ગુણદોષો તરફ ન જોતાં સર્વ-
ની સાથે સાચી નમ્રતાથી વ્યવહાર કરવો એજ વંદન છે.
તેનાથી અંતઃકરણ પ્રસન્ન રહે છે. એથીજ સાત્વિકતા પ્રાપ્ત
થાય છે. સમસ્ત વિશ્વમાં એકમાત્ર વિઠ્ઠલને જોવો અને
એ ભગવાનના ચરણોનું હૃદયમાં અખંડ સ્મરણ કરવું એજ
ઉત્તમ ધ્યાન છે. જેમ લવણ નાકમાં ગોપિત બની
દેહની શુદ્ધિ ભૂલી જાય છે, તેવીજ રીતે ગુણના ઉચ્ચા
રણ થકી નામસ્મરણમાં મનને દઢતાથી લગાડી તલ્લી
બની જવું એ પ્રેમયુક્ત ધારણ છે. ભૃંગકીટન્યાયથ
ભગવનના ચરણોનું દઢ અનુસંધાનજ ઉત્તમ નિદિધ્યાસ
છે. સર્વભાવથી એકમાત્ર વિઠ્ઠલનુંજ ધ્યાન, સર્વ ભૂતોમ
તેમના સ્વરૂપનું અવલોકન, રજ અને સમાસરહિત બની
સર્વથી આસક્તિ હઠાવીને કેવળ પ્રેમસુધારસનું પાન કર
તે ભક્તિ છે. અનુરાગથી એકાંતમાં ગોવિંદનું ધ્યાન કર
સિવાય અન્ય ક્યાંય વિશ્રામ નથી. આ વગનો પ

પરમ ઉદાર, સર્વજ્ઞ મારા પાંડુરંગે મને કહેલાં છે.” નામદેવની આ દિવ્ય વાણી સાંભળીને જ્ઞાનેશ્વરજી ઘણાજ પ્રસન્ન થયા.

આ પ્રકારે તીર્થયાત્રા કરતાં કરતાં પ્રભાસ, દ્વારિકા આદિ ક્ષેત્ર અને અન્યાન્ય મોક્ષપુરીઓનાં દર્શન કરી તે બન્ને જ્ઞાની ભક્તો પાછા ફરતા હતા. રસ્તામાં બિકાનેર પાસે કૌલાયતજી નામનું ગામ આવ્યું. તેમને બંનેને ઘણીજ તરસ લાગી હતી. પાસેજ એક કૂવો હતો પરંતુ તેમાં પાણી ન હતું. જ્ઞાનેશ્વરજી સિદ્ધિપ્રાપ્ત યોગી હતા. તેમણે લઘિમા-સિદ્ધિ દ્વારા કૂવાની અંદર જમીનમાં પ્રવેશ કરી જળ પી લીધું અને નામદેવજી માટે જળ લઇ ઉપર આવ્યા.

પરંતુ નામદેવજીએ તે જળ પીધું નહિ. તે ભાવમગ્ન બની કહેવા લાગ્યા કે “ શું મારા વિઠ્ઠલને મારી ચિંતા નથી ? ” ભગવાન તો ભક્તની સેવાનો અવસર શોધ્યા કરે છે; તો પછી આ વખતે શા માટે ભૂલી જાય ? ભગવત્કૃપાથી કૂવો જળથી ઉભરાવા માંડ્યો. ભક્તના પ્રેમબંધનનો પ્રભાવ જોઇને જ્ઞાનેશ્વર આશ્ચર્યચકિત બની ગયા. તેમણે નામદેવને ભાનમાં આણ્યા અને ગાઢ આલિંગન કરીને તેમની પ્રશંસા કરવા લાગ્યા. નામદેવે તેમનાં ચરણોમાં પ્રણામ કર્યા. કેટલાક દિવસ પછી યાત્રા પૂરી કરી તેઓ [illegible] કર્યો.

[illegible] થી પધારેલા વિઠ્ઠલને ભેગા થયા

કેવું ? જ્યાં આગળ વૈષ્ણવોનો મેળો ન હોય અને જ્યાં હરિકથા ચાલતી ન હોય તે દેશ કેવું ? આ સર્વ આપના પંઢરપુરમાં વિઠ્ઠલજીના ચરણોમાં છે એટલા માટે હું આપના સિવાય બીજા કશાને જાણતો નથી. પરંતુ આપે મારા પર કૃપા કરી સર્વત્ર પંઢરપુર કરી દીધું અને યાદ કરતાંજ આપે દર્શન આપ્યા કર્યાં."

જ્ઞાનેશ્વરજીના સમાધિસ્થ થયા પછી ફરી એક વખત નામદેવજી ઉત્તરહિંદમાં ગયા હતા. નામદેવને વીસોબા ખેચર પાસેથી પૂર્ણજ્ઞાનનો બોધ થયો હતો તેટલા માટે તે તેમને પોતાના ગુરુ માનતા હતા.

નામદેવજીએ આયુષ્યનો પૂર્વાર્ધ પંઢરપુરમાં અને ઉત્તરાર્ધ પંજાબ આદિ પ્રાંતોમાં ભક્તિનો પ્રચાર કરવામાં વીતાવ્યો હતો. તેમની ભક્તિ ઉચ્ચ કોટિની હતી.

ભગવાને આ ભક્તને બહુજ દુર્લભ ગણાવ્યા છે, જે સર્વત્ર સર્વમાં ભગવાનનેજ દેખતા હતા. વાસ્તવમાં તેજ મનુષ્ય ધન્ય છે કે જે સર્વત્ર ભગવદ્દર્શનનો અભ્યાસ કરે છે અને તેમાં સફળતા મેળવે છે. શ્રીનામદેવજીમાં આ સર્વત્ર ભગવદ્દર્શનની નિષ્ઠા ઘણાજ સારા સ્વરૂપમાં પ્રકટ હતી. તે જ્યાં રહેતા, જે કોઇ ચીજને જોતા, તેમાં તેમનું મન ભગવાન સિવાય કશું જોતું ન હતું, તેમના જીવનની આ વાતને પુષ્ટ કરવાવાળી ઘટનાઓમાંથી કેટલીક આ નીચે આપવામાં આવે છેઃ–

(૧) એક સમયે નામદેવજીની ઝુંપડીને આગ લાગી. આગ એક બાજુએ હતી. તે તો પ્રેમમસ્ત બની બીજી બાજુએ રાખેલી ચીજો ઉઠાવી ઉઠાવીને ફેંકવા લાગ્યા અને કહેવા લાગ્યા કે "પ્રભુ ! ખૂબ આવ્યા. આજ તો લાલ જીભ કાઢીને આવ્યા છો ! પરંતુ એક તરફજ શા માટે આવ્યા ? એક તરફની ચીજોને આપે ગ્રહણ કરી તો બીજી બાજુની ચીજોએ શું પાપ કર્યું કે તે આપની

કૃપાથી વંચિત રહી? પ્રભુ! તેને પણ ગ્રહણ કરો.” આમ કહી કીર્તન કરવા લાગ્યા અને નાચવા લાગ્યા. કેટલાક વખતે આગ શાંત પડી. નામદેવ ઘર વગરના થઇ ગયા. વર્ષાઋતુ હતી—ક્યાં રહે? ભગવાને પોતે જાતે મજૂર બની તેને છાયી દીધી. ત્યારથી એ પ્રભુ નામદેવજીની છાપરી છાવાવાળા બન્યા અને મશહુર થયા.

(૨) એક સમયે નામદેવજી કોઇ ગામમાં થઇ નીકળતા હતા ત્યાં એક સૂના મકાનમાં ઉતર્યા. તેમાં કોઈ બ્રહ્મરાક્ષસ રહેતો હતો. લોકોએ કહ્યુંઃ–“મહારાજ! આ ઘરમાં રહેશો નહિ, તેમાં ભૂત રહે છે અને તે અર્ધી રાત્રે આવી આમાં રહેનારને મારે છે.” પરંતુ નામદેવજી તો સર્વમાં ભગવાનને દેખતા હતા. તેમણે કહ્યુંઃ “ભૂત તો મારા વિઠ્ઠલજ બન્યા હશે. તે તો નિર્ભયતાથી હસવા લાગ્યા અને ત્યાં રોકાયા. અર્ધી રાત્રિનો સમય થયો. ભૂત આવ્યો. તેનું શરીર ઘણુંજ લાંબુ પહોળું અને ચહેરો ભયાનક હતો. નામદેવજીએ તેને જોઇ ભગવદ્ભાવથી પ્રણામ કર્યાં અને નીચેનું પદ ગાવા લાગ્યા અને કીર્તન કરતા નાચવા લાગ્યા—

આજે પધાર્યા લંબકનાથ,
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

કૂતરો આવ્યો અને મોંમાં રોટલીઓ લઈને દોડ્યો. એટલામાં નામદેવજી આવી પહોંચ્યા. સર્વમાં ભગવાનને દેખનારા ભક્તશ્રેષ્ઠ નામદેવ ઘીની કટોરી હાથમાં લઈ પોતાના આતમા કૂતરાની પાછળ દોડ્યા:

"ભગવન! રોટલીઓ તો વગરની છે, લૂખી છે, ચોપડેલી નથી. મને ઘી લગાડવા દો, પછી ભોગ લગાવો." ભગવાને કૂતરાનું રૂપ ત્યાગી દઈ શંખચક્ર ગદા ધારણ કરેલું પોતાના દિવ્ય ચતુર્ભુજ સ્વરૂપનું તેમને દર્શન કરાવ્યું.

નામદેવની ભક્તિ કેટલી ઉચ્ચ હતી તેનું અનુમાન ઉપર્યુક્ત ઘટનાઓથી થઈ જશે. અનેક લોકોને ભક્તિમાર્ગમાં લાવી વિ. સં. ૧૪૦૭માં ૮૦ વર્ષની ઉમરે આ નશ્વર દેહ ત્યાગીને તેઓ પરમધામમાં પધાર્યા. મહારાષ્ટ્રમાં નામદેવજી વારકરી પંથના એક પ્રકારના સંસ્થાપક કહેવાય છે.

ભોળો ભક્ત અને તેના ભગવાનની જય.

("વિશ્વજ્યોતિ"ના એક અંક ઉપરથી)



३६—भक्त माधवदास

પ્રસાદ કા થાલ નહીં મિલા. સબકો બડા આશ્ચર્ય હુઆ. ચારોં ઓર ખોજ હોને લગી. સારી પુરી કો ખોજને પર ભી થાલ કા પતા નહીં લગા. અંત મેં પંડે માધવદાસજી કી કુટી મેં પહુંચે. વહાં ઉન્હેં થાલ દિખલાયી દિયા. તબ તો ઉન્હીંકો ચોર સમઝ લે જા કર કાલ-કોઠરી મેં ડાલ દિયા ઔર બહુત માર મારી.

વહાં સે ભગવાન કી આરતી કરને કે લિયે પંડે મંદિર મેં આયે, પર યહાં કે દૃશ્ય કો દેખ સબ આશ્ચર્ય-ચકિત હો ગયે. ઉન્હેં મહારાજ કે વિગ્રહ પર સ્પષ્ટ ઘાવ લગે હુએ દિખલાયી પડે, સબમેં 'ત્રાહિ, ત્રાહિ' મચ ગયી, સબ ભગવાન કે મંદિરદ્વાર પર બૈઠ ગયે. સારી રાત બીત ગયી. અંત મેં એક પૂજારી કો સ્વપ્ન મેં દર્શન હુએ. ભગવાન ને કહા કિ 'માધવદાસ મેરા ભક્ત હૈ. ઉસકો જો ચોટ લગી વહ મુઝકો હી લગી હૈ. વહ થાલ તો સ્વયં મૈંને હી ભેજા થા. જાઓ, તુમ સબ ઉસકે ચરણોં મેં પડ કર અપને અપરાધ કો ક્ષમા કરવાઓ.' ફિર ક્યા દેર થી, સબ ભક્ત માધવદાસજી કે પાસ દૌડે ઔર જા કર ઉનકે ચરણોં મેં ગિર પડે. ભક્ત બડે દયાલુ હોતે હૈં; કોઇ કિતના હી અપરાધ ક્યોં ન કરે, વે ઉસ-કો ધ્યાન મેં ભી નહીં લાતે; ઉલટે પ્રભુ સે ઉસકે ભલે કી હી કામના કિયા કરતે હૈં. ભક્ત માધવદાસજી ભી ભગવાન કે સચ્ચે ભક્તોંમેંસે થે. ઉન્હોંને સબકો સાંત્વના દી ઔર બડે પ્રસન્ન હુએ. ઉસ દિન બડે સમારોહ સે ભગવાન કી પૂજા કી ગયી.

માઘ કા મહિના થા. કડાકે કા જાડા પડ રહા થા ...લબ ઘરોં મેં ઘુસ કર આરામ સે સો રહે થે, ઔર માધ...દાસજી હી વસ્ત્રહીન થે. વે ઉસ અસહ્ય ઠંડમેં બિના ...ી વસ્ત્ર કે જગદીશજી કે દ્વાર પર જા કર સો ગયે. ભગ-...ાન સર્વાન્તર્યામી હૈં, પૂજારિયોં કો આજ્ઞા હુઇ કિ માધવ-...ાસ બાહર પડે હૈં, ઉન્હેં હમારી રજાઇ ઉઢા દો.

પૂજારિયોં ને ઉસી સમય આજ્ઞા કા પાલન કિયા. રજાઈ ઓઢતે હી માધવદાસજી કા સારા જાડા ભાગ ગયા.


એક બાર માધવદાસજી કો રેચક રોગ હો ગયા. બાર-બાર દસ્ત હોને સે વહ વ્યાકુલ હો ગયે. ભક્ત કી સેવા મેં સ્વયં ભગવાન આ ઉપસ્થિત હુએ ઔર એક સાધારણ સાધુ કા વેષ ધર ભગવાન ને ઉનકી સેવા કી. થોડે દિનોં મેં હી ઉનકા રોગ મિટ ગયા.

ભક્ત માધવદાસજી નિત્ય ભીખ માંગા કરતે થે. ભીખમેં જો મિલતા, ઉસીમેં સંતુષ્ટ રહતે થે. પુરી મેં એક બડી કંજૂસ વૈશ્યકન્યા નિવાસ કરતી થી. માધવદાસજી જબ ઉસકે યહાં ભીખ માંગને જાતે તો વહ કિસી-ન-કિસી કામ કા બહાના કર ભીખ નહીં દેતી થી. એક દિન વહ ચૌકા દે રહી થી. દૈવાત્ ઉસી સમય માધવદાસજી પહુંચ ગયે ઔર ભીખ માંગને લગે. વૈશ્યકન્યા કો માધવદાસજી પર ક્રોધ આ ગયા, ઉસને ચૂલ્હા સાફ કરને કે ચીથડે કો હી ઉનકી ઝોલી મેં ડાલ દિયા. ભક્ત માધવદાસજી પ્રસન્ન હો ગયે. ઉન્હોંને ઉસ કપડે કો સમુદ્ર પર લા કર ધોયા ઔર ફિર ઉસકી બત્તી બના કર જલા દિયા. ઉસ કપડે કે સાથ હી ભક્ત કે પ્ર[illegible] ઉસ વૈશ્યકન્યા કી દુર્બુદ્ધિ ભી જલ ગઈ. [illegible] માધવદાસજી ઉસીકે યહાં ભીખ કે લિયે ગ[illegible] વહ શુદ્ધ હો ચૂકી થી. ઉસને [illegible] માધવદાસજી ઉસ-

પંડિત માધવદાસજી કે પાસ ગયા. ભકત માધવદાસજી કી કુટી પર લોગોં કી ભીડ જમા હો ગયી. સબ વિદ્વાન ભી વહાં જૂટ ગયે. શાસ્ત્રાર્થ મેં શર્ત રકખી ગયી કિ જિસકા પરાજય હો વહ તિરસ્કારપૂર્વક પુરી સે નિકાલ દિયા જાય. પર વાસ્તવ મેં ભકત માધવદાસજી વિદ્વાન ઔર શાસ્ત્રાર્થ કરનેવાલે પંડિતોં મેં નહીં થે, વે તો ભગવાન કે અનન્ય ભકત થે. પ્રભુ અપને ભકત કા અપમાન કૈસે દેખતે ? ભકત કો ભગવાન કી સહાયતા મિલ ગયી. માધવદાસજી ને દિગ્વિજયી પંડિત કો પરાજિત કર દિયા. પુરીકી વિદ્વન્મંડલીને ઉસ દિગ્વિજયી પંડિત કો પુરી સે નિકાલ દિયા.

જીવન કે શેષ દિન ભકત માધવદાસજી ને સમુદ્રતટ પર હી બિતાયે. અંત મેં પુરી મેં હી અપને ઇસ પાંચભૌતિક શરીર કો ત્યાગ કર વે ભગવાન કે દિવ્ય ધામ કો સિધાર ગયે.

("કલ્યાણ" ના એક અંકમાંથી)





૧૭–સદાશિવેંદ્ર સરસ્વતી

(અનુવાદકઃ શ્રી. છગનલાલ હરિલાલ પંડ્યા બી. એ.)

શ્રીસદાશિવેંદ્ર સરસ્વતી એક એવા મહાત્મા થઇ ગયા છે કે જેમને લીધે ભારત ભૂમિને તીર્થરૂપ માની શકાય છે. માયામોહમાં ફસાયલાં પ્રાણીઓના ઉદ્ધારને માટે ભગવાનની અપાર કરુણામયી આજ્ઞાથી પ્રત્યેક યુગમાં કોઇ ને કોઇ અલૌકિક શક્તિશાળી મહાપુરુષ આ લોકમાં અવતાર ધારણ કરેછે છે અને તેઓ પોતાના ચરિત્ર તથા તપના પ્રભાવથી ઈશ્વરની સત્તા ઉપર મનુષ્યલોકનો વિશ્વાસ દૃઢ કરી જાય છે. એવા ચમત્કારી મહાપુરુષોમાં સદાશિવેન્દ્ર સરસ્વતી આદરપાત્ર છે.

વિદ્યાર્થી અવસ્થા

આજથી લગભગ [illegible] વર્ષ ઉપર [illegible] કાવેરી નદીના [illegible] તટ ઉપર આવેલા [illegible] નામના [illegible]

કર્યું છે. બીજે નંબરે મહાપ્રાજ્ઞ શ્રી વેંકટેશ હતા. તેમણે 'આખ્યા-ષષ્ઠી' "દયાશતક" આદિ ગ્રંથોની રચનાથી અધ્યાત્મવિદ્યાનું સમ્માનિત આસન પ્રાપ્ત કરેલું છે. ત્રીજા હતા મહાવૈયાકરણી ગોપાલ શાસ્ત્રી. તેઓ તો રોજ એ જ રટન કરતા કે: "महाभाष्यं वा पठनीयं महाराज्यं वा पालनीयम्।" આગની સાથે ચોથે નંબરે હતા સદાશિવેન્દ્ર સરસ્વતી, જેમને લીધે આખા દક્ષિણ પ્રાન્તનું મસ્તક ઉંચું રહ્યું છે. એ ચારે વિદ્યાર્થી ચાર વેદ, ચાર મુક્તિના ભેદ અને સનકાદિ ચાર બાલબ્રહ્મચારીઓની સમાન, વિદ્યા, વિનય તથા તપની સંપત્ત બનીને સંસારને આનંદિત કરતા, બીજના ચંદ્રની પેઠે પ્રતિપળ ઉન્નતિ પામવા લાગ્યા.

ગૃહસ્થાશ્રમનો ત્યાગ

સદાશિવેન્દ્ર લગભગ બધાં શાસ્ત્રોના સારા જ્ઞાતા બન્યા. ન્યાયમાં તો એ ધુરંધર ગણાતા, એમનો વિવાહ બચપણથી થઇ ચૂકયો હતો. કુટુંબીઓના આગ્રહથી એમને ગુરુકુળ છોડીને ઘેર આવવું પડયું, અને પોતાની ઇચ્છાથી વિરુદ્ધ ગૃહસ્થધર્મમાં ચિત્ત લગાડવું પડયું. ઘરમાં નવી દુનિયા અને નવો સમારંભ જોવામાં આવ્યો. આથી એ તો સ્વલ્પ કાળમાં જ બહુ ગભરાઇ ગયા. વૈરાગ્યનો તરુણારુણ સૂર્ય એમના નિર્મલ અંતઃકરણરૂપી ગગનમાં અદ્‌ભુત કાન્તિની સાથે ઉદય પામ્યો.

આથી એઓ, यदहरेव विरजेत तदहरेव प्रव्रजेत् એવી વેદ-પુરુષની આજ્ઞા અનુસાર, તેને યથાર્થ રૂપમાં પૂર્ણ કરવાના ઉદ્દેશથી, અનાયાસે જ બંધુઓની સાથેનો નાતો તોડીને ઘરમાંથી નીકળી ગયા. વર્ણાશ્રમની ઔપાધિક સીમાને ઓળંગીને એઓ સ્વલ્પ સમયમાં જ પરમહંસ દશાએ પહોંચી ગયા અને ખાવાપીવામાં સમતાનો વ્યવહાર ગ્રહણ કરીને દેહ-યાત્રાનો નિર્વાહ કરવા લાગ્યા. એમની ઉન્મત્ત તથા નિઃસ્પૃહી દશાને જોઇને લોકો એમને પાગલ અથવા ઢોંગી પણ કહેવા લાગ્યા. અજ્ઞાની

જન તો મોટા વિદ્વાનને એમ કહ્યાજ કરે છે, પણ સદા-
શિવના જેવા પૂરા આત્મનિષ્ઠ ઉપર આવી વાતોની કંઈ
અસર થાય એમ ન હતું.

યોગશિક્ષા

હવે એમને યોગ શીખવાની ધૂન લાગી. આ ઈચ્છા
પૂર્ણ કરવા માટે એઓ બહુ દિવસ સુધી કોઈ સારો ગુરુ
મેળવવાની શોધમાં ફર્યા. અંતે એમને યોગીરાજ પરમ
શિવેન્દ્ર નામે પંડિતજી મળી ગયા. તેમણે એમની દશાની
પરીક્ષા કરી લીધી અને એમને એ વિદ્યાનું પાત્ર સમજી-
ને બહુ પ્રેમથી યોગવિદ્યાનું રહસ્ય સમજાવ્યું. સદા-
શિવેન્દ્રે થોડા જ સમયમાં યમ, નિયમ, આસન, ધારણા,
ધ્યાન, સમાધિ આદિ દ્વારા આત્મસાક્ષાત્કારનો આનંદ
પ્રાપ્ત કર્યો. યોગની કળામાં એમણે બહુ શીઘ્રતાથી પૂર્ણ
રીતે પ્રવીણતા પ્રાપ્ત કરી અને સદ્ગુરુની કૃપાથી હૃદય-
કમલ-કોશનું ઉદ્ઘાટન કરીને પરમ જ્યોતિનો સાક્ષાત્કાર
કર્યાથી એઓ સિદ્ધ દશાને પહોંચી ગયા. એમનો અભ્યા-
સ એટલો વધી ગયો કે તેથી એ "સંયમી સાર્વભૌમ"
ને નામે ઓળખાવા લાગ્યા. [illegible] છંદોમાં એમણે
એક નાનકડું "આત્મ વિલાસ" નામનું કાવ્ય લખ્યું છે,
જેમાં અક્ષરે અક્ષરે [illegible] ટપકે છે, અને વાંચ-
[illegible]
[illegible] પ્રકટ કરે છે.

દિવસે વધતો ગયો, તેથી કેટલાક અસહિષ્ણુ પંડિતોએ એમના આવા વ્યવહારની વાત પરમ શિવેન્દ્રજીના કાન સુધી પહોંચાડી. એમને પણ સદાશિવનો આ સભ્યતા-રહિત વ્યવહાર અનુચિત લાગ્યો તેથી ક્રોધાવિષ્ટ થઈને એમણે સદાશિવને કહ્યું કે " શીખો છો યોગ, પણ તમારા જીવનમાં એનો ઉપયોગ કેમ કરતા નથી ? તમારી નિરંકુશ વાણીને શું તમે સંયમનું વ્રત શીખવી નથી શકતા ? "

સદાશિવના સાચા હૃદયની ઉપર આ શબ્દોનો વિચિત્ર પ્રભાવ પડ્યો. એ શબ્દ એમના હૃદયમાં જડાઈ ગયા. ગુરુભક્ત સદાશિવે ગુરુને શ્રદ્ધાપૂર્વક પ્રણામ કર્યા અને પોતાના અપરાધની ક્ષમા માગી. એટલાથી જ સંતુષ્ટ ન થતાં, નિર્મલ હૃદયે સદાશિવે ગુરુની આજ્ઞાનો આદર કરતાં કરતાં એવી ભીષ્મ પ્રતિજ્ઞા લીધી કે, **હવેથી મરણપર્યંત હું મૌન વ્રતમાંજ જીવન વિતાવીશ.** આવી પ્રતિજ્ઞા સાંભળીને ગુરુજી બિચારા બહુ દુઃખી થયા. સદાશિવને એમણે ઘણું ઘણું સમજાવ્યા અને એ પ્રતિજ્ઞાનો ત્યાગ કરવા કહ્યું, પરંતુ અહીં તો સદાશિવની જબાન બંધ થઈ ચૂકી હતી-જબાન પર પ્રતિજ્ઞાનું તાળું દેવાઈ ગયું હતું. તેથી આખરે આચાર્યને મૌન-યોગી થવાની અનુમતિ આપવી પડી, અને ત્યારથી સદાશિવ મૌન દશામાં ષડ્રિપુનું દમન કરતાં કરતાં-करतल भिक्षा-तरुतल वासः એ સૂત્રને અવલંબીને સુખમાં સમય વીતાવવા લાગ્યા.

પોતાના શિષ્યની આવી ઉન્નત દશા દેખીને પરમ શિવેન્દ્ર યોગી પ્રસન્ન થયા, પણ એમને એટલો ખેદ રહેવા લાગ્યો કે, મારા શિષ્યના જેવો હું સંયમ કરવાને સમર્થ ન બન્યો. એમની આ દશા નીચેના પદ્યમાંથી પ્રતીત થાય છે:—

उन्मत्तवत् संचरतीह शिष्यस्तवेति लोकस्य वचांसि शृण्वन्॥

खिद्यन्नुवाचास्य गुरुः पुराहो ह्युन्मत्तता मे न हि तादृशीति॥×

ત્રણ માસની સમાધિ

મૌની થયા પછી સદાશિવેન્દ્ર પર મસ્તી અને નિરીહતાનો રંગ દિન પર દિન ઘેરો થતો ગયો. પોતે વનમાં તથા નિર્જન સ્થાનોમાં રહેવાનું અધિક પસંદ કરતા હતા. એવાં સ્થાનોમાં રહીને એઓ પોતાની સમાધિનો અભ્યાસ અધિકાધિક કરવા લાગ્યા. એક વાર એવું બન્યું કે પોતે કોડિમુડિ નગરની પાસે કાવેરીની ધારામાં એક નાની ટેકરી ઉપર કેટલાક દિવસથી રહેતા હતા. ઋતુ વરસાદની હતી. દૈવવશાત્ નદીમાં ભયંકર પૂર આવ્યું, જેથી કિનારા ઉપરનાં વૃક્ષ ઉખડી ગયાં અને આસપાસનાં ગામડાં તણાઈ ગયાં. સદાશિવ પણ નદીના પ્રવાહમાં તણાવા લાગ્યા અને પાણીના જોરથી આઘે જતાં જતાં કોઈ ઊંડા ખાડામાં ભરાઈ ગયા. આસપાસનાં ગામવાળાને આ જોવાથી ઘણો ખેદ થયો, પણ તેઓ સ્વામીજીને આ આપત્તિમાંથી બચાવી શક્યા નહિ. ત્રણ માસ બાદ નદીનો પ્રવાહ સુકાઈ ગયો અને ગામના લોકો પોતાની ખેતીના કામ માટે નદીમાં નાના નાના કાચા કૂવા ખોદવા લાગ્યા. ખોદતાં ખોદતાં એક વ્યક્તિની કોદાળી કોઈ કઠિન પદાર્થ સાથે અથડાઈ. તેજ ક્ષણે તેણે કોદાળી બહાર કાઢીને જોયું તો [illegible] જણાઈ. ગામ[illegible] લોક [illegible] ભેગા થઈ ગયા. પછી એમણે બધાએ [illegible]

કે માયા કે ચિત્તભ્રમ? એમાંનું શું હશે તે તેઓ નક્કી કરી શકયા નહિ. સદાશિવે સર્વને માટે પ્રસાદ આણી આપ્યો અને સૂર્યોદય થતા પહેલાં તો સૌને પોતપોતાને ઘેર પાછા પહોંચાડી પણ દીધા. ઘરવાળાં બધાં ગભરાઇ ગયાં હતાં. તેમને બાળકોએ આ આશ્ચર્યકથા કહી સંભળાવી અને પ્રમાણરૂપ પ્રસાદ પણ હાજર કર્યો. પછી કંઇ શંકા રહે?

એમ કહે છે કે, મહાશિવરાત્રિએ આ શિવભક્ત યોગિરાજ, રાતે કાશી, મદુરા, રામેશ્વર આદિ દિવ્ય ક્ષેત્રેમાં એકજ રાત્રિમાં ભગવાન શંકરનાં દર્શન કરી આવતા એમ તે તે સ્થળના નિવાસીઓએ જોયું હતું. એમના મહિમાનું વર્ણન કરવાવાળાઓ એટલે સુધી કહે છે કે, એઓ યોગબલથી યુરોપમાં તુર્કસ્તાન સુધી ફરી આવ્યા હતા!!

× × × ×

(૩)

એક મહામૂર્ખ બ્રહ્મચારી કાળા અક્ષરને કૂટી મારે એવા હતા, પણ સદાશિવની સેવા તનમનથી કરતા હતા. એમની સાચી શ્રદ્ધાભરેલી સેવાથી સદાશિવજી પ્રસન્ન થઇ ગયા. બ્રહ્મચારીએ પ્રાર્થના કરી કે મને પણ, બાળકોની પેઠે યાત્રાનું કષ્ટ ન પડે એમ, શ્રીરંગનાથજીનાં દર્શન કરાવો. સ્વામીએ તેને આંખો બંધ કરવાનો ઇશારો કર્યો. તેણે આંખો ખોલી તો પોતાને સદાશિવની સાથે ભગવાન રંગનાથના જ મંદિરમાં ઉભેલો જોયો! કેટલીક ક્ષણ પછી સદાશિવ અંતર્ધાન થઇ ગયા. બ્રહ્મચારીએ મંદિરના ખૂણે-ખૂણા તપાસ્યા પણ ક્યાંય તે દેખાયા નહિ એટલે એ પગપાળા કરૂરની તરફ ચાલી નીકળ્યા અને કેટલાય દિવસે ત્યાં આવી પહોંચ્યા. આવતાંજ સ્વામીજીને સમાધિસ્થ જોઇને તેમને બહુ આનંદ થયો, અને તેમણે એ વિદ્યા શીખવવાની ભિક્ષા માગી. દયાવશ થઈ એ યતીન્દ્રે પૃથ્વીમાં મંત્ર લખી દીધો, તેના અભ્યાસથી બ્રહ્મચારીમાં અદ્ભુત ચમત્કાર દેખાવા લાગ્યો, અને એ પ્રાન્તના લોકમાં સૌ

એમને સિદ્ધને નામે બોલાવવા લાગ્યા.

× × ×

કપાઈ ગયેલો હાથ ફરીથી જોડાઇ ગયાની એક અત્યંત અદ્‌ભુત ઘટના પણ એમના ચરિત્ર સાથે સંકળાયેલી છે. એક વાર મસ્ત સદાશિવજી ફરતા ફરતા કોઇ મુસલમાન જમીનદારના જનાનખાના તરફ પહોંચી ગયા. સૂર્યનું પણ દર્શન નહિ કરનારી પરદાનશીન બીબીઓના આવાસની અંદર એક અવધૂતને પેસતો જોઇ નવાબ સાહેબ ગુસ્સાથી બહાર નીકળ્યા. ક્રોધના આવેશમાં અંધ બનીને તેમણે સદાશિવ પર તલવારનો પ્રહાર કર્યો તેને લીધે એમના એક હાથની આંગળી કપાઈ ગઇ. પરંતુ આ ઘટનાથી સદાશિવની મૌનવૃત્તિમાં કોઈ વિકાર થયો નહિ! એ તો એમ ને એમ ને ગજરાજની પેઠે નિર્વિકાર ભાવથીજ ધીમે ધીમે ત્યાંથી ચાલી ગયા! એમની આવી મજબૂત હાલત જોતાં જ નવાબ સાહેબનો પિત્તો ઠંડોગાર થઈ ગયો અને પોતાની ભૂલમાટે એમને પશ્ચાત્તાપ થવા લાગ્યો. પોતાના મનમાં એવો જ નિશ્ચય થઇ ગયો કે, એ કોઇ સાચા ખુદાદોસ્ત ફકીર છે. તેથી પોતાનો ગુન્હો માફ કરાવવાની અને એમની બદદુવામાંથી પોતાને બચાવવાની એમને તાલાવેલી લાગી. તેથી એઓ છાયાની માફક એમની પાછળ પાછળ જવા લાગ્યા. આવી રીતે કેટલાક દિવસ નિરંતર પોતાની પાછળ તેમને ફરતા જોઇને યોગિ-

પોતે યથેચ્છ દિશાએ ગમન કર્યું.

આ આશ્ચર્યભરેલી ઘટના એટલી પ્રસિદ્ધ છે કે એનું વર્ણન શૃંગેરી મઠના વિદ્વાન્ શંકરાચાર્ય શ્રીનૃસિંહ ભારતી સ્વામીએ સ્વનિર્મિત "સદાશિવેન્દ્ર સ્તુતિ" નામના કાવ્યમાં નીચે પ્રમાણે કર્યું છેઃ—

योऽनुत्पन्नविकारो बाहौ म्लेच्छेन च्छिन्नपतितेऽपि।
अविदितममतायास्मै प्रणतिं कुर्मः सदाशिवेन्द्राय॥
पुरा यवनकर्तनस्रवदमन्दरक्तोऽपि यः
पुनः पदसरोरुहप्रणतमेनमेनोनिधिम्॥
कृपापरवशः पदं पतनवर्जितं प्रापयत्।
सदाशिवयतीट् स मय्यनवधिं कृपां सिञ्चतु॥

અર્થઃ—કોઇ મ્લેચ્છે પોતાના હાથની આંગળી પર કાપ મૂકયાથી તે છિન્ન થયા છતાં જેમને જરાએ વિકાર ઉત્પન્ન થયો ન હતો એવા મમતારહિત સદાશિવેંદ્રને હું પ્રણામ કરૂં છું.

અગાઉ કોઇ યવનના પ્રહારને લીધે જેમને લોહી બહુ નીકળતું હતું, છતાં જેમણે, તે પાપીએ કરેલા પાદ-પ્રણામથી કૃપાવશ થઇને તેને ક્ષમા આપી હતી તે સદા-શિવ યતિરાજ મારા ઉપર અનવધિ કૃપા કરો.

× × ×

(૪)

જેવી રીતે સદાશિવેન્દ્ર, શ્રી શંકરાચાર્યની સર્વથી મોટી ગાદીના આચાર્યના ભક્તિભાજન બન્યા, એવીજ રીતે એઓ દાક્ષિણાત્ય રાજાઓ દ્વારા પણ બહુ સમ્માનિત થયા હતા. નવસાલ રાજ્યના અધીશ્વર મહારાજ વિજય રઘુનાથ તોંડમાને તો લગભગ આઠ વર્ષ સુધી એમની સેવા અપૂર્વ શ્રદ્ધાથી કરી હતી. યોગીરાજે પ્રસન્ન

થઇને એમની પ્રજાના રંજન માટે કેટલાક ઉપાય રેતીમાં લખી દીધા હતા અને બીજી વાતો જાણવા માટે પોતાના સહપાઠી ગોપાલશાસ્ત્રીનું નામ સંકેતથી બતાવ્યું હતું. એ શાસ્ત્રીના વંશજો હજી સુધી ત્યાં રાજગુરુ તરીકે પૂજાય છે. આ રાજ્યમાં સદાશિવજીના ઉપદેશ અનુસાર શારદા-નવરાત્રિ મહોત્સવ, દક્ષિણામૂર્તિ પૂજા વગેરે બહુ ઠાઠમાઠથી હજી ચાલે છે. દક્ષિણામૂર્તિની પાસે જ પૂજાનાં પ્રધાન દ્રવ્યોમાં, જે રેતી ઉપર યોગિરાજે ઉપદેશ લખી દીધો હતો તે પ્રતિષ્ઠા સહિત રાખવામાં આવે છે, અને તેની પણ પૂજા થાય છે.

આજકાલની શિક્ષા-દીક્ષાના પ્રકાશમાં યોગીરાજનું ચમત્કારયુક્ત જીવન અસંભવ ઘટનાઓથી પૂર્ણ જણાય એવું છે. આ સમયનું એક લોકવાક્ય એવું છે કે— प्रकृतिरेव परं ब्रह्म ॥ પરંતુ સદાશિવનું જીવન "નેચર-સ્ટડી"ની કસોટી ઉપર કસવા જેવી વસ્તુ નથી. એ તો ભારતના યોગબળનો એક એવા કાળનો નમુનો છે કે જ્યારે આપણો દેશ આપણું સર્વસ્વ તથા સર્વ વિશેષતાઓ લગભગ ખોઈ બેઠો હતો. સિદ્ધ લોક અંતર્મુખ [illegible] સર્વ [illegible] આપણે [illegible] [illegible] ? [illegible] [illegible] [illegible]

પુરુષોમાં યોગીરાજ સદાશિવ અગ્રગણ્ય થઇ ગયા છે એમ કહેવામાં કોઇ અતિશયોક્તિનો દોષ આવે એમ નથી.

આવી રીતે પરમાત્મધ્યાનમાં રમી રહેલા આ મૌન-વ્રતી યોગીએ ચિરકાળ સંસારને યોગવિદ્યાના અદ્ભુત ચમત્કાર દર્શાવી લીલાનો ઉપસંહાર કરવાની ઉત્કટ ઇચ્છા પ્રકટ કરી, અને કહ્યું કે "જ્યેષ્ઠ શુક્લ દશમીને દિવસે આ પંચભૌતિક શરીરનો ત્યાગ કરી હું બ્રહ્મ સાયુજ્યની પ્રાપ્તિ કરવા ચાહું છું. એજ દિવસે કાશીથી એક બ્રાહ્મણ બાણ-લિંગ લઇને આવશે. એ લિંગની સ્થાપના મારી સમાધિની સમીપ એક મંદિરમાં કરાવવી." એ પ્રમાણે નક્કી કરેલી તિથિએ કાશીથી બાણ-લિંગ આવી ગયું અને સર્વના દેખતાંજ મૌન યોગી શ્રીસદાશિવેન્દ્ર સરસ્વતીએ અંતિમ સમાધિ લઈ લીધી. જીવનમુક્ત યોગીરાજે માત્ર નેરૂર ગામમાંજ નહિ પણ ભિન્ન ભિન્ન ત્રણ સ્થાનમાં એકજ કાળે, તે તે સ્થાનના નિવાસીઓની રૂબરૂ સમાધિ લઇ શરીરત્યાગ કર્યાનું કહેવાય છે. એ વાતનું સમર્થન નૃસિંહ ભારતી સ્વામીના નીચેના શ્લોકથી થાય છેઃ—

त्रिविधस्यापि त्यागं वपुषः कर्तुं स्थलत्रये य इह ।
अकरोत् समाधिमस्मै प्रणतिं कुर्मः सदाशिवेन्द्राय ॥

(સ્વશરીરનો ત્યાગ ત્રિવિધે ત્રણ સ્થળે સમાધિ લઇને જેમણે કર્યો તે સદાશિવેન્દ્રને હું પ્રણામ કરૂં છું)

પરંતુ આ ત્રણેમાં નેરૂરની જ સમાધિ દક્ષિણમાં પ્રસિદ્ધ છે. એ સ્થાનમાં આજસુધી પણ નવસાલના રાજા તરફથી નિત્યનૈમિત્તિક પૂજા, પક્ષોત્સવ, માસોત્સવ અને વાર્ષિકોત્સવ આદિ બહુ ધામધૂમથી થયે જાય છે.

વાસ્તવિક રીતે એમના જન્મથી દક્ષિણ પ્રદેશ મસ્તક ઉંચું રહ્યું છે. એમનું નામ દાક્ષિણાત્ય લોક [illegible] પ્રતિષ્ઠાની સાથે લે છે. જગદ્ગુરુ શ્રીશંકરાચાર્ય [illegible] નંદ નૃસિંહ—ભારતી સ્વામી આ યોગી—[illegible]

હતા તે, એમનાં ઉપર ટાંકેલાં પદ્યોથી સ્પષ્ટ થાય સદાશિવેન્દ્રના મહિમાનું આ ઉજ્જવલ ઉદાહરણ છે.

શ્રી સદાશિવે રચેલા ગ્રંથો

એમણે અનેક ગ્રંથ રચ્યા છે તેમાં "બ્રહ્મતત્ત્વ પ્રકાશિકા" નામની બ્રહ્મસૂત્રો ઉપર લખેલી વૃત્તિ બહુ ઉત્તમ છે. તેમાં પ્રત્યેક સૂત્ર સાથે પૂર્વપક્ષનું નિરૂપણ કર્યા બાદ સૂત્રસંગતિ, અધિકરણસંગતિ, પાદસંગતિ ઈત્યાદિ વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તેથી ભગવાન્ શ્રી શંકરના ભાષ્યનો નિગૂઢ અર્થ પણ વિશદ રૂપમાં પ્રકટ થાય છે.

વળી એમણે યોગસૂત્રો પર "યોગ સુધાકર" નામની વૃત્તિ રચી છે. તેનાથી યોગશાસ્ત્રમાંનાં અનેક રહસ્યોનું જ્ઞાન સહેલાઈથી મળી શકે છે. આવા ગ્રંથોના રચનાર તરીકે સ્વામી સદાશિવેન્દ્ર કેવળ સિદ્ધજ નહોતા પરંતુ વૈજ્ઞાનિક તથા પરમ દાર્શનિક પણ હતા, એમ કહી શકાય છે.

આ ઉપરાંત "ઉપનિષદ્દીપિકા," "આત્મ-વિદ્યાવિલાસ," "અદ્વૈતરસમંજરી," "બોધાર્ય," "સિદ્ધાન્તકલ્પવલ્લી" આદિ બીજા પણ અનેક વેદાન્ત-વિષયના નાના મોટા ગ્રંથરત્ન યોગીરાજની ગંભીર તથા વિદ્વત્તાપૂર્ણ લેખિનીમાંથી ઉત્પન્ન થયા છે. એમની સંપૂર્ણ [illegible]

वैराग्यविपुलमार्गविज्ञानोद्दामदीपकोद्दीप्तम् ।
आरुह्य तत्त्वहर्म्यं मुक्त्या सह मोदते यतिराट् ॥

आशावसनो मौनी नैराश्यालंकृतः शान्तः ।
करतलभिक्षापात्रस्तरुतलनिलयो मुनिर्जयति ॥*

("કલ્યાણ" ના એક અંક પરથી "શારદા" માસિકમાંનો અનુવાદ)



* શાસ્ત્રજાળને ત્યજી દઈને, સંસારના વ્યવહારથી સર્વ પ્રકારે અસંગ થઈને, પૂર્ણપદવી પામેલો યોગી નિષ્કમ્પ દીપવત્ વિરાજે છે. વિજ્ઞાનરૂપી પ્રબળ દીપ વડે પ્રકાશિત વૈરાગ્યરૂપી વિપુલ માર્ગવાળા તત્ત્વરૂપી પ્રાસાદમાં પહોંચીને યતિરાજ મુક્તિ સાથે આનંદ અનુભવે છે.

દિશારૂપી વસ્ત્રવાળા (દિગંબર), મૌની—નૈરાશ્યથી અલંકૃત, શાન્ત, કરતલનેજ ભિક્ષાપાત્ર બનાવનાર, તરુતલે વસનાર મુનિનો સદા જય હો.



૧૮–भक्त मीठो ढाढी

(લેખકઃ–શ્રી. દયાશંકર ભ. કવિ)

ગુપ્ત રાજાઓના સમયમાં એક વખત આખાયે હિંદુસ્તાનમાં પ્રસરેલા વૈષ્ણવ વિચારોને મરણતોલ અવસ્થામાંથી બચાવી હૃષ્ટપુષ્ટ કરવાનો યશ ખરેખર દક્ષિણહિન્દનેજ ઘટે છે. ઈશુ ખ્રિસ્તના બારમા સૈકામાં શ્રી. રામાનુજાચાર્ય થયા. એમણે પ્રેમભક્તિનાં રહસ્યો પ્રકટાવ્યાં અને વિશિષ્ટાદ્વૈતનું વેદાન્ત ઉપદેશ્યું. શ્રી રામાનુજાચાર્યના થયા પછી લગભગ દોઢસો વર્ષે શ્રી મધ્વાચાર્ય થયા. તેમના સિદ્ધાન્તોમાં કેટલેક ઠેકાણે શ્રીરામાનુજાચાર્યના સિદ્ધાંતો કરતાં ફેર હતો; છતાં પ્રેમ અને ભક્તિનાં મૂળ તત્ત્વો સંબંધી વિચારમાં એકતા હતી. પ્રેમભક્તિના શ્રદ્ધા અને આશાજનક સિદ્ધાંતોમાં લોકહૃદય હર્યું. પ્રેમ હૃદયને પ્રોત્સાહિત કરે છે; જીવને ધૈર્ય આપે છે; નિરાશાને દૂર કરાવી આશા પ્રેરે છે, અજબ ઉષ્મા ભરે છે અને જીવને સદૈવ ઉલ્લસિત રાખે છે.

શ્રી રામાનુજાચાર્ય, મધ્વાચાર્ય અને છેલ્લે શ્રી

ભક્તોના નામથી ગુજરાતી ગિર્વાણ હિંદગશહૂર થયું છે.

આ ભક્તિભાવના પ્રબળ પૂરમાં એકલા હિંદુઓજ ડૂબ્યા હતા એમ નથી, પરંતુ કબીર, રહીમ, નઝીર, મુબારક, વગેરે અનેક મુસ્લીમ સંતો એ ભક્તિભાવથી ભીંજાયા હતા. આ મહાપુરુષોને ભેદભાવ ન હતો; કારણ કે મુસ્લીમ સૂફીવાદની ફિલસૂફી અને આર્યની પ્રેમ-ભક્તિનાં તત્ત્વોમાં બહુ અંશે સામ્ય છે. બંનેમાં જીવા-ત્મા–પરમાત્માની ભાવના સંબંધી એકતા છે. બંનેમાં ભક્તિની તન્મયતા અને ગૂઢ મસ્તીની ધ્યાનનિમગ્નતા તેમજ વિચારલીનતાનું સરખાપણું છે. બંને ક્રિયા અને કર્મકાંડ પ્રતિ ઉપેક્ષાની દૃષ્ટિએ જુએ છે.

"હરિ વેણુ વાય છે રે હો વનમાં" એ ગુજરાત કચ્છ કાઠિયાવાડની શેરીએ શેરીએ હજીયે સંભળાતી અને સાધુ-સંતની મંડળીઓમાં પ્રેમપૂર્વક લલકારાતી ગરબીનો રચ-નાર ભકતકવિ મીઠો જાતે ઢાઢી મુસલમાન કોમનો હતો અને સંવત ૧૮૫૦–૬૦ ના અરસામાં કાઠિયાવાડના લીંબડી શહેરમાં જન્મ્યો હતો. તેના પિતાનું નામ સાહેબા હતું. જેમ કબીર વણકર મુસલમાન હતો છતાં જેમ તેને વૈષ્ણવ ધર્મની લગની લાગી હતી, તેમ મીઠો પણ ચૂસ્ત વૈષ્ણવ હતો. વૈષ્ણવ ધર્મ ઉપરની સુદૃઢ આસ્થા, ઈશ્વર પ્રતિ અચળ વિશ્વાસ અને દૃઢ નિશ્ચયાત્મક ભકિતને લીધે જન્મથી મુસલમાન છતાં કૃષ્ણભકતનું અતિ સ્તુત્ય ઉપ-નામ તેણે પ્રાપ્ત કર્યું હતું.

ભકત મીઠાએ સંવત ૧૯૨૮ માં દેહોત્સર્ગ કર્યો છે, એટલે હજી લગભગ પાંસઠ વર્ષ જ એ ભકતને થઈ ગયાને થયાં છે છતાં તેના જીવનનો ઇતિહાસ પરિપૂર્ણ મળી શકતો નથી. ભકત મીઠાનું જીવનવૃત્તાંત એકઠું કર-વાને લીંબડીના જાણીતા કવિ ભવાનીશંકર નરસિંહરામે અત્યંત પ્રયાસ કર્યો હતા, પણ તેમાં નિષ્ફળતા મળી હતી. કવિ ભવાનીએ એકત્ર કરેલી માહિતીથી એ ભક્તના

સંબંધમાં ફક્ત એટલુંજ જાણવાને મળે છે કે, તેને સંતાનમાં એક પુત્ર અને પુત્રી હતાં. પુત્રનું નામ ખીમદાસ હતું. તેનામાં કવિત્વશક્તિ કે પ્રભુભક્તિ ન હતી. ભક્તની દીકરીનું નામ જાણવામાં નથી, પણ તેને રાજસીતાપુર પરણાવી હતી. કવિ ભવાની, ભક્તની દિકરીને મળ્યા હતા; પણ ત્યારે તે એકદમ વૃદ્ધ હતી. તેના કાન બહેરા થઇ ગયા હતા અને આંખોનું તેજ ઓછું થઇ ગયું હતું એટલે કવિ ભવાનીને સતત પ્રયાસ છતાં ભકત મીઠાના કાવ્ય કે તેના જીવન સંબંધી કાંઇ હકીકતનો પત્તો લાગ્યો ન હતો. પ્રમાણભૂત જીવનચરિત્રના અભાવે અન્ય ભકતના ચરિત્ર સાથે જેમ લૌકિક અને અલૌકિક પ્રસંગો સંકળાયેલા હોય તેમ અહીં પણ છે. એટલે ભકત મીઠાના જીવન સાથે સંકળાયેલા પ્રસંગોજ આપી સંતોષ માનવો પડે છે.

ભક્ત મીઠો અયાચક વૃત્તિનો અને ઉદાર બુદ્ધિનો હતો. તેની જાતના લોકો ઢાઢી, મીર વગેરે રાજરજવાડાઓમાં ગીતો ગાઇ અને વખાણ કરી પોતાનું જીવન ગાળે છે. પરંતુ આપણા ભક્ત કવિ મીઠાને તો હરિભક્તિ વગર બીજા કશાનો ખ્યાલજ નહોતો. પોતે શ્રીકૃષ્ણ પ્રભુનો પરમ ઉપાસક હતો એટલે પોતાના ઇષ્ટદેવના ગુણાનુવાદ સિવાય તે અન્યના ગુણ કદી ગાતો નહિ. ભક્ત મીઠાની આવી ભીષ્મ પ્રતિજ્ઞા તે વખતના લીંબડીના મહારાણા શ્રીહરભમજી ઉર્ફ ના જાણવામાં આવી. લીંબડીનરેશ મહારાણાએ પોતાની તારીફ કરવાને ભક્તને ઘણો મનાવ્યો અને તાવ્યો, પણ ભક્તે તો ચોખ્ખું જણાવી દીધું કે,

પ્રભુનામનું સંકીર્તન કરવાને ભક્તોનો મોટો મેળો કર્યો. અન્ય ભક્તજનોની માફક ભક્ત મીઠાને પણ પોતાને એ મેળામાં જવાનું નિમંત્રણ મળ્યું હતું.

ભક્ત પોતાની મંડળી સાથે ત્યાં જવાને તૈયાર થયા, પણ કોઇ દ્વેષી જનના કહેવાથી ભક્તની પરીક્ષા કરવા લીંબડીનરેશે તેમને ત્યાં જવા ન દેતાં ઘોડાહારની એક કોટડીમાં પૂર્યા અને ઠાણીઆઓને શરત રાખવાનું ફરમાન કર્યું.

ઠાણીઆઓ કોટડીને એક મજબૂત તાળુ વાસી સમલા ભજન સાંભળવા ગયા. ત્યાં જઇ જોયું તો ભક્ત મીઠાને તો પોતાની મંડળીમાં બેસી ભજન ગાતાં જોયા. ભક્તનું શરીર અબીલ ગુલાલથી છવાઇ રહ્યું હતું. આ દૃશ્ય જોઇ ઠાણીઆઓને અતિશય આશ્ચર્ય થયું.

ઘોડાહારની કોટડીએ વાસેલ તાળું તોડી ભક્ત નાસી આવ્યો હશે તો રાજા આપણા ઉપર ગુસ્સે થશે અને સખ્ત સજાને પ્રાપ્ત થઈશું એવા ભયથી ઠાણીઆઓ તુરત લીંબડી પાછા ફર્યા; અને રાજાને સર્વ હકીકતથી વાકેફ કર્યા. લીંબડીનરેશ પણ તે હકીકત સાંભળી આશ્ચર્ય પામ્યા; કારણ કે પોતાની રૂબરૂમાંજ ભક્તને કોટડીમાં પૂરવામાં આવ્યા હતા અને મજબૂત ખંભાતી તાળુ વાસવામાં આવ્યું હતું.

રાજાએ તુરત જ પોતાની રૂબરૂમાં કોટડીનું બારણું ખોલવાને ફરમાવ્યું દ્વાર ખોલતાં સમતાની ભજન મંડળી-માં જે સ્થિતિમાં મીઠા ભક્તને ઠાણીઆઓએ જોયા હતા તેજ સ્થિતિમાં ઘોડાહારની કોટડીમાં ભક્ત જોવામાં આવ્યા. અને અહીં પણ ભક્ત [illegible] હતા. રાજાને ભક્તનો પ્રતાપ [illegible] [illegible]

ભક્ત હતો. હરખ, શોક કે વૈરબુદ્ધિનો તેનામાં અભાવ હતો. ભક્ત તો ઉલટા રાજાને આશીર્વાદ આપી હરિગુણ ગાતા ગાતા પોતાની ખત્રીવાડમાં આવેલ મઢુલીએ ગયા.

ભાલના કોઇ એક ગામના પટેલ ભક્તે સાધુ-સંતોનો વૈશાખી પૂર્ણિમા ઉપર એક મોટો મેળો કર્યો હતો. ભક્ત મીઠો પણ તે સાધુસંતના મેળામાં ભાગ લેવા ગયો હતો. મેળો ખલાસ થયો અને સૌ સૌને ઠેકાણે જવા લાગ્યા. ભક્ત મીઠો પણ લીંબડી આવવા નીકળ્યો. અર્ધા રસ્તે નિર્જળ સ્થળે બે-ચાર વટેમાર્ગુઓનો ભક્તને ભેટો થયો. વટેમાર્ગુઓએ પણ ભક્તનું નામ સાંભળ્યું હતું અને જ્યારે તેઓના જાણવામાં આવ્યું કે, રસ્તામાં સામો મળનાર પથિક અન્ય કોઈ નહિ પણ ભક્તરાજ પોતે છે ત્યારે તેઓ તત્કાલ તેમની પાસે ગયા અને એકાદ ભજન-કીર્તન સંભળાવવાને વિનંતિ કરી.

ભક્ત મીઠાને ચૈત્ર-વૈશાખના પ્રખર તાપથી અત્યંત તૃષા લાગી હતી, તેમજ શ્રમિત પણ થયા હતા. પણ ભજન સંભળાવવાનો તેઓ અનાદર ન કરી શક્યા. પ્રભુભજન કરવા લાગ્યા અને શ્રમ તથા તૃષાને ભૂલી ગયા; પણ તૃષાને લીધે રાગ બેસૂરો થવા લાગ્યો. આ વખતે એક વૃદ્ધ ભેરુએ નિર્જન અરણ્યમાં મીઠાને પાણી પાયું. ભજન પૂર્ણ થતાં સૌ સૌને રસ્તે પડ્યા; પણ 'આવા નિર્જન અરણ્યમાં મારી તૃષા છીપાવનાર પ્રભુ વિના બીજું કોણ હોય?' એવો વિચાર આવતાં આપણા ભક્ત તે ભેરુની શોધમાં નીકળ્યા. ભેરુ ક્યાંય નજરે ન પડ્યા એટલે ભક્તે વિરહ [illegible] આખરે [illegible]

જ્ઞાનદશાને પામ્યો હતો કે અને તે દશામાંજ તેનું જ્ઞાન-વિષયક પદો રચેલાં હોવાં જોઈએ.

નવરાત્રિમાં એક રાત્રિએ લીંબડીનરેશ મહારાણા શ્રી હરભમજી ત્રીજા જુની બહુચરાજીએ ગરબા સાંભળવા આવ્યા હતા. મીઠા ભક્તનું પણ ત્યાં આવવું થયું. રાજાએ વિનોદમાં કહ્યું કે "ભક્ત! તમે તો તમારા મોહન વર વગર અન્ય કોઈના ગુણ ગાતા નથી તે તો ઠીક, પણ આજે માજીના તો ગુણ ગાઓ. ગરબો ન આવડતો હોય તો કરી બનાવીને અત્રે આવી ગવરાવજે."

"હજુર શ્રી!" મીઠા ભક્તે ઉત્તર આપ્યો: "માજી અને મારો મોહનવર એકસ્વરૂપ છે. માજી અને મોહન-માં કાંઈ ભિન્નતા નથી. મારા મનથી તો મોહનની સ્તુતિ કરૂં અને માજીની સ્તુતિ કરૂં તે એકજ છે. હજુરની ઈચ્છા હોય તો અત્યારે જ માજીનો ગરબો ગાઉં અને ગવરાવું."

મહારાણાની ઇચ્છાથી ભક્ત મીઠાએ તે સ્થળેજ શીઘ્રતાથી "જય દેવી"નો પ્રખ્યાત ગરબો રચીને ગવ-રાવ્યો અને માજી તથા મોહનની એકતા સિદ્ધ કરી.

નવાનગરમાં એ સમયે રવિ સાહેબ નામના એક બહુજ પ્રસિદ્ધ સંતપુરુષ હતા. રવિ સાહેબનાં પદો ભક્ત મીઠાના સાંભળવામાં આવ્યાં હતાં, અને તેથીજ રવિ સાહેબના દર્શન માટે તેમને ઝંખના લાગી હતી. એક દિવસે ભક્તે સાંભળ્યું કે "ત્રણસો સાધુઓની મંડળી લઈને રવિ સાહેબ વૃંદાવન રાસવિલાસ જોવા જાય છે." ભક્તને અતિ આશ્ચર્ય સાથે આઘાત લાગ્યો કે, રવિ સાહેબ જેવા સંત પુરુષને પણ શું હજુ વૃંદાવન સુધી રાસ-વિલાસ જોવા જવાનું બાકી છે!

વૃંદાવન જતાં એક રાત્રિ રવિ સાહેબે લીંબડીને પાદર ઉતારો કર્યો. ભક્ત મીઠો રવિ સાહેબનાં દર્શન કરવા ગયો અને ભજન ગાઈ રવિ સાહેબને સમજાવ્યું કે, રવિ સાહેબ! ~~આવી~~ કૃષ્ણબંસી તો [illegible]

વૃંદાવનમાં વાગી રહી છે.

(૫૬)

બંસરી વાગી રહી વનમાં, સુરતા લાગી રહી સૂનમાં.
ત્રણ ભુવન રણકાર અધર ધૂન વચન સુનાયો;
સોહં વચનની માંય, બ્રહ્માએ વેદ બનાવ્યો,
એ વેદમાં ભેદ છે સમજે તે નર સંત;
અન્ય સકળ પરપંચ છે, તું મા ભૂલે ગુણવંતઃ—બંસરી૦
સુણી બંસીનો નાદ વિવેકનો વધે વધારો,
ટળે દેહ અભિમાન, અંતરનો મટે અંધારો;
રોમરોમ રંગ લાગી ગયો, નખશીખ પ્રગટયા નૂર—બંસરી૦
થયો આનંદનો ઓઘ પ્રેમની લાગી તાળી,
કર્યાં સંતનાં કામ બડે બડે કુંજવિહારી;
એ બંશીમાં સર્વે મોહ્યા, મોહ્યો સકળ સંસાર,
બ્રહ્મા વિષ્ણુ મહેશ મોહ્યા, કહેતાં ન આવે પાર—બંસરી૦
મેં નિજનામી નામ, નામ પર સુરતા ધારી,
ઉલટ અજંપા માંય ખુલી ગઇ બ્રહ્મની બારી;
આગુ અગરની ઉપરે નર પોઢયો નિરધાર,
ઝળહળ ત્યાં જ્યોતો ઝગે, ઝીણો હુઓ ઝણકાર—બંસરી૦
એ બંસી શ્રી કૃષ્ણની, ફેર રચાયો શો’ર;
મીરાં ભગત કે’ મોજ કરી લ્યો, નાહિ પ્રીત નહિ સે’ર—બંસરી૦

રવિ સાહેબને હજી યે બાહ્ય જગતનો થોડોઘણો મોહ રહી ગયો હતો તે મોહાવરણ મીરાં ભક્તાની ઉપરોક્ત વાણીથી ભેદાયું. મીરાં ભક્તનું આ પદ સાંભળ્યા પછી રવિ સાહેબે વૃન્દાવન જવાનું મુલતવી રાખ્યું અને નગરમાં રહ્યા હતા.

ા હતો. હમેશના ઉદરનિર્વાહની ચિંતાનો તેને ત્યાગ યો હતો. ભક્ત જ્યારે નદીએ સ્નાન કરવા જવાને પોતાની ખડકી ઉઘાડતો ત્યારે બારણા પાસે જ ભોજન-સામગ્રીની પોટલી હમેશાં તેને પ્રાપ્ત થતી; અને તે ઉપર જ પોતાનો નિભાવ કરતો હતો. આ અજગર વૃત્તિની સ્તુતિમાં એક કવિએ નીચલો સોરઠો કહ્યો છે જે ગુજરાત કાઠિયાવાડમાં હજુ સુધી વખણાય છેઃ—

(સોરઠો)

“ કાંધ રવા ધરી ને, જડ પતિને માગો નહિ;
દાદી ધ્યાન ધરી ને, મોહન માગો મીઠીએ.

ખરેખર, ભક્ત મીઠાએ પોતાનું આખું જીવન ઈશ્વર-ગુણાનુવાદ ગાવામાંજ વ્યતીત કર્યું છે; અને ઉદરનિર્વાહ નિમિત્તે કે અન્ય કોઇ પણ કારણે તેણે બીજાના ગુણ ગાયા નથી.

આ ભક્ત કવિની કવિતા ગુજરાત–કાઠિયાવાડમાં બહુ વખણાય છે; પણ તે કેટલાક વૃદ્ધ લોકોને મોઢેજ છે. લીંબડીમાં તેનો જન્મ છતાં તેની કવિતાના ગ્રંથો જોવામાં આવતા નથી. તેની પાછળ તેનાં સંતાનોની પંચાત માટે તેને કોઇ પણ જાતની ખટપટ કરવી પડતી નહિ. લોકોક્તિ છે કે, તેની બેદરકારીને લીધેજ તેની કવિતા નાશ પામી હશે.

ભક્ત મીઠાના દેહોત્સર્ગને આજે લગભગ પાંસઠ વર્ષ થયાં છે, છતાં હજી તેનું યશઃશરીર, આપણી વચ્ચે જીવતું જાગતું છે. ઘણા ભાવિક ભક્તો હજી તેનું પુણ્ય-શ્લોક નામસ્મરણ કરી પોતાનું જીવનસાફલ્ય થયું માને છે. ભક્ત મીઠો તે મીઠો જ હતો. શાંત અને અડગ શ્રદ્ધાવાન હતો. ઈશ્વરમાં અટલ અને અચળ અનુરક્તિ હતી. મહાજ્ઞાની છતાં ભક્તો અને સાધુસંતોનો એ શિષ્ય હતો. દુનિયામાં વસવા છતાં દુનિયાથી એ દૂર હતો.

(“નવી રોશની”ના એક દીપોત્સવી અંકમાંથી)



૧૯—ભક્ત મનકોજી બોધરાજ

(અનુવાદકઃ—શ્રી. છગનલાલ હરિલાલ પંડયા, બી. એ.)

બરાર પ્રાન્તના પ્રસિદ્ધ શહેર ધામણગામમાં મન-
કોજી બોધરાજ નામે પટેલ હતા. તેમની સ્ત્રીનું નામ હતું
મામાતાઈ. તેઓ જેવાં બહારથી સુંદર હતાં તેવાંજ અં-
દરથી પણ હતાં. એ પતિવ્રતા સ્ત્રી તન-મનથી પતિની
આજ્ઞાને અનુસરતી હતી. એને યમાજી નામનો એક ઇંદ્રિ-
યનિગ્રહી અને સર્વ ભોગ ઉપર વૈરાગ્યવાન પુત્ર હતો,
તેમજ ભાગીરથી નામે સર્વસુલક્ષણસંપન્ન કન્યા હતી.
એ ચારે જણનું મન વિષયભોગથી નિવૃત્ત થયું હતું. રાત-
દિવસ તેઓ શ્રીપંઢરીનાથનું ભજન કરતાં. સર્વ ગૃહ-
કાર્ય ભગવાનની પ્રીતિને અર્થે યથાયોગ્ય સંપાદન કરવાં
એજ એમનું પ્રિય ધ્યેય હતું. ઘરમાં પુષ્કળ અનાજના કોઠા-
રો ભર્યા હતા. ધન પણ અઢળક હતું. ગૌશાળામાં ગાયો,
ભેંસો તથા બળદોની હારોની હારો બાંધેલી રહેતી, પ્રત્યેક
એકાદશીએ પટેલને પંઢરપુર જઈને ભગવાનનાં દર્શન કર-
વાનો નિયમ હતો. એકાદશીને દિવસે ચંદ્રભાગામાં સ્નાન

રહેવાયું નહિ. એણે એકાન્તમાં પોતાની સ્ત્રીને કહ્યું:–

"દેશમાં ભયંકર દુકાળ પડ્યો છે. આજ આપણા ભગવાન દરિદ્ર તથા ભૂખ્યા જીવોનું રૂપ ધારણ કરીને આપણી પાસેથી સેવા–પૂજા માગી રહ્યા છે. આપણા ઘરમાં જે કંઇ ધન, જવેરાત તથા અન્ન છે તે સર્વ એમનું છે. આજ એમની પૂજા કરવાનો સુઅવસર પ્રાપ્ત થયો છે. આવી તક હાથમાં આવેલી વ્યર્થ જવા દેવી ન જોઇએ. ભૂખ્યાંને અન્ન, તરસ્યાંને પાણી, પશુઓને ચારો, નાગાંને કપડાં, રોગીઓને દવા અને નિરાશ્રિતોને આશ્રય દેવો એજ ભગવાનની સાચી પૂજા છે. પરંતુ એ પૂજામાંએ અભિમાન થવું ન જોઇએ, કોઇનો પણ અસત્કાર થવો ન જોઇએ. આપણે તો મીઠી વાણીથી સૌનો સત્કાર કરતાં રહેવું અને ભગવાનને સરણું યથાયોગ્ય ભેટ ધરતાં રહેવું. સર્વમાં રમણ કરનાર આપણા રામ આ પૂજાથી ઘણાજ પ્રસન્ન થવાના. માટે આજથીજ તમે એ પૂજામાં લાગી જાઓ. હવે જરા પણ વાર થશે તો અધર્મ થયો ગણાશે."

પતિની આજ્ઞા પાળનારી, નિર્લોભી સતી મામાતાઇ પોતાના સ્વામીની વાત સાંભળી બહુ પ્રસન્ન થઇ, અને તે દિવસથી એ છૂટે હાથે ગરીબ અને દુઃખીઓની સેવામાં તન મન અને ધનથી લીન થઇ ગઇ. હવે તે પટેલનું ઘર ગરીબ નર–નારીઓનું આશ્રયસ્થાન બની ગયું. આખા દેશમાં એ વાત ફેલાઇ. સાકર ઉપર માખીઓ ઉભરાય, તેમ એમને ત્યાં ચારે તરફથી ભૂખ્યાં સ્ત્રી–પુરુષોનાં ઝુંડનાં ઝુંડ ભેગાં થવા લાગ્યાં. મામાતાઇ બહુજ પ્રસન્નચિત્તે તે બધામાં સત્કારપૂર્વક અન્નવસ્ત્ર વહેંચવા લાગી. એના ઉત્સાહ તથા આનંદનો આ વેળા પાર ન હતો. આ કામ ઘણા દિવસ સુધી ચાલ્યું; પણ આ પ્રમાણે દાન કરવાથી તો કુબેરનો ભંડાર પણ ખૂટી જાય તો પછી પટેલના જેવા સામાન્ય મનુષ્યના ઘરની શી વિસાત ! એના અન્નપૂર્ણ કોઠારના કોઠાર ખાલી થઇ ગયા. ત્યારે એણે પોતા-

ની સંપત્તિ વેચવી શરૂ કરી. ધીમે ધીમે એનાં ઘરેણાં-ગાંઠાં અને જવાહીર સુદ્ધાં વેચાઈ ગયું. તેમાંથી અન્ન ખરીદીને એણે પોતાનાથી બન્યું ત્યાં સુધી ગરીબોનાં પેટ ભર્યાં. પોતાના ઘરમાં વાસણકૂસણ અને કપડાં સુદ્ધાં એણે રાખ્યું નહિ. આખરે એના કુટુંબને માટે એક દિવસનું પણ અન્ન રહ્યું નહિ ત્યાં પછી ઢોરો માટે ચારો તો રહેજ શાનો? ત્યારે એણે તે પશુઓ પણ વેચી દીધાં!

દરિદ્રતાદેવીએ પોતાના લશ્કર સાથે બોધરાજ પટેલના ઘરમાં ધામા નાખ્યા. હવે એ બિચારાએ એની સ્ત્રીની સાથે મજુરી કરીને પોતાનું તથા બાલબચ્ચાંનું પાલન કરવા માંડયું. આવી મુશ્કેલીના સમયમાં પણ આ સ્ત્રી–પુરુષના મનમાં જે સંતોષ અને આનંદ વ્યાપી રહેતો તેની તુલના મોટા મોટા મહેલોમાં વસતા એવા સર્વ પ્રકારના ભોગની સામગ્રીથી સંપન્ન કોઈ મહાધનવાનને મળતા આનંદની સાથે પણ કરી શકાય તેમ નથી. આ ધણીધણીઆણીનો આનંદ સાત્વિક, નિર્મળ તથા આદર્શરૂપ હતો; કેમકે તેનો આધાર મહાન ત્યાગ તથા ભગવત્સેવા ઉપર હતો. પણ ધનાઢ્ય પુરુષોના ભોગાનંદની ભીંત પાપરૂપી પાયા પર ચણેલી હોવાથી તે ક્ષણભંગુર રહે છે અને તેવુંજ તેમનું અભિમાન પણ સત્વર ગળી જાય છે. ભોગના આનંદ કરતાં ત્યાગનો આનંદ જુદાજ પ્રકારનો હોય છે. પહેલાનો અંત નરક તથા દુઃખમાં થાય છે પરન્તુ ત્યાગના આનંદની પરિસીમા ભગવાનના પરમધામ તથા આત્યંતિક પરમ બ્રહ્માનંદમાંજ થાય છે. ત્યાગનો આનંદ

બોધરાજનો આવો સાત્વિક શુદ્ધ પ્રેમ જોઇને ભગવાને એને એક વાર એકાન્તમાં દર્શન દીધું તેથી એનો આનંદ પ્રથમના કરતાં પણ અધિક થઈ ગયો.

એકાદશી ઉપર એને પંઢરપુર જવાનો વખત આવ્યો પરંતુ પાસે ફૂટી બદામ પણ ન હતી. એની સ્ત્રીને બહુ ચિંતા થઇ. પરેલે કહ્યું: "ગભરાય છે શું કરવા? હું તો જંગલમાંથી સૂકી ડાળીઓ કાપીને તેનો ભારો બાંધી લઇ પંઢરપુરમાં પહોંચીને વેચીશ, તેથી મારૂં કામ ચાલશે."

એમ કહી નિયમ પ્રમાણે એ તો ચાલી નીકળ્યો. રસ્તામાં સૂકાં પાંદડાં અને લાકડાં વીણતે વીણતે એણે એક ભારો ભેગો કર્યો અને માથે ચઢાવીને એ નિશ્ચિંત ભાવથી પ્રેમપૂર્વક શ્રીભગવાનના નામનું કીર્તન કરતો પંઢરપુર પહોંચી ગયો. આજ એના હૃદયમાં અપૂર્વ આનંદ ઉભરાઇ જતો હતો. ભગવાનની દયાથીજ પોતે મોહમાયાથી અને ભોગલાલસાથી મુક્ત બન્યો છે એ વિચારે એનું હૃદય ફૂલી જતું હતું. શહેરમાં એણે ત્રણ પૈસામાં એ ભારો વેચી દીધો! એટલા પૈસા લઇને એ ચંદ્રભાગાના તટ ઉપર પહોંચી ગયો. એક પૈસાનું દાન કર્યું અને બે પૈસાની પૂજાસામગ્રી ખરીદીને એણે ભગવાનનું દર્શન તથા પૂજન કર્યું. આખો દિવસ ઉપવાસ અને રાત્રિ જાગરણ અગાઉની પેઠેજ કર્યું. પ્રાતઃકાળે વળી જંગલમાં જઇ લાકડાંનો ભારો લાવ્યો. તેને પણ ત્રણ પૈસે વેચી નાખ્યો. પછી ચંદ્રભાગાના તટ પર જઇને એ ત્રણ પૈસાનો એણે લોટ લીધો. હવે એ નિત્ય નિયમાનુસાર કોઇ બ્રાહ્મણને ભોજન કરાવવાની ઇચ્છાથી તેની વાટ જોતો બેઠો.

રાહ જોતાં જોતાં બે પ્રહર વીતી ગયા, પણ કોઇ બ્રાહ્મણ આવેજ શાનો? એકલો લોટ ખાવાનું મન થાય કોને? એ બિચારાના મનમાં હવે ચિન્તા થવા લાગી: [illegible]માં આશ્ચર્ય પણ શું છે? એકલો લોટ લઇને બ્રાહ્મણ [illegible]

[illegible]ાક, નથી ઘી,

નથી દાળ કે દક્ષિણા માટે એક બદામ પણ. અહીં ત
મોટી મોટી દક્ષિણાઓની સાથે બ્રાહ્મણોને મિષ્ટા
જમાડનાર શેઠીઆઓ ભેગા થયા છે ત્યાં મારા જેવ
ગરીબની પાસેથી સૂકો આટો લેવા કયો બ્રાહ્મણ આવ
નાર છે ? ”

આવી આવી ચિન્તામાં એની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. અહીં એનું હૃદય વ્યથિત થયું ! ત્યાં તો ભગ-વાનનું હૃદય આર્દ્ર બની ગયું ! ભક્તની પ્રેમભરી ભેટ સ્વીકારવા પોતે એક વૃદ્ધ દરિદ્ર બ્રાહ્મણનું રૂપ લઈને પ્રકટ થયા અને પટેલની પાસે આવીને કહેવા લાગ્યા કે “ અરે એ ભગત ! મને બહુ ભૂખ લાગી છે. તારી પાસે કંઈ હોય તો જલદી મને આપી દે. ”

આ શબ્દ સાંભળી ઓધરાજે તો ભગવાનનીજ કૃપા થઈ એમ માનીને--એમણેજ આ બ્રાહ્મણને મોકલ્યો છે એ વિચાર આવવાથી તેમનો પાડ માન્યો. એને બિચારાને શી ખબર કે બ્રાહ્મણના વેશમાં સાક્ષાત પ્રભુ નારાયણજ એની પ્રેમભરી ભેટ સ્વીકારવા હાજર થયા હતા ! પણ પાછી એને ચિંતા થઈ કે હું એકલો લોટ આપીશ તે જોઈને આ બ્રાહ્મણ પણ કદાચ લેશે નહિ ને બોલશે તો નહિ લગાડે ? તેથી એ બોલ્યો:--

“ મહારાજ ! [illegible]

ઘણો આદર કરતો અને જમાડી કરીને ખૂબ દક્ષિણાથી તેમને સંતુષ્ટ કરીને વિદાય કરતો. પણ આજે તેવું કરે-વાની એની હિંમત ન હતી.

અંતર્યામી ભગવાન એના મનની ફિકર જાણી ગયા અને બોલ્યાઃ—"ભાઇ! આમ ઉભો ઉભો વિચાર શા કરી રહ્યો છે? એનો નથી હું ભૂખ્યો થઇ ગયો છું! ક્યાં-કથી બે ચાર છાણાં માગી લાવ એટલે તારી પાસે હું બાટી બનાવીને ખાઇ લઉંગા."

પટેલની મનકામના હવે પૂર્ણ થઇ. તેથી એ પ્રસન્ન થઇને યાત્રીઓ પાસેથી છાણાં વગેર માગી લાવ્યો.

બ્રાહ્મણે ચંદ્રભાગામાં સ્નાન કર્યું. પછી ભીનાં ને ભીનાં જ કપડાં પહેરીને એ તો તૈયાર કરેલા ચુલા ઉપર બાટીઓ બનાવવા બેસી ગયા. દેવના પણ પટેલે સળ-ગાવી આપેલો. બ્રાહ્મણ હવે કણક બાંધવા લાગ્યા. ધન્ય હો સકલ લોકેશ્વર ભગવાન સર્વ ઐશ્વર્યના આધાર! લક્ષ્મીજી પણ જેના ચરણની સેવામાંથી ક્ષણભર પાછાં હઠતાં નથી, મોટા મોટા સંતો જેના નામ–સ્મરણમાં પોતાનું સૌભાગ્ય માને છે, વેદવેત્તા ઋષિમુનિઓ વેદમં-ત્રોથી જેમની પ્રીતિને અર્થે અગ્નિમાં આહુતિઓ આપ્યા કરે છે એજ મહાપ્રભુજી આજ પોતે ભક્તનો આપેલો આટો સ્વહસ્તે મસળી રહ્યા છે! ભગવાનની તો એ પ્રતિજ્ઞા છે. એટલા માટેજ એઓ વિદુરજીની ભાજી અને શબરી-નાં બોર ખાઇ રાજી રાજી થયેલા. ભગવાન સ્વયં શ્રી ગીતામાં ઘોષણા કરી રહ્યા છે કેઃ—પ્રેમપૂર્વક અર્પણ કરેલું એક પાંદડું પણ મને પ્રિય છે.

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः॥

"પત્ર, પુષ્પ, ફલ, જલ જે કંઇ પણ ભક્ત પ્રે-પૂર્વક મને અર્પણ કરે છે તે, તેવા પ્રેમી ભક્તે પ્રે-

મિઠાઇઓ આજથીજ બનાવવા માંડી છે, બ્રાહ્મણોને નિમંત્રણ અપાઇ ગયાં છે. હું પણ ત્યાં જઇશ. તું દૂર રહ્યે રહ્યે ત્યાંનો તમાશો જોજે."

પટેલે કહ્યું:—" ઠીક પ્રભુજી."

બીજે દિવસ યોગ્ય સમયે પટેલ પેલા શેઠનું ઘર ખોળતા ત્યાં પહોંચી ગયા. પંક્તિઓ ગોઠવાઈ ગઇ હતી. હજારેક પત્રાળીઓ પીરસાઇ હતી. શેઠના મુનિમ નિમંત્રિત બ્રાહ્મણોને તેમનાં નામ યાદી સાથે સરખાવીને યોગ્ય સ્થાને બેસાડતા હતા. શેઠ ઉભા ઉભા જોતા હતા કે કોઇ બહારનો વગર નોતરેલો આવી ન જાય. એટલામાં તો એક વૃદ્ધ કુબડો બ્રાહ્મણ કમર ઉપર કંતાનનો એક કટકો વીંટાળીને લાકડી ઠોકતો ઠોકતો ત્યાં આવી પહોંચ્યો. એ શેઠને કહેવા લાગ્યો:

" શેઠજી! મને ભૂખ ભૂખ લાગી છે."

શેઠે કહ્યું:—" તને નિમંત્રણજ ક્યાં મોકલ્યું છે? આહીં તો નોતરેલા બ્રાહ્મણો સિવાય બીજા કોઇને જમાડવાના નથી."

બ્રાહ્મણ કહે—" શેઠજી! હું તો ગરીબ છું, ભૂખ કકડીને લાગી છે. આપને ત્યાં હજાર બ્રાહ્મણો જમશે તેમાં એક મારા વધવાથી શું વધી જવાનું છે?"

[illegible]

એમણે તો બૂમ પાડીઃ

"કોણ છે અહીં? આ બુઢ્ઢા બ્રાહ્મણને પકડીને બહાર કાઢો."

આ સાંભળી જમાદાર એ ડોસાનો હાથ પકડી એને બહાર ઘસડી જવા લાગ્યા.

બ્રાહ્મણ કહે—"બાપ! હું ભૂખે મરી રહ્યો છું—જરા તો રહેમ કરો."

આ સાંભળી શેઠજીના ગુસ્સામાં જોર વધારો થયો. એ તો કહે—"જોઈ શું રહ્યા છો? મારો ધક્કા ને કાઢો બહાર. એનો બાપ સાપણ મૂકી ગયો હશે તે લેવા આવ્યો છે કેમ? કમબખ્ત! ભારે શેતાન જણાય છે! વગર કહ્યે પત્રાળી પર બેસી જતાં એ જરાયે શરમાતો નથી! જાણે એના બાપનું ઘર ન હોય."

પટેલ બિચારો દૂર રહ્યે રહ્યે બધું જોઈ રહ્યો હતો તેની પાસે જઈને બ્રાહ્મણ બોલ્યોઃ—

"કેમ, છે કંઈ બાકી? મારા જેવાને અહીં જમાડે છેજ કોણ? લે, હવે બીજો તમાશો જો—"

જોતજોતામાં આકાશમાં ઘોર અંધારૂં છવાઈ ગયું. પવન જોરથી એવો તો વાવા લાગ્યો કે છાપરાંની સાથે પેલી પીરસેલી પત્રાળીઓ પણ બધી હવામાં ઉડી ગઈ!! મિઠાઈ બધી ધૂળમાં રગદોળાઈ! બ્રાહ્મણો બિચારા ઉડા-

તલપાપડ થઈ રહ્યા હતા તે જીવ લઈને

ભોજન વગર ભાગ્યા!

ડાવી, દૂધ તથા ઠંડુ પાણી પાઇને થોડી વાર આરામ આપ્યા બાદ તેમને વિદાય કર્યા. બોધરાજે બાગની બહાર પગ મૂક્યો ત્યાં તો આખો બગીચો અને માળી તથા માળણ જાણે ઇંદ્રજાળ હોય તેમ અદૃશ્ય થઇ ગયાં !! પટેલને તો કૃપાનાથની કૃપાનું એક વિશેષ પ્રત્યક્ષ પ્રમાણ મળ્યું. એ આર્દ્ર હૃદયે કીર્તન કરતો કરતો ઘેર પહોંચ્યો.

આ વર્ષે પટેલના ખેતરમાં સારો પાક થયો હતો. જુવાર ખૂબ ફળી હતી. એ પોતેજ રખવાળી કરતો હતો એટલામાં એણે એક વાર જોયું તો કેટલીક ચકલીઓ જુવારના દાણા ચણી રહી હતી. બોધરાજ એમને ઉડાડવા ચાલ્યો, પણ એને તત્ક્ષણ સાંભર્યું કે, ભગવાન એકજ બીજમાંથી અનેકગણા દાણા વડે ખેતર ભરી દે છે. આ ચકલીઓને પણ મોકલનાર એજ છે. તો મારે એમને શા માટે ઉડાડવી જોઇએ ? આ વિચાર આવતાં જ એ બેસી ગયો અને નિશ્ચિંત ચિત્તે કીર્તન કરવા લાગ્યો. ચકલીઓ તો ખાઇ ખાઇને ધરાતી ગઈ તેમ તેમ ઉડતી ગઇ. એવામાં એની સ્ત્રી ત્યાં આવી ચઢી. એને લાગ્યું કે ખેતર કંઈ ઉજ્જડ જેવું બની ગયું છે. તેથી એણે અનુમાન કર્યું કે, સ્વામીએ કુંડાં તોડી તોડીને ભિખારીઓને આપી દીધાં હશે. ઘરમાં હજી દરિદ્રતા તો હતીજ તેથી એના મનમાં અવિશ્વાસને લીધે કંઇક ખિન્નતા ઉત્પન્ન થઈ. તે બોલી કે

"આપ આ રીતે જો આ ભર્યું ખેતર ભિખ માગનારાઓમાં લૂંટાવી દેશો તો આપણે ખાઈશું શું અને સરકારનો કર શી રીતે ભરી શકાશે ? હવે જો આપ આપને હાથે એક કુંડું પણ તોડીને કોઇને આપશો તો આપને પંઢરીનાથના સોગન છે."

આટલું કહીને એ તો ચાલી ગઇ.

આ તરફ બોધરાજ હજી ખેતરમાં બેઠા છે. ત્યાં યાત્રાળુઓનો મોટો સંઘ પંઢરપુર જવા નીકળેલો આવી

હવે પટેલે જઈને વિઠિયા મહારને પૂછ્યું કે "તું પિવા ભરી આવ્યો છે?" વિઠિયો કહે:—"દાદા! મારી પાસે તો ફૂટી કોડી પણ નથી. હું આપનો સાંઠા ક્યાંથી ભરવાનો હતો? વળી આજ તો હું ઘરની બહાર પણ નીકળ્યો જ નથી."

આ સાંભળી પટેલ સમજી ગયા કે આ બધી લીલા મારા શ્યામસુંદરની જ છે!! બોધરાજ માતાજી અને એમનાં બંને સંતાન ભગવાનના પ્રેમમાં મસ્ત બનીને હવે તો નાચવા લાગ્યાં, લોકો પણ જોઈને ખૂબ ચકિત થઈ ગયા કે બોધરાજનું ખેતર જુવારથી ભરપૂર હતું! તેઓએ દોડતા આવીને પટેલને ખબર કરી. એના હર્ષનું હવે પૂછવુંજ શું? પ્રભુ જેવો દાતાર જેનો બેલી થાય તેનું દુઃખ ટકે ખરૂં? માત્ર ટેક અને શ્રદ્ધા રાખવી જોઈએ. તે આપણા પટેલ જેવા કોઈક જ ગરગ ભક્ત રાખી શકે છે.

બોલો ભક્તની અને એના ભગવાનની જય.

("કલ્યાણ"ના એક અંક પરથી "શારદા" માસિકમાં છપાયેલો અનુવાદ)



સંબંધ હતો. લગભગ સોળ વર્ષની ઉંમરે આમ કેટ-
લાક [illegible]. કેટલાક [illegible] કેટ. [illegible]
ટેકરીનું નામ [illegible] તેમને કોઈ વિચિત્ર [illegible]
અનુભવ થયો હોય એમ લાગ્યું. કોઈ [illegible]
પુનઃ [illegible] હોય એમ તેમને લાગ્યું. [illegible]
ભૂતકાળની કોઈ જાતની [illegible] પરિસ્થિતિ [illegible] કરવા માટે
પોતે પ્રયત્ન કરી રહ્યા હોય એમ તેમને લાગ્યું. ત્યારથી
મદુરાના મિનાક્ષી મંદિરના નિયમિત [illegible] થયા.
[illegible] વખતે તેઓ આ દેવનું ધ્યાન ધરી [illegible] રહેતા. આ
વખતના [illegible], [illegible] માટેની તેમની [illegible]
હતી. તે વખતે તેઓ માત્ર [illegible]
[illegible] માની લેતા.

લગભગ આ વખતે તેમનું મૃત્યુ નજીક હોવાની વિચિ-
ત્ર લાગણી તેમને થઈ. આ વખતે તેમને પ્રેરણાશક્તિ-
થી લાગ્યું કે જો મૃત્યુ થાય તો પણ દેહ નાશ પામે છે,
આત્મા નાશ પામતો નથી. અને આ અંતરાત્મા તેઓને
શરીરથી—દેહથી—તદ્દન જુદો જણાયો. આત્મા શરીરને તાબે
નથી, પણ એવી શક્તિને તાબે છે કે પરસ્પર આકર્ષણ
થયાજ કરે છે. અંતરાત્માના આ ભાનથી તેઓએ સર્વ-
શક્તિમાન પિતાને પોતાના અંતરાત્મામાં જ જોયા અને
તેમના તરફથી તેમને ઘર છોડી અરુણાચલ જવાનો
આદેશ મળ્યો. આ અરુણાચલને તેઓએ શાંતિ તથા
જ્યોતિના ધામ તરીકે વર્ણવી છે.

આ ક્ષણથી તેઓ મનુષ્યના પુત્ર મટી મહાન પિતા-
ના પુત્ર થયા. તેઓ તરતજ સગાંવહાલાંમાંથી છૂટા થયા.
તેઓ તે વખતે પાંચમા ધોરણમાં હતા. નિશાળના કામ
પર લક્ષ ન આપવા માટે તેમના ભાઈએ તેમને ઠપકો
આપ્યો. સાથે સાથે સંભળાવી દીધું કે, ધ્યાન ઘેર થઈ
શકે નહિ. આ પહેલાં આવોજ ઠપકો તેણે ઘણી વાર
આપ્યો હતો; પણ આ વખતે વેંકટરામને તે પ્રમાણે વર્ત-

પુનરાવતાર માને છે. તે સિદ્ધ સોળ વર્ષની ઉંમરે ગત થયા હતા અને વેંકટરામને તેટલીજ ઉંમરે અનુભાપૂર્ણ અનુભવ થયો હતો.

એક વખત તિરુવમલૈમાં તેઓ ધ્યાનમાં બેસી ગયા. આ વખતના એક નાના બનાવની નોંધ લેવી આવશ્યક છે. કેમકે આ સ્થિતિ પણ તેમનું સામાન્ય દષ્ટિબિંદુ વ્યક્ત કરે છે. હજામના કહેવાથી તેઓએ માથું મુંડાવી નાખ્યું. મંદિરના ભક્તો માટે બીજી બાબત નાડવાની હતી. પણ સ્નાન માટે શરીર લાયક છે તેમ તેઓને લાગ્યું નહિ. તેથી પાસે બાકી રહેલા પૈસા, જનોઇ તથા કૌપીન સિવાયનાં બધાં કપડાં ફેંકી દઇ મંદિરમાં ફરીથી દાખલ થઇ તેઓ ધ્યાનમાં બેસી ગયા.

કમભાગ્યે તેમના પ્રતિ છોકરાઓનું ધ્યાન ખેંચાયું. છોકરાઓને તેમના પ્રતિ પથ્થરો ફેંકવામાં આનંદ આવતો હતો. તેમના ધ્યાન બહાર જવા માટે તેઓ પાતાલલિંગના ભયાનક સ્થાને ગયા; પણ આ તો ઊલામાંથી ચૂલામાં પડયા જેવું થયું. આ સ્થાનમાં રહેતાં જીવજંતુએ તેમનો આકરો દંડ લીધો. એક બાઇએ તેમને જોયા ત્યારે પગમાં ઘારાં પડયાં હતાં અને તેમાંથી લોહી પરૂ વહેતાં હતાં; પણ તેમને આનું કંઇ દુઃખ થતું હોય તેમ જણાતું નહોતું. પણ મિત્રો તેમને સુરક્ષિત સ્થાને લઈ ગયા. આ વખતે તેમનો ખોરાક દૂધ અને અભિષેકની બીજી વસ્તુઓ તેમના મોઢામાં સાધુઓ રેડતા તે હતો.

આ વખતથી વધારે એકાંત તથા શાંતિ મેળવવા માટે તપસ્વી વારંવાર જગ્યા બદલતા હતા. તેમની તપસ્યા પ્રસિદ્ધ થતાં શાંતિ મેળવવી મુશ્કેલ બનતી હતી. તેમને મળવા આવનારી સંખ્યા સતત વધતી ચાલી. આ યુવકનો પૂર્વાશ્રમ જાણવાની એક જણને જિજ્ઞાસા થઇ. તપસ્વી તે વખતે મૌનમાં હતા તેથી પૂછનારની આગ્રહ ભરી માગણીને અંગે તેઓએ કાગળ પર ' વેંકટ રામન,

માટે તેમને એક ફાનસ આપવામાં આવ્યું. પોતાની શોધમાં નિષ્ફળ જવાથી મહર્ષિનો ગુપ્ત ભંડાર બતાવવા માટે ચોરોએ ખૂબ ધમકી આપી. પણ આખરે માંડ માંડ દશ રૂપીઆની લૂંટ મેળવી તેઓને ચાલ્યા જવું પડયું.

આશ્રમની તપાસ દરમિયાન જે જે શિષ્યોને ઇજા થઇ હતી તેમની સારવાર મહર્ષિએ શરૂ કરી. મહર્ષિને પોતાને ઇજા થયાની ખબર તો આશ્રમવાસીઓને છેક પાછળથી પડી. તેમના કેટલાક શિષ્યો લૂંટારૂઓ સાથ લડવા માટે તેમની રજા માગી રહ્યા હતા; પણ જવાબમાં નિશ્ચયાત્મક ના હતી. તેઓએ કહ્યું: "ચોરોને તેમનું કામ કરવા દો. આપણે આપણા કાર્યને વળગી રહેવું જોઇએ. તેમને ઠીક પડે તેમ તેમને કરવા દો. આપણી ફરજ સહન કરવાની તથા ક્ષમા આપવાની છે. તેમના કામમાં આપણે વચ્ચે પડવું ન જોઇએ."

વખત જતાં મહર્ષિઓના ગુણો તેમની દરેક પ્રવૃત્તિમાં દૃશ્યમાન થવા લાગ્યા. તેમના રહેઠાણુમાં નવુંજ વાતાવરણ પ્રગટ થયું.

એક વિશિષ્ટ દાખલો લઇએ. સ્કંદાશ્રમમાં સર્પ અને મોર મૈત્રીભાવે રમતા હોવાનું દૃશ્ય સામાન્ય હતું. આ બન્ને પાકા દુશ્મન હોવાનું બધા સાહિત્યમાં આપણે વાંચીએ છીએ. જ્યારે તે વિષે પૂછવામાં આવ્યું, ત્યારે તેઓએ જવાબ આપ્યો કે "સર્પનો ભય તથા મોરની વિકરાળતા દૂર થયાં હતાં. બન્નેને અંતરપ્રેરણા થઇ હતી કે કોઇને ઈજા થશે નહિ. એવું શાંતિમય વાતાવરણ ત્યાં અસ્તિત્વ ધરાવતું હતું.

ટેકરી પરના એક ભ્રમણ વખતે મહર્ષિની અહિંસાની સખ્ત કસોટી થઇ. તે ફરતા હતા તેટલામાં તેમનો ઘુંટણ એક મધપૂડાને લાગ્યો. તે ઉપરથી મધમાખીઓ મોટી સંખ્યામાં બહાર આવી તેમના આખા શરીર પર ડંખી.

લખવાની બાકી રહી ગઇ. કાવ્યકાંતે ચાર જાતુને બોલા-વી કડીઓ લખવા માંડી અને લગભગ ચાર કલાકમાં આશ્ચર્યજનક ઉતાવળથી તે પૂરૂં કરી નાખ્યું.

મહર્ષિ જે ભાગ્યે જ આંખો બંધ કરીને બેસતા તે આ વખતે તેવી રીતે બેઠા હતા. છેલ્લો શ્લોક પૂરો થતાં તેમણે આંખો ઉઘાડીને પૂછયુંઃ

"મેં લખાવ્યું તે બધું તમે લખી લીધું ને?"

પહેલાં તો આ શબ્દોથી બધાને આશ્ચર્ય થયું, પણ તેઓ તરતજ તેનો અર્થ સમજી ગયા. આવા અનુભવો ઘણાને થયા છે. તેમની હાજરીથી લોકોનાં કામ સહેલાં થઇ પડતાં હતાં.

બીજો શિષ્ય મસ્તાન નામનો મુસલમાન હતો, જેણે આશ્રમમાં મહર્ષિ સાથે ઘણો વખત રહીને છેવટે પોતાનો આશ્રમ ખોલ્યો હતો; જો કે ગુરુની સાથે તે ચાલુ સંસર્ગમાં રહેતો આવ્યો હતો. વિચારની ઉદારતામાટે હિંદના ઘણા સાધુ પુરુષો જાણીતા છે; પણ અંધશ્રદ્ધા તથા કોમી ઝેરના આ જમાનામાં હિંદુ મહર્ષિ સાથેનો મુસલમાન શિષ્યનો સંબંધ અભૂતપૂર્વ છે. જાત અથવા ધર્મભેદ સિવાય હરકોઇને પોતાના પક્ષમાં લેવાની રામનાશ્રમની વિશિષ્ટતા તરી આવે છે. ફક્ત બ્રાહ્મણો જ આધ્યાત્મિક જ્ઞાનના અધિકારી છે તેવો સંકુચિત મત મહર્ષિને માન્ય નથી. વસ્તુતઃ તેમના શિષ્યોની મોટી સંખ્યા બ્રાહ્મણેતરની છે. મહર્ષિ પાસેથી દીક્ષા મેળવનાર એકજ ભાગ્યશાળી પુરુષ પણ અબ્રાહ્મણ હતો. તે હવે નટાનંદ સ્વામીના નામથી ઓળખાય છે. મહર્ષિની ચેતવણી છતાં કુટુંબના પાશ-માંથી મુક્ત થવાનો તેમનો નિશ્ચય એવો દૃઢ હતો કે મહર્ષિને હા પાડવી જ પડી. શિષ્યના દરેક કુટુંબીના સ્વપ્નમાં તેમણે દેખાઇને, સંન્યાસ અપાવવાની હા પાડવાની પ્રેરણા કરી.

રજ આપે છે. એકને બીજાથી ગૌણ તે ગણતા નથી.

જુદા જુદા મળવા આવનારાઓ તત્ત્વજ્ઞાન વિષે જે વાત કરે છે, તેની વિરુદ્ધ તેઓ દલીલ કરતા નથી, પણ તેમના અને બીજા આચાર્યો વચ્ચેનો તફાવત, તેમના શિષ્યોના કહેવા મુજબ તરી આવે છે. જ્ઞાન અને ભક્તિમાર્ગમાં તેઓ પરમહંસને વધારે અનુસરે છે. રામનાશ્રમની દૈનિક ચર્યા જાણવા માટે આ વિગતો પૂરતી છે. સવારના ત્રણ વાગ્યે મહર્ષિ જાગે છે. તેમના કેટલાક શિષ્યો તરતજ સાથે થઈ જાય છે. પૂજા પછી આશ્રમને લગતું કંઈ કામ—જેવું કે બપોર માટે શાક સમારવાનું વગેરે તેઓ કરે છે.

સૂર્યોદય થતાં તે ઓરડામાં પોતાના આસન પર બિરાજે છે. એક અથવા વધારે શિષ્યો ભજન ગાય છે ને દર્શન કરવા આવનારાઓનો મારો શરૂ થાય છે. સાત વાગ્યે સવારનો નાસ્તો આવે છે. મહર્ષિ બધાની સાથે બેસે છે, બ્રાહ્મણો જુદા બેસે છે. ત્યાર પછી સાહિત્યની કોઈ કૃતિ તપાસવામાં આવે છે અથવા વંચાય છે. અથવા તો પ્રશ્નોત્તરી થાય છે. અગીઆર વાગતાં બપોરનું ભોજન પીરસાય છે. ત્યાર પછી મળવા આવનારાઓની શરૂઆત થાય છે.

નાસ્તા તથા ભોજનના સંબંધમાં એક વાત ખાસ ધ્યાન ખેંચે છે. ત્યાં માત્ર સાત્વિક ખોરાક અપાતો નથી. ખોરાક સંબંધી મહર્ષિ ઉદાસીન છે; પછી ભલે તે પચે તેવો હોય અથવા ન પચે તેવો હોય. ગળ્યો હોય અથવા તીખો હોય. ખોરાક સંબંધમાં બહુ ચિકાશ ન કરવી જોઈએ તેવો તેઓનો સિદ્ધાંત છે. ખોરાકના પ્રમાણ પર પણ પ્રતિબંધ નથી. ઘણી વખત ભક્તો બપોરે મિષ્ટાન્ન તૈયાર કરાવે છે. ઉપરાંત મહેમાનોની લાવેલ ભેટો પણ હોય છે, જે ત્યાં હાજર રહેલાઓને વહેંચી દેવામાં આવે છે.

આવી એક વહેંચણી વખતે અજીર્ણથી પીડાતા એક

જંગલી જાનવરો સાથેનો પણ મહર્ષિનો સંબંધ પ્રેમપૂર્ણ છે. તેમને જરા પણ ઇજા કર્યા સિવાય તેઓ ઘણી વાર નજીક આવે છે. એક વખત જ્યારે તેઓ વિરૂપક્ષ ગુફાના ઓટલા પર હતા ત્યારે પછી આઠ ફીટ છેટે એક વાઘ તેમની સામે જોઇને લાંબો વખત બેસી પછી શાંતિથી ચાલ્યો ગયો. જ્યારે કેટલાક ભક્તોને આની ખબર પડી ત્યારે તેઓએ કાંટાળી વાડ તેની આસપાસ બંધાવી જે અદ્યાપિ ચાલુ છે.

આશ્રમનો પ્રસિદ્ધ ભાગ તો જે ઓરડામાં મહર્ષિ બધો વખત ગાળે છે તે છે. જેને જોઇએ તેને તેમાંથી આધ્યાત્મિક બળ મળી રહે છે. ત્યાંનું વાતાવરણજ એવું છે. ખાસ કરીને સાંજના ભજન વખતે ખૂબ પ્રેરણાદાયક હોય છે.

તે પવિત્ર સ્થાનમાં અનેક ભક્તો તથા શિષ્યોને સુખદ અનુભવો થયા છે. કેટલાકોએ અદ્ભુત ઘટના બનતી જોઇ છે. કેટલાકોને અગાઉ જીંદગીમાં ન અનુભવેલ વિચારો ઉદ્ભવવા પામ્યા છે. કેટલાકોની ગૂંચવણ મહર્ષિને મળ્યા વિના દૂર થઇ ગઇ છે.

આ વાતાવરણમાં લાભ મળવાનો આધાર પોતા પર છે. મહર્ષિ તો અરીસા જેવા છે. જો તમે વાંકું મોઢું કરીને જુઓ તો પ્રતિબિંબ પણ બેડોળ પડે; પણ જો તમે સાચા હૃદયથી તેમની પાસે જાઓ તો તમારી જરૂર પ્રમાણેની દિશામાં તમારી શકિતને તે મજબૂત બનાવશે. તમારા વિચારો અગર મુસ્કેલીને તેમની પાસે વ્યકત કરવાની પણ જરૂર નથી. તમે વિષયનો ઉલ્લેખ કરો ત્યાર પહેલાંજ તેઓ તે વાત ઉપાડે છે.

આશ્રમમાં ત્રણ મહોત્સવો થાય છે. એક કાર્તિકી પુનમે, બીજો તેમની માતાના સંવત્સરીને દિવસે અને ત્રીજો તેમની પોતાની જયંતિને દિવસે. આ બધા પ્રસંગો-

સોને જમાડવાના હોય ત્યારે પણ કોઇ વસ્તુની તંગી પડતી નથી; જરૂરીઆત પ્રમાણે મળી જ રહે છે. આથી ખજાનામાં અઢળક દ્રવ્ય હોવાની કેટલાક લોકોની માન્યતા થઈ છે. તેથી આગળ ચોરીનો પ્રસંગ વર્ણવ્યો તેમ, કેટલાક પ્રસંગો એવા બન્યા છે કે હરામખોરોએ પૈસા મેળવવા ઉંધા રસ્તા લીધા હતા. પરંતુ તેઓ દર વખતે નિરાશ થયા છે. તેમની નિરાશા વચ્ચે તેમને માલૂમ પડયું હતું કે તેઓ પોતાની આસપાસ જે જોઈ રહ્યા છે તે મંદિર નથી પણ ખરેખર મહર્ષિનો આશ્રમજ છે.*

[શારદા"ના એક, અંકમાંથી.]



*મહર્ષિ વિષે વધારે વિગત જાણવાની ઇચ્છા રાખનારે મહર્ષિનું મોટું જીવન વૃત્તાંત [કિં. રૂા. ૨-૮-૦] જોઇ લેવું.

આરતી જુગલકિશોર કી કીજૈ તન-મન-ધન ન્યૌછાવર દીજૈ,
ગૌર સ્યામ મુખ નિરખત રહીજૈ પ્રેમ-સ્વરૂપ નૈન ભર પીજૈ.
રવિ સસિ કોટિ બદનકી સોભા તાહિ દેખિ મેરો મન લોભા,
નંદનંદન વૃષભાનુકિશોરી........પ્રભુ અવિચલ જોરી.

જોગ પરમાનંદ કો લોગ અબ પાગલ કહને લગે.
ગત કી દૃષ્ટિ મેં તો ભક્ત પાગલ હૈ હી. પરંતુ ઇસ
ગલપન કા સ્વાદ જિસે એક ક્ષણ કે લિયે ભી મિલ
યા ફિર વહ ઇસે છોડ કર હોશ મેં આને હી ક્યોં લગા?
સાર કી દૃષ્ટિ મેં જો કુશલ-ચતુર હૈ ઉસે હી સંસાર
હતા હૈ. સંગ્રહ-પરિગ્રહ કા ભૂખા સંસાર સંગ્રહી-
રિગ્રહી કી હી પૂજા કરતા હૈ! પરમાનંદ કો જગત કી
ન-બડાઈ સે કયા મતલબ થા? સંસાર ને ઉનકી ઓર
આંખેં ફેર લીં, યહ ઉનકે લિયે કલ્યાણકારી હી હુઆ.
ભુ જિસ પર દયા કરતે હૈં ઉસે હી સંસાર કી દૃષ્ટિ મેં
ગલ બના દેતે હૈં. સંસાર ઐસે પાગલોં કી ઓર સે
ંખેં ફેર લેતા હૈ ઔર પાગલ ભક્ત એકનિષ્ઠ હો કર
સાર કી વિઘ્ન-બાધાઓં સે મુક્ત હો કર એકાંતભાવ સે
પને પ્રિયતમ પરમાત્મા કી પરિચર્યા કરતા હૈ. પરમા-
દ કા ભી, બસ, 'અબ એક હી કામ રહા-સંસાર કી
ર સે આંખેં મૂંદ કર સર્વાન્તઃકરણ સે પ્રભુ કી પૂજા-
ર્યા કરના. રામ, કૃષ્ણ, નારાયણ કે સિવા વે જિહ્વા પર
ભી શબ્દ આને નહીં દેતે થે. પરમાત્મા કી મૂર્તિ કે
ા મન મેં કુછ આતા હી નહીં થા. નામ-સ્મરણ,
િ-કીર્તન ઔર અહર્નિશ ભજન—બસ, યહી ઉનકા
ાત્ર કામ થા. સોતે-જાગતે, ઉઠતે-બૈઠતે, બસ, પ્રભુ
સ્મરણ, પ્રભુ કા ચિંતન ઔર પ્રભુ કા ગુણગાન. સદૈવ
કી મધુર મૂર્તિ સામને રહતી થી ઔર એકોન્મુખી
કર સારી વૃત્તિયાં પ્રભુ કે ચરણોં મેં પ્રવાહિત હો રહી થીં.

નામ-સ્મરણ કા ચસકા લગના બડા હી કઠિન હૈ,
જહાં એક બાર યહ ચસકા લગા ફિર એક પલ
નામ સે ખાલી નહીં જાતા. શ્રીતુકારામજી મહારાજ ને

ણોં મેં પ્રણિપાત કરના—યહી પરમાનંદ કી નિયમિત દૈનિક ચર્યા થી ! ઉનકા યહ નિયમ થા કિ શ્રીમદ્ભગવદ્ગીતા કે એક શ્લોક કા ઉચ્ચારણ કરના ઔર દેવતા કે ચરણોં મેં સાષ્ટાંગ પ્રણિપાત કરના. ઇસ પ્રકાર અઠારહોં અધ્યાય કે કુલ સાતસૌ શ્લોકોં કા વે ઉચ્ચારણ કરતે જાતે થે ઔર પરમાત્મા કે દિવ્ય વિગ્રહ કે સન્મુખ સાષ્ટાંગ પ્રણામ કરતે જાતે થે. યે સાતસૌ નમસ્કાર કર ચુકને પર હી વે ભિક્ષા મેં પ્રાપ્ત અન્ન કો ગ્રહણ કરતે થે. ધર્મગ્રંથોં મેં યહ બાત આતી હૈ કિ પૂજન ઔર યજ્ઞ કિયે બિના હી જો અન્ન-જલ ગ્રહણ કરતા હૈ વહ પાપ ખાતા હૈ ઔર વહ વ્યક્તિ શૂકર કે સમાન હૈ.

ઈસ કલિકાલ મેં પ્રભુ કે નામસ્મરણ કે સિવા ઔર કોઇ સાધન હૈ હી નહીં. શરીર સે સંસાર કા કાર્ય કરતે હુએ ભી મન કો પ્રભુ મેં લગાયે રખના તથા મન સે પરમાત્મા કા સ્મરણ-ચિંતન કરતે રહના યહી હમ સંસારી પુરુષોં કે લિયે સાધન હૈ-ઐસા જોગ પરમાનંદ ને બતલાયા હૈ. ઇસે હી ગોસ્વામી તુલસીદાસજી ને કહા હૈ—

કરહીં કરમ કરિય બિધિ નાના, મન રાખિય જહં કૃપાનિધાન.

મન યદિ પૂર્ણતયા પ્રભુ કે રંગ મેં રંગ જાય, યદિ સર્વાન્તઃકરણ સે હરિ મેં એકરૂપતા સ્થાપિત હો જાય તો સારે કર્મ ઔર વ્યાપાર યજ્ઞ કે રૂપ મેં પરિણત હો જાતે હૈં. ઔર વે સ્વતઃ શ્રીકૃષ્ણાર્પણ હોતે જાતે હૈં; ઉન્હેં શ્રીકૃષ્ણાર્પણ કરના નહીં પડતા. ઇસકા મુખ્ય હેતુ યહ હૈ કિ બુદ્ધિ જબ શ્રીકૃષ્ણાર્પણ હો ગયી તો સારે વ્યાપાર પ્રભુ કી ઉપાસના કે રૂપ મેં હી વ્યક્ત હોંગે. સંસાર મેં મન ન બસા કર પ્રભુ મેં ઇસે બસાના ઔર પ્રભુ કી પૂજા સમઝ કર સમગ્ર કર્મ કો યોગસ્થ હો કર નિર્લિપ્તભાવ સે કરતે જાના—યહી પરમાનંદજી કા ઉપદેશ હૈ ઔર યહી ઉપદેશ હમારે ઋષિ-મુનિયોં કે ભી હૈં.

સાતસૌ બાર સાષ્ટાંગ પ્રણિપાત કરના ઔર ગીતા-

જી કે સાતસૌ શ્લોકોં કા પારાયણ કરના સાધારણ બાત નહીં હૈ. ભક્ત તો ચાહતા હૈ કિ વહ બરાબર પ્રભુ કા રૂપ નિરખા કરે ઔર ઉસકા મસ્તક સદૈવ પ્રભુ કે ચરણોં મેં લેટતા રહે. ઉસે ઇસીમેં આનંદ આતા હૈ. એક સમય કી બાત હૈ જબ સાવન–ભાદોં કા મહિના થા. પાની ખૂબ જોર સે બરસ ચુકા થા. આકાશ મેં અબ ભી મેઘ છાયે હુએ થે. પૃથ્વી પર કીચડ હો ગયા થા. પરંતુ પરમાનંદ શ્રીપાંડુરંગજી કે મંદિર કે સામને સાષ્ટાંગ પ્રણામ કરતે જા રહે થે ઔર ઉનકા સારા શરીર કીચડ સે લથપથ હો ગયા થા. શરીર કી ઓર તો ઉનકા ધ્યાન હી ન થા. વે નમસ્કાર કરને તથા ગીતા કે શ્લોકોં કો ઉચ્ચારણ કરને મેં ઇતને વ્યસ્ત થે કિ કહાં ક્યા હો રહા હૈ, ઇસકા ઉન્હેં પતા તક ન થા ઔર ઉનકા શરીર તથા કપડે કીચડ મેં ગંદે હો રહે હૈં ઇસકા ભી ઉન્હેં ધ્યાન નહીં હુઆ.

એક સાહૂકાર ઉસી દિન વહાં [illegible] કરને આયા થા. પરમાનંદ કી તિતિક્ષા ઔર વૈરાગ્ય દેખ કર ઉસે ઉન પર બડી શ્રદ્ધા હુઈ. રેશમી કપડે કા એક થાન લે કર વહ [illegible] પરમાનંદજી કે [illegible] મેં ઉપસ્થિત હુઆ ઔર [illegible] પ્રાર્થના કરને લગા– [illegible] સ્વીકાર કર લે [illegible] પરમાનંદ ને [illegible] કે ચિત્ત કો [illegible] સે ક્યા કામ [illegible]

ચિંત હોની ચાહિયે." જોગ પરમાનંદજી ને વ્યાપારી કો લાખ સમઝાયા, પરંતુ ઉસને તો હઠ કર હી લી કિ રેશમી થાન વહ પરમાનંદ કી સેવા મેં હી અર્પિત કરેગા. ભક્ત કિસીકે ચિત્ત કો દુઃખી નહીં કરતે, ક્યોં કિ સમગ્ર સૃષ્ટિ મેં ઉનકી ભગવદ્બુદ્ધિ રહતી હૈ ઔર સમસ્ત સંસાર કે ચર-અચર કો વે અપને પ્રિયતમ પ્રાણનાથ કી પ્રતિમૂર્તિ માનતે હૈં. ઇસી કારણ બાધ્ય હો કર પરમાનંદ ને રેશમી થાન સ્વીકાર કર લિયે.

આજ પરમાનંદ ને રેશમી વસ્ત્ર ધારણ કિયે હૈં. આજ ભી જોરોં કી વર્ષા હો રહી હૈ ઔર શ્રીપાંડુરંગજી કે મંદિર કે સામને કી જમીન કીચડ સે ભરી પડી હૈ. મેઘ અબ ભી ઝમાઝમ બરસ રહા હૈ. આજ પરમાનંદ ને અપને વસ્ત્ર નીચે સે સમેટ લિયે જિસમેં સાષ્ટાંગ નમસ્કાર કરતે સમય કીચડ મેં પડ કર વસ્ત્ર ગંદા ન હો જાય. આજ સે પૂર્વ પરમાનંદ કો ઇસ પ્રકાર કા સંકોચ કભી નહીં હુઆ થા. સંસાર કે સ્પર્શ મેં જો ભી આયા ઉસે સંસાર ને અપને પંજે મેં લે લિયા. બડે બડે સંત-મહાત્મા, સાધુ-સંન્યાસી, ઋષિ-મુનિ જૈસે હી સંસાર કા સંગ્રહ કરને લગે વૈસે હી સંસાર ને ઉનકે મુંહ પર કાલિમા પોતી.

> કાજલ કી કોઠરી મેં કિતનોહૂ સયાનો જાય,
> એક લીક કાજલ કી લગિ હૈ પૈ લગિ હૈ.

યહ સંસાર તો કાજલ કી કોઠરી હૈ. કિતના ભી ચતુર કોઇ ક્યોં ન હો, ઇસમેં જાનેવાલે કો કાલિમા કહીં ન કહીં અવશ્ય લગેગી. પરમાનંદ-જૈસે વૈરાગ્ય-સંપન્ન મહાત્મા કો ભી રેશમી વસ્ત્ર કી બહુમૂલ્યતા આજ મુગ્ધ કર રહી હૈ ઔર ખુલ કર નમસ્કાર કરને મેં ઉન્હેં સંકોચ હો રહા હૈ. ભોગોં કી ગંધમાત્ર સે હી મનુષ્ય પતિત હો જાતા હૈ!

પરમાનંદ નમસ્કાર કરતે જા રહે થે, પરંતુ આજ

ઉનકા ધ્યાન શ્રીપાંડુરંગ કી મનોહર મૂર્તિ પર ન થા—આજ બાર-બાર ઉનકી આંખેં રેશમી વસ્ત્ર પર ચલી જાતી થીં કિ કહીં કપડા ગંદા તો નહીં હો રહા હૈ! ભગવાન ભક્ત કી પરીક્ષા ભી લેતે હૈં ઔર ઉસ પરીક્ષા મેં સફલ હોને કી ઉસે શક્તિ ભી દેતે હૈં. ભક્ત ને રેશમી વસ્ત્ર મેં છિપે હુએ અપને શત્રુ કો પરખ હી તો લિયા! જબ શત્રુ પરખ મેં આ ગયા તબ તો આધા કામ હો ગયા. આજ યહ રેશમી વસ્ત્ર મેરી નિષ્ઠા કો ભંગ કરને પર તુલા હુઆ હૈ, ઇસ લિયે ઇસકા હી પહલે અંત કર દેના હોગા. સાધક, જો સચ્ચે હૃદય સે પ્રભુ કી ખોજ કર રહે હૈં, બડે-સે-બડે પ્રલોભન ઔર આકર્ષણ કો ઠુકરા દેતે હૈં ઔર આંખ ફેર કર ઉસ ઓર દેખતે તક નહીં. અસ્તુ.

પરમાનંદ કો અપની ભૂલ પર ભારી દુઃખ હુઆ. ઇસકે પ્રાયશ્ચિત્તસ્વરૂપ ઉન્હોંને નિશ્ચય કિયા કિ વે અપને શરીર કો યથેષ્ટ દંડ દિયે બિના ન માનેંગા. ઉન્હોંને અપને રેશમી કપડે કે ટૂક-ટૂક કર કે ફેંક દિયે તથા દો બૈલોં કો જુતવા કર અપનેકો સર્વથા નગ્ન કર ઉસમેં બાંધ દિયા. બૈલ પરમાનંદ કે શરીર કો જંગલ કે કંટકમય માર્ગ કી ઓર લે કર ભાગે. પરમાનંદ કા સારા શરીર કાંટોં સે બિંધ ગયા તથા ખૂન કી ધારા બહને લગી. વે 'હરિ-હરિ' કહતે જાતે થે. શરીર કે [illegible] કી કષ્ટ [illegible] થા ઉનને [illegible] [illegible]

[illegible]

બોલો બાપા ઔર ઉનકે ભગવાન કી જય !

("કલ્યાણ"ના એક અંકમાંથી)



२२–लक्ष्मण योगी



'કલ્યાણ'માં પ્રાચીન અને અર્વાચીન ભક્તોનાં ચરિત્ર પ્રગટ થયા કરે છે. આ ચરિત્રોથી માનવજાતિનું જેટલું કલ્યાણ થાય છે, આત્મા પર જેટલો પ્રભાવ પડે છે તેટલો શુષ્ક ઉપદેશોથી પડતો નથી. ભક્તોનાં ચરિત્રો સરસ, નિર્મળ અને હૃદયગ્રાહી હોવા ઉપરાંત પરમ પિતા પરમેશ્વરના પ્રતિ જનતાની શ્રદ્ધા, ભક્તિ અને આસ્થાને વધારવામાં અગ્નિમાં ઘીની સમાન કામ આપે છે. એટલા માટે 'કલ્યાણ'ના વાચકોની સેવામાં મધ્યપ્રાંતના એક અનન્ય ઈશ્વરભક્ત અને યોગીનું સાચું ચરિત્ર રજુ કરું છું.

મધ્યપ્રાંતમાં જી. આઇ. પી. રેલ્વેના ઇટારસી જંક્શનથી નીકળી એક શાખા નાગપુર તરફ જાય છે. અહીંથી આ શાખા પર કાલા આખર નામનું ત્રીજું સ્ટેશન છે. આ સ્ટેશનથી એક માઇલ પૂર્વે સુખતવા નામની નદીના કિનારે સુખતવા નામનું નાનું ગામ છે.

ની છટાથી ભરપૂર હોય છે ત્યારે તેના વૈભવને જોઈ અખિલ કલાના ઉત્પાદક પ્રભુનો મહિમા જાણે મૂર્તિમંત થઈને લોકોને આનંદમગ્ન કરી રહ્યા હોય એમ જણાય છે. સુપ્રસિદ્ધ બાગદેવ (શિકાર કરવાની જગ્યા) આ જંગલમાં આવેલ છે. ત્યાં વાઘ, વરૂ, રીંછ, સિંહ વગેરે જંગલી પ્રાણીઓ પણ બહુ છે. આ જંગલમાં જ્યાં ત્યાં ગોંડ, ભીલ, કોરકૂ વગેરે મૂળ નિવાસીઓનાં નાનાં નાનાં ગામડાં છે. આ જાતિઓ અશિક્ષિત, અસભ્ય અને જંગલી જેવી-જ છે. આપણા ચરિત્રનાયક લક્ષ્મણ યોગી પણ આ પ્રદેશના નિવાસી હતા.

લક્ષ્મણ યોગીની જન્મભૂમિ આ જંગલમાં ભડગદા નામનું એક નાનું ગામ હતું. તેમનો જન્મ એક સુસંપન્ન આહીરને ત્યાં થયો હતો. તેમના પિતા પાસે એકસો ગાયો અને પચાસ ભેંસો હતી. તે યુવાન થયા ત્યારથી ગાયો ચરાવવા લાગ્યા. તેમના ઘરનું આજ કામકાજ હતું. આ જંગલી ગામોમાં કેળવણીનો બિલકુલ અભાવ હતો. એટલે લક્ષ્મણજીને પણ અશિક્ષિતજ રહેવું પડયું. તે લગભગ ૬ ફુટ ઉંચા, હૃષ્ટપુષ્ટ નવજુવાન હતા. શરીરનો રંગ ગોરો અને આંખો મોટી તથા તેજસ્વી હતી.

તેમના પિતાની સાથે નિર્ગુણપંથી સાધુઓનાં સમાધિસ્થળો પર વખતોવખત ભરાતા મેળામાં તેઓ જતા. સ્વામી રામદાસની સમાધિ હોશંગાબાદ, શ્રીસિંગાજી મહારાજની સમાધિ નિમાડ જીલ્લામાં અને ગુરુ સાહેબની સમાધિ બેતૂલ જીલ્લામાં છે. આ ત્રણે સંતો ભગવાનના સાચા ભક્તો હતા એમાં સંદેહ નથી. આ સંતોનાં બનાવેલાં ભક્તિભાવવાળાં પદો ઘણાં હૃદયગ્રાહી અને ભક્તિરસથી ભરપૂર છે.

એ સંત પુરુષોનાં ભક્તિભાવથી ઓતપ્રોત સેંકડો પદો આ મેળા ઉપર સમાધિસ્થળોમાં આજે પણ ગવાય છે. તેમનાં પદો સાંભળી એક વખત લક્ષ્મણજીનું હૃદય

ભક્તિ–ભાવમાં તરબોળ થઈ ગયું, અને તે આનંદમગ્ન થઈ નાચવા લાગ્યા. તેમને એવાં અનેક પદો કંઠસ્થ હતાં. સાતપુડાનાં કુદરતી દૃશ્યોથી ભરપૂર અતિ મનોહર સ્થળોમાં ગાયો ચરાવતાં ચરાવતાં તે આ પદો ગાતા ગાતા ભક્તિમાં તલ્લીન થઇ જતા. તેમનાં માતાપિતા જેમ જેમ પુત્રને વિવાહબંધનમાં નાખવાને વિચાર કરવા લાગ્યાં, તેમ તેમ તેમની વૈરાગ્યની માત્રા વધવા લાગી.

એક દિવસ પચીસ વરસની ઉંમરે તે ઘર છોડી જંગલમાં છુપાઇ ગયા અને કદી પાછા ફર્યા નહિ. તે સાતપુડાના ગીચ અને ભયાનક વનમાં એકાંતવાસ કરવા લાગ્યા. વનનાં ફળ, ફૂલ અને નરમ નરમ પાંદડાં પરજ તેમના જીવનનો આધાર હતો. પરમાત્માની ભક્તિ અને પ્રાણાયામમાંજ એ નિમગ્ન રહેતા. અભ્યાસ કરતાં કરતાં એમને સમાધિઅવસ્થાનો અનિર્વચનીય બ્રહ્માનંદ પ્રાપ્ત થયો. આ પ્રમાણે વનના એકસામટા અઠ્ઠાવીસ વરસ સુધી-ના એકાંતવાસ પછી તે સુખતવા નદીના કિનારા નજી-ક એક ટેકરી પર રહેવા લાગ્યા. આ ટેકરી પર તેમણે બાર વરસ પરમાત્માના ધ્યાનમાં રહી વીતાવ્યાં. ઠંડી, ગરમી અને વરસાદથી બચવા માટે તેમણે કદી પર્ણકુટી બાંધવા જેટલો કોઇ પણ પ્રબંધ કર્યો ન હતો. વરસાદના ચારે મહિના તેજ પથ્થર પર સૂઇને તેઓ વીતાવતા હતા. મુસળધાર વરસાદમાં એક પછેડી ઓઢીને પડી રહેવું એ એક આશ્ચર્યજનક વાત હતી. સખત ઠંડીમાં નદીના કિ-નારે એક પાતળી ઓઢીની પછેડીભર રાત વીતાવવી અને સવા. [illegible] રહેવું એ ત્યાગી મહાપુરુષને એક [illegible]

લીધે તેમને કોઈ સાધુ માનતું ન હતું. જ્યારથી તે ગુણતવાની ટેકરી પર રહેવા લાગ્યા ત્યારથી વસ્તીમાંથી રોટી અથવા આટો માગી લાવી પોતાનો જીવનનિર્વાહ કરતા હતા.

જ્યારે તે ગીચ વનમાં એકાન્તવાસ કરતા હતા, ત્યારે એક દિવસ કોઈ અંગ્રેજ શિકારી તેમની પાસે જઈ પહોંચ્યો. તેણે તેમને સાલતાલ અને સાધુનાં ચિહ્નોથી રહિત જોઈને માન્યું કે, આ કોઈ ચોર અથવા લૂંટારો છે અને પોલીસના ડરથી વેષ પલટી જંગલમાં છુપાઈ ગયો છે. છેવટે બે દિવસ સાથે રાખી સાહેબે તેમને છોડી મૂક્યા.

બીજી વખત જ્યારે તે બાગડેવના જંગલમાં રહેતા હતા ત્યારે એક અંગ્રેજ શિકાર ખેલતો તેમની પાસે આવ્યો અને કહેવા લાગ્યો—"આ તુમ યહાં મત રહો"—(અહીંઆં તમે ન રહો)—"યહાં તુમકો શેર ખા જાયગા" સાધુએ કહ્યું—"ખાઈ જાય તો અચ્છા આ." આ અંગ્રેજ મામલતદારે આ બાબતનો રિપોર્ટ આગ્રેવ પર રહેતી પોલીસને કર્યો. આ પોલીસ તે વખતે આગ્રેવ પર મુસાફરોને વાઘના આક્રમણથી બચાવવા માટે તેમને [illegible] વખતે [illegible] પોલીસે તે અંગ્રેજને કહ્યું—"હજૂર, આ માણસ અહીંઆં કેટલાંયે વર્ષોથી રહે છે. માલૂમ પડતું નથી કે વાઘ તેને કેમ કંઈ કરતો નથી!"

લક્ષ્મણજીને [illegible]

[illegible]

તેમના શરીર પર ફરતો હતો. આ બનાવ ગાયો ચારનારાઓએ જોયો. તેઓ પાસે ઉભા રહી મોટેથી તેમને બોલાવવા લાગ્યા—"બાબાજી! આપના શરીર પર સાપ ફરે છે; ઉઠો, જલદી ઉઠો, નહિતર ડસશે!" મેં પણ આ વાત સાંભળી. સાંજના વખતે હું મહાત્માજી પાસે ગયો અને એ બનાવ સંબંધી પૂછ્યું. મહાત્માજીએ કહ્યું "હા, એક સાપ પાસેજ આ રાફડામાં રહે છે. કોઇ કોઈ વખત ખજવાળ માટે શરીર પર ચઢી જાય છે અને બે ચાર આંટા મારી જતો રહે છે. તે કેમ કરડતો નથી એ સમજાતું નથી."

હું તેમને કોઇ કોઇ વાર મળતો અને શંકા-સમાધાનની શૈલીથી આધ્યાત્મિક ચર્ચા પણ છેડતો. તેમના તરફથી અનેક ગૂઢ પ્રશ્નોના સંતોષકારક ઉત્તર મેળવી મને ઘણી વાર આશ્ચર્ય થતું. મને ઘણું આશ્ચર્ય લાગતું કે આ સંતે ઉપનિષદ્ અને યોગશાસ્ત્ર આદિ ગ્રંથોનો અભ્યાસ કર્યો નથી, તદ્દન અભણ છે; તોપણ તેમને આધ્યાત્મિક રહસ્યોનું જ્ઞાન કેવી રીતે થયું હશે?

મેં આ મહાત્માને પૂછ્યું—"સમાધિઅવસ્થામાં શું થાય છે? ઈશ્વરનાં દર્શન થાય છે?" તેમણે જવાબ આપ્યો—"આંખ, કાન આદિ ઈંદ્રિયોના આત્મિક સ્રોત ખુલી જાય છે; પછી આંખ, કાન આદિ ભૌતિક ઇંદ્રિયોની આવશ્યકતા રહેતી નથી. પછી આ આત્મિક ઈંદ્રિયોથી ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે, અને આત્મા આ અલૌકિક આનંદમાં મગ્ન થઈ જાય છે—દર્શનાત્મક તૃપ્તિ થઈ જાય છે. આત્મા મુક્ત આત્માઓ સાથે મળે છે, તેમની આધ્યાત્[illegible] [illegible]મિ થઈ જાય છે."

ની સૂચના મને આપી હતી. મેં એમની આ સૂચના વસ્તીના કેટલાક માણસોને કરી હતી. છેવટે છ માસ પૂરા થતાંજ તેમણે પોતાનું શરીર છોડયું. તેમની આજ્ઞાનુસાર તેમના મૃતદેહને સાતપુડાના પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર મનોહર વનમાં એક ઝરા પાસે એમ ને એમજ રાખવામાં આવ્યું. પક્ષીઓએ ભોજનના રૂપમાં અંતિમ સંસ્કાર કર્યો અને પાસેના ઝરામાંથી પાણી પીને અગિયારા ગણી ગયા.

તેમણે પોતાને કદી સાધુ સંત કે મહાત્મા તરીકે ઓળખાવ્યા નથી, અને ત્યાંના વનમાં રહેનારા ગૌંડ ભીલ વગેરે તેમને સાધુ-મહાત્મા સમજતા પણ નહિ. તેમને તમાકુ, ગાંજો વગેરે કોઈ પણ નશાવાળી વસ્તુનું વ્યસન ન હતું. ખાનપાનમાં હિન્દુ, મુસલમાન, ઉંચ નીચનો કોઇ ભેદભાવ ન હતો. વસ્તીમાંથી કાચું અથવા રાંધેલું અન્ન લઈ તરતજ પોતાના રહેઠાણ પર ચાલ્યા આવતા. તેમની વૃત્તિ હમેશાં ગંભીર વિચારમાં લીન રહેતી હતી. જો કોઇ તેમને સંસારમાં જાહેર કરત તો તે બહુજ પ્રસિદ્ધિ પામત. અને દર્શકોની પણ ઘણી ભીડ રહેત, પરંતુ તેમને માન, મોટાઇ પ્રસિદ્ધિ વગેરે સાંસારિક વાતો ગમતી ન હતી. મેં મારી આટલી ઉંમરમાં એવા પરમ વીતરાગ, અવિચલ ભક્ત, શાંત, ગંભીર અને કષ્ટસહિષ્ણુ સાધુ બીજા જોયા નથી.

અંતમાં હું પુણ્યભૂમિ ભારતને સાદર ધન્યવાદ અને નમસ્કાર કરીને આ પુણ્યચરિત્રને સમાપ્ત કરૂં છું, અને આજે પણ આ પવિત્ર ભૂમિમાં આવા વીતરાગ યોગી-યતિ ઉત્પન્ન થાય છે એ જાણી ઘણો હર્ષ પામું છું.

('કલ્યાણ'ના ભાગ-૬ સંખ્યા ૧૨ માથી અનુવાદક કો. દા. ઉપાધ્યાય)



२३-हरिबाबा

ઇસ પરિવર્તનશીલ સંસાર મેં અસંખ્યોં પ્રાણી નિત્ય-પ્રતિ પૈદા હોતે ઔર પરાભવ કો પ્રાપ્ત હોતે હૈં. જિનકા પરમ પુરુષાર્થ પૈસા હી હૈ, જો મનુષ્યત્વ જૈસા અમૂલ્ય રત્ન પા કર ઉસે વિત્તૈષણા ઔર સંસારી ભોગવિલાસોં કી પ્રાપ્તિ મેં હી વ્યતીત કરતે હૈં, સંસાર મેં ઉનકા નામ કૌન જાનતા હૈ? ઉદ્‌ભિજ્જ પ્રાણિયોં કી ભાંતિ ઉત્પન્ન હો કર અંત મેં ઉસીમેં લય હો જાતે હૈં. ઉનકા સંસાર મેં આના ન આના, મનુષ્યશરીર પ્રાપ્ત કરના ન કરના દોનોં હી બરાબર હૈ.

પર જિન્હોંને ઇસ પરમપાવન મનુષ્યશરીર કો પ્રાપ્ત કર કે પુરુષાર્થ કે દ્વારા પ્રભુ કે પાદપદ્મોં મેં અપના સર્વસ્વ સમર્પિત કર દિયા હૈ, જિન્હોંને સંસારી ભોગોં સે મુંહ મોડ કર અપના લક્ષ્ય એકમાત્ર પરમાત્મપ્રાપ્તિ હી બના લિયા હૈ, જિન્હેં સંસાર કી ઇચ્છાએં સ્પર્શ તક નહીં કર પાતીં હૈં, અસલ મેં સંસાર મેં જન્મ લેના તો ઉન્હીં કા સાર્થક હૈ. ઉન્હીં કે મનુષ્યત્વ કો ધન્ય હૈ, જિસ ભૂમિ મેં ઉનકા જન્મ હુઆ [illegible] ધન્ય હૈ [illegible] ઉનકે [illegible] [illegible]

હૈં, જબ તક મનુષ્યોં મેં રહતે હૈં ઉન્હીં કા કલ્યાણ કરતે હૈં ઔર ઉનકે પશ્ચાત ઉનકી ઉપદેશવાણિયાં સંસાર કો પાવન બનાયે રખતી હૈં.

'કલ્યાણ' કે પાઠક 'દરિયાબા' કે નામ સે તો પરિચિત હી હોંગે. "કલ્યાણ" કા યહ પરમ સૌભાગ્ય હી સમઝના ચાહિયે કિ ઐસે નિઃસ્પૃહ ઔર પ્રસિદ્ધ તથા પ્રતિષ્ઠા સે કોસોં દૂર ભાગનેવાલે મહાનુભાવ અપને અમૂલ્ય ઉપદેશોં સે કલ્યાણમાર્ગ કે પથિક મુમુક્ષુઓં કો કૃતાર્થ કરતે રહતે હૈં. અન્ય સામયિક પત્રોં કી અપેક્ષા મૈં ઇસે ઇસી લિયે અધિક પ્યાર કરતા હૂં કિ ઇસમેં ઐસે ઐસે ઉચ્ચ ઔર અનુભવી મહાત્માઓં કે ઉપદેશ રહતે હૈં. 'કલ્યાણ' કે પુરાને પાઠકોં ને દરિયાબા કે 'સાહેબો' કો પઢા હી હોગા. આજ હમ પાઠકોં કો અપની ક્ષુદ્ર બુદ્ધિ કે અનુસાર દરિયાબા કા યત્કિંચિત્ પરિચય કરાના ચાહતે હૈં.

દરિયાબા કા જન્મ પંજાબ કે હોશિયારપુર જિલે મેં હુઆ હૈ. બાલ્યકાલ સે હી આપ પ્રેમદેવ કે ઉપાસક થે. જબ આપ કાલેજ મેં અધ્યયન કરતે થે, તભી આપકે સહપાઠિયોં કો આપકે પરમ હૃદયવાન્ હોને કા પરિચય મિલ ચુકા થા. આપ અપને મિત્રોં સે રાત રાતભર બાતચીત કરતે રહતે થે. બહુત રાત્રિ હુઈ તો મિત્ર કો ઉસકે ઘર તક પહુંચાને ગયે. ફિર મિત્ર મહોદય આપકો ઇનકે ઘરતક પહુંચાને આયે. ઇસી પ્રકાર કભી કભી તીન તીન ચાર ચાર ચક્કર લગ જાતે થે. ઇતને પ્રેમી હોને પર ભી આપકો સંસારી સુખોં કી ઓર સે પહલે સે હી વૈરાગ્ય થા.

આપકા જન્મ કલાલ કુલ મેં હુઆ હૈ. પંજાબ મેં 'કલાલ' નામ કી એક જાતિ હૈ, યે લોગ શરાબ કા કામ નહીં કરતે; વ્યાપાર કર કે અપના નિર્વાહ કરતે હૈં ઔર અપનેકો વૈશ્ય કહતે હૈં. આપકે પિતા એક મધ્યવિત્ત ગૃહસ્થ થે. આપકે જ્યેષ્ઠ ભ્રાતા પંજાબ મેં અચ્છે અચ્છે

પદોં પર આસીન હો કર પંજાબ સરકાર કી નૌકરી કર રહે
હૈં. કાલેજ છોડને કે પશ્ચાત્ આપકે ઘરવાલોં કી સંમતિ
હુઇ કિ આપ ડાકટરી પઢેં. ઇસ લિયે આપ મેડિકલ કાલેજ
મેં જા કર ભર્તી હુએ; કિન્તુ વિધિ કા વિધાન ઔર હી થા.
ઇન્હેં પરમાત્મા ને ડાકટર હોને કે લિયે ઉત્પન્ન નહીં કિયા
થા; આધિભૌતિક દુઃખોં કો મેટનેવાલે ડાકટર તો દેશ મેં
બહુત હૈં; જો આધ્યાત્મિક દુઃખોં કો મેટ સકે, ઐસે
ડાકટરોં કી બહુત કમી હૈ. હરિબાબા કો પરમાત્મા ને ઇસી
કામ કે લિયે ભેજા હૈ. આપ ડાકટરી કી પુસ્તકોં કો ફેંક
ફેંક કર કાશીજી કી ઓર ચલ દિયે ઔર વહાં અપને
આપ હી કપડે રંગ કર સંન્યાસી બન ગયે. ઇનકે પૂર્વા-
શ્રમ કે ગુરુજી ને જબ યહ બાત સુની તો ઉન્હોંને કહા–
"તુમ સ્વતઃ હી પ્રકાશિત હુએ હો. અતઃ તુમ્હારા નામ સ્વતઃ
પ્રકાશ હુઆ." તબસે આપકા નામ 'સ્વતઃપ્રકાશ' હુઆ.

ઇનમેં દરિદ્રોં કા દુઃખ દૂર કરને કી પ્રવૃત્તિ પહલે
હી સે થી. ઇસ અધમ કે ઉપર ભી અન્ય સાધારણ
લોગોં કી ભાંતિ મહારાજ કી કૃપા હૈ. આપને એક દિન
મુઝે અપને જીવન કા કુછ હાલ સુનાયા થા. પાઠકોં કે
લાભાર્થ ઉસે મૈં યહાં નીચે લિખતા હૂં:–

આપને બતાયા થા કિ કાશીજી સે ચાર પાંચ કોસ
કી દૂરી પર ઉત્તર કી ઓર ગંગાજી કે તટ પર એકાંત મેં
એક બહુત હી અચ્છા શિવાલય હૈ. ઉસ સ્થાન કો એકાંત
દેખ મેરા મન વહીં રમ ગયા ઔર વહીં મૈંને કપડે ભી
રંગ લિયે. એક દિન એક બહુત હી દીન દુઃખી મેરે પાસ

કિરાયે કા પૂરા પ્રબંધ ન હો જાયગા તબ તક મૈં અન્ન-જલ ગ્રહણ ન કરૂંગા. મૈં લોગોં કે પાસ જાતા ઔર ઉન-કે સામને આધુનિક પઢે લિખે યુવકોં કી ભાંતિ વ્યાખ્યાન સા દેતા ઔર લોગોં સે સહાયતા કરને કે લિયે કહતા. મેરી બાત સુન કર કોઇ મેરી ઝોલી મેં એક પૈસા, કોઇ દો પૈસા ડાલ દેતા. ઈસી પ્રકાર મૈં એક ગાંવ સે દૂસરે ગાંવ મેં જાતા.

એક ગાંવ મેં મૈં ગયા. વહાં મૈં કયા દેખતા હૂં, એક આદમી કિસી શારીરિક કષ્ટ સે બુરી તરહ ચિલ્લા રહા હૈ. મૈંને જબ ઉસકે કષ્ટ કા હાલ સુના તો ઝટસે મૈં ઉસકે પાસ પહુંચા ઔર ઉસસે બોલા—"તુમ્હેં તો કુછ ભી દુઃખ નહીં હૈ. 'હરે રામ હરે રામ રામ રામ હરે' 'હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે' યહ કહો. મૈંને ઉસસે કઈ બાર ઐસા હી કહા થા ઔર સ્વયં ભી કહા. થોડી દેર મેં ઉસને કહા—"સચમુચ અબ મુઝે કોઇ કષ્ટ નહીં હૈ." તબ મૈંને કહા—" એક બાર મેરે સામને હંસ દો. ઘર સે કુછ લા કર મેરી સહાયતા કરો." મેરે કહને સે વહ ખૂબ ખિલખિલા કર હંસ દિયા ઔર ઘર સે કુછ પૈસે લા કર ઉસને મેરી ઝોલી મેં ડાલ દિયે. ઇસ પ્રકાર મૈં તીસરે પહર તક ગાંવોં મેં ચક્કર લગાતા રહા. તીસરે પહર ઝોલી લા કર મૈંને ઉસકે સામને રખ દી. જબ ઉસને પૈસોં કો ગિના તો ઠીક ઉતને હી મિલે જિતને કિ ઉસે ખર્ચ કો ચાહિયે થે.

ભગવાન્નામ સે સભી શારીરિક દુઃખ દૂર હોતે હૈં, ઇસકી એક આપબીતી બાત મહારાજ ને મુઝે ઔર સુના-યી. ઉન્હોંને બતાયા કિ જબ મૈં ગંવે કી એક કુટિયા મેં રહતા થા તો તીન ચાર દિન મુઝે બડે જોરોં કા બુખાર આયા. શરીર મેં ચલને ફિરને કી શક્તિ નહીં રહી. ઐસા ભાન હોતા થા કિ અબ શીઘ્ર હી મૃત્યુ હો જાયગી. બુ-ખાર મેં બેહોશ પડા પડા મૈં યહી સોચ રહા થા કિ

અબ મૃત્યુ તો હોની હી હૈ; લાઓ, થોડા ભગવન્નામ કા સ્મરણ કરેં. બુખાર ખૂબ જોરેં સે ચઢ રહા થા. ધીરે સે ઉઠ કર બૈઠા ઔર 'હરે રામ હરે રામ રામ રામ હરે હરે' 'હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે' ઇસ મંત્ર કા જોરેં સે ઉચ્ચારણ કરને લગા. પાંચ સાત બાર સ્મરણ કરતે હી બુખાર બિલકુલ ઉતર ગયા. કહાં તો મુઝમેં ઉઠને કી શક્તિ નહીં થી, કહાં મૈં ઉસી ક્ષણ એક પાસ કે દો કોસ કી દૂરી પર એક ગાંવ મેં દૌડા ગયા. વહાં નિત્યાનંદ (મહારાજ કે એક કૃપાપાત્ર ભક્ત) કો દેખા કિ વહ ભી બુખાર મેં પડા કાંપ રહા હૈ, મૈંને ઉસસે કહા—"અરે મુઝે સ્નાન ન કરાઓગે ?" ઉસને લિહાફમેંસે હી કહા—"મહારાજ ! મુઝે તો આજ બડે જોરેં કા બુખાર આ રહા હૈ." મૈંને ઉસકા હાથ દેખા, સચમુચ બુખાર જોરેં પર થા. મૈંને કહા—"કહીં બુખાર નહીં હૈ, ભગવન્નામ કા સ્મરણ કરો." યહ કહ કર મૈંને ઉસકા લિહાફ એક ઓર ફેંક દિયા ઔર દોનોં મિલ કર ભગવન્નામ કા કીર્તન કરને લગે. થોડી હી દેર કીર્તન હુઆ હોગા કિ ઉસને કહા:—"મુઝે તો ભૂખ લગ રહી હૈ." ઘરમેં સે બાસી રોટી લા કર ઉસે દી, ખા કર વહ ચંગા હો ગયા ઔર મુઝે ઉસને નિત્ય કી ભાંતિ સ્નાન કરાયા.

મહારાજ કા ભગવન્નામ મેં વિશ્વાસ તો પહલે હી સે થા; કિન્તુ ઉસ સમય આપ ઇસ પ્રકાર કા કીર્તન નહીં કરતે થે, ગંગાજી કે કિનારે કિનારે વિચરતે રહતે થે ઔર સાધુ મહાત્માઓં કા સત્સંગ કરતે થે. ઉન દિનોં બિઠૂર મેં બંગાલી બાબા નામ કે એક પ્રસિદ્ધ મહાત્મા

મહારાજ વહાં રહ કર ભગભક્તોં કે સાથ કથાવાર્તા ઔર સત્સંગ કરને લગે.

મહારાજ દૌલતરામજી (શ્રીઅચ્યુત મુનિજી) કે પાસ મે ચિરકાલતક રહે, ઉન્હીંકે સાથ એક બાર આપ દક્ષિણ કી ઓર ગયે, વહાં ભાપવરાવ સપ્રે ઔર અન્ય ભગવદ્ભક્તોં કો આપને કીર્તન કરતે દેખા. આપ ઉનકે કીર્તન કો સુન કર મૂર્છિત હો ગયે ઔર ઉસી દિન સે આપને કીર્તન કરના પ્રારંભ કર દિયા.

ગાંવોં મેં આપ અધિક રહતે થે, અંતઃ આસપાસ કે ગાંવોં મેં જા કર આપ કીર્તન કા પ્રચાર કરને લગે. બહુત સે મનુષ્ય આપકા પ્રેમ ઔર ભક્તિ સે કીર્તન કરતે દેખ કર મસ્ત હો જાતે ઔર સ્વયં ભી ઇનકે સાથ કીર્તન કરને લગતે. ઇસ પ્રકાર હોતે હોતે બહુતસે ગાંવોં મેં કીર્તન હોના આરંભ હો ગયા; કિન્તુ અભીતક ગાંવોં કે અશિક્ષિત કહલાનેવાલે હૃદયવાન લોગ હી ઇનકે પક્ષ મેં થે. તર્ક કરતે કરતે જિનકી બુદ્ધિ કુંઠિત હો ગયી હૈ ઐસે બુદ્ધિવાદ કે હિમાયતી અભી આપકે કાર્યોં કો આલોચના કી દૃષ્ટિ સે હી દેખતે થે. યહ સબ હોતે હુએ ભી ઉનકા ખિંચાવ દિન દિન ઇસ ઓર હોતા આ રહા થા. દૈવયોગ સે ઉન્હીં દિનોં ગાંવ કે પ્રસિદ્ધ રઇસ લાલા કુન્દનલાલજી કે સબસે બડે પૌત્ર બંધુવર રામેશ્વરજી બિમાર હો ગયે, ઔર ઇતના અધિક બિમાર હુએ કિ ઉનકે જીવન કી કિસીકો ભી આશા ન રહી. મહારાજજી ને કહા "કીર્તન કરાઓ, અચ્છા હો જાયગા." કહાવત હૈ "अर्थी दोषं न पश्यति" જબ આદમી કે ઉપર બન આતી હૈ તો વહ સબ કુછ કરને કો તૈયાર હો જાતા હૈ. ઘર કે બહુતસે લોગોં કી સંમતિ ન હોને પર ભી લાલા કુન્દનલાલજી રામેશ્વરજી કો લે કર અનૂપશહર આ ગયે ઔર મહારાજજી ને ઇનકે ઉપર અખંડ કીર્તન કરના આરંભ કર દિયા. ભગવન્નામ

કી મહિમા સે અથવા ઉન લોગોં કે પ્રારબ્ધ સે રામેશ્વરજી અચ્છે હો ગયે. અબ તો લોગોં કો ભગવન્નામ કા મહત્ત્વ માલૂમ પડા. જો પહલે નામ લેને સે મુંહ મોડતે થે, વહ ઇનકે સાથ આ આ કર કીર્તન કરને લગે.

હમ યહ પહલે બતા ચુકે હૈં કિ મહારાજ કા હૃદય દીનોં કે દુઃખોં કો દેખ કર સદા દ્રવિત હો ઉઠતા હૈ. ગવે ગાંવ ખાદર મેં હૈ. ખાદર મેં ઉધર બહુત મેં ગાંવ બસે હુએ હૈં. જબ ગઙ્ગાજી બઢતી થીં તો ઉધર કે સૈકડોં ગાંવ નષ્ટ હો જાતે. બહુતસે પશુ જલ મેં બહ જાતે ઔર લોગોં કા લાખોં રૂપયોં કા નુકસાન હો જાતા, ખેતીબારી સભી ચૌપટ હો જાતી. મહારાજ સે લોગોં કા યહ દુઃખ ન દેખા ગયા ઔર ઉન્હોંને સોચા કિ ગઙ્ગાજી કા બંધ બં-ધના ચાહિયે.

કામ બહુત બડા થા; કમસે કમ આઠ-દશ મીલ બાંધ બંધે તબ કામ ચલે. ઇતના બાંધ બિના સાત-આઠ લાખ રૂપયે કે નહીં બંધ સકતા. પરંતુ મહારાજ કો ઇસ-કી તનિક ભી પરવાહ ન હુઈ; ઉન્હેં ભગવાન કે ઉપર પૂરા ભરોસા થા. ઉનકા વિચાર થા કિ ભગવાન કે ઉપર દૃઢ વિશ્વાસ કર કે જો કાર્ય કિયા જાતા હૈ, વહ અંત મેં અવશ્ય સફલ હોતા હૈ. નીતિકારોં કા કથન હૈ " किं दूरं व्यवसायिनां " સમઝનેવાલોં કે લિયે કૌનસી બાત અ-સંભવ હૈ ? મહારાજ મેં ઐસી સમાઈ થી અતઃ એક દિન આપને [illegible] કે [illegible] મેં ખબર કર દી કિ અમુક દિન [illegible] ગઙ્ગાજી કા બાંધ

કયા થા! સભી સાંગીપુ લોગ મહારાજ કે સાથ હો લિયે, છબરોંમેં મિટ્ટી ભર કર ડાલને લગે.

પહલે તો લોગોંને મહારાજ કે ઇસ કામ કો પાગલપન સમઝા. વે કહને લગે–" ઇસ પ્રકાર ભી કહીં ઇતના બડા કામ હો સકતા હૈ? ન રુપયે હૈં ન પૈસે હૈં. ન ઇંજિનિયર બુલાયા ન જમીન નપવાઈ. ઐસે બડા બાંધ કૈસે બંધ સકતા હૈ?" પરંતુ મહારાજને કિસીકી બાત પર ધ્યાન નહીં દિયા. નિત્ય પ્રતિ સાંઈ સે સેકડોં આદમિયોં કી ટોલિયાં આતીં ઔર કીર્તન કરતી હુઇ મિટ્ટી ડાલતીં. મહારાજ દિનરાત મિટ્ટી ડાલતે. કંગડોં કી બહી હુઇ ગાડી કો સ્વયં ખીંચ કર લાતે. દેખતે દેખતે બહુતસા બાંધ બંધ ગયા. તબ તો લોગોં કી આંખ ખુલી. અબ તો સભી લોગ મદદ કરને લગે. કિસીને રૂપયે સે મદદ દી, કિસીને સવારી પ્રદાન કી, કિસીને કંગડોં સે સહાયતા કી. સારાંશ કિ અબ કામ સાટ હો ગયા. સૈકડોં રોગી આ આ કર અપને રોગ કી નિવૃત્તિ કે લિયે મહારાજ સે પ્રાર્થના કરને લગે. મહારાજ ને કહ દિયા– " મૈં કુછ ભી નહીં જાનતા, માતા સે પ્રાર્થના કરો ઔર બાંધ મેં મદદ દો; સબકા મનોરથ પૂરા હોગા." ઇસ પ્રકાર બડે બડે લોગ, રઇસ ઘરોં કી સ્ત્રિયાં અપને સિર પર છબરા રખ કર બાંધ કે લિયે મિટ્ટી ઢોને લગી.

ઉસ સમય કા દશ્ય બડા હી હૃદયગ્રાહી થા. જબ બડે બડે ઘરોં કી સ્ત્રિયાં મિટ્ટી કા કતના લે લે કર બાંધ પર મિટ્ટી ડાલને જાતીં બેચારિયોં કો છોટા કામ તક કરને કી આદત નહીં થી, મિટ્ટી કે બોઝ સે વે લથપથ હો જાતીં. શરીરમેંસે પસીના કે ફવ્વારે છૂટને લગતે, હાથ પૈર મેં છાલે તક પડ જાતે; પરંતુ વે અપની અભિલાષા કે પીછે ઇન દુઃખોં કો ખુશી કે સાથ ઝેલતીં.

બડે બડે રઇસ, તહસીલદાર, ડિપ્ટી કલેક્ટર મહારાજ કે દર્શન કો આતે. મહારાજ ઉનસે પૂછતે–" કયોં

આયે હો ?" વે ઉત્તર દેતે–" આપકે દર્શન કે લિયે !" તબ મહારાજ કહતે–" મેરે દર્શન મેં ક્યા રક્ખા હૈ, સચ્ચે દર્શન તો યહી હૈ કિ તુમ ભી મિટ્ટી ડાલો !" બેચારે અપની અપની સવારિયાં મેં સે ઉતર ઉતર કર મિટ્ટી ડાલને લગતે. કહતે હૈં કિ બહુત સે કુષ્ઠિયોં કા કુષ્ઠ દૂર હો ગયા, બહુત સે રોગી નીરોગી હો ગયે. અપના અપના વિશ્વાસ હી તો હૈ, વિશ્વાસ સે ક્યા નહીં હો સકતા ?

ઉસ સમય મહારાજ કા પરાક્રમ, ઉત્સાહ, તેજ, કાર્યપટુતા, સચ્ચી લગન, અથક પરિશ્રમ ઔર મહાન્ શ્રમ દેખતે હી બનતા થા. દિનરાત મેં કેવલ દો તીન ઘંટે હી સોતે, નહીં તો બાંધ પર મિટ્ટી હી ડાલતે રહતે. એક દિન આપને કહા: " યદિ બાંધ કલ તક અમુક સ્થાન તક ન બાંધ સકા તો મૈં ગઙ્ગાજી મેં ડૂબ કર પ્રાણ દે દૂંગા." યહ કહ કર આપ મિટ્ટી ડાલને લગે. ઇસ બાત કો સુન કર સૈકડોં ગાંવોં કે લોગ આ આ કર મિટ્ટી ડાલને લગે, ઉસ દિન સારે દિન ઔર સારી રાત્રિ આપ સ્વયં મિટ્ટી ડાલતે રહે ઔર સભી લોગોં સે ડલવાતે રહે. અચ્છે અચ્છે પહલવાન થક કર પાની માંગ જાતે થે, કિન્તુ મહારાજ કો નિરંતર કામ કરતે રહને પર ભી કિસીને થકતે નહીં દેખા. બડે સે બડા બલવાન ભી આપકે સાથ કામ કરને મેં થક જાતા થા. બૈલ જબ થક જાતે તો આપ સ્વયં [illegible] કી ગાડી કો ખીંચને લગતે. ઉસ સમય આપ [illegible] પરિશ્રમ કે બિલકુલ આદિ [illegible]

નિકલે. આપકે પ્રભાવ કે કારણ ચન્દા હોને મેં કુછ ભી દેર નહીં હુઇ ઔર થોડે હી દિનોં મેં કઇ લાખ કા ચન્દા હો ગયા. લાલા કુન્દનલાલ, લાલા જાનકીપ્રસાદ, ઠાકુર ગિરિવરસિંહ તથા અન્ય સભી રઇસોં ને મહારાજ કો ચન્દા કરાને મેં બડી સહાયતા પહુંચાઇ. બાંધ કે ઇતિહાસ મેં ઇન મહાનુભાવોં કા નામ બડે ગૌરવ કે સાથ લિયા જાયગા. લગભગ એક સાલ મેં આઠ નૌ મીલ બાંધ બંધ કર તૈયાર હુઆ ફિર તો સરકાર ને ભી ઇસ ઓર ધ્યાન દિયા ઔર આગે કા છે સાત મીલ બાંધ સરકાર સે બંધવા દિયા.

તબ સે મહારાજ કા સ્થાન બાંધ પર હી બન ગયા હૈ. વહાં આજકલ મહારાજ કા બંગલા, કીર્તનભવન, ભોજનાલય તથા ઔર દસ પાંચ કુટિયાં બન ગયી હૈં. મહારાજ હોલી, દિવાલી, દશહરા, રામનૌમી આદિ ત્યૌહારોં પર બડા ભારી ઉત્સવ કરતે હૈં. હોલી કા ઉત્સવ આઠ દિન તક હોતા હૈ, જિસમેં સૈકડોં આદમી વહાં આ કર કીર્તન કરતે હૈં ઔર હજારોં દર્શનાર્થી જુટતે હૈં. તીન ચાર દિન તક અખંડ કીર્તન હોતા હૈ, જો એક મિનટ કે લિયે ભી બંદ નહીં હોતા. વારી વારી સે અલગ અલગ ટોલિયાં આતી હૈં ઔર અપને નિયત સમય તક કીર્તન કર કે ચલી જાતી હૈં.

બહુત સે લોગોં કા કથન હૈ કિ મહારાજ કો અબ બાંધ સે મોહ હો ગયા હૈ ઔર અબ વે ઉસે છોડના નહીં ચાહતે. ઇસ પાપાત્મા કી ભી પહલે યહી ધારણા થી; કિન્તુ બહુત સોચને પર અબ મુઝે અનુભવ હુઆ હૈ, કિ અસલ મેં યહ કયા બાત હૈ, લગાતાર બીસ વર્ષ પરિશ્રમ કર કે મહારાજને ઉસ ભૂમિ કો ભગવન્નામ કા પાની દે કર જોતને બોને યોગ્ય બનાવા હૈ. અબ ઉનકી ઇચ્છા હૈ કિ ઇસમેં ભગવન્નામ કે અંકુર ઉત્પન્ન હોં. ઉનકી એકમાત્ર ઇચ્છા યહી હૈ, કિ સભી હરિ કે

રંગ મેં રંગ જાય. ઉન્હેં સ્થાન ઔર લોગોં સે મોહ નહીં હૈ, ભગવન્નામ સે મોહ હૈ. યદિ ઇસે કોઈ બુરા કહે તો કહતે રહેં, કિસીકા મુંહ થોડે હી પકડા જાતા હૈ!

મહારાજ કીર્તન કે અંત મેં "હરિ બોલ હરિ બોલ" કહા કરતે હૈં. ઇસ લિયે સભી લોગ આપકો "હરિબાબા" કહતે હૈં. આપકે ઉસ તરફ બહુત સે કૃપાપાત્ર શિષ્ય હૈં, જિનમેં બંધુવર રામેશ્વરજી, લાલતાપ્રસાદજી, નિત્યાનંદ, છેદીલાલ આદિ બહુત હી અંતરંગ હૈં. ઔર ભી સૈકડોં કે તાદાદ મેં ઐસે કૃપાપાત્ર શિષ્ય હૈં, જિનકા યહ લેખક નામ નહીં જાનતા.

આપકે સહવાસ સે બહુત સે બુરે બુરે લોગોં કા બહુત કુછ સુધાર હો ગયા હૈ. બંધુવર રામેશ્વરજી પહલે આજકલ કે નવીન વિચાર કે યુવકોં કી ભાંતિ દૂસરે વિચાર કે થે, કિંતુ મહારાજજી કે સહવાસ સે આજકલ વે સોલહ આના ભકત બન ગયે હૈં.

મહારાજ કે નિરંતર સાથ રહનેવાલોં કા કથન હૈ, કિ ઉન્હોંને આજતક કિસી મનુષ્ય કી બુરાઈ નહીં કી. જહાં કોઈ કિસીકી બુરાઈ કરતા ભી હૈ તો યા તો વે ઉસે બંદ કર દેતે હૈ, નહીં તો આપ વહાંસે કહીં અન્યત્ર ચલે જાતે હૈં. આપકા સ્વભાવ બડા હી સરલ હૈ, શાંતિ કી તો આપ સાક્ષાત મૂર્તિ હૈ. આપકે દર્શન સે હૃદય મેં એક વિચિત્ર પ્રકાર કે ભાવ કા પ્રાદુર્ભાવ હોતા હૈ. આપ છોટે સે છોટે સાધુ કો નમન કરતે હૈં. ઇન પંક્તિયોં કે ક્ષુદ્ર લેખક ને અપને બ્રહ્મચર્ય કે અભિમાન કે વશ, અપની [illegible]

ઇસે મૈં મહારાજ કે કૃપાપાત્રોં કે મુખ સે પહલે ભી સુનતા થા, કિંતુ તબ ઇસ ક્ષુદ્ર કો ઇસકા અસલી મર્મ જ્ઞાત નહીં હુઆ થા. અબ ગુરુદેવ કી કૃપા સે મેરા યત્ કિંચિત્ અભિમાન દૂર હુઆ હૈ.

રામઘાટ સે લે કર અહાર તક કી ગંગાજી કે કિનારે કી ભૂમિ કો ઔર ઉધર કે નિવાસી મનુષ્યોં કો મૈં અત્યંત હી ભાગ્યવાન્ સમઝતા હૂં કિ ઇસ થોડે સે હી બીચ મેં તીન બડે બડે પ્રસિદ્ધ મહાત્મા નિવાસ કર કે અપને સદુપદેશોં દ્વારા લોગોં કો કૃતાર્થ કરતે હૈં. રામઘાટ મેં ઉડિયા સ્વામી અધિક નિવાસ કરતે હૈં. અનૂપશહર ઔર ભૈરિયા મેં પં. દૌલતરામજી મહારાજ (શ્રીઅચ્યુત મુનિજી) ચિરકાલ સે નિવાસ કર રહે હૈં ઔર ગંવે મેં શ્રીહરિબાબા અપની પ્રગાઢ ભક્તિ સે ઉસ પ્રાન્ત કે પુરુષોં કો પાવન બના રહે હૈં.

હરિબાબા કા પ્રભાવ વિશેષતયા હૃદયવાન અશિક્ષિત જનતા પર હી અધિક હૈ. ઉધર કે પ્રાયઃ સભી ગાંવોં મેં હરિબાબા કી કૃપા સે કીર્તન હોતા હૈ. ડાંગર ભૈંસ ચરાતે હુએ ચરવાહે ભી પ્રાયઃ કીર્તન કરતે દેખે ગયે હૈં. પં. દૌલતરામજી મહારાજ કા પ્રભાવ મસ્તિષ્કપ્રધાન બુદ્ધિવાદિયોં પર હી વિશેષ પડતા હૈ. સાધારણ લોગોં મેં આપકે ઉપદેશ કો ગ્રહણ કરને કી શક્તિ નહીં હૈ ઔર ઉડિયા બાબા દોનોં હી પ્રકાર કે લોગોં કો તુષ્ટ કરને મેં સમર્થ હૈં. ઉનકે સામને ભલે હી બડે સે બડા તાર્કિક દાર્શનિક ચલા જાય, ચાહે છોટે સે છોટા નિપટ નિર્બોધ દોનોં હી મહારાજ કે પાસ સે સંતુષ્ટ હો કર લૌટેંગે. મહારાજ મેં એક સબસે બડા ઔર પરમ પ્રશંસનીય ગુણ યહ હૈ, કિ જિસને ભી એક બાર ઉનકે દર્શન કર લિયે, બસ વહ ઉસી સમય સે યહ સમઝને લગતા હૈ કિ મહારાજ કી મેરે હી ઉપર સબસે અધિક કૃપા હૈ, મેરે બરાબર વે કિસીસે ભી પ્રેમ નહીં કરતે. ઇન પંક્તિયાં

કે ક્ષુદ્ર લેખક કા યહ વિશ્વાસ હૈ કિ મહારાજ ઇસે સબસે અધિક ચાહતે હૈં. યદ્યપિ મૈં ઇસ બાત કો ભી સમઝતા હૂં કિ મહારાજ કે હજારોં ભક્ત હૈં ઉનકે સામને મેરી તો ગણના ભી નહીં હો સકતી, પરંતુ ન જાને ક્યોં મેરા યહ વિશ્વાસ દૂર નહીં હોતા. ઇસ પ્રકાર યે તીનોં હી મહાત્મા તીનોં પ્રકાર કી પ્રકૃતિ કે લોગોં કો અપને ઉપદેશોં સે સદા તુષ્ટ કરતે રહતે હૈં. ઉડિયા બાબા કે ઉપદેશોં કા ઢંગ ઠીક પરમહંસ રામકૃષ્ણદેવજી કી ભાંતિ હૈ. હરિબાબા ચૈતન્ય મહાપ્રભુ કી ભાંતિ ભાવુક હૈં ઔર અચ્યુતમુનિ મહારાજ પ્રાચીનકાલ કે વિશ્વામિત્ર વસિષ્ઠ આદિ ઋષિમુનિયોં કી ભાંતિ ઉપદેશ કરતે હૈં. ઇસ પ્રકાર યે તીનોં હી મહાત્માગણ અપની સુલલિત સદુપદેશ-સરિતાવલિ સે ગંગા યમુના ઔર સરસ્વતી કી ભાંતિ ઉસ પ્રાન્ત કી પુણ્યભૂમિ કો પ્રયાગ ક્ષેત્ર બના કર લોગોં કો ત્રિવેણી કે સ્નાન કા માહાત્મ્ય પ્રદાન કર રહે હૈં.× અંત મેં મૈં અપને ગુરુદેવ કે અનુગ્રહ કા સ્મરણ કરતા હુઆ ઔર ઇન તીનોં હી મહાત્માઓં કે ચરણોં મેં શ્રદ્ધાભક્તિ કે સાથ ઇસ કલુષિત મસ્તક કો નંવાતા હુઆ ઇસ ક્ષુદ્ર લેખ કો સમાપ્ત કરતા હૂં.

("કલ્યાણ" માસિકના એક અંકમાંથી)



૨૪–દેવી જશોદાજી

(લેખકઃ–શ્રી કૃષ્ણ માનરી)

[આ કથા રજુ કરવામાં લેખકે વિદ્વાન લેખકોનાં આધારભૂત મંતવ્યો ધ્યાનમાં રાખી એક સુંદર અને હૃદયસ્પર્શી સંવાદ અત્રે રજુ કર્યો છે–ત્યાગમૂર્તિ જશોદાજીનો અનેરો આત્મત્યાગ અને પ્રાચીન ભારતની ગૌરવાન્વિત સ્ત્રીશક્તિનો પરમ આદર્શ રજુ કરે છે.]

ક્રૂર કંસના શાસનસમયનો એક પ્રભાતનો સમય હતો. પૂર્વમાં ઉષા મધુર મધુર અને મસ્તીભર્યું હસતી હતી. પ્રિયતમ દિનકરના આગમને એના કપોલો પર હર્ષમિશ્રિત લજ્જાની લાલિમા પ્રગટાવી હતી. ઉષાના પ્રકાશે જગતને જાગ્રત કરી દીધું હતું અને તેથી મથુરા–નગરીમાં ચહલપહલ મચી ગઇ હતી. નિત્ય પ્રભાત થાય છે અને અસંખ્ય જીવો પેટ ભરવાની ચિન્તામાં આવી પડે છે; તેમ પંખીઓ માળાઓનો ત્યાગ કરીને પ્રભાતનાં મંગળમય ગીત લલકારતાં પોતાના ખોરાકની શોધમાં નીકળી પડયાં હતાં.

યમુના નદીનાં નીર કલકલ નિનાદે વહન કરી રહ્યાં હતાં. એ વહનમાં પ્રિયતમ સમુદ્રને મળવાની અધીરતા હતી, ઉલ્લાસ–મિશ્રિત આવેગ હતો. થોડીકજ પળો પશ્ચાત્ બાલસૂર્યનાં સોનેરી રશ્મિઓ યમુનાના નિર્મળ જલ પર નૃત્ય કરી રહ્યાં ને પ્રભાતનો મંદસમીર નદીના નીર સાથે ગેલ કરવા લાગ્યો.

આધેડ વયની એક સુંદરી યમુનાના વેગવન્તા નીર–માં લગભગ કિનારા પર પડેલી એક પાષાણની શિલા પર

શૂન્યવત્ સ્થિતિમાં બેઠી હતી. એના કાળા કાળા કેશ ખુલ્લા હતા, અને તે એટલા બધા લંબાયેલા હતા કે તે પથ્થરની શિલા પર બેઠેલી હોવા છતાં પીઠ પાછળ પડયા હોવાથી પાણીમાં તણાતા હતા. એના પગ પાસે પાણી ચક્કર ખાઇને વહન કરતું. એણે અતિસાધારણ વસ્ત્રો એના કૃશ થઇ ગયેલા શરીર પર પરિધાન કર્યાં હતાં. એનાં નેત્રો ઊંડાં ઉતરી ગયેલાં હતાં. એના ગૌર મુખ પર નરી ફીકાશ તરવરી રહી હતી. એના શરીરમાંથી ચેતનને તો જો દેશવટો લીધો હતો !

પણ એ હતી કોણ ?

મથુરા નગરના પિતૃ, ભગિની, મિત્ર અને કુટુમ્બ-દ્રોહી દયાહીન અને અનંત અપરાધી પાપાત્મા રાજા કંસની એ બહેન હતી અને ધીર, વીર તથા સહનશીલતાની સાક્ષાત્ મૂર્તિ. મથુરા નગરના ભૂતપૂર્વ ચંદ્રવંશી મહારાજા વિવેકી કુમાર વસુદેવની એ ધર્મપત્ની હતી. ભવિષ્યમાં વિશ્વના મહાન સિપેહસાલાર, પરાક્રમી સેનાપતિ ન્યાય, દયા ને કરુણાની સાક્ષાત્ મૂર્તિ અને દિવ્ય પ્રકાશના તપતા સૂર્ય શ્રીકૃષ્ણની એ માતા હતી.

એ સ્નેહની અત્યારે કલ્પના પણ નથી કરી શકતી. એ
સ્નેહ, એ પવિત્રતાના દેવિના સ્થાન પર તેં ઝેરી કંટક
અને વિષભર્યા ભયંકર ફણીધરોના ફૂંફાડા મૂકી દીધા
છે. મથુરા નગરની બિચારી ભોળી રાંક પ્રજાને બળજેરી-
થી તું 'ધર્માત્મા' હોય તેમ કહાવવા માગે છે ને
નગરજનો બિચારા ભય ને આગળી ડરીને તારા મુખ પર
તને 'ધર્માત્મા'ના પવિત્ર સંબોધનથી સંબોધી રહ્યા
છે ! કિન્તુ તેમનાં હૃદય ચીરી તું અંદર જોઈશ તો ત્યાં
તારા નામ માટે 'ધર્માત્મા'ને સ્થાને તારા પાપી નર-
મોને 'પાપાત્મા' શબ્દ કોતરાએલો જડશે. મારા સાત
નિર્દોષ શિશુઓનાં તેં તારા મુગટની નિર્ભયતા અને
સુરક્ષિતપણા કાજે બલિદાન લીધાં ! ! હાય ! મારી
જીવન-વાટિકાની સાત અધખીલી કળીઓને તેં ચૂંટીને
મસળી નાખી ! મારા હૃદયના તારી વાંકી દૃષ્ટિની તલ-
વારે સાત સાત ટુકડા કરી નાખ્યા, છતાં હું તારા જુલમ
અને અત્યાચારોને સહન કરતી અદ્યાપિ જીવી રહી છું.
મારા ભરથાર પણ તારા સિતમોને હૃદય પર હસ્ત મૂકી
સહન કરી રહ્યા છે; કિન્તુ એમના હૃદયમાં પ્રચંડ વૈરની
જ્વાળાઓએ ભયાનક સ્વરૂપ પકડયું છે. પણ હાય ! અત્યા-
રે એ પણ નિઃસહાય છે. હાય ! હું પણ નિરાધાર છું !
મથુરાની રાજકુંવરી એક સાધારણ માર્ગની ભિખારિણી
કરતાંયે તુચ્છ કારાવાસી જીવન જીવી રહી છે ! ! એની
કૂખે જન્મતાં નિર્દોષ શિશુઓ જગતનો પ્રકાશ દેખતાં થાય
છે કે તુરત તારી કાળદૃષ્ટિ તેમને મૃત્યુના મુખમાં ધકેલી
દે છે ! ! હાય ! મારું દર્દ, મારું દુઃખ હું કોની
સન્મુખ જઇને રડું ?........"

દેવકીનાં તેજહીન નેત્રોમાંથી બોર બોર જેવડાં
અશ્રુઓ ખરતાં હતાં. જાણે યમુનાનાં નીર પણ એનું
રુદન સાંભળી સ્થિર થઇ ગયાં હતાં; કિન્તુ તેનો વાણી-
પ્રવાહ અસ્ખલિત વહ્યે જતો હતો.

"........કંસ ! તું દેવ નહિ પણ દાનવ છે, પુરુષ નહિ પણ પિશાચ છે. મારા દુઃખી હૃદયની હાય તને સુખની શય્યામાં કદાપિ નિદ્રાધીન નહિજ થવા દે. ઓ પ્રભુ ! મને આઠમો ગર્ભ રહ્યો છે તેની રક્ષા તારા હાથે છે. મને ડૂબતીને તું નહિ બચાવે તો તું તારણહાર શાનો ? દયાનિધિ શાનો ?"

દેવકીને અત્યારે પુરા દહાડા હતા. તે પ્રથમ તેનાં સાત બાળકોને તેના ભ્રાતા કંસે જલ્લાદગીરી કરી પોતાના હસ્તે યમસદનમાં મોકલી આપ્યા હતા. દેવકીએ જોયું હતું કે, પુરુષ કેટલો હિંસાત્મક બની જાય છે જ્યારે એને સ્વાર્થ હોય છે. પોતાના સિંહાસનનો દાવો કરતો વસુદેવ ન આવે અને પોતાનું છત્ર સદાને માટે સુરક્ષિત અને નિર્ભય રહે તે કારણે રાજ્યના કેટલાક ચતુર શાસ્ત્રીઓની સલાહને માન્ય રાખી વસુદેવ સાથે તેણે દેવકીનું લગ્નસંબંધ કરી આપ્યું હતું. અને બહેનને વળાવવા એ પૂરા સૈન્ય સહિત અર્ધમાર્ગ સુધી ગયો હતો. કહે છે કે અર્ધમાર્ગે કંસ ગયો હશે ત્યાં તેના વહેમી માનસે દૈવી વાણી સાંભળી હતી કે "કંસ ! તારી બહેનની કુખે જન્મેલ બાળક તારો સર્વનાશ કરશે." તેજ પળે કંસે તલવાર મ્યાનબહાર કાઢી હતી. અને દેવકી ઉપર ઉગામી હતી. [illegible] વસુદેવના કાકલુદી અને આજીજીએ કંસે તલવાર મ્યાન કરી [illegible] અને વસુદેવ નિમજ [illegible] કે, દેવકીની કુખે જન્મેલ [illegible] !! કેવી વિચિત્ર

છે અને એ પુત્ર તારો સર્વનાશ કરશે" ત્યારે કંસને દેવકીના આઠમા ગર્ભની ભયાનક ભીતિ રહેવા લાગી. આથી વસુદેવ અને દેવકીને એકજ મહાલયમાં સાથે ન રાખતાં તેણે બન્નેને જુદા જુદા કારાવાસમાં કાળપિંજરમાં બંદીવાન તરીકે રાખ્યાં ! ! કિન્તુ પ્રભુની લીલા અપાર છે. દેવકી અને વસુદેવને એક રાત્રે એકજ સમયે સંભોગનું સ્વપ્ન આવ્યું અને તેજ રાત્રે દેવકીને આઠમો ગર્ભ રહ્યો.

અસ્તુ. યમુનાના તીર પરની પાષાણ-શિલા પર બેસીને આંસુ સારતી દેવકી એના આઠમા શિશુનો પણ નિજ ક્રૂર ભ્રાતાના હસ્તે નાશ થશે એ વિચારે ઉદ્વિગ્ન થઇ ગઇ હતી. એ વિચાર એના હૃદયને હલાવી નાખતો હતો. એના શરીરમાં પળે પળે કંપારી છૂટતી હતી અને આંખોમાંથી આંસુઓનો દરિયો વહ્યે જતો હતો. એનાં આત્માનાં આંસુ લૂછનાર અત્યારે એની પાસે કોઇ ન હતું. તે પોતાનાં ગર્ભમાંના બાળકને ઉદ્દેશીને બોલીઃ

"બેટા ! અમારા તેજહીન નેત્રોના પ્રકાશ ! તારા જન્મ પછી તુર્ત તું મૃત્યુનો મહેમાન થવાનો છું એનું અત્યારે તને કયાંથી ભાન હોય ? તારો કસાઇ મામો તારાં જન્મ પછી તને તારી ટાંગ ઝાલી પથ્થરાળ જમીન પર પટકીને મારી નાખશે એ તું કયાંથી જાણે ? હાય કિસ્મત ! શું મારો આ નિરપરાધ શિશુ પણ માર્યો જશે ? જો એમજ હતું તો ઓ પ્રભુ ! તેં શા કારણે મને રાજકુટુંબમાં જન્મ આપ્યો ?...."

દેવકી આગળ બોલવા સમર્થ ન થઇ શકી. એના ગળે ડૂમો ભરાયો હતો. સહસા તેણે આકાશવાણી સાંભળીઃ

"દેવકિ ! શાંત થા. તારા આ પુત્રને મારનાર જગતમાં કોઇ નથી. એ સ્વયં પાપીઓનો સંહારક છે; જગતનો તારણહાર છે."

દેવકી હર્ષોન્મત્ત બની ગઇ, તેના કૃશ થઇ ગએલા શરીરમાં નવું યૌવન આવી ગયું. એનું ફિક્કું મુખ ક્ષણવારને માટે દેદીપ્યમાન થઇ ઉઠયું. ચક્ષુઓમાંનાં દુઃખાશ્રુના સ્થાનકે હર્ષાશ્રુ આવી ગયાં. એક પળ વાર માટે પ્રથમના નિશ્ચેતન પ્રાણમાં અપૂર્વ ચૈતન્ય આવી ગયું.

ને દૂરથી તેની સમવયસ્કા એક સ્ત્રી ધીમાં ડગ ઉપાડતી તેના પ્રતિ આવતી દેખાઇ. દેવકીએ જોયું કે તેને પણ પૂરા દહાડા હતા. પેલી સ્ત્રી નજીક આવી અને આશ્ચર્ય દર્શાવતી બોલી:

“ કોણ? રાજકુમારી દેવકી? બહેન! તમારી આ સ્થિતિ?”

“ હા, બહેન! પણ તું મને રાજકુમારીના સંબોધનથી કાં સંબોધે છે? રાજકુમારીના સંબોધનને યોગ્ય ચિહ્ન મારામાં તેં ભાળ્યું? બહેન, હું તો માર્ગની ભિખારણ કરતાંએ વધુ ખરાબ પરિસ્થિતિમાં છું. હાય! હું દુઃખી છું, નિઃસહાય છું.” આ સાંભળી ફરી દેવકીની આંખોમાં આંસુ છલકાઇ રહ્યાં. પવિત્રતાની મૂર્તિ સમી દીસતી પેલી સ્ત્રી આર્દ્ર સ્વરે બોલી:

શું એ થોડું છે ? જેનો નાથ ઈશ્વર સ્વયં છે તેને સંસારમાં કોઈની ભીતિ નથી. માટે બહેન ! તમારા કોમળ હૃદયમાંથી શોકને તિલાંજલિ આપી દ્યો."

"બહેન ! રાજકુટુંબમાં જન્મ આપી પ્રભુએ મારા પર અન્યાય કર્યો છે. મારા પર અનેક જુલ્મો અને અત્યાચારો થયા છે ને થાય છે. મને કોઈ સુખે બેસવા નથી દેતું. મારાં બાળકોને કોઈ જીવવા પણ નથી દેતું. મારા હૈયામાં તીર ભોંકાય છે."

"ઉન્માદને વશ ન થાઓ બહેન ! શાન્તિને હૃદયમાં ધારણ કરો."

"કેવી રીતે શાન્ત પડું ? શું કરું તો મારું હૈયું હાથ રહે ? મારા હૃદયના ટુકડા થઈ રહ્યા છે. મારો ભાઈ મારાં બાળકોના રક્તનો પ્યાસો છે. મારા ભરથાર કારાવાસના કાળપિંજરમાં બંદીવાન બન્યા છે. ઓહ ! મારાં સાત નિર્દોષ બાળકોનું રક્ત નિષ્ઠુર, જલ્લાદ ભ્રાતા કંસે વહાવ્યું છે. દૈત્ય બનીને એણે એ ભોળાં શિશુઓને પથ્થરની શિલા પર પટકીને મારી નાખ્યાં છે. અને ઓહ ! મારા ઉદરમાંના બાળકનો પણ થોડા દિવસમાં મારા પિશાચ ભાઈના હસ્તે નાશ થશે."

દેવકીના મુખે ફરી ડુમો ભરાયો. પતિવ્રતાની દેવી. [illegible] એના મુખ પર [illegible] છટા છાઈ રહી. દેવકીની આ [illegible] પરિસ્થિતિ. [illegible] બનાવી દીધી [illegible]. [illegible] વસ્તુ છે તેની [illegible] [illegible] દેવકી [illegible]

[illegible]

"દાસીને લોકો જશોદાના નામે સંબોધે છે. બહેન ! હું તો ગોવાલણી છું."

"એજ જીવનમાં પ્રભુતા છે. તમારા આંગણે ને તમારા હૃદયમાં પ્રભુનો વસવાટ હોય છે, જ્યારે રાજમહાલયના આંગણે અને રાજકુટુંબનાં હૃદયોમાં દૈત્યો ને દાનવોનો વસવાટ હોય છે. તું ક્યાં રહે છે બહેન ?"

"જમનાના સામે કાંઠડે મારી ઝુંપડી આવેલી છે. મારા પતિદેવ ગાયો ચારે છે ને હું ગાયોના દૂધમાંથી માખણ, ઘી ને છાસ બનાવું છું."

દેવકીએ વિચાર્યું: "જ્યાં સ્વાર્થ અને પરસ્પર દ્વેષભાવ નથી ત્યાંજ સ્વર્ગ છે. જગતના આંગણે શુદ્ધ હૃદયથી જીવન જીવતા માનવો જગતમાંજ સ્વર્ગ રચી શકે છે. તેણે તેનું અને જશોદાનું જીવન સરખાવી જોયું ન એના ભીષણ ભાવિનું ચિત્ર એની દૃષ્ટિ સન્મુખ તરી રહ્યું. દૈવી વાણી જે એણે થોડી વાર પ્રથમ સાંભળી હતી તે એને ભ્રમમૂલક લાગી, ને એક ક્ષણ પશ્ચાત્ એના જીવનનાં ભૂતકાલિન દૃશ્યો એની દૃષ્ટિમર્યાદા આગળ તરી રહ્યાં. તે ઉન્માદિનીની માફક એકદમ બોલી ઉઠી:

"તમે જ્યાં હતાં ત્યાંજ છો બહેન! જરા પણ બીતિને હૃદયમાં સ્થાન ન આપશો; નહિતર વળી પાછાં ક્યાંક મૂર્છિત બની જશો!"

"શું કહ્યું, મૂર્છા? મૂર્છા? મૂર્છાની મને લેશમાત્ર બીતિ નથી. હું મૃત્યુ કાં પામતી નથી? કોણ જાણે મૃત્યુ મારાથી દૂર ને દૂર કેમ ભાગે છે? ઓહ! હું શું જોઇ રહી છું? આ શું થઇ રહ્યું છે? ઓહ! મારી આંખના ડોળા ફાટી જાય છે, મારા હૃદયના ટુકડા થઈ જાય છે. દોરો!.......હાય દોરો! બચાવો બચાવો....કં....સ....પાપી....હત્યા.......રો....કં....સ....મારા....મા.......રા બાળકને....પ....પથ્થરની....શિ....લા....સા....થે....અ....ફા....ળી....મા....રી.......નાખે....છે....ઓ....હ.......બ....બ...બ...ચા.......વો."

ને તે ફરી બેશુદ્ધ બની ગઇ. જશોદાને લાગ્યું કે દેવકી કદાચિત્ વધુ ઉશ્કેરાશે તો ગર્ભવતી હોવાના કારણે પ્રાણને ત્યજી દેશે અને તેના પરલોકગમનના કારણે તેનું બાળક પણ મરી જશે.

અને જશોદા વિચારમાં પડી. વિચાર કર્યો, ખૂબ વિચાર કર્યો ને તે ઉઠી યમુનાના નિર્મળ શીતળ જલની એક અંજલિ ભરી તેણે દેવકીના મુખમાં રેડ્યું, અને પાલવથી વા ઢાળવા લાગી. દેવકીના નિશ્ચેતન પ્રાણમાં શુદ્ધિ આવી ને તે હાલી. તેની આંખ પરનાં ઢળેલાં પોપચાં સહેજ ઉંચાં થયાં; જશોદા બોલીઃ

"બહેન!"

ને તેનો ઉત્તર દેવકીએ ઢળેલાં નયનોએ વાળ્યો.

"ઉઠો, બહેન! તમારી આ સ્થિતિ હું નથી જોઇ શકતી. આખર હુંયે તમારી પ્રજા છું. તમારાં દુઃખની ભાગિની હું ન થાઉં તો મારી કાયા લાજે. તમારા ને તમારા બાળકના [illegible] રક્ષા કાજે હું મારાં બાળકને

પ્રાણનું બલિદાન આપીશ. પ્રભુ સ્વર્ગમાં મને તેનો બદલો આપશે.”

દેવકીની આંખો વધુ ઉઘડી. જરા જોર કરી તે બેઠી થઇ.

“ના, બહેન ! મારા માટે તારા હૃદયને પીંખી નાખવા દઉં ? મારા માટે તારી હૃદયવાટિકાની કળીને ચૂંટીને મસળી નાખવા દઉં ? ના, ના. હું તેમ શા સારૂ થવા દઉં ? જનનીપ્રેમ મેં અનુભવ્યો છે. પોતાના નિર્દોષ શિશુને મૃત્યુના મુખમાં ધકેલાતો જોઇ માતાના હૃદયની શી સ્થિતિ થાય છે એ મેં અનુભવ્યું છે. બહેન ! મારા માટે તને દુઃખની ભીષણ ગર્તામાં ફેંકી દેવા હું જરાએ તૈયાર નથી.”

“એક શબ્દ પણ વધુ ઉચ્ચારો તો તમને તમારા ગર્ભમાંના બાળક અને જગતના તારણહારના સોગંદ છે. દેવકિ ! મને નિરાશ ન કરો. મારી માગણીનો સ્વીકાર કરો. જુઓ, જ્યારે તમારા બાળકનો જન્મ થાય ત્યારે તમારા પતિદેવ વસુદેવ સાથે તેને જમનાના પેલે પાર મોકલી દેજો. વસુદેવ મહારાજ જ્યારે બાલકને લઇને આવશે ત્યારે હું તેમને મારૂં બાળક સુપ્રત કરી દઇશ. ક્રૂર કંસને મારૂં બાળક દેખાડજો. ભલે મારા બાળરાજ-ના કારણે મારા બાળકના પ્રાણ લેવાય. બહેન ! ખચિત જાણજે. મારા બાળકના મૃત્યુથી હું જરાયે દુઃખી નહિ થઉં—મારું એક પણ આંસુ નહિ સરે ! કિન્તુ દેવકિ [illegible]


દુઃખના સમુદ્રમાં ધકેલી દેવી ! દેવકીને ક્યાંથી ખબર કે એના ગર્ભમાંનો બાળક સમસ્ત જગતનો તારણહાર હતો, પાપીઓનો સંહારક અને ધર્મીઓનો રક્ષક હતો, એ પુરુષ નહિ પણ દેવતા હતો.

અસ્તુ. જશોદાની કેટલીક હૃદયદ્રાવક વિનવણીઓ જોઈ દેવકીએ તેની એ માગણીનો સ્વીકાર કરી લીધો અને જગતની એક અદ્દભુત વ્યક્તિને પોતાની ગોદમાં રમાડવાનું અને માતા કહેવડાવવાનું સદ્દભાગ્ય જશોદાજીને પ્રાપ્ત થઇ ગયું.

કોણ કહે છે જશોદા સ્ત્રી હતાં ? એક સાધારણ સ્ત્રીનું આવું હૃદય હોય ? એ તો દેવી હતાં.

કોટિ કોટિ વંદન હજો દેવી જશોદાજીને—

("આરામ" અઠવાડીકના સં. ૧૯૯૧ ના જન્માષ્ટમી અંકમાંથી)





૨૫–રામસિંહ માલમ

દીવ બંદરથી ઇરાની અખાતના ઓમાન બંદર તરફ જતા ફિરંગી વહાણ 'ડૉન ફર્નાન્ડિઝ'ના નાખુદાએ પોતાની આંખ ઉપર દૂરબીન લગાવી ચોપાસ નજર કરી.

અરબી સમુદ્રમાં ગઇ રાતે જાગેલું તોફાન સાવ શમી ગયું હતું. દરિયાનાં નીલાં પાણી નીલા આસમાનની કોર સાથે એકાકાર થઇ જતાં હતાં. પવનની આછી લહેરથી થોડાં ઉછળતાં પાણીનાં મોજાં ઉપર સફેદ ટોપીની અખંડ ધારો નીલા રંગની સાડી ઉપર સફેદ સળિયાભાતની જેમ ચમકતી હતી.

સમુદ્રની સપાટી ઉપર ભાંગેલાં વહાણોના વેરણ-છેરણ ટુકડાઓ ભયંકર તોફાનનાં શુષ્ક સ્મારકોસમાં દૂર અને નજીક તરતાં હતાં. 'ડૉન ફર્નાન્ડિઝ' પણ એ તોફાનમાંથી અણીશુદ્ધ સલામત નહોતું નીકળ્યું. એના સઢોના ચૂરા થઇ ગયા હતા, એનો કૂવાથંભ અધવચ્ચેથી ભાંગી પડ્યો હતો, એના તૂતકનાં પાટિયાં મોજાંની થપાટો ખાઇને ઢીલાં થયાં હતાં, છતાંયે નાખુદાએ [illegible] [illegible]

ઉપર કયો માણસ છે તે જોવાને નાખુદો દોડ્યો. તેની પાછળ બીજા ખલાસી દોડ્યા.

'ક્યાં છે? માણસ ક્યાં છે? શેમાં? એનું જહાજ ક્યાં છે?'

'જહાજ તો હું નથી દેખતો.' ખલાસીએ કહ્યું 'આ તો દરિયાની વચમાં એક માણસ ઉભો છે.'

'અરે ઉલ્લુ! પીધોબીધો છે કે શું? દરિયાની વચમાં માણસ તે ઉભતો હશે ખરો?'

'અરે જુઓ તો ખરા!'

ખલાસીએ આંગળી નોંધી ને એને ઇશારે સૌએ નજર કરી. ફિરંગી જહાજથી પાએક માઇલ દૂર જેટલે-જ એક આદમીને તેઓએ મધદરિયામાં ઊભેલો જોયો!

પારવાર તાજ્જુબીથી બધા એ માનવીને જોઇ રહ્યા. હજી તો હમણાં જ દરિયાની ઊંડાઈ તેઓએ માપેલી તે સાઠ ફૂટ જેટલી થએલી. એ ઊંડાં પાણીના પટ ઉપર મોજાંની અખંડ લીટીઓ આગળ ને આગળ ધપતી હતી. એવા સાગરમાં આ માનવી ઊભો હતો. શરીરે ઉઘાડો હતો. માથે ફેંટા જેવું બાંધ્યું હતું, દરિયાનાં પાણી એને કમરસમાણાં થયાં હતાં. આખાયે જીવનમાં કોઈ ખલાસીએ આવો હેરતભર્યો દેખાવ નજરે જોએલો નહિ; કોઈ પાસે સાંભળેલો ય નહિ.

ફિરંગી જહાજનો માર્ગ એ મધદરિયે ઊભેલ માનવીની પાસેથી જ જતો હતો. નાખુદાએ દોરડું નખા-વ્યું. એ દોરડાને પકડીને એ [illegible] [illegible]

મગરની પીઠ ઉપર

'મગર ! મગર !' ખલાસીઓએ બૂમ પાડી. ત્યાં તો મગરમચ્છ આડો ફર્યો. એની પૂંછડીના ઝપાટાથી વહાણનો આખો મ્હારો ધ્રૂજી ઉઠ્યો અને એક મોટી કાળી હોડી જેવો દેખાતો મગર ખૂબ વેગથી દરિયાનાં પાણી કાપવા લાગ્યો.

જ્યારે મગરની પીઠ ઉપર ઉભવાની વાતમાંથી તાજુબીનું તત્ત્વ શમી ગયું, ત્યારે નાખુદાએ એ માનવીને એની હકીકત પૂછી. એણે જવાબ દીધો: 'સાહેબ ! હું બેટ–દ્વારકાનો વાઘેલો છું, ખલાસી છું. મારૂં નામ રામ-સિંહ. શવજી શેઠના નવા કાંટિયાનો હું માલમ છું. ગઇ કાલે સાંજે હું મારી હોડીમાં કાંઠે હતો ત્યાં એકાએક તોફાન જાગ્યું. મારી હોડી તણાઈ ગઇ ને હું ભેગો તણાયો. હોડી ભાંગી ગઈ ને હું એના લાકડાને વળગી રહ્યો. દરિયાનાં મોજાંમાં ધસડાતો, પછડાતો, દટાતો ને ઉપર આવતો હું ખૂબ થાકી ગયો. ત્યાં એકાએક મારા પગ કોઈ કઠણ વસ્તુને અડક્યા. પગ માંડીને જોઉં તો મને પગ નીચે કોઇ મજબૂત જમીન લાગી એટલે હું ઉભો રહ્યો !'

તોફાની દરિયામાં ઘસડાએલા આ માનવીના કથિત કહેલા [illegible] એ ફિરંગી જહાજના આખા ખલાસી-વર્ગને [illegible] દેખાયો. નાખુદાએ [illegible]

ગયા. ચાંચિયાઓએ પાડેલા જબ્બર બાકોરા વાટે વહાણુ-માં પાણી ભરાવાથી 'ડૉન ફર્નાન્ડિઝ' ડૂબી ગયું.

ગુલામ તરીકે વેચાયો.

ચાંચિયાઓનું વહાણુ પોતાના મૂળ નિવાસસ્થાન તરફ ઉપડયું. આ ચાંચિયા અરબ હતા ને રાતા સમુદ્રમાં આવેલા નાના બેટ પેરીગમમાં રહેતા હતા. પેરીમ પહોંચ્યા પછી અરબ ચાંચિયાઓ અરબસ્તાનને કાંઠે ઉતર્યા ને ત્યાંથી ફિરંગી ખલાસીઓ અને રામસંહ માલમ વગેરેને પગે ચલાવતા ચલાવતા કોઇ સારા ગુલામી બજાર તરફ રવાના થયા. દરેક કેદીના ગળામાં લોઢાની પાટીનો મજબૂત પટો ખીલાઓથી જડી લેવામાં આવ્યો હતો. આવા પટામાં આગળ અને પાછળ બે કડીઓ રહેતી. આ કડીઓ સાથે લોઢાની મજબૂત સાંકળ બાંધવામાં આવતી ને એ સાંકળ આગળ-પાછળ ચાલતા કેદીના ગળામાં પટાની કડી સાથે જકડી લેવામાં આવતી. આવી રીતે લોઢાના પટા અને સાંકળથી જકડાયેલા કેદીઓના હાથ અને પગ છૂટા રહેતા અને તેઓ તેમના માથા ઉપર ચાંચિયાઓનો સરંજામ ઉઠાવી શકતા.

આવી રીતે ચાલતી આ ગુલામોની સાંકળ આખરે જેદ્દાહની બન્તરગાં પહોંચી ને ત્યાં આ ગુલામો વેચા-યા. રામસિંહ માલમ એક મીસરી ગુલામ વેપારીને ત્યાં વેચાયો; ત્યાંથી એલેકઝાંડ્રિયાની યુરોપીય ગુલામી બજારમાં મુકાયો ને ત્યાંથી કાળા પાણીના કેદીઓને માટે ખાસ રાખવામાં આવતાં ફ્રેન્ચ વહાણોમાં એક ગુલામ ખલાસી (ગેલી સ્લેવ) તરીકે રહ્યો.

આવી રીતે ચારેક વર્ષ ગાળ્યા પછી આખરે રામ-સિંહ માલમ ત્રણુ ફ્રેન્ચ કેદીઓની સાથે એક તોફાની રાતે નાઠો. છુપાતા લપાતા, રાત્રે દોડતા અને દિવસે ક્યાંક ભરાઇ રહેતા આ ચાર ભેરૂબંધોએ માર્સેલ્સ બંદર-

થી તે હોલેન્ડની હદ સુધીનો સઘળો યે ફ્રેન્ચ મુલક પસાર કર્યો.

હોલેન્ડની ભૂમિ તે સમયમાં પવિત્ર લેખાતી હતી, તે કાળે પણ કોઇ પણ ગુલામ એ ભૂમિ ઉપર પગ મૂકતાંજ સ્વતંત્ર થઇ જતો. રામસિંહ માલમ પણ એ રીતે સ્વતંત્ર થયો.

નોકરી રહીને કારીગીરી શીખ્યો.

હોલેન્ડમાં એક હુજીનોટ કારીગર કુટુંબમાં રામસિંહે નોકરી લીધી. ત્રણ વર્ષ નોકરી કરી, એની એ નોકરી ને પ્રમાણિક રીતભાતથી એનો ડચ શેઠ એના ઉપર રાજી થયો. એક દિવસે એણે રામસિંહને પોતાની પાસે બોલાવ્યો:

'રામસિંહ માલમ !' શેઠ બોલ્યો: ' હું તારી નોકરીથી રાજી થયો છું, તને તારૂં વતન યાદ આવતું હશે, મારૂં એક વહાણ હમણાં હિંદ તરફ જવાનું છે. હું તને અમારે ખર્ચે તારા વતનમાં મોકલી આપવા માગું છું. તારાં માતાપિતા બૈરાંછોકરાં જે કોઇ સ્વજન હશે તે તને યાદ કરતાં હશે. હું રાજી થઇને તને રજા આપું છું. હવે તું તારે વતન જા.'

આંખો પર હાથના નેજા કરીને પોતાની વાટ જોતાં ઘેરનાં વૃદ્ધ માતાપિતા એણે જાણે કે સ્વપ્નમાં જોયાં. એક નાનકડા મકાનને બારણે હાથ ટેકવીને પોતાના [illegible]

માંડયું છે. એનાં માતાપિતા કંગાલ દશામાં ગુજરી ગયાં હતાં. વતનની સાથે પ્રીત બાંધનાર કોઇ સ્વજન એને ના રહ્યું. એ જ ડચ શેઠના વહાણમાં એ પાછો હૉલેન્ડ ગયો ને એ જ શેઠને ત્યાં એ ફરીને પાછો નોકર રહ્યો.

આ બીજા પ્રવાસમાં રામસિંહ હૉલેન્ડમાં ત્રણ વર્ષ રહ્યો. એ કાળે હૉલૅન્ડ મીનાકારી કામને માટે ખૂબ મશહૂર હતું ને એના શેઠનો પણ એજ ધંધો હતો. રામસિંહે એ કારીગરી શીખી લીધી.

ત્રણ વર્ષ પછી રામસિંહ પોતાને વતન પાછો આવ્યો. એ એક સારો હુન્નર શીખી આવ્યો હતો. કાઠિયાવાડનાં જુદાં જુદાં રાજ્યોમાં એ ફર્યો, પણ કોઇ રાજાને એની કદર કરવાની ફુરસદ કે પરવા ન હતી. તે કાળે તો કાઠિયાવાડમાં નાની નાની ઠકરાતો અંદર અંદર લઢી વઢી પોતપોતાના સીમાડા વધારવામાંજ ગૂંથાઇ હતી. કોઇને એક હુન્નરી માણસને એના હુન્નરના વિકાસ માટે સગવડ આપવાની જરૂરત ન દેખાઇ.

કચ્છનું નોતરું

પરંતુ કચ્છમાં તે કાળે એક ચાલાક રાજાનાં શાસ[illegible] હતાં. છાતાના દર્દનો આ રોગી રાવ લખપતજી પોત[illegible] ના રાજ્યાસનેથી કચ્છમાં વેપારની આબાદી, વિદ્યાનો [illegible] ચાર તથા કળા ને ચિત્રકામનો પ્રચાર ઝંખતો હતો. એ[illegible] વ્રજભાષાની, સંસ્કૃતની ને એવી પાઠશાળાઓ સ્થાપી હ[illegible] વિદ્વાનો એને ત્યાં પડયા પાથર્યા રહેતા. એના કાળ[illegible] ભેદીકામ શીખવવાની એક શાળા હતી. એણે મોંઘાં [illegible] આપી ચિત્રકારો પાસે ચિત્રો દોરાવ્યાં હતાં.

એવા રાવ લખપતજી–કચ્છના ભોજ–ને કાને ર[illegible] સિંહ માલમની કથા ઉડતી ઉડતી આવી. એક પાલ[illegible] એક અમલદાર ને પાંચ ચોકીદારો મોકલી એણે [illegible] સાહસિક ખલાસીને પોતાના રાજ્યમાં નોતર્યો. પો[illegible]

મહેલમાં ઉતારો આપ્યો. મીનાકારી કામના એના નમ[illegible]
અને હુન્નરમાં એનું પારંગતપણું જોઈને રાવ લખ[illegible]
રામસિંહને એ મીનાકારી કામને કચ્છમાં ઉતારવ[illegible]
તજવીજ કરવા માટે રાખ્યો. રાજમહેલના નીચેના [illegible]
ઓરડામાં ભૂજના સોનીઓને રોજ બપોરે બોલાવવા[illegible]
આવતા. ત્યાં રામસિંહે એમને મીણો કેમ બનાવ[illegible]
ચાંદી ઉપર કોતરકામ ને નકશી કેમ કરવાં, એ નક[illegible]
કરવા માટેનાં ઓજારો કેમ તૈયાર કરવાં, એ નકશી[illegible]
મીણો કેમ પૂરવો–એ બધુંયે સમજાવવા માંડ્યું રા[illegible]
મહેલના ઓરડામાં જ બેસતી આ અજોડ હુન્નરશાળ[illegible]
માં દરેક સોનીને અને એના પચીસ વર્ષ ઉપરના પુત્રો[illegible]
ફરજીઆત હાજરી આપવી પડતી. રામસિંહ માલમ[illegible]
એ પ્રયાસોનાં મૂળ એટલાં ઊંડાં ગયાં છે કે આજ પ[illegible]
'કચ્છ વર્કસ' ને નામે મશહૂર બનેલું કચ્છી મીનાકા[illegible]
અને નકશીકામ સારા હિંદમાં તો શું પણ યુરોપ અ[illegible]
અમેરિકામાં પણ સત્કાર પામે છે.

રાવ લખપત જેવા વિદ્યાશોખીન રાજાને દેવજી
ઠક્કર નામે એક અતિ વિચક્ષણ દિવાન સાંપડ્યો હતો.
એ દેવજી મીનાકારીના હુન્નરની સ્થાપનાના ફાયદા પૂરા
સમજી શક્યો હતો. જેને એના રાજા એક શોખ સમજતા
હતા તેમાં એ કુશળ દિવાને [illegible]
[illegible]
[illegible]
[illegible]

એ આવ્યો ત્યારે તો દેવજી દિવાન તો સ્થાનભ્રષ્ટ થયો હતો. રાવ લખપતનો વિદ્યાશોખ એની જલોદરની આજારીમાં ચૂસાઈ ગયો હતો. પણ રામસિંહે એથી નિરાશ નહિ બનતાં કાચનું કામ શીખવવા માટેની એક શાળા કાઢી. એમાં થોડા કારીગરો તયાર કર્યા. પછી કાચનું કારખાનું સ્થાપ્યું. ભૂજ પાસેના માધાપુર ગામમાં એ કારખાનું સ્થપાયેલું. ત્યાં દરિયાની ઝીણી રેતીમાંથી એ કાચ બનાવતો ને રોગગ્રસ્ત રાજવી લખપતે માંડવી બંદરની રેતી કાચ બનાવવા સિવાય અન્ય કોઈ કામ માટે ન ઉપાડવી એવી છેલ્લી છેલ્લી આજ્ઞા આપી હતી.

આજ કચ્છમાં બસો વર્ષની હયાતી ભોગવ્યા પછી એ કાચનો ઉદ્યોગ તો પડી ભાંગ્યો છે, પણ માંડવી બંદરમાંથી કોઈએ રેતી ન ઉપાડવી એવો રાજ્યનો હુકમ કચ્છને એક વાર મુલકમશહૂર કરનાર એ ઉદ્યોગ અને ઉદ્યોગના આદ્ય સ્થાપક રામસિંહના શુષ્ક સ્મારક જેવો હજીયે ઉભો છે. આજે તો એક વખતના ધીકતા કાચના ઉદ્યોગનો કચ્છમાં એટલોજ અવશેષ રહ્યો છે કે ‘ કોઈએ માંડવી બંદરમાંથી રેતી ઉપાડવી નહિ !’

ને ફરીને એક વાર આ વાઘેલો ખલાસી પોતાને જ ખર્ચે યુરોપમાં ઉપડે છે. આ વખતે તે સ્વિટઝરલૅન્ડ અને ફ્રાન્સના ઉત્તરપરગણાંઓમાં જાય છે. ત્યાંથી મજૂરજીવન જીવીને એ ઘડિયાળો, તોપો અને બંદુકો બનનાવવાનું કામ શીખી આવે છે. વતનમાં પાછો આવીને એને પણ કચ્છમાં ઉતારે છે. એક વાર કચ્છી ઘડિયાળો એની મજબૂતાઈ ને વિશ્વાસપાત્ર ને માટે આખા હિંદમાં મશહૂર હતાં.

સાપ ગયા ને લીસોટા રહ્યા.

આજે તો કચ્છમાં રામસિંહ માલમના સ્થાપેલા ઉદ્યોગમાંથી માત્ર મીનાકારી ને નકશીકામનો જ ઉદ્યોગ હયાત છે. ને છે એટલોયે એ ઉદ્યોગ હવે પગ કરી રહ્યો છે.

આ મુલ્કમશહૂર 'કચ્છ વર્ક્સ' ના કારીગર સોનીઓ હમણાંહમણાં કચ્છ છોડી અમદાવાદ, વડોદરા, મુંબાઇ, કલકત્તા, દિલ્હી વગેરેમાં જ ઇવસ્યા છે. એવી રીતે બહાર ગયેલા કોઇ કારીગરો એ હુન્નરનો એ કારીગરીનો પ્રચાર કરે, જ્યાં જાય છે—જ્યાં વસે છે ત્યાં એ શીખવે, ત્યાંના એ કારીગરોમાં એ હુન્નરનાં શોખની જમાવટ કરે તો જ રામસિંહ માલમનું ઋણ તેઓ સારી રીતે અદા કરી શકે.

આવો ઉદ્યોગશોખીન, કલાપ્રેમી ને સૌરાષ્ટ્રને હુન્નરઉદ્યોગ વડે આબાદ કરવાની ઝંખના ધરતો એ ખલાસીવીર, એ ઉદ્યોગવીર સાહસિક કાઠિયાવાડનો જન્મ બેટ દ્વારકામાં ઇ. સ. ૧૭૨૧ ના અરસામાં થએલો. એનું અવસાન કચ્છ મુંદ્રામાં ઇ. સ. ૧૭૭૩ માં થયેલું. દુર્ભાગ્યની વાત એ છે કે, આવા એક બહાદુર બિરાદરના કુટુંબ વિષે તેમજ તેના જન્મમરણની તિથિ વિષે કોઇ સાહિત્ય નથી મળતું.

("ફૂલછાબ" ના એક અંકમાંથી)



२६–मींढोळबंधा दलाभाई

(લેખકઃ-શ્રી. ધીરસિંહ વ્હેરાભાઇ ગોહિલ)

(૧)

પરણ્યાની રાત પસાર થઇ. દંપતી પોતાનાં ભાવી ખને માટે કંઇ કંઇ આશાની ઇમારતો ચણતાં હતાં. થમ રાત્રિએજ બંનેના પ્રેમનો અકાટ્ય પ્રવાહ શરૂ યો હતો.

નવલ દંપતીનાં હાથનાં મીંઢોળ હજી છૂટ્યાં નહોતાં; ાજે સાંજે ઇષ્ટદેવ સમક્ષ છૂટવાનાં હતાં.

લગ્નની રાત્રિ, એટલે આખી રાત્રિનું જાગરણ, અ-ારા સુખનો અનુભવ; અપરિચિત હૈયાની પહેલવહેલી ોળખાણ; જીંદગીના જોડાણની સુયોગ્ય સંધિ, સુખી યા ઃખી સંસારનો એકમાત્ર અવસર.

લીલા રંગનો તમાલ (સુરવાલ), કેસરી ઘેરદાર ાઘો, તેના ઉપર બેટ, માથે કેસરી ફેંટો, કેડે તલવાર, ેટમાં જમૈયો અને ગળે ઢાલ. આ રીતે વરરાજા ડાય-ામાં આવ્યા. વરનો કસુંબો હોવાથી અને લગ્નની દાત લગ્નનું દાન) દેવાનો સમય થઈ ગયો હોવાથી ડાયરો ભેકડો થયો હતો.

ડાયરાની એક તરફ લંઘાઓ બેસી શરણાઇઓમાંથી સંધુડા રાગ ખેંચતા હતા અને લગ્નમાં આવેલા ચારણો ીરરસની કવિતા બોલી, શ્રોતાઓને વીરરસનું પાન ાતા હતા.

"જીંદગીમાં કોઈ પણ અમૂલ્ય લહાવ હોય તો તે વરરાજા થવાનો અને તે એક જ વખત હોય છે." ડાયરામાં બેઠેલા પાનાચંદ શેઠે વરરાજા સામે જોઇને કહ્યું.

"શેઠ ! વાત ખરી છે; પણ જીંદગીમાં એક જ વખત વરરાજા થવું તે બીજાને માટે. રાજપૂતને એવા બે પ્રસંગ છે." માનભાઈ ગઢવીએ પોતાનો અભિપ્રાય આપ્યો.

"બે વખત ! અને તે રાજપૂતોને જ ? એક વખત તો જાણે સમજ્યા કે જ્યારે લગ્ન થાય ત્યારે વરરાજા બને અને તેનો પોશાક પહેરે ત્યારે; પણ બીજી વખત ક્યારે ?" પાનાચંદ શેઠે કાંઈક આશ્ચર્ય અને અજાણ-પણા સાથે પ્રશ્ન કર્યો.

"હા, બે વખત. એક વખત વરરાજા બને તેમાં વધારે મહત્ત્વ નથી. ખરૂં મહત્ત્વ તો બીજી વખત વર-રાજા બનવામાં છે. તેમાંજ મર્દની મર્દાઇ છે અને જીંદ-ગીનો અમૂલ્ય લહાવો છે; સમજ્યા શેઠ !" માનભાઈ ગઢવીએ વાતમાં રસ રેડતાં જિજ્ઞાસા વધારતાં કહ્યું.

"આવા કોયડા અમારાથી ન ઉકલે, કહો તો મોટા મોટા હિસાબ ને હિસાબ કરી દઈએ; પણ આવા કોય-ડામાં અમારું કામ નહિ. કહો તો ખરા કે બીજી વખતે વરરાજા ક્યારે થવાય છે ?" પાનાચંદ શેઠે પોતાની જિજ્ઞાસા તૃપ્ત કરવા કહ્યું.

" [illegible]

"હા, એવી વાતો તો ઘણી સાંભળી છે. જ્યારે રાજપૂતો કેસરિયાં કરે છે ત્યારે લગ્ન વખતના જેવોજ પોશાક પહેરે છે. મને ઘણા દિવસથી વિચાર થતો હતો કે, મરવા જવામાં વરના જેવો પોશાક કેમ પહેરતા હશે ? આજે તમે ઠીક સમજાવ્યું. પરંતુ હે કવિરાજ ! લગ્ન વખતનો પોશાક પહેર્યો હોય, હાથે મીંઢળ બાંધ્યું હોય એ વખતે રણસંગ્રામમાં જવાનું શી રીતે બનતું હશે ? શું આવે વખતે મરવા જવાનું યોગ્ય ગણાય ?" પાનાચંદ શેઠે શંકા કરી.

"શેઠ ! તમે ન સમજ્યા ! રાજપૂતનું જીવન પોતાના સંસારસુખને માટે હોતું નથી, પણ પ્રજાના સુખને માટે જ હોવું જોઈએ. પોતાના સુખને ત્યજીને પ્રજાનું રક્ષણ કરે, તેના માટે પ્રાણ આપે તેજ સાચો રાજપૂત ગણાય; બીજા તો નામના જ. જે ખરા રાજપૂત હોય તે તો આ ગીત પ્રમાણે વર્તે:

પલા ઝાટકે કોક દી વેર કરવા પડે, નાળ ગોળા તણો પાર નાવે;
જે સમે ગીધડું ધાય ને શકરૂં જમે, એ સમે ધાયે રજપુત આવે.
કેશરી સિંહ ને બીજો રજપૂત કળ, હૈયેથી ન કે કો દિ હારે;
ભરે આઘાત કે ન કે પાછા ભરે, મરે કાં વેદના બાણુ મારે.
ડગે અસમાણુ તો ભુજબળે ટેકા દીએ, જમીનો પીઠ ભુજબળે જાકે;
પંડ ગરમેર ને ગરમેર જેવા પંખા, પટાળા નવહથા જોધ પાકે.
પટાવત કાવ્ય તણા કરે બમણા પટા, જાણતલ ક્ષત્રવટ તણા જાદુ;
ખાગ અને તાગ ક્ષત્રવટ બાંધે ખવે, એહ રજપૂતરો ધરમ આદુ.

"માટે શેઠ ! રાજપૂતોનો ધર્મ તો એવો છે." માનભાઇ ગઢવીએ પોતાની ભાષામાં રાજપૂતનો ધર્મ દર્શાવતું ગીત કહી સંભળાવ્યું.

કવિરાજે વીરરસની રેલ ચઢાવી. સાંભળનારાનાં રૂંવાડાં ઊભાં થયાં અને એક ઘડીભર તો ખાંડાના ખેલ ખેલવાના કોડ થઈ આવ્યા.

(૨)

ઢ્રીબાંગ, ઢ્રીબાંગ, ઢ્રીબાંગ બુંગીઓ ઢોલ થયો. થોરડી ગામની દુકાનો ધડોધડ બંધ થઇ. ગામનાં માણસો ટોળે મળીને વિચાર કરવા લાગ્યાં:—

ગામધણી આજે ભાવનગર ગયા છે, અહીં 'આકડે મધ ને માખિયું વિનાનું' છે, તેથીજ આજે આપણા ગામનાં ધણ(ગાયો)ને કાઠીઓ આવીને હરણ કરી જાય છે. ગામમાંથી કોઇ પાછળ ચઢે તેવું નથી."

" અલ્યા ગોકળી ! કેટલા ઘોડા છે ? કેવી રીતે ગાયો વાળિયું ? " એકઠા મળેલા ગામના માણસોમાંથી એક જણે ભરવાડને પ્રશ્ન પૂછયો.

"અરે ભાઇ ! શું વાત કરૂં ! કાઠીના ઘોડા દશબાર છે. બધાની પાસે ભાલા, તલવારો ને બંદુકો છે. અમે ચારે જણા નિરાંત કરીને બેઠા હતા ત્યાં કાઠીઓના ઘોડા નજીક આવ્યા. પ્રથમ તો અમને ગવેહ (વહેમ) થયો નહિ. અમે ઉભા થયા તેવામાં અમારી નજીક આવ્યા. તેમાંથી ચાર જણાએ અમારી પાસે આવી છાતી સામે ભાલા તાકયા અને કહ્યું કે, જો અહીંથી ડગલું પણ ખસશો તો આ ભાલાથી વીંધી નાખીશું." ગભરાયેલ અવાજે ભરવાડે વાતની શરૂઆત કરી.

[illegible]

[illegible]

[illegible]

"અરેરે ! આજે આપણા [illegible]
વગડો ! રાત્રે પણ ઊંઘ [illegible] ? [illegible]
ભિખારિયું જૂથ્યું, નરસિંહ [illegible]
હશે. આમ નરક આવવા આગાઉ લોક ફરતી હશે [illegible]
દયા વિનાના ગોવાળો કાંઈ માર મારતા હશે, [illegible]
વતા હશે. અત્યારે આપણે કયા આયું ? કયા લઈ [illegible]
પોતાનાં વહાલાં બાળકો વાછરડાં ને હવે મિલાપ [illegible]
કે નહિ ? આવી રીતે જાનવાન થયેલી, આંખોમાંથી [illegible]
રણ-આંસુ-સારતી, દુઃખી થતી હશે. અત્યારે કોણ [illegible]
વહાર કરે ? ગામધણી હાજર નથી. જો હાજર [illegible]
તો ગાયો હેરાન થાત નહિ." માણસોના ટોળાંમાં
એક મનુષ્યે બળાપો કાઢતાં કહ્યું.

"પણ હવે કાંઈ ઉપાય ? આપણું આપણું
છાઈએ. ગાયો લેવાવાળા કૂતરા બાબર જણા છે. આ
માલ હરાઇ જાય અને આપણું રોઈને બેસી રહીએ
ઠીક નહિ. આપણું લડી ના શકીએ, પણ લડવાવા

સહાય મેળવીએ.” મનુષ્યોના ટોળામાંથી એક જણે દરખાસ્ત કરી.

“ કાઠીઓને પહોંચી વળે, ગાયોની વહાર કરે, તેવા ઉખલ્લામાં દલાભાઇ છે. માટે તેમની સહાય માગીએ.” બીજાએ ટેકો આપતાં સહાય કરનારનું નામ સૂચવ્યું.

“દલાભાઈ તો હજી આ રાત્રે જ પરણ્યા છે. હજી મીંઢોળ છૂટયાં નથી. માટે ગાયોની પાછળ ચઢીને જીવ જોખમમાં નાખશે ? ” ત્રીજા માણસે શંકાને આગળ ધરી.

“ આજે પરણ્યા તેથી થયું ? રાજપૂત કદી જીવનનો મોહ રાખે નહિ, અને રાખે તે રાજપૂત જ નહિ. કવિએ કહ્યું છે:—

હાકલે ભીડી હામ, ઉપ પલાણો દોડતો;
એ રજપૂતી નામ, સાચું સોરઠીઓ ભણે.

જ્યારે હાકલ પડે ત્યારે હિંમતથી ઘોડા ઉપર પલાણ નાખ્યા વિના બીજાના રક્ષણ માટે દોડી પહોંચે એનું નામ જ રાજપૂત છે. માટે જરૂર દલાભાઇ ! મદદ કરશે. ” એક ચારણે ખાત્રી આપતાં કહ્યું.

(૩)

[illegible]

[illegible]

[illegible]

"[illegible] સાચું કહ્યું. [illegible] એક ઘોડીઓ અને એક [illegible] [illegible] આપણા પાંચીઆને હુકમ કરવા [illegible]

પાંચીઆએ ઘોડીઓ લાવી ઊભી રાખી. દલાભાઈ [illegible], માથેથી પાઘડી ઉતારી, તરવારને કેડે ખોસી, ઢાલ પીઠે બાંધી, જેવા બહાર પડવા જતા હતા તેવા જ સ્વાર અંદર નીકળ્યો. [illegible] નીચી કરી તેમની ઘોડેસ્વારે દલાભાઈને [illegible].

શેઠે ફર દુકાનમાં પાનાચંદ શેઠ બેઠા હતા તેની દૃષ્ટિ ઉતાવળે આવનાર ઘોડેસ્વાર ઉપર [illegible] ખડકી પાસે આવીને સ્વાર નીચે ઊતર્યો અને [illegible] ખડકીની અંદર લીધો, એટલે પાનાચંદ શેઠ પણ તેની પાસે આવ્યા.

"કેમ [illegible]ભાઈ! આમ ઉતાવળા [illegible]

ક્યાંથી? શું વાર બાર ખેંચવી છે કે?" પાનાચંદ શેઠે હસતાં હસતાં કહ્યું.

"હા શેઠ! આજે તો ખરેખરી વાર ખેંચવાની છે, તેથીજ વાર ખેંચે તેવાને તેડવા આવ્યો છું." માણસુર ભાઈ આટલું કહીને દલાભાઈ સૂતા હતા તે ઓસરી તરફ વળ્યો.

"ઓહોહો! માણસુરભાઈ! તમે ક્યાંથી?" દલાભાઈ ઉભા થતા બોલ્યા.

ખળહળ ઉઠ્યા ખીર, ગેમલ આંગળીએ ગોહિલ;
શોપાણાં આપ શરીર, પંડ પરાયા પોપવા.

ચારણ રાજપૂતને મળે ત્યારે તેમનાં વડિલોનાં ગુણગાનનો દુહો બોલીને મળે છે તે શીરસ્તા પ્રમાણે માણસુરભાઇએ પણ પ્રસંગને અનુસરતો દલાભાઈ ગોહિલના વડવા ગેમલજી ગોહિલે બીજાના પર ઉપકાર કરવા શરીર શોપવ્યું હતું તે બીના બતાવતો દુહો કહીને મળ્યા. દલાભાઇએ જાણ્યું કે માણસુરભાઈ લગ્નપ્રસંગ ઉપર તેમને દાત દેવા આવ્યા છે.

"શેઠ! એક ઢાલણી મંગાવો. માણસુરભાઈ જરા પાહાહાળ કરો. મોડા કેમ આવ્યા?" દલાભાઇએ વિવેક

થાય. આજે તારા એ રાજપૂત ધર્મની કસોટી છે. માટે ઉભો થા, અને તારી રાજપૂતીનાં તેજ ચમકાવ." માણસુરભાઈએ કર્તવ્યનું ભાન કરાવતાં દલાભાઈને કહ્યું.

"જરા બેસો, જરીક નિરાંતવા થાઓ અને પછી વાત કરો. હું કાંઈ સમજતો નથી." દલાભાઈએ વાત જાણવાની જિજ્ઞાસાથી કહ્યું.

" અત્યારે બેસવાનો સમય નથી. ધારડી ગામની ગાયો વાળીને ગોવાળીઆ કાઠી ચાલ્યા જાય છે. ગાયોની વ્હાર કરે તેવું અત્યારે ગામમાં કોઈ નથી. તારામાં રાજપૂતવટે આંટો લીધો છે, માટીના બે બાચકા છો; માટે તારી પાસે આવ્યો છું. તારો ધર્મ સંભાળ અને ગાયોની વહાર કર." માણસુરભાઈએ પોતાના આવવાનો હેતુ કહ્યો. દલાભાઈ તુરત ઉભા થયા, માથે પાઘડી મૂકી અને ભેટ બાંધવા લાગ્યા. ઢાલ તલવાર લઈને જવાને તૈયાર થયા.

"દલાભાઈ! અત્યારે મોટાભાઈ આગાભાઈ ઘેર નથી; ખોખરા ગયા છે. તમે હજી રાત્રે જ પરણ્યા છો, માટે તમારે આવું સાહસ કરવું નહિ. કયાં આપણા ગામની ગાયો હરાઈ છે! પારકા ગામની પંચાત શી?" પાનાચંદ શેઠે પોતાનો અભિપ્રાય આપ્યો.

"શેઠ! એમાં તમે કાંઈ ન જાણો. પારકું એ જ પોતાનું. અમારો રાજપૂત ધર્મ કહે છે કે, ગાયોનું રક્ષણ કરવું, અત્યાચારીઓને શિક્ષા કરવી, જુલ્મીઓના જાન લેવા અને નિર્બળનો પક્ષ કરવો. ગમે તેની પણ ગાય તો ખરી ને? બીજાની પણ રૈયત ગણાય ને! જ્યારે ખબર થાય કે પ્રજાના જાનમાલ લૂંટાય છે ત્યારે દોડી પહોંચવું અને મારવું કે મરવું એ અમારો ધર્મ. લગ્નનાં સુખ કરતાં યુદ્ધનું સુખ અનેરું છે." દલાભાઈએ પોતાનો ધર્મ કહી સંભળાવ્યો.

પાનાચંદ શેઠે વિચાર કર્યો કે " દલાભાઈ મારા કહેવાથી રોકાશે નહિ. કાઠીઓ સામે જતાં જરૂર જીવથી

જાશે અને અગા ભાઈ આવશે ત્યારે મને ઠપકો આપશે." આમ વિચારી ખડકીનું કમાડ બંધ કર્યું અને દલાભાઇને અંદર પૂર્યા.

"શેઠ ! શેઠ ! ! તમે આ શું કરો છો ? મારું મોત બગાડો નહિ. ગાયો હરાયાના ખબર મળ્યા ને હું વ્હારે ન ચઢું તો દુનિયામાં મોઢું દેખાડી શકું નહિ ! પછી તો જીવતાં મુવા જેવોજ ગણાઉં ! મને જીવનનો મોહ નથી, સંસારસુખની વાંચ્છના નથી. મને તો મારો ધર્મ સાચવવાની જ એક માત્ર તાલાવેલી છે; માટે કમાડ ખોલો, મને જાવા દ્યો, મોડું થાય છે." દલાભાઇએ પાનાચંદ શેઠને સમજાવાનો પ્રયાસ કર્યો.

"હે વડા ભડ ! આમ સિંહ પાંજરે પૂરાયો રહેશે ? કિલ્લાના દરવાજા તોડવા જેને મન રમત વાત છે તેને આવાં કમાડ શું કરવાના હતાં ? વળી–

> શિર રાખે શિર જાત હે, શિર કાટે શિર હોય;
> જેસી બાતી દીપકી, કટી ઉજિયારા હોય.

"અત્યારે અવસર છે; માટે શું જોઇ રહ્યા છો ? કમાડને એક પાટુ મારી પાટિયાં જુદાં કર." માણસુરભાઇએ બિરદાવ્યો.

શૌર્યનાં પાણી ઝગલાં ભરી, દલાભાઇએ દોડીને પાટુ માર્યું કે તુરતજ કમાડનાં પાટીયાં ભાંગી ગયાં અને

જોઈએ, મારે જવું જ." દલાભાઈએ ખુલાસો કર્યો.

"દલાભાઈ ! તને ખબર છે ને કે તું કોનું દૂધ પાવ્યો છે ? અત્યારે મારી કૂખ ઉજાળવાનો વખત છે. જોજે, બાઈડીના મોહમાં પડીને પાછો આવતો નહિ, અને મને લજવતો નહિ." દલાભાઈનાં વીર માતુશ્રીએ વીરતા પ્રેરતા કહ્યું.

"માતા ! મરવું કે જીવવું, એ વિધિને હાથ છે. હું મરીશ પણ ગાયેને તો લઈ જવા નહિ જ દઉં, તેમ દુશ્મનને પીઠ નહિ બતાવું, તેની ખાત્રી રાખજો. મોટાભાઈ ખોખરે ગયા છે, એઓ આવે તો પાછળ મોકલજો." દલાભાઈએ ખાત્રી આપતાં ભલામણ કરી.

હથિયારો બાંધી દલાભાઈ ઘોડેસ્વાર થયા અને કાઠીઓ કઈ તરફ ગયા છે તેવા પ્રશ્નના જવાબમાં ભડી ગામ તરફ જવાનો જવાબ મળતાં એકલે ઘોડે તે તરફ રવાના થયા.

(૪)

દલાભાઈના દિલમાંથી સંસારનો મોહ આ વખતે અળગો થયો હતો. સગાંસંબંધીઓને છોડી દીધાં હતાં. નવપરિણિતાનો સંકલ્પ સરખો પણ ન હતો. એક જ તાલાવેલી અને તે ગાયોના રક્ષણની !

ભડી ગામે બોરડીવાળી વાડી આગળ કાઠીઓ સાથે ભેટો થયો. એકલે ઘોડે દલાભાઈને આવેલા જોઈ કાઠીનો મુખ્ય માણસ આગળ આવ્યો અને બોલ્યો કે "દલાભાઈ ! પાછો જા, પાછો જા. હજી તો કાલેજ પરણ્યો છે. આમ જો, અમે બાર જણા છીએ અને તું એકલો છે. ઘેર આશાભરી બેઠી છે તે રાંડી બેસશે !"

"હવે માટી થા માટી ! મરદોના માલ માથા સાટે હોય છે. બિચારિયું ગાવડિયુંને દુઃખી કરીને, તેનાં વાછરડાંનો વછોડ (વિયોગ) પડાવીને લઈ જાછ; પણ અમો જ્યાં સુધી જીવતા હોઈએ ત્યાંસુધી ગાયનો એક કાન સરખો

પણ નજરે જોઇ શકો નહિ. ” દલાભાઇએ જવાબ આપતાં દૃઢતા દર્શાવી.

“ અરે દલાભાઇ ! અમે તારા ગામને તો તારવીએ છીએ. કોઈ દિવસ તારા ગામના શિમાડામાં પગ પણ દેતા નથી. તું મર્દ છો તે અમે સારી પેઠે જાણીએ છીએ. માટે મર્દની સાથે તો મેળ રાખવા માગીએ છીએ. તેમાં તું આજે મીંઢાળબંધો આડેથી આવીને વઢવાડ વહોરી લે છે. હજી તને કઈ છઈ કે, પાછો જા અને પરણીતાનું એવાતણ સાચવ. આટલા બધામાં ગોત્યો હાથ નહિ આવે અને લુવો લુવો થઈ જઈશ સમજ્યો ને ! ” કાઠીએ પાછા જવા માટે આગ્રહ કર્યો.

“એ બધી તારી શેખી જવા દે. રણચઢયો રાજપૂત શત્રુને જીત્યા વિના અગર પ્રાણ આપ્યા વિના પીઠ બતાવી પાછો ગયો કદી સાંભળ્યો છે ? ગાયોનું રક્ષણ કરવું તે રાજપૂતનો પરમધર્મ છે અને ધર્મને માટે પ્રાણ આપવા તેજ ખરો જીંદગીનો લહાવો છે. રાજપૂતનું જીવન સુખ-વૈભવ ભોગવવા માટે નહિ, પણ બીજાના રક્ષણ માટેજ હોય છે. આજે આવો મોકો મને મળ્યો તે મારાં સદ્ભાગ્ય છે. આજે લડતાં મરીશ તો સ્વર્ગ મળશે અને તમને બધાને જીતીશ તો કીર્તિ મળશે. માટે હવે વધુ વખત તારી સાથે વાત કરવા માગતો નથી. ” દલાભાઈએ પોતાનો નિશ્ચય કહી સંભળાવ્યો.

[illegible]

“ દલાભાઈએ દાટ વાળ્યો, હવે ક્યાંઈ પણ મેળવી, [illegible] હવે જીવતો જાવા ન પામે.” આવી રીતે કાઠિઓના આગેવાને હુંકાર કરતા.

એટલામાં તે [illegible] આવી, આવીને છૂટી કરી. આ બનાવે કાઠિઓના કોપની અવધિ થઈ. દશ [illegible] સ્વાર બાકી હતા તેમણે વિચાર કર્યો કે “ જો હવે જરા પણ બેદરકાર રહેશું તો આપણને વીણી વીણીને લેશે.”

‘ હાં....હવે શું જુઓ છો ?’ કાઠીના આગેવાને પડકાર કર્યો. હવે પાછા દલાભાઈની ફરતા ફરી વળ્યા અને ચારે તરફથી હલ્લો કર્યો. એકીસાથે દલાભાઈ ઉપર દશ તલવારના ઘા પડતાં તે ઘા કેટલાક ઢાલ ઉપર તો કેટલાક શરીર ઉપર ઝીલતાં પોતાના ઉપર પડતા ઘાની દરકાર કર્યા વિના સામા ઘા કરતા આવી રીતે બે ઘટિકાપર્યંત ખાંડાના ખેલ ખેલ્યા.

હજી પોતાનો વડીઓ લેવાની હામ પૂરી થઈ નહોતી. કાઠીઓના આગેવાનને જ્યાંસુધી યમસદન પહોંચાડે નહિ ત્યાં સુધી પોતાના આત્માને શાન્તિ થાય તેમ નહોતી. માથા ઉપર ઝાટકાની ઝાપટ વર્ષતી હતી, શરીર ઘાથી ચકચૂર થઈ ગયું હતું, આખું શરીર શોણિતથી અંઘોળાઇ ગયું હતું, છતાં શત્રુને સંહારવાની આકાંક્ષા અપૂર્ણજ હતી.

જીવનની આશા છોડી દીધી. કાઠીના આગેવાન તરફ ઘોડાને ચલાવ્યો. "મારો ! મારો !" આવા પોકારો પાછળ થયા છતાં નજીક ગયો. પોતાના આગેવાનના હમણાં જ પ્રાણ લેશે તેમ વિચારી એક કાઠીએ પાછળથી એવા જોરથી ભાલાનો ઘા કર્યો કે શરીર વીંધીને અરધું બહાર નીકળ્યું.

શરીર ઉપર ઝાટકાના ઘા પૂરા હતા તેમાં અચાનક પીઠ પાછળથી ઘા કરી ભાલો આરપાર કાઢયો; તેથી ઘડીભર આંખે અંધારાં આવ્યાં. ઘોડા ઉપરથી નીચે પડી જવાશે તેમ થઇ આવ્યું; પણ પોતે મરે અને પોતાનો વડીઓ જીવતો રહે તો આત્માને અસુરગતિ થાય. એવો વિચાર આવતાં નવું બળ આવ્યું. તલવારનો ઘા એટલા બળથી કર્યો કે આંખો નીકળી ગઇ, પણ કાઠીના આગેવાનના ખભા ઉપર એવા જોરથી ઘા પડયો કે જનોઇવઢ તરવાર આરપાર ગઈ. એક હાથ અને માથું જુદાં થઇ પડયાં, તેની નજીકમાં જ ઘોડા ઉપરથી ઉછળીને દલાભાઇ પડયા.

મામલો ખતમ. ગાયોનો રક્ષણહાર ત્રણને મારી બીજાને ઘાયલ કરી, સંસારસુખને ઠોકરે મારી, ચિરશાંતિમાં સૂતો અને *ઉખલલા ગામે એક મર્દ ગુમાવ્યો.

(તા. ૮-૧૧-૧૯૩૧ ના "ગુજરાતી"ના દીપોત્સવી અંકમાંથી)

'ત્યારે [illegible] [illegible] [illegible] [illegible] છે કે ?'

'ના ભાઈ, એ યે નહિ.'

'ત્યારે કોણ [illegible] [illegible] ન હિંમ ?'

'ના, ભાઈ અમે તો [illegible], [illegible].'

'ત્યારે પ્રેમચંદભાઈ ?'

'એ વળી કોણ ભાઈ. એ તો [illegible] [illegible]. અમે તો ભાઈ [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] ઘરનાં [illegible] [illegible] ન [illegible].'

એમ આવનાર બાઈઓ નમાયું અને દયામણું મોઢું કરી [illegible] છે, પરદેશીને પોતાની વનિતાની આશાની વેદના રેડે [illegible] [illegible] છે. નહિ પરદેશીને કોની [illegible] વહાલ યાદ આવે છે. પોતાની [illegible] [illegible] [illegible] [illegible] યાદદાસ્તને ભૂલી ગયું કે [illegible] [illegible] [illegible] [illegible] રોય એમ પૂછે છે:

'તે બહેન ! કેટલાં વરસ થયાં ગયે, તારા ભાઈને ?'

'વરસ તો બાઈ આજકાલ કરતાં પંદર થયાં. ત્યાંરીમાંથી ઉઠીને આવ્યા છે તે હવે નગીણામાં હશે ત્યારે આવશે !'

'કાંઈ ખબરઅંતર નથી ? કાંઈ વાવડ ન મળે ?'

'ના રે બાઈ' નિસાસાનાં આંસુ સારતી બાઈ જવાબ પે છે: 'કાગળની કટકીયે નહિ.'

'હશે બહેન ! રત્નાકર તો દેવ છે. કોઈને ય લાંબું ન રાખે; કાલ આવશે.'

'તમારા મોંમાં સાકર બાઈ ! પણ તમે જરા જોતા રહેશો ?'

'અરે એમાં શું બહેન ! જાણું કેવોક છે, એ જરા

કહેશો બહેન ?’

બાઇ નીચે નજર નાખી ભોંય ખોતરવા માંડે છે: ‘વાને ગોરા છે એટલું જાણું છું. બાકી તો મેં એને નીરખીને નથી જોયા.’

‘શું કહો છો બહેન ? સાવ તે એમ હોય !’

‘મારૂં તો એવું છે ભાઈ, આઠ વરસની હું પરણી ને એની ઉંમર સોળ વરસની. પછી એમના બાપે નવી કરી ને એ જુદું ઘર માંડવા માટે કમાણી કરવા પરદેશની એક સફર કરવા ઉપડી ગયા. હું એમનું ઘર માંડવા જેવી થાઉં તેટલામાં તો એ પાછાય ફરવાના હતા; હજી આવે જ છે.’

સાંભળનારનાં નેણ આ સામે નીચાં ઢળી જાય છે. સમુદ્રની સફર ખેડનારાઓ સ્વભાવે દિલાવર હોય છે. સમુદ્રનાં પાણી જેમ આકાશના રંગ પકડે છે, તેમ તેઓ પણ ઊર્મિઓના રંગે રંગાય છે, એ શ્રદ્ધાળુ હોય છે, એ આશ્વાસન દે છે:

‘હું જઇશ નવી સફરે, ત્યારે જરૂર ભાળ લઇ આવીશ. બાકી તો બહેન ! વારાફેરા છે. આજનું દુઃખ તો કાલનું સુખ.’

‘હું ય એ કાલની આશા ઉપર જ જીવું છું.’

સ્રીધનના નાના નાના દાગીના વટાવતી. જમનાદાસ તો પરણીને પરદેશ વેઠવા ગયેલો ને પુત્રને પરણાવ્યા પછી બાપ પોતે પણ પરણ્યો. ઘરમાં નવી સાસુ આવી, ને એણે શોક્યની ‘છપ્પરપગી’ પુત્રવધૂથી ઘરનું આંગણું યે ન અભડાવ્યું.

નાથીબાઈ બંદરકાંઠે જાય છે ને નિત્ય નિત્ય નવા નવા મરદો જોડે વાતો કરે છે, એ વાત ગામમાં ફેલાઈ ગઈ. આખરે એક દિવસે નાથીબાઈની નવી સાસુ સાથે-ના ઝઘડામાં એની માને કાને ય આ વાત આવી. માનું મોઢું ઝંખવાઈ ગયું. એણે દિકરીને ઠપકો દીધો, મેણાં દીધાં. બે દિવસ મા-દીકરીએ ખાધું નહિ. નાથીબાઈ હવે પરણ્યાની પૂછપરછ કરવા છાનીમાની જવા લાગી. ધણીની ભાળ મેળવવામાંયે એને લોકલાજ આડી આવી.

આમ ને આમ દિવસો વીતતા ગયા ને મહિના-ઓય ગયા ને વરસોય વીત્યાં. જમનાદાસને આંબુ ગયે પંદર વરસ વીતી ગયાં; ન કાંઇ સમાચાર આવ્યા ને ન કાંઈ એની ભાળ મળી.

પછી તો આશા ખૂટી ને ધીરજ ખૂટી. શ્રદ્ધા ખૂટી, નયનમાંનાં નીર સૂકાઇ ગયાં. જીવનનાં વહેન થીજી ગયાં. મા-દીકરીના દુઃખિયારા જીવ જીવનનાં રણ, આશાની ભૂખ ને ઊર્મિઓની તરસ સહેતાં કાપવા લાગ્યાં.

એકાએક એક દિવસ એક મીઠી વીરડી પ્રગટી નીકળી. એક દિવસે સવારના પહોરમાં એક વાઘેર, નાથી-બાઇનું ઘર પૂછતો આવ્યો: ‘કાં બહેન! હમણાં તું નથી આવતી કાંઠે ? બે દિ’ તારી રાહ જોઈ. ન આવી એટલે હું આવ્યો.’

નાથીબાઇએ વાઘેર સામે જોયું. પતિની ભાળ મેળ-વવાની પૂરાં પાંચ વર્ષની તિતિક્ષામાં એણે આ વાઘેરને સાત આઠ વાર જોયો હતો. સાત આઠ વાર એમની

વચ્ચે એની એ વાતો થઇ હતી: 'કાં ભાઇ ! છે કાંઇ ?'

'હા બહેન ! વાવડ તો છે; પણ સારા નથી. તું રોજ રોજ કહેતી તે આ વખતે તો મને પૂરી ચાનક હતી. તે પછી આંબુમાં આ વખતે તો ખૂબ પૂછપરછ કરી ને આખરે પત્તો મેળવ્યો.'

'શું ?'

'ઇ જમનાદાસ તો સુંદરજી પારેખમાં હતો એ ને ? ગોળમટોળ ચહેરો ને ભીનો વાન, ઠીંગણું કાઠું ને જરા બેવડો બાંધો. એ જ ને ?'

દિકરીને તો આવા ઝીણા અણસાર યાદ નહોતા. પણ માએ હા પુરાવી.

'ત્યારે તો બહેન ! આજથી સાત વરસ પહેલાં ચિનાઈ ચાંચીઆઓએ સુંદરજીનું વહાણ પાછું વતન આવતું હતું તે પકડ્યું. એ પણ ભેગોજ પકડાયો. ચીનાઓએ આજથી સાત વરસ પહેલાં બાનની ચીઠ્ઠી આંબુમાં મોકલેલી. એમાં એનું નામ છે. લગભગ ત્રીસ માણસ પકડાયેલું.'

'તો બાન ન દીયે, પણ આંબુમાંથી કોઇ સમાચાર ન મોકલે ?'

'બહેન ! આંબુમાં એક તો આપણા જવરો ઘણા જ ઓછા. તે ય એક વહાણમાં ખબર મોકલ્યા હતા. તે વહાણ મધદરિયામાંથી ખોવાઈ ગયું–ડૂબી ગયું હશે.'

'બાન કેટલું છે ? એ ક્યાં છે ?'

સમાચાર દઇને વાઘેર ઉઠયો.

'પણી મહેરબાની થઇ હો બાઇ! તમે આટલી મહેનત કરી બાળ મેળવી તે!'

'એમાં શું વડાઇ છે? આજ એનો વારો ને કાલ અમારો. દરિયાનાં કામ છે. આજ તારૂં કામ અમે કરીએ તો કાલ અમારી ઘરવાળીનું કામ કોઈક પણ કરે. કામ કરતાં કાંઇ પગ ઘસાઇને ગોઠણે થોડા આવે છે?'

વાઘેર તો ચાલ્યો ગયો; પણ મા–દિકરીને આ સંતાપના સમાચારની વેદનામાં મૂકતો ગયો. માથે કોઈ મરદ નહિ. અનાથ ને અસહાય એવાં આ બે દુઃખીઆંની પડખે કોઇ માણસ નહિ. નવી માના અંગુઠા નીચે દબાયેલા બાપને છોકરાની ફિકર નહિ. કયાં ચીનના ચાંચિયા! કયાં આંબુ! કયાં સલાયા!

'હરખચંદને સમાચાર તો મોકલીએ, પડાણે?' માએ સૂચના કરી.

'બાપને પરવા હોત તો આમ સાત વરસ થોડાંજ વીતવાનાં હતાં?'

ભમતા ભૂતની જેમ નાથીબાઇ આખો દિવસ ઘરની અંદર ને બહાર રખડી. એને કયાંય જંપ નથી. એનું હૈયું કોઈ અજાણ ને અણુસમજી વેદનાથી રૂંધાઇ પીંખાઇ રહ્યું છે. કયાં જાઉં? કોને પૂછું?

એણે ચાંચીઆઓથી પકડાયેલા પોતાના ભરથારનાં વીતક કલ્પવા માંડયાં. એક એક કલ્પનાના તરંગે એને પોતાનાં વીતક શમતાં લાગ્યાં. આમ દુઃખિયારી અબળાના અંતરમાં હમદર્દીનાં વહેણ પ્રગટવા લાગ્યાં.

'સાત સાત વરસથી એ નજર નાખતા હશે. કોઇક આવશે, કોઈક છોડાવશે, એવી આશા એના અંતરમાં ઉઠતી હશે, ને મારે ય જેમ આખરે કોઈ ન આવ્યું એમ

'તારા જીગરને ધન્ય છે; પણ ચાંચિયા પાસે જઈને પકડાવાને માટે તને વહાણ ક્યાંથી મળે?'

'કાકા' નાથીબાઈએ કહ્યું: 'મને કાંઈક જોગવાઈ કરી દ્યો. ભાંગલું તૂટલું ખોખા જેવું પણ વહાણ અપાવો. હું તમને આશીષ આપીશ. જીંદગીભર મારી ચામડીના જોડા શીવડાવી પહેરાવીશ. કાંઈક તો કરી દ્યો!'

ખોજો કપાળે હાથ મૂકી વિચારમાં પડયો. થોડી વાર પછી આખરે તે ઉઠયો: 'બહેન! પણ તને મારાથી દેખી પેખીને કેમ જવા દેવાય? ન કરે નારાયણ ને તને જો કાંઈક થાય, તો પછી મારે તો આંગળીચીંધામણું જ થાય.'

'મને તે કાકા શું થવાનું છે? જીવતે મરવા કરતાં સાચેસાચ મોત આવશે કે બીજું કાંઇ? તમને આંગળીચીંધામણું કરૂં તે દિ' હું નાથીબાઈ નહિ. ને તો તો હું ઠેઠ મલાયાથી આવા પારકા પરદેશમાં આવત પણ નહિ.'

ખોજો વિમાસણમાં પડયો. એક ક્ષણ એની આંખ તગતગી રહી. આખરે તે બોલ્યો: "તો જા મા! તને નહિ રોકું; પણ તને એકલી ય નહિ મોકલું. મારો એક છોકરો છે કાસમ. એને હું તમારી સાથે મોકલીશ, હું જાઉં છું. આપણા લોકનું વહાણ તો નહિ જ મળે; પણ જો કોઈ મલાયાનું કે ચિનાઈ વહાણ મળે તો જોગવાઈ કરૂં.'

ખોજો ગયો ને ઠેઠ સાંજે પાછો આવ્યો. [illegible] [illegible]. [illegible] એક ચિનાઈ વહાણની [illegible]

હતા. સરખા પવનથી પ્રેરાયેલું નાનું વહાણ ત્રણેક દિવસને આંતરે એ બેટ પાસે પહોંચી ગયું. બેટને ફરતા ચાંચિયાના પાકા તરતા પહેરા હતા. એક પહેરેગીરે વહાણ અટકાવ્યું. વહાણ બેટમાં જ જવાનું છે એવી અનનુભૂત માહિતીથી એને તાજુબી થઇ. મુખીની મંજૂરી લઇ એણે વહાણ કાંઠે લાવીને નાંગરાવ્યું. નાથીબાઈ, એની માતા ને હાસમ બેટને કાંઠે ઉતર્યાં.

બે ઓરતોને આવેલી સાંભળીને અણસમજની તાજુબીથી પ્રેરાઈને મુખી કાંઠે આવ્યો. હાસમ ચિનાઇ ને મલાઇ ભાષા જાણતો હતો. એણે આ બેય ઓરતોનું આવવાનું કારણ કહી બતાવ્યું.

પચાસ ચાંચિયાઓની વચમાં ઉભેલો મુખી આ વાત સાંભળી હેરત પામ્યો! એણે નાથીબાઇના માથા ઉપર પોતાનો ખરબચડો અને રાઠોડી પંજો મૂકીને પૂછ્યું: 'આજ એ છોકરી છે કે જે પોતાના ખાવિંદની શોધ માટે આંહી આવી છે?'

'હા!'

'ચાંચિયાઓના થાણામાં એ કેમ આવી? શું એને ખબર નથી કે અમે લૂંટારા છીએ? અમે એને ય પકડી લેશું એની એને શું ગમ ન રહી?'

હાસમે નાથીબાઇને મુખીના શબ્દો સંભળાવ્યા. મુખી નાથીબાઇ સામે જોઇ રહ્યો હતો. નાથીબાઇએ જવાબ દીધો: 'હાસમભાઇ! એને કહો કે એટલેજ હું જાતે આવી છું. કાં તો એને છોડો ને કાં તો મને પકડો. મારે મન બેય સરખું છે. કાં તો અમે ધણી-ધણીઆણી બેય છૂટાં ને કાં તો બેય કેદ. બેમાંથી ગમે તે દશામાં સાથે તો રહેશું ને?'

મુખીએ આજ્ઞા કરી: 'બધા ગે હાલારી ને કચ્છી કેદીઓને હાજર કરો.'

જંજીરોથી જકડાયેલા આશરે પચીસેક વૃદ્ધો ને જુવાનીઆઓને મુખી પાસે ઉભા કરવામાં આવ્યા. બધાયે જાણે એકજ બીબામાં ઘડેલાં પ્રેતો હોય એવા દેખાતા હતા.

'બાઇ ! જોઈ લે આમાં તારો ધણી છે ?' નાથીબાઇએ પચીસે હાડપિંજરો ઉપર નજર ફેરવી જોઇ. એ સમાન યાતનાઓએ સહુના ચહેરા સમાન રીતે ફિક્કા, પીળા રંગના, સૂકા ને ઉજ્જડ બનાવી દીધા હતા.

મુખીએ કહ્યું: 'અમારે ત્યાં ઘડાયેલું માનવી એમ તુરત જુદું તરી નહિ આવે; આમાં જમનાદાસ કરીને કોઈ છે ?'

ત્રીસ વરસની વયનો હોવા છતાં સાઠેક વર્ષના ડોસા જેવો દેખાતો સફેદ વાળવાળો એક માનવી જરા આગળ તર્યો, ચાર આંખો મળી. નાથીબાઇએ ભોંય તરફ નજર નાખી દીધી ને પોતાની માતા સામે જોયું. માતાની આંખમાં આંસુ આવ્યાં: 'હા, બસ એજ.'

નાથીબાઇએ પૈસાની પોટલીની ગાંઠ છોડવા માંડી. મુખીએ પોતાનો હાથ ઉંચો કરી એને વારી: 'અમારી બેઇમાનીની વાત સાંભળવા છતાં તું આવી; દૂર દૂરના મુલકમાંથી અમને માણસ સમજીને તું આવી. હું ચાંચીઓ છું, પણ તારા જેવી પાક ઓરતની [illegible] સમજનારો છું. તારા જેવી મને ઓરત હોત, તારા જેવી મને માતા હોત કે તારા જેવી મને દીકરી હોત તો હું ચાંચિયો ન બન્યો હોત. પુત્રી ! લઈ જા તારા ખાવિંદને.

'લઈ જા ! મારું વહાણ તમને બધાને વળાવવા આવશે. આ બધાયને એમની ઓરતોને અને માતાને સોંપી દેજે.'

સુખી બધાય કેદીઓને બંધનમુક્ત કરીને કાવે ત્યારે ચાલ્યા જવા દેવાની પોતાના માણસોને આજ્ઞા આપીને ગયો. થોડે દૂર એક મોટા ઝાડની ઓથે ઉભીને નાથીબાઇને તાકીને જોઇ રહેલો એને પણ કોએ જોયો. એની તગતગતી આંખો એક પણ પલકાર માર્યો વગર આકાશ સામે મંડાઇ હતી.

–ને ત્રણ પરદેશીઓને લઇને આવેલું વહાણ ત્રીસ મુસાફરોને લઇને ચાલ્યું—દેખાતું બંધ થયું ત્યાં સુધી એ એમ ને એમ એ વહાણ તરફ એકીટસે તાકીને ઉભો રહ્યો.

(તા. ૪-૬-૩૨ ના "ફૂલછાબ"માંથી)





૨૮—નથુ લંઘો

[કચ્છ—કાઠિયાવાડનું વહાણવટું આજે તો સૂકાઇ ગયું છે ને એના ખલાસીઓ આજે પરદેશમાં રોટલા માટે રઝળતા થયા છે; પરંતુ એક વાર તો સોરઠી ખારવાઓએ આખા યે હિન્દી મહાસાગર ઉપર પોતાનાં સાહસ અને જવાંમર્દીથી હિન્દી વસાહતો પાથરી દીધી હતી. પોણા ભાગના એશિયા ખંડ અને અર્ધા ભાગના આફ્રિકા ખંડને સ્પર્શતા મહાસાગરનું નામ ઇરાન, અરબસ્તાન, આફ્રિકા, ચીન જેવા કોઈ દેશ ઉપરથી પડવાને બદલે હિન્દી મહાસાગર પડ્યું હોય તો તે આવા બહાદુર ખલાસીઓને લીધે. આખી આલમમાં આવડા મોટા સાગરનું નામ એ સાગરકાંઠે આવેલા એક દેશ ઉપરથી પડ્યાનો બીજો કોઇ દાખલો નથી. આજે તો આ ખલાસીઓને કોઇ સંભારતું નથી. આજે તો તેઓ ખલાસી ટળી માછીમાર બન્યા છે, ને નેલ્સનના 'વિક્ટરી' વહાણ જ્યાં બંધાયાં, એ જૂના ઇતિહાસના થરમાંથી આજે કોઇને નવા ઇતિહાસ લખવાની પ્રેરણા મળે ને ભાવના મળે એ નેમથી આ તદ્દન સાચી—જેણે એ પ્રસંગ અનુભવ્યો છે એમનાજ મુખથી સાંભળેલી—ઘટના આ નીચે રજૂ કરવામાં આવી છે.]

'તોફાન ! તોફાન ! કેપ્ટન ! તોફાન આવે છે.' ને આગબોટના ક્વાર્ટર ઉપરની ચોકી ઉપર બેઠેલા એક ખલાસીએ ચીસ નાખી.

એ મોટી આગબોટના સિત્તેર ખલાસીઓનો મોટો કાફલો આગબોટની બે ય બાજુ ઉપર ખડો થઇ ગયો. લાંબી લાંબી નજર નાખી સહુ દૂર દૂર નજર પહોંચે ત્યાં-સુધી જોવા લાગ્યા.

ને દૂર દૂર આગબોટની જમણી બાજુએ કોઇ પડછંદ ધોળો અજગર ગબડતો ગબડતો આવતો હોય, એવી પાણીની સફેદ કિનારી તેઓએ આગબોટ તરફ દોડતી આવતી જોઇ.

સમુદ્રને જાણે કે કોઈ ઉંડું દર્દ થતું હોય એમ એ ખળભળી ઉઠતો પછડાવા લાગ્યો. પવન પણ ફૂફકાર કરતો ચીસો પાડવા લાગ્યો. સન્નિપાતના જોરથી દોડતી આવતી પાણીની સફેદ કિનાર આગબોટ સાથે અથડાઇ ને એના ફટકાથી આગબોટ આખી ઝોક ખાઈ ગઇ.

ને પછી તો વાવંટોળ ઉપડયો. પવનની ભયાનક ત્રાડો મોજાંઓના પછડાટો ને આગબોટના તૂતક ઉપર મોજાંઓના ફટકાના ફડાકાનો ઘોર કોલાહલ જામી ગયો. રૌરવ નરકનાં દ્વાર કોઇએ ખુલ્લાં મૂકયાં હોય ને અનંતકાળની યાતનાઓ જોગણીઓરૂપે બની જીવનમાં પહેલી વાર સ્વચ્છંદ માણવા બહાર નીકળી આવી હોય એમ મોજાંઓ અનેક ચિત્રવિચિત્ર આકાર ધરીને આસમાન સાથે મોતના મિનારા રચતાં ચોપાસથી આગબોટ ઉપર પછડાવા લાગ્યાં, ને બોટ ઝોક ઉપર ઝોક લેવા લાગી. મોજાં જમણી બાજુએથી પેસી વચલો માર્ગ આખો ધોઈ નાખી, વચલી આડોને તોડી પાડી ડાબી બાજુએ મોટા ધોધ વાટે વહી જવા લાગ્યાં.

આગબોટની પાછળના તૂતક ઉપરના [illegible] બાંધવાના ખીલા સાથે બે મજબૂત ને કોઇ પહેલવાન માણસના કાંડા જેવાં જાડાં દોરડાંઓથી એક મોટું વહાણ બાંધી લેવામાં આવ્યું હતું. માત્ર મોટા મછવા જેવું

દેખાતું વહાણ આગબોટના જોરથી ખેંચાતું આવતું હતું.

એ આગબોટ હતી મોરબીના સગીર ઠાકોર વાઘજીએ ખાસ ભાડે કરેલી. મોરબીના સર વાઘજી જ્યારે સગીર અવસ્થામાં હતા અને જ્યારે મોરબી ઉપર શંભુપ્રસાદ એડમીનીસ્ટ્રેટર તરીકે શાસન કરતા હતા ત્યારે સર વાઘજીને રાજ્ય સુપ્રત કરતાં પહેલાં હિન્દુસ્થાનની મુસાફરીએ મોકલવામાં આવ્યા હતા. સર વાઘજી સાથે દેખરેખ રાખનાર અમલદાર તરીકે મી. હંફ્રી નામનો એક ગોરો રાજપ્રકરણી અફસર હતો. પ્રો. ઉનવાળા ઠાકોરના કંપેનિયન તરીકે સાથે હતા. તે સિવાય સાથે ચતો કામદાર, શવો મહેતો, નાનો ખવાસ વગેરે મળી એકંદરે ૪૦ થી ૪૨ માણસ હતું.

મુંબાઈથી કરાંચી જવા માટે આ આગબોટ ભાડે કરવામાં આવેલી. વસંત ઋતુમાં સમુદ્ર સાધારણતઃ શાંત હોય છે એમ માનીને આ માર્ગ અખત્યાર કરવામાં આવેલો. આગબોટ સાથે દોરડાંથી બાંધેલા જહાજમાં ઠાકોર અને એના સાથીઓનો પુષ્કળ પરચુરણ સામાન હતો ને સામાન સાચવવા માટે થોડાક પટાવાળાઓ હતા. અવારનવાર વહાણની મુસાફરીની મોજ માણવા અમલદાર ને મુત્સદ્દીવર્ગમાં કોઈ કોઈ ખાટસવાદિયાઓ પણ વહાણમાં ચડી આવતા.

આગબોટ મોટી હતી છતાં સામાન રાખવા માટે આ વહાણ પણ ઠાકોર વાઘજીએ કેમ સાથે લીધું હતું એ નથી સમજાતું. સંભવ છે કે ઠાકોરનો ઇરાદો કદાચ કરાંચીથી વહાણમાં આવવા માટે કે જળમાર્ગના [illegible]

વસંત ઋતુના આ આકસ્મિક તોફાનની માત્રા એકલી આગબોટને માટે તો જરાયે આફતભરી નહોતી, પરંતુ આગબોટ અને પાછળ લંગરાયેલાં વહાણુ બન્નેના બોજ માટે જરૂર દુઃખદાયક તો હતી. આગબોટ ઝોકાવા લાગી. આગબોટનો આગલો ફણો જાણે કે તોફાને ચડેલા મોજામાં દટાઈ જતો હતો.

ઠાકોર વાઘજીને આગબોટ ચડવા લાગી, સમુદ્રની સફરની એની લહેજત તો ઉડી ગઇ. એની ખુશ્કી મનોઃ દશાને વહાણનો ભરેલો બોજો આગબોટને માટે જોખમ-કારક લાગ્યો. એમણે આગબોટના નાખુદા ફકીર મહમદ-ને પોતાની પાસે બોલાવી મંગાવ્યો.

'કેપ્ટન' એણે કહ્યું: 'મારું વહાણુ તમને જરાયે ભારરૂપ લાગતું હોય ને એથી આગબોટ જોખમાતી હોય તો એને બેલાશક છૂટું પાડી શકશો.'

આગબોટ જેને ચડે છે એ માનવી, ઉપરનું વાક્ય શક્ય છે એટલી સરળતાથી નથી બોલી શકતો. એને આખું જગત ચકાવે ચડયું દેખાય છે. એના પેટમાં કોઇ બુઠ્ઠી કટાર ભોંકતું હોય એવું દરદ એને થાય છે. એના માથા ઉપર આખા બ્રહ્માંડનો ભાર મુકાયો હોય એવું એને લાગે છે. સૃષ્ટિના આરંભકાળના માનવીને, સમજાય એવી ભાષા બોલતાં જેટલી જહેમત ઉઠાવવી પડી હશે એટલી જહેમત તેને પ્રત્યેક શબ્દ બોલતાં ઉઠાવવી પડે છે.

'બહુ સારૂં. જરૂર પડશે ત્યારે આ બાબત હું લક્ષમાં રાખીશ.' ટુંકો જવાબ આપી નાખુદો પોતાના સ્થાન તરફ પાછો ગયો. જતાં જતાં એણે વહાણ તરફ એક નજર નાખી. એ વહાણુમાં ઠાકોરના બારેક નોકરો-ને તોફાનના આરંભ પહેલાં વહાણુની સફરની મોજ કરવા ગયેલા ચતો કામદાર અને બે શિરસ્તેદારો. તથા બેએક ખવાસો મળીને એકંદરે અઢારથી વીસ જેટલું ઠાકોરનું

નોકરીઆત માનવી હતું.

તોફાનની આંધી વધવા લાગી. મોજાંઓ એકબીજા સાથે અથડાઇને ફાટતાં અને ચોપાસ એના છાંટા વેરાતા. મોજાંઓ આગબોટ સાથે અથડાતાં ને એના એક એક પ્રહારે આગબોટ એક છેડાથી બીજા છેડા સુધી ધ્રૂજી ઉઠતી. ઠાકોર વાઘજીની અસ્વસ્થતા વધી. એમની શારીરિક આજારી ઉપર એમણે જળસમાધિના કાળા ઓળા પથરાતા જોયા. એમણે ફરી વાર નાખુદાને બોલાવ્યો.

'આગબોટ આટલી બધી ઝોક કેમ ખાય છે? સલામત છે કે નહિ?'

'જી હા! ઝોક ખાવાનું કારણ તો વહાણનું તાણ છે.'

'તો વહાણને તોડી કાં નથી નાખતા?'

ઠાકોરના સ્મરણમાંથી એના અઠારેક જેટલા નોકરીઆતો ખસી જ ગયા હતા. પરંતુ નાખુદાની નજરથી તો એની હિકમત અને એની જવાબદારીને ભરોંસે બેઠેલો એક એક માનવી જરાયે વેગળો નહોતો.

'પણ એમ કેમ બને?' નાખુદાએ જવાબ દીધો: 'આ વહાણને જો આંહીં અત્યારે તોડી નાખવામાં આવે તો શું થાય એ આપ જાણો છો?'

ઠાકોર એ વાતથી ખાસ આતુવાકેફગાર નહોતા. પરંતુ એમણે પોતાની વાકેફગારી જાહેર કરવાની જરૂર ન જોઇ.

માટે જોખમદાર છું. પરંતુ અત્યારે તો હું આ વહાણ માટે પણ જોખમદાર છું. જે વહાણનું થશે એ આગબોટનું થશે. સદ્દગત કે બદ્દગત !'

'આ આગબોટ જોખમાય તો મારે એના પૈસા ભરવા પડશે. એટલે આગબોટને બચાવાય ત્યાં સુધી હરકોઈ જોખમે તમારે બચાવવી જોઈએ. શા માટે તમે અમારા જાનો સાથે આવી રમત રમો છો ?'

'રમત ?' નાખુદાની આંખના ખૂણા લાલ થયા. નાખુદો એ દરિયા ઉપર પોતાની આગબોટમાં કુલસુખત્યારી ભોગવે છે એ વાત સાવ સાચી છે; પરંતુ આગબોટનો માલેક સાથે હોય ત્યારે નહિ. ને ઠાકોર વાઘજી અત્યારે આગબોટના માલેક જેવા જ હતા.

"હા ! રમત જ ને ? જુઓ, આ આગબોટ કેટલી ઝોક ખાય છે ? એની બાજુઓ સમુદ્રની સપાટીને અડકે છે. એનો ફણો જાણે કે ઘડીમાં પાતાળમાં ને ઘડીમાં આકાશમાં ખૂંચી જવા માગતો દેખાય છે. તમે વહાણના ખલાસીઓ તથા મારાં માણસો મળીને ત્રીસેક માણસોના જાનને ખાતર આ આખી આગબોટ, તમારા ને તમારા ખલાસીઓના જાન અને અમારા જાનો જોખમમાં મૂકો છો. ભલા માણસ, આ કાંઇ વિચાર કરવાનો અવસર છે ? જે કરવું તે તડ ને ફડ કરી નાખવું જોઇએ. એને બદલે તમે નકામા વિચારના વમળમાં ભમો છો.'

પણ મને હજી કોઇ ખાસ જોખમ--"

"પણ દરેક ધંધાદારી માણસને પોતાના ધંધામાં ક્યાં ને કેટલું જોખમ છે એની ખબર નથી પડતી. એવા જોખમોનો ખ્યાલ તો એ ધંધામાં નજ હોય એવા માણસોને આવી શકે. એટલે જ આગબોટ ઉપર તમારા કરતાં મને વધારે જોખમ લાગે છે, ને હું તમને સૂચવું છું કે, તમારે આ આગબોટને હરકોઇ ઉપાયે ઉગારવાની છે !'

નાખુદો આ સાંભળી રહ્યો. એણે કહ્યું: 'બ
મને સારૂ હુકમ હવે આપજ આપો. આપ ફરમ
હું કરૂં. મારી પહેલી ફરજ પ્રત્યેક મુસાફર
મારી જવાબદારી અદા કરવાની છે; બીજી ફરજ
પાલન કરવાની છે. આપ મને સ્પષ્ટ આજ્ઞા આપ

'ભલે, હું તમને કહું છું કે; આ વહાણને
તાબડતોબ તોડી નાખો.'

ફકીર મહમદ અદબથી સલામ કરી ચાલ્યો
એણે ચાર ખલાસીઓને બોલાવ્યા. એમને હુકમ
'આ વહાણ સાથેનું તરતું લંગર કાપી નાખો.'

ઠાકોર વાઘજી બહાર નીકળ્યા, આગબોટની
લને હાથ ટેકવતા, પ્રત્યેક ઝોકથી લથડતા લથડતા પા
તૂતક ઉપર આવ્યા. વહાણનો સંબંધ તોડાતો જો
માટે એ આવ્યા હતા.

વહાણમાં વીસેક ખલાસીઓ હતા. નથુ લંઘા ક
એમનો નાખુદો હતો. સહુએ વહાણને એકાએક
કરાતું જોયું.

નથુ લંઘાએ બૂમ પાડી: 'અય નાખુદા, આ
કરવું હતું તો અમને ચેતાવવા તો હતા!'

ફકીરમહમદ ઉપર નીચે પછડાતા અને લાકડાના
ચચડાટ કરતા વહાણને અનિમેષ તાકી રહ્યો. એની છાતી

કલાક તો થોભી જા! જરા તો ઇન્સાનિયત બતાવ!'

ફકીરમહમદ નથુ લંધાને તાકી રહ્યો, ને ખલાસીઓનાં દોરડાં કાપવાના અવાજમાત્રના પડઘા વહાણ ઉપર પડયા.

'કપ્તાન! દરિયાના રિવાજ તું કેમ ભૂલ્યો? અમને અમારો જાન બચાવવાની એક તક તો આપ. એક કલાક નહિ તો અરધો કલાક તો થોભી જા.'

ફકીરમહમદે આશાભરી આંખે ઠાકોર સામે જોયું: ઠાકોરની આંખમાં એણે હદ વાંચી લીધી, ને ભારે હૈયે ને રૂંધાતે કંઠે એ પોતાની ઓરડીમાં ચાલ્યો ગયો. એના ધ્રુસકાના છાનીફાટ પડઘા ક્યાંય સુધી એના ખલાસીઓએ સાંભળ્યા.

'કપ્તાન!' નથુએ છેલ્લી બૂમ મારી: 'બીજું કાંઈ નહિ તો થોડાંક બોયાં ફેંકતો જા. બચશું એટલા એનાથી તરી જશું. બધાને મારે છે તો થોડાકને તો બચાવ!'

'બોયાં તો આગબોટ ડૂબે તો અમારે ન જોઈએ કે?” ઠાકોરે કહ્યું.

ત્યાં તો દોરડું તૂટયું, ને આગબોટે આગળ કૂદકો માર્યો. બોજના તાણમાંથી મુક્ત આગબોટ તોફાનની આંધીમાં દેખાતી બંધ થઇ ગઇ. થોડી વારમાં તો આકાશમાં તરતા એના ધૂમાડા જ દેખાતા રહ્યા. આગબોટ વેગથી મોજાં કાપતી નજર બહાર થઇ ગઇ.

વહાણમાં બેઠેલાઓને તો પોતાનાં જીવતરનાં અંત આવ્યાં દેખાયાં. એમનાં હૈયાં કોઈ જાતની લાગણી અનુભવવાને નાઈલાજ નીવડયાં. એમનાં મગજ પાગલ માણસની માફક સદંતર વિચારક્રિયાથી રહિત બની ગયાં. જીવતરની સામે પારથી એઓએ આગબોટને–અને એ સાથે આ જગતને–એમના ત્રાસથી મૂઢ બની ગયેલી આંખોથી દૂર ને દૂર થતાં જોયાં.

નથુ લંઘો અત્યાર સુધી કરગરતો હતો. હવે એના-માં કોઇ નવું જોમ આવ્યું. સમુદ્ર સાથે જીવનમરણનો જુગાર ખેલતા ખલાસીની ઠંડી તાકાત એની આંખમાં ચમકવા લાગી.

'હવે હાથ જોડીને કોઈ મ બેસજો' નથુએ બૂમ મારી. અલ્યા આ બધા ઠાકોરના નોકરો તમે વહાણ-માંથી માંડો પાણી ઉલેચવા, ને આપણે બધા હાલો, ફૂવાથંભ કરી દ્યો ઉભો.'

તોફાન હવે તો વધ્યું હતું ને એનું ઉન્માદભર્યું જોમ વધતુંજ જતું હતું. વહાણ આગળ, પાછળ, ઉપર, નીચે પછડાતું હતું. બન્ને બાજુએથી એમાં પાણી ભરાતું હતું. પવન તાંડવ ખેલતો હતો. આવા સંજોગોમાં વહાણ-ના મધ્યભાગમાં ત્રીસથી ચાલીસ ફૂટની ઉંચાઇનો થાંભલો રાખવો એ કાંઇ બાળકના ખેલ તો નથી જ.

ભંડારિયામાંથી તેઓએ ફૂવાથંભના બે કટકા બહાર કાઢયા. ખીલાથી બે કટકા સાંધીને ફૂવાથંભ તૈયાર કર્યો. ત્યાં તો અર્ધું વહાણ પાણીથી ભરાઇ ગયું.

'માંડો બધાય ઉલેચવા' નથુએ પાસે પડેલી લાક-ડાની બાલદી ઉપાડીને કહ્યું ને બધા ખલાસીઓ બાલદીઓ ઉપાડી ઉપાડીને પાણી બહાર ઉલેચવા માંડયા.

વીસેક ખલાસીઓ ને વીસેક જેટલા મુસાફરોએ મળીને દોઢ બે કલાકના સતત પરિશ્રમ પછી પાણી ઉલેચી

નથુએ બીજી વાર છેડો ઉપાડયો. તોફાનથી [illegible] મગતા અને હર ક્ષણે પાણીના બોજથી નીચે બેસ[illegible] વહાણના મધ્યભાગમાં થોડી વારમાં કાઅેલ ખલાસ[illegible] ઓએ ફવાથંભ રોપી દીધો.

'હવે વારો સઢનો.'

વહાણ પાણું ભરાયું હતું. વહાણના કારવાન (શ-રીર)નાં ખપાટિયાં અંદર અને બહારના પાણીના જોરથી વધારે કચુડાવા લાગ્યાં.

સઢને બહાર કાઢી ખલાસીઓએ ફવાથંભ ઉપર રોપી દીધો.

'હાં, હવે કોઈ ન ગભરાશો. સહુ તમારા દેવદેવી-ની આશિષ માગો. હવે આપણો ડરો બો નથી.'

સુકાન બરોબર ઠીક કરીને નથુએ હાથમાં લીધું. વહાણ તરતું થઈને પવનના જોરથી [illegible] વધવા માડ્યું ને તોફાન વચ્ચે જ ગયું

'નથુ! તમે તો [illegible] કરી [illegible] [illegible]

[illegible]

ટાની કળા આજ કોણ જાણે છે ને કોને એની પરવા છે? બાકી અસલના અમારા ખલાસીઓ જુઓ તો તમારી અક્કલ કામ ન કરે એવાં જોખમો ઉઠાવે.'

'નથુભાઈ! તમારૂં વતન કયું?' ચતા કામદારને રસ પડતાં એણે પૂછ્યું.

'વતન તો ભાઈ માંડવીમાં.'

'તમે માંડવીના જ? તળના? ત્યાં વહાણ બહુ સારાં બને છે ખરું ને?'

નથુ લંઘાએ ચોપાસ એક અભિમાનભરી નજર ફેરવી. તોફાને હવે પ્રલયકાળના ઝંઝવાતનું સ્વરૂપ પકડયું હતું. મોજાંનાં શિખરોમાંથી ઉડતી ફીણની કણીઓ ફ્વાથંભની ટોચ સાથે અથડાતી હતી. વહાણ ઝોક લીધા કરતું હતું. એનાં પાટીઆં ખૂબ જોરથી ચચડાત કરતાં હતાં, છતાંયે આ મજબૂત વહાણ મોજાંની ડુંગરમાળની ધારો અને ખીણોમાં સલામત તરતું હતું.

'હા, માંડવીનાં વહાણો એક વાર તો મુલ્ક-મશહુર હતાં. આ મારા જ વડવાઓ માંડવીમાં વહાણો બાંધતા તે બધે વખણાતાં. આ પેલો મોટો નેપોલીઅન બોનાપાર્ટ નહિ, એના ફ્રેન્ચ કાફલાને ટ્રફાલ્ગરની લડાઈમાં શિકસ્ત આપનાર નેલ્સન સાહેબ પોતે જે જહાજ વાપરતા એ 'વિક્ટરી' નામનું વહાણ મારા જ વડવાઓએ માંડવીમાં બાંધેલું. એ જ વહાણમાં બેસીને એ સાહેબ એ લડાઈમાં

૨૯—બહાદુર [illegible]

લાલો અને લખો

[illegible]

[illegible] રહેતા અને પોતાના [illegible] આવકમાંથી પોતાના કુટું-બનું ગુજરાન ચલાવી પોતાનો વખત આનંદમાં પસાર કરતા હતા. એક વખતે પંજાબના [illegible] નદી-[illegible]માં ધાડ પાડી. આ ધાડની તપાસ કરવા [illegible] અંગ્રેજ [illegible] પંજાબના [illegible] અને લાલા તથા લખાને [illegible] પોતાના તંબુએ બોલાવ્યા. લાલા-લખા-એ સાહેબને સલામ કરી અને પોતાને શા માટે બોલા-વવામાં આવ્યા છે તે પૂછ્યું. સાહેબે કહ્યું કે "તુમ લોક બડા બદમાશ હો; એ ધાડમેં તુમારા હાથ હૈ."

તેઓએ જવાબ દીધો: "નહિ સાહેબ! ધાડની વાતમાં અમે કંઈ પણ જાણતા નથી. અમે તદ્દન નિર્દોષ છીએ." પણ સાહેબને આ વાત સાચી લાગી નહિ, તેમણે લાલા-લખાને કહ્યું કે "જાવ, આજસે તુમારા [illegible] કરતે હૈ." થઈ રહ્યું. લાલા ને લખાને

ગીમાં એક જ વાર સાંભળે તો ભવેભવ સુધી ન ભૂલે એવો એ ઘોર અવાજ છે. વાઘનો તરસ્યો ઘૂરકાટ, ઘુવડનો ભયપ્રદ પડકાર એ અંતકાળના અવાજમાંથી પડછંદ પડઘા પાડી માનવીને એના બોજમાં જ કચરી નાખે છે. થોડીક વાર ચાલી ત્યાં તો ડંકી નકામી થઈ ગઈ.

ને આગબોટમાં પાણી ભરાવા લાગ્યું. મહેરાનો આગલો ભાગ પાણીમાં દટાવા લાગ્યો.

'કેપ્ટન! તમે શું ધારો છો?' પ્રોફેસર ઉનવાળાએ પૂછ્યું.

ફકીરમહમદે ત્રાસથી થીજી ગયેલી આંખોવડે આખાયે જગતથી ડરતા દેખાતા ઠાકોર સામે એક નજર નાખી.

પ્રો. ઉનવળાએ એ મૂંગો જવાબ સમજી લીધો. 'હા, મને પણ એમ જ લાગે છે' એણે ધીમેથી કહ્યું.

'પ્રોફેસર સાહેબ!' થોડી વાર રહીને ફકીર મહમદે એકાએક પૂછ્યું: 'આપ જરા આ બાજુ ધ્યાનથી જોશો? અંતકાળે મારી આંખ મને દગો દે છે કે શું?'

ચોપાસ ઉછળતાં મોજાંઓનો મરણનાચ ઘોર દુંદુભીના અવાજ સાથે ચાલી રહ્યો હતો. માનવીને ભરખી જવાને ફુફકાર કરતી શાકિનીઓ જેવાં ઉછળતાં મોજાંની અખંડ ભાસતી દિવાલની આરપાર તરતમાં કોઈ દેખાય એવું ન હતું.

હું સમજવું. કોઇ પણ ખલાસીને પૂછશો તો એ તમને વહાણોના ભૂતની વાતો કરશે.'

'કાંઈ નહિ. એ તો આપણે પેલું વહાણ તોડી નાખ્યું એની અસર તમારા હૃદય ઉપર છે' પ્રો. ઉનવાળાએ કહ્યું. અને કેપ્ટને બતાવેલી દિશામાં તેણે સહજ નજર નાખી. તેને એક ચમક આવી ગઈ. સાચે જ ઉછળતાં મોજાંઓની દિવાલને પેલે પાર મોજાંના એક મોટા ડુંગર ઉપર એણે એક વહાણને તરતું જોયું.

'વહાણ! વહાણ! દેશી જહાજ!'

આગળના ભાગમાંથી બૂમ પડી. કોઇ અકથ્ય આશાથી સહુના થાકેલા હૈયામાં નવા પ્રાણ પુરાયા. સહુ કોઇ જોખમો ઉવેખીને બધા આગળ દોડયા.

ફકીરમહમદ એ જૂનો તારો હતો. એ બીજાઓની આશામાં સાથ ન આપી શકયો. એને તો આવનાર વહાણ પારલૌકિક લાગ્યું. નથુના વહાણનું ભૂત એને અંતકાળે દેખાયું. ત્રાસથી ભયથી એ જડ જેવો ઉભો રહ્યો. પ્રોફેસર ઉનવાળાની સૂચનાથી એક ખલાસીને સહાયનો વાવટો આગબોટ ઉપર ચડાવતો એણે જોયો, ને એની આંખમાં ન સમજાય એવો ભય, એવી વેદનાના ઓળા પથરાયા. ત્યાં તો વાવટો જોયાનો સ્વીકાર કરતો વાવટો સામેના વહાણના કૂવાથંભ ઉપર ચડયો.

એક ક્ષણ તોફાનનાં બધાં ઉન્માદ શમ્યાં ને બધાએ આવનાર વહાણને અને વહાણ ઉપર ઉભેલા દેખાતા માણસોને જોયા.

'ઉનવાળા સાહેબ!' વાઘજી ઠાકોરે મોટે સાદે કહ્યું: 'આ ચતા કામદાર જેવા કોણ હશે?'

'આ નથુ લંઘો તો ન હોય!' એક બીજા માણસે કહ્યું.

'હવે એ તે અહીં ક્યાંથી હોય? એ બિચારો તો ગયો.'

વહાણ હવે સાવ નજીક આવ્યું ને સહુએ એ પારખ્યું. એ વહાણ નથુ લંઘાનું જ હતું, નજીક આવતાં નથુ લંઘાએ સાદ દીધો: 'કેપ્ટન સાહેબ! શું છે?'

'અમારી મશીનરી તૂટી છે. આગબોટ જોખમમાં છે. તમે કંઇ કરી શકશો?'

'સાવધ રહો. અમે દોર નાખીએ છીએ તે પકડી લો, અમે આગબોટને ખેંચી જઈશું.'

'શું કહ્યું? શું કહ્યું?' તાજુબ બનેલા કેપ્ટને કહ્યું: 'વહાણ આગબોટને ખેંચે એ કેમ બને? વહાણમાં 'રીઝર્વ પાવર' હોય જ ક્યાંથી? એટલે એ એનાથી વધારે વજનનો ભાર ખેંચેજ કેમ?'

'વહાણની પાવર? એ વાતની તમે કશી ચિન્તા ન કરો. દોર પકડી લ્યો એટલે અમે બધું કરી લેશું.'

તોફાનના ફૂફકાર વચ્ચે વહાણે આગબોટને તાણવા માંડી ને આગબોટ પાછળ તણાઇ પણ ખરી.

બાર કલાક પછી તોફાન શમ્યું ત્યાં સુધી એ વહાણે એ આગબોટને ખેંચે રાખી.

આ કોઇ કલ્પના કે કિસ્સો નથી, પરંતુ એક તદ્દન સાચી બનેલી વાત છે. એ મુસાફરીમાં [illegible]



૨૯–બહાદૂર બહારવટીઆ

લાલો અને લખો

(લેખકઃ–શ્રી. મગનલાલ બાપુજીભાઈ બ્રહ્મભટ્ટ)

ઈ. સ. ૧૮૨૫ના અરસાની આ વાત છે. ખેડા જીલ્લામાં બારૈયા ઠાકોરોની ખૂબ વસ્તી હતી. લાલો અને લખો નામના બે બારૈયા ઠાકોર ભાઈઓ હતા. આ બારૈયા કોમ મૂળથીજ બહાદુર અને લડાયક હતી. લાલા અને લખાને વંશપરંપરાથી ગીરાસ મળેલો હતો. આ બંને ભાઈઓ ખેડા જીલ્લાના પરાંતજ ગામના વતની હતા અને પોતાના ગીરાસની આવકમાંથી પોતાના કુટુંબનું ગુજરાન ચલાવી પોતાનો વખત આનંદમાં પસાર કરતા હતા. એક વખતે પરાંતજના બારૈયાઓએ નડીઆદમાં ધાડ પાડી. આ ધાડની તપાસ કરવા ખેડાનો અંગ્રેજ કલેક્ટર પરાંતજમાં ઉતર્યો અને લાલા તથા લખાને કલેક્ટરે પોતાના તંબુએ બોલાવ્યા. લાલા–લખાએ સાહેબને સલામ કરી અને પોતાને શા માટે બોલાવવામાં આવ્યા છે. તે પૂછ્યું. સાહેબે કહ્યું કે " તુમ લોક બડા બદમાસ હો; એ લુંટમેં તુમારા હાથ હૈ. "

તેઓએ જવાબ દીધોઃ "નહિ સાહેબ ! લૂંટની વાતમાં અમે કંઇ પણ જાણતા નથી. અમે તદ્દન નિર્દોષ છીએ." પણ સાહેબને આ વાત સાચી લાગી નહિ. તેમણે લાલા–લખાને કહ્યું કે " જાવ, આજસે તુમારા ગીરાસ ખાલસા કરતે હૈ. " થઇ રહ્યું. લાલા ને લખાને

માથે જાણે વીજળી પડી. પળભર તેમની આગળ સ્વપ્ન-સૃષ્ટિ ખડી થઇ અને પોતાનાં બાળકો જાણે ટુકડા રોટલા માટે તેમની પાસે યાચના કરતાં હોય તેમ દેખાયું. આ દૃશ્ય જોઈ બંને ભાઇ કમકમી ઉઠ્યા. વંશપરંપરાથી ચાલતો આવેલો ગીરાસ આમ વિનાવાંકે સાહેબ પડાવી લે અને પોતાનાં બાળક ભૂખે ટળવળે તે કેમ બને ? આ બંને ભાઇઓની નાડીઓમાં આ બનાવ બનવાથી ઉષ્ણ લોહી ધસારાબંધ વહેવા લાગ્યું અને તેમની અત્યાર સુધી ઢંકાઇ રહેલી શૂરવીરતા પ્રગટી નીકળી; છતાં બંને ભાઇઓએ એક વધુ વખત સાહેબને આજીજી કરવા વિચાર કર્યો અને તેઓ સાહેબ પાસે જઇ કહેવા લાગ્યા: " સાહેબ ! અમે નિર્દોષ છીએ. નાહક અમ ગરીબનો રોટલો પડાવી લેવાથી આપને શું ફાયદો થશે ? "

" તુમ લોક બડે બદમાસ હો. " સાહેબ બોલ્યા: " તુમારી બાત હમ નહિ સુનતે, જાવ !" છતાં પણ લાલો લખો આજીજી કરવા લાગ્યા. સાહેબે લાલા-લખાને દાદ દીધી નહિ. આથી બંને ભાઇઓએ નિશ્ચય કર્યો કે કાં તો મરવું કે કાં તો ગરાસ પાછો મેળવવો.

બહારવટે

બીજે દિવસે બંને ભાઇઓએ પોતાના કુટુંબ કબીલા-ને કોઇ એક ગુપ્ત સ્થળે પોતાના સગાઓને ત્યાં રવાના કરી દીધું. બાળકોથી જુદા પડતાં બંને ભાઇઓને માયા લાગી અને આ શૂરવીરો થોડી ક્ષણ માટે કાયર બન્યા. એમ કાળજાને કઠણ કરી બંને પોતાના કુટુંબ કબીલાથી

એટલો બધો વધી પડયો કે ખેડા અને માતર વચ્ચેનો રસ્તો બંધ થઇ ગયો અને દિવસે પણ એ રસ્તે ચકલું એ ફરકતું નહિ. સરકારી કચેરીઓ ખેડામાં હતી. એટલે સરકારી કામ માટે લોકોને હરકત પડવા લાગી. છેવટે આ બૂમ ખેડાના કલેકટર પાસે પહોંચી. તરતજ સાહેબ પોતે મીલીટરીના સિપાઇઓ લઇને આ બહારવટીઆઓને કબજે કરવા નીકળી પડયો. આજે આ ગામ તો કાલે પેલું ગામ, ભાગતાં ભાગતાં લાલો-લખો પોતાની ટોળી સાથે પોતાના રહેઠાણ પાસે આવી લાગ્યા. સાહેબ એક ગામથી બીજે ગામ અને બીજે ગામથી ત્રીજે ગામ એમ બહારવટીઆઓની પાછળજ દોડતા હતા. સાહેબને ભૂખ અને થાકની પરવા નહોતી. તેને તો બરા બહારવટીઆ-ઓને જીવતા પકડી પોતાનો કીર્તિકળશ ઝળહળાવવો હતો. આખા દિવસનું થાકેલું લશ્કર પણ નામરજી છતાં સાહેબની પાછળ ઘસડાતું હતું. એક વખત બહાર-વટીઆઓ નિરાંતથી બાટી શેકતા હતા. બાટી તૈયાર થઇ અને બહારવટીઆઓએ પોતાની ક્ષુધાને શાન્ત કરી ત્યાં દૂરથી ખેપટ ઉડતી જણાઇ. બહારવટીઆઓને લાગ્યું કે નક્કી સાહેબ આવે છે.

બધા બહારવટીઆઓએ પોતાનાં હથિયાર સંભા-ળ્યાં. જોતજોતામાં તો સાહેબ અને તેનું લશ્કર વાત્રકનાં કોતરો નજીક આવી પહોંચ્યું. બહારવટીઆઓની બંદુકો ધાણીની માફક તડાતડ ફૂટવા લાગી. સાહેબે સોલજરો-ને ગોળીબારનો હુકમ આપ્યો. એ હુકમ મળતાં જ સોલજરોએ રાયફલો હાથમાં ઉપાડી નેમ તાકી; પણ આ શું ? સોલજરોની રાયફલમાંથી છૂટેલી બધી ગોળીઓ એક માટીની મોટી ભેખડમાં વાગી અને બહારવટીઆઓ જણાયા નહિ. એટલે સાહેબે આગળ કૂચ કરવાનો હુક-મ આપ્યો. જેવું લશ્કર કૂચ કરી બે ચાર કદમ આ-ગળ વધ્યું, ત્યાં તો બહારવટીઆ જાણે ભોંયમાંથી ન

નીકળ્યા હોય તેમ એકદમ ફૂટી નીકળ્યા અને પાછી તેમની બંદુકોમાંથી ગોળીઓ છૂટવા લાગી. સાહેબને ખૂબ ચીડ ચઢી અને સોલ્જરોને મારો ચાલુ રાખી આગળ વધવાનો હુકમ આપ્યો. સોલ્જરોની બધી ગોળીઓ નકામી જતી હતી. કારણ, બહારવટીઆઓ ભેખડની પાછળ છુપાઈ જતા અને ધીમે ધીમે વાત્રકનાં એ ભયાનક કોતરોમાં ઉંડા ને ઉંડા ઉતરતા જતા હતા. સાહેબે પણ તેમની પાછળ કોતરોમાં ઉતરવું ચાલુ રાખ્યું. એટલામાં બહારવટીઆઓ બીજે રસ્તે કોતરોની ભેખડો ઉપર ચઢી ગયા અને કોતરની અંદરના સોલ્જરો ઉપર બંદુકો ફોડવા લાગ્યા. જોતજોતામાં તો કેટલાય સોલ્જરોને તેઓએ સ્વધામ પહોંચાડી દીધા. સાહેબને હવે પ્રશ્ન થયો કે, શું કરવું ? ત્યાં અચાનક એક ગોળી આવી અને તેની ટોપી લઇ ચાલી ગઇ. સાહેબે ઘોડાને પાછો વાળ્યો. વધેલા સોલ્જરોએ સાહેબનું અનુકરણ કર્યું, અને મહામુસીબતે સૌ ખેડા ભેગા થયા.

વિષ્ટિ

મોડી રાત્રે સાહેબ પોતાના બંગલામાં પહોંચ્યો. મડમ અને બાળકો સાહેબને જોતાં જ બાઝી પડયાં. મડમ તો એકદમ રડવા લાગી. સાહેબે આશ્વાસન આપી મડમને શાન્ત કરી. જમ્યા પછી સાહેબે પોતાની વીતક કથા મડમને કરી. આ સાંભળી મડમ ખૂબ ગભરાઇ ગઇ અને તેણે સાહેબને આજીજી કરી કહ્યું કે "તમે એ

"પણ હું એક વચન માગું છું કે તમે તેને ઓળખ્યા
પછી દગો કરશો નહિ. સાહેબે કહ્યું કે "જા, મારું વચન
છે. બહારવટીઆઓને દગો નહિ કરું." મડમે કહ્યું: "એ
બહારવટીઆ અહીં આવે ત્યારે મને જરૂર બતાવજો."
આમ વાતચીત કરી મોડી રાત્રે બંને નિદ્રાધીન થયાં.
બીજે દિવસે સાહેબે એક હિંદુ સિપાઇને બહારવટીઆ-
ઓના ઉતારા તરફ રવાના કર્યો; અને તેની સાથે
કહેવરાવ્યું કે, સાહેબ! તમારી વિધિ કરવા માગે છે; માટે
ચાલો. આ હિંદુ સિપાઇ વાત્રકનાં કોતરો તરફ જઇ રહ્યો
હતો. બહારવટીઆઓ ગઈ કાલના બનાવથી સાહેબને શું
અસર થઇ છે, તેનો વિચાર કરતા કોતરોની બહાર બેઠા
હતા. ત્યાં દૂરથી તેમણે એક માણસને પોતાના તરફ
આવતો જોયો એટલે વિચાર્યું કે નક્કી કંઈ નવાજૂની છે.
આમ તેઓ માંહોમાંહે વાતો કરતા બેઠા હતા ત્યાં પેલો
હિંદુ સિપાઇ આવી પહોંચ્યો. બહારવટીઆઓને તે હિંદુ
સિપાઇએ તુરત ઓળખ્યા એટલે તે બોલ્યો: "સાહેબ
તમારી સાથે વિધિ કરવા માગે છે, માટે ચાલો." લાલાએ
કહ્યું: "સાહેબનો શો ભરૂસો ? કોઇની બાંહેધરી વિના
અમે આવીશું નહિ. જા, સાહેબને જઇને કહેજે." બહાર-
વટીઆઓનો જવાબ લઈ પેલો સિપાઇ ખેડા પહોંચ્યો
અને સાહેબને વાત કરી કે બહારવટીઆ બાંહેધરી વિના
આવવા ના પાડે છે.

બારોટની બાંહેધરીએ

બીજે દિવસે સાહેબે ફરી સિપાઇને રવાના કર્યો
અને તેની સાથે કહેવરાવ્યું કે, તમે જેની બાંહેધરી
માગતા હો તેની બાંહેધરી આપીએ. સિપાઈ બહારવ-
ટીઆઓની પાસે ગયો અને તેમને સાહેબનો સંદેશો
કહ્યો. બહારવટીઆઓએ જાણ્યું કે, નક્કી સાહેબનો વિચાર
છે, નહિ તો આમ બબ્બે વખત પૂછવા મોકલે નહિ.
બહારવટીઆઓએ સિપાઇને કહ્યું કે જો માતરના બારોટ

જેભાઈની બાંહેધરી આપો તો અમે આવીએ. સિપાઇએ જઇ સાહેબને વાત કરી એટલે સાહેબે માતર ઘોડેસ્વારને રવાના કર્યો અને જેભાઈ બારોટને ખેડા બોલાવ્યા. ઘોડેસ્વારે માતર જઇ બારોટને સાહેબનું આમંત્રણ છે એમ કહ્યું; એટલે બારોટને ફાળ પડી કે શા માટે કલેકટર સાહેબ મને બોલાવતા હશે ? આમ મનમાં વિચાર કરતા હતા ત્યાં સ્વારે કહ્યું કે "ખાસ જરૂરનું કામ છે, માટે જલદી બોલાવ્યા છે." સ્વારના શબ્દો સાંભળી બારોટની વિચારનિદ્રાનો ભંગ થયો અને મનમાં તર્કવિતર્ક કરતો ઘોડેસ્વારના સાથે ખેડાનો રસ્તો લીધો. સાહેબને બંગલે જઈ બારોટે સાહેબને સલામ કરી અને પોતાને શું કામ બોલાવ્યો છે તે પૂછ્યું. સાહેબે કહ્યું કે "આપણા ખેડા જીલ્લાના પરાંતજ ગામના પેલા બે લાલો અને લખો પોતાનો ગીરાસ મેળવવા બહારવટુ ખેડે છે. તેઓને તેમનો ગીરાસ પાછો આપવો છે. તેમને અહીં બોલાવ્યા, પણ આવતા નથી. તેમણે તમારી બાંહેધરી માગી છે; માટે તમે તેમને જઇ અહીં તેડી લાવો." બારોટે કહ્યું: "પણ સાહેબ ! દગો થયો તો ?" સાહેબે કહ્યું: "મારૂં વચન છે." બારોટને તોય શંકા પડવા લાગી. અંગ્રેજ બચ્ચો છે એટલે વચન પ્રમાણે વર્તશે, પણ કંઇ કહેવાય નહિ; એમ બારોટ મનમાં વિચાર કરવા લાગ્યો. બારોટને આમ વિચાર કરતો જોઇ સાહેબે કહ્યું કે "કેમ બારોટજી ! હજી મારાં વચન ઉપર તમને વિશ્વાસ નથી ? આ મારી મહોર પણ તમને

અત્યારે બહારવટીઆઓને બીરદાવ્યા. લાલા અને લખા-એ કહ્યું કે "બારોટ આવ્યા તો ખરા. નક્કી અમારી અરજ દીનદયાળુ પ્રભુએ સાંભળી છે."

ગીરાસ મળ્યો.

બારોટે બહારવટીઆઓને કહ્યું કે "સાહેબે મને વચન આપ્યું છે કે દગો નહિ કરૂં; માટે મારી સાથે ચાલો." બારોટમાં બહારવટીઆને પૂરો વિશ્વાસ હતો એટલે બહારવટીયાઓ બારોટની સાથે બેઠા તરફ ચાલ્યા. લાલો અને લખો બન્ને જણ બારોટની સાથે બેઠા આવ્યા અને સાહેબને બંગલે ગયા. સાહેબ અને મડમ બન્ને રાહ જોઈને બેઠાં હતાં, ત્યાં બારોટ આવી પહોંચ્યા. સાહેબે બહારવટીઆઓને હાજર કરવા કહ્યું. મડમ કોચ ઉપર ટટ્ટાર થઈને બેઠી અને પોતાના પતિને જીવતદાન આપનાર એ ઉદાર અને પોતાના ગીરાસ માટે લડનાર એ સાચા વીર પુરુષોને નીરખવાને માટે તૈયાર થઇ રહી. બારોટે બહારવટીઆ લાલા અને લખાને સાહેબ સામે ઉભા કર્યા. આજે આ બે બાઈઓમાં સાહેબને અજબ ફેરફાર લાગ્યો. કયાં પોતે પરાંતજમાં ગીરાસ ખાલસા કરતી વખતે જોયેલા બે ભાઈઓ અને કયાં આ ! મડમ તો આભીજ બની ગઈ. વિશાળ છાતી, બાર બાર માસની ચડેલી દાઢી, ગર્દન સુધી વાંકડીઆ વાળ, લોખંડ જેવી કાયા અને અગ્નિ ઝરતાં નેત્રો જોઈ મડમ મનમાંજ વિચારવા લાગી: "હિંદુસ્તાનમાં આવા કેટલાય માણસો હશે !" લાલા-લખાએ આજે સાહેબને સલામ કરી નહિ. બન્ને આજે અણનમ ઉભા રહ્યા. સાહેબે કહ્યું કે "બહાદુર વીર નરો ! તમારૂં શૂરાતન જોઇ હું ખુશ થયો છું, પાછળથી તપાસ કરતાં ધાડ પાડવામાં તમારો હાથ નહોતો એટલે તમોને મેં અન્યાય કર્યો હતો. હાલ મને મારી એ ભૂલ સમજાઇ છે; એટલે તમોને તમારો જપ્ત કરેલો ગીરાસ વંશપરંપરા પાછો સોંપું છું." આમ કહી સાહેબે પોતાની સહીવાળો કાગળ લાલા લખાને આપ્યો. બન્ને


ભાઇઓ જેવા અણનમ આવ્યા હતા તેવાજ અણનમ ફક્ત આંખોથી ઉપકાર માની ચાલ્યા ગયા.

ઉપસંહાર

બીજે દિવસે પરાંતજમાં બારૈયા કોમ તરફથી લાલા અને લખાને પોતાનો ગરાસ પાછો મેળવી આપ્યાથી માન આપવામાં આવ્યું અને લાલા લખાએ પોતાનાં બૈરાં છોકરાંને તેડાવી લીધાં. પાછું પ્રથમની માફકજ લાલો-લખો આનંદમાં દિવસો વીતાવવા લાગ્યા. લાલા-લખાને ગીરાસ આપવામાં જે બારોટની બાંહેધરી હતી તે બારોટના વંશ-વારસોને લાલા અને લખાનું કુટુંબ બહુ માન આપતું; અને અત્યારે પણ પરાંતજમાં લાલા-લખાના વંશજો એ ગીરાસ ભોગવે છે. આ વાતને બહુ વખત થયો નથી. ફક્ત સો વર્ષની આ વાત છે. આ વાત ઉપરથી વાચકને ખ્યાલ આવશે કે, ગુજરાતમાં પણ કેટલાય આવા વીર પુરુષો થઇ ગયા હશે. ધન્ય છે વીર લાલા-લખાને અને તેની જનેતાને*

(તા. ૧૭-૭-૧૯૩૨ ના "ગુજરાતી પંચ"માંથી)





३८—परम भक्त दामाजी पन्त

([illegible])

[illegible] કી બાત હૈ, મહારાષ્ટ્ર મેં લગાતાર બારહ વર્ષ તક વર્ષા ન હોને કે કારણ ઘોર અકાલ પડા. વહ અકાલ આજ તક 'દુર્ગાદેવી' કે નામ સે પ્રસિદ્ધ હૈ. અન્ન કે અભાવ સે લોગોં મેં ભીષણ હાહાકાર મચ ઉઠા. હજારોં પ્રાણિયોં કે પ્રાણ-પખેરૂ ઉડ ગયે, હજારોં કે શરીર પર દેખને માત્ર કો ભી ખૂન ન રહ ગયા. કઈયોં કે પ્રાણ સમ્પૂર્ણ અસ્થિ-સમૂહ કે પૂતલોં મેં અટકે પડે થે. સંકટ પડને પર કિસકો ક્યા નહીં કરના પડતા ! વૃક્ષોં કે વલ્કલ ઔર પત્તોં કી રોટિયોં સે લોગોં ને નિર્વાહ કિયા; પર યહ એક યુગ તક ઇસ ક્રમ સે કહાં તક કામ ચલ સકતા થા ! લોગોં કે કષ્ટ કી સીમા નહીં રહી, વ્યાકુલતા દિનોં દિન બઢને લગી. દેશ ભૂખોં કી આર્ત ધ્વનિ સે પૂરા ભર ગયા !

× × × ×

ગોવલકોણ્ડા બેદરશાહી-રાજ્ય કે અન્તર્ગત મંગલ-વેઢા નામ કા પ્રાન્ત થા. વહાં કા શાસન-ભાર ભક્ત-પ્રવર શ્રીદામાજી પન્ત કો સોંપા હુઆ થા. ઉનકી સહ-ધર્મિણી ભી પતિ કે હી સદૃશ ભગવાન શ્રી પાંડુરંગ કી ભક્તિ મેં અનન્યભાવ સે અનુરક્તા થી. નિત્ય-નિરંતર શ્રીહરિ કા સ્મરણ રખતે હુએ અપને કર્તવ્ય કા ન્યાયપૂર્વક નિષ્કામ-ભાવ સે સંપાદન કરના હી દામાજી કે જીવન કા દિવ્ય વ્રત થા. દિન-દુઃખિયોં કી હર તરહ સે સહાયતા

પહુંચા કર સુખી બનાના તો ઉનકા સ્વાભાવિક ગુણ હો ગયા થા. શત્રુ કો ભી સંકટાપન્ન દેખ કર કરુણાર્દ્ર હો જાનેવાલે દામાજી કે લિયે અપની અકાલ-પીડિત પ્રજા કે કષ્ટ અસહ્ય હો રહે થે. દુઃખી પ્રજા કે કરુણ-ક્રન્દન સે દામાજી કા કલેજા પસીજ ઉઠા. અન્ન કે લિયે તડપ-તડપ કર પ્રાણ દેનેવાલે મનુષ્યોં કી મર્મભેદી રુદન-ધ્વનિ ઉનસે સુની નહીં ગયી. ઉનકે હૃદય મેં કિસીને પુકાર કર કહાઃ "દામાજી! કિસ અસમંજસ મેં પડે હો? યહ અન્ન કા ભંડાર કિસ કામ આવેગા? ખોલ દો તાલે ઔર લૂટ લેને દો સારા અન્ન ઇન ભગવાન્ કે ભૂખે પુત્રોં કો!' બસ, ફિર ક્યા થા? દીનબંધુ કી દીન સંતાન કે લિયે અન્ન કા કોઠા ખોલ દિયા ગયા! દયા કે સામને બાદશાહ કા ભય કૈસા! અપને ભાવી સંકટોં કા વિચાર કૈસા? સચ્ચે ભક્ત તો દૂસરોં કો સુખી દેખને કે લિયે અપના સર્વસ્વ હોમ સકતે હૈં-અપને લિયે દુઃખરૂપી ભગવત્પ્રસાદ કો સહર્ષ સ્વીકાર કર સકતે હૈં. ભૂખ સે વ્યાકુલ હજારોં મનુષ્ય મરને સે બચ ગયે. ઉનકી તૃપ્ત અન્તરાત્માએં ભક્તવર દામાજી કો આશીર્વાદ દેને લગીં.

સમાજ મેં જહાં ઐસે 'सर्वभूतहिते रताः' લોગ હોતે હૈં વહાં 'પરહિત ઘૃત જિનકે મન માખી'-ઇસ પ્રકૃતિવાલોં કી ભી સંખ્યા કમ નહીં હોતી. ભક્ત કે બઢતે હુએ યશ ઔર અસહાય પ્રજા કે ગુણ કો કુછ કુટિલકર્મી (બિચારે ભૂલે હુએ અતઃ દયા કે પાત્ર) લોગ સહન

પંઢરીનાથ ને કૃપા કરકે મૈં ને હમારે [illegible] કે લિયે હી કરતે હૈં. ભગવદ્ભક્ત કે આપકે [illegible]-સેવન કા અવસર મિલેગા—આપને દર્શન-[illegible] કે. [illegible] પ્રાપ્ત હોગા. મૈં આજ અપના જન્મ [illegible] સમઝતી હૂં કિ પ્રાતઃકાલ કે [illegible] મેં [illegible]-મુનિયોં કા મનોહર [illegible] કિયા. [illegible] કેવલ ઇતની હી હૈ કિ યહ દાસી આપકી [illegible] ન [illegible] કરેગી.' દામાજી ને અપની [illegible] કે [illegible] પ્રેમ કી મન હી મન સરાહના કર પ્રેમપૂર્વક ઉસસે વિદા લી.

× × × ×

બાહર આતે હી બાજા કે દોનોં હાથ બેડિયોં મેં કસ દિયે ગયે. આહ-હાય! મૈં અપને આરાધ્ય દેવ કે દર્શન કરનેવાલે બાજા કો બેડિયોં કે બંધન મેં ક્યા કષ્ટ હોતા ! ઉન બેડિયોં કી પારસ્પરિક રગડ સે નિકલનેવાલી ધ્વનિ કે સાથ ભગવન્નામ કી ધુન મિલા કર દામાજી સેનાપતિ કે પીછે-પીછે ચલને લગે. ગોવલકોંડે કે માર્ગ મેં પંઢરપુર પડતા થા. બાજા કી ઇચ્છા હુઈ કિ ભગવાન્ શ્રીપાંડુરંગ કે દર્શન કર કૃતાર્થ હોઉં. સેનાપતિ કી સંમતિ સે ઉન્હોંને મંદિર કા રાસ્તા લિયા. હૃદય-સરોવર મેં આનંદ કી લહરેં ઉઠ રહી થીં. શરીર રોમાંચિત હો રહા થા. આંખેં પ્રેમાશ્રુઓં સે ડબડબા આયીં. મંદિર મેં પ્રવેશ કરતે હી ઉન્હેં ભાવાવેશ હો ગયા. પ્રેમ મેં ઇતને નિમગ્ન હો ગયે કિ ઉન્હેં અપને શરીર કી સુધ તક ન રહી. કુછ સમય બાદ સંભલ કર ઉન્હોંને ભગવાન કી સેવા મેં અપને ભાવ-પુષ્પ ઇસ પ્રકાર ભેંટ કિયેઃ "જીવન-ધન ! આપને ઇસ સેવક કો ઇસ રૂપ મેં દેખના ચાહા ! મૈં આપકી ઇચ્છા કે અધીન હૂં—આપકી પ્રસન્નતા મેં પ્રસન્ન હૂં, નાથ ! અન્યાયી રાજા કે અન્ન-ભક્ષણ કા આપને યહ ઉચિત હી ફલ દિયા ! મૈં ઇસે શુભ [illegible] દયાનિધિ ! ઇસ અધમ કો આપકી ચરણ[illegible]

[illegible]લા મહાર.
(મરાઠી ૫૬)

કા–આપકા ભવભયહારી પાવન નામસ્મરણ કરને કા ઐસા સુંદર સુયોગ કહાં મિલતા? સરકારી નૌકરી કે મોહ કો છોડ દેના પ્રભો! મેરે લિયે અસંભવ થા. આપને દયાપૂર્વક બુઢાપે સેં ઇસ સેવક કો અપને અકુતોભય ચરણોં મેં બુલા કર મેરા બડા ઉપકાર કિયા. નાથ! મૈં કિન શબ્દોં સે આપકી કૃપા કા આભાર માનૂં? જિસ બાદશાહ કે દ્વારા આપને અપની કૃપા કા ઉપહાર ભેજા હૈ, ઉસકે પ્રતિ કિસ વાકયાવલિ મેં અપના કૃતજ્ઞભાવ પ્રકટ કરૂં, પ્રાણેશ!” ઇતના કહતે–કહતે ઉનકી આંખોં મેં આંસુઓં કી ધારા બહ નિકલી–ગદ્ગદ્ વાણી હો જાને સે વે આગે કુછ ભી ન બોલ સકે! સેનાપતિ ને દેર હો જાને કે ભય સે દામાજી કો જોર–જોર સે પુકારના શુરૂ કર દિયા. બેચારે સેનાપતિ કો રાજા દ્વારા કિસી પ્રકાર કા ઉપાલમ્ભ ન મિલે–ઇસ ભાવના સે વે તુરન્ત મંદિર કે બાહર નિકલ આયે. ભગવાન કી વિશ્વમોહિની મૂર્તિ કા ધ્યાન કરતે હુએ વે સેનાપતિ કે પીછે–પીછે ચલને લગે.

× × × ×

દોપહર કા સમય થા. *બેદર કા બાદશાહ સિંહાસન પર બૈઠા હુઆ સૂબેદાર કી–કૈદી સૂબેદાર કી પ્રતીક્ષા કર રહા થા! જ્યોં જ્યોં દેરી હોતી જા રહી થી, ત્યોં હી ત્યોં ઉસકી અધીરતા ઔર ક્રોધ બઢતે જા રહે થે. ઇતનેમેં હી એક કાલા-કલૂટા ગ્રામીણ પરન્તુ તેજસ્વી પુરુષ લંગોટી પહને હુએ રાજદરબાર મેં આ પહુંચા.

યહ ચાકર અપને સ્વામી દામાજી પન્ત કે યહાં સે મંગલવેઢયા સે આ રહા હૈ.' દામાજી કા નામ સુનતે હી ઉસકી ભૌંહેં ધનુષ કી તરહ ખિંચ ગયીં. વહ ઉત્તેજિત હો કર બોલ ઉઠા: 'ક્યા નામ હૈ તેરા?'

'મા-બાપ સરકાર! મેરા નામ બિઠ્ઠૂ હૈ. મૈં શ્રી દામાજીકે અન્ન સે પલા હુઆ ચમાર હૂં.'+

'યહાં કયોં આયા?'

'અપરાધ ક્ષમા હો, અકાલ મેં અપની પ્યારી પ્રજા કો ભૂખોં મરતે દેખ મેરે માલિક ને આપકે કોઠાર કા ગલ્લા બાંટ દિયા. મૈં ઉસીકા સારા દામ ચુકાને આયા હૂં. આપ કૃપા કર કે ઉસે લે લેં ઔર ખજાને મેં દાખિલ કરવા કે મુઝે રસીદ દિલવાને કી કૃપા કરેં.'

યહ સુન કર બાદશાહ કે આશ્ચર્ય કા ઠિકાના ન રહા. વહ કિંકર્તવ્યવિમૂઢ-સા હો કર અપને કિયે પર પશ્ચાત્તાપ કરને લગા. વહ મન-હી-મન અપને કો ધિક્કાર કર કહને લગા—'હા! મૈંને દામાજી સરીખે સચ્ચે સેવક પર બિના સોચે-સમઝે બેઈમાની કા લાંછન લગાયા ઔર ઉસે ગિરફ્તાર કરને કે લિયે વ્યર્થ હી ઈતની બડી ફ઼ૌજ ભેજી!' પશ્ચાત્તાપ કે સાથ સાથ બિઠ્ઠૂ કી મોહિની આકૃતિ દેખ-દેખ કર ઉસકે હૃદય મેં એક પ્રકાર કા અદ્ભુત આનંદ હો રહા થા. ઉસને ઉત્સુકતાપૂર્ણ હર્ષિત નેત્રોં સે પૂછા: 'ભૈયા બિઠ્ઠૂ! રૂપયે કહાં હૈ?'

કાંખમેંસે એક છોટી-સી થૈલી નિકાલ કર બિઠ્ઠૂ ચમાર ને કહા, 'લીજિયે, આપ ઇસે જમા કરા કે મુઝે શીઘ્ર હી રસીદ દિલાને કી કૃપા કરેં. મુઝે જાને મેં દેર હો રહી હૈ.'

બાદશાહ તો બિઠ્ઠૂ કે મનોહારી મુખમંડલ કો દેખ

+ જોહાર માયબાપ જોહાર, મી દામાજીચા લેંકવલા મહાર.
(મરાઠી પદ)

કર ચકિત ઔર મુગ્ધ હો ગયા. બાદશાહ પર જાદૂ-સા હો ગયા ! ઉસકે નેત્ર ઉસ ચમાર સેવક કી રૂપ-સુધા કા અનવરત પાન કરને મેં લગ ગયે. ઉસકી ઇચ્છા થી કિ બિઠૂ યહીં ખડા રહ કર ઇન પ્યાસી આંખોં કો ઇસ અનુપમ ઔર અલભ્ય લાભ કો લૂટ લેને કા અવસર દેતા રહે. બિઠૂ ને જલદી કરને કા તકાજા જારી રક્ખા, પર બાદશાહ કો ઉસે અપને સામને સે દૂર કરને કી ભાવના સે બડા દુઃખ અનુભવ હોતા થા. આખિર ઉસને છાતી કડી કર કે કહા-‘ અચ્છા, પ્યારે બિઠૂ ! યે રૂપયે વહાં જમા કરા કે યહાં મુઝસે મિલતે જાના !’ બિઠૂ અબ ખજાને મેં પહુંચા. વહાં ઉસકે રૂપ કા જાદૂ ખજાનચી પર ચઢ બૈઠા. વહ નેત્રોં સે ઉસે દેખતા જાતા થા ઔર હાથોં સે રૂપયે ગિનતા જાતા થા ! જ્યોં હી થૈલી ખાલી કર કે રૂપયે ખજાને મેં ડાલતા ત્યોં હી વહ થૈલી ઉપર તક ભર જાતી. અબ તો ખજાનચી આશ્ચર્યસિંધુ મેં બુરી તરહ ગોતે ખાને લગા. એક ઓર આશ્ચર્યપૂર્ણ લીલા ઔર દૂસરી ઓર રૂપ કા જાદૂ ! બેચારા હૈરાન હો ગયા. ઉસને બડી કઠિનાઇ સે જાદૂગર બિઠૂ સે પિંડ છુડાયા. અંત મેં દ્રવ્ય-પ્રાપ્તિ કી રસીદ લે કર વહ સેવકોં કા સેવક બિઠૂ ચમાર, દર્શન કે લિયે અધીર બાદશાહ કે સન્મુખ ઉપસ્થિત હુઆ. ઉસકે પહુંચતે હી બાદશાહ ને પૂછા-‘ બિઠૂ ! ક્યા તુમકો રસીદ મિલ ગયી ? ’ બિઠૂ ને કહા-‘ હાં. મા-બાપ સરકાર ! મિલ ગયી. અબ મુઝે આજ્ઞા દીજિયે, મૈં અપને ઘરકા રાસ્તા લૂં. બાકી

ડાલૂં. પર વહ લીલાધારી નટ તુરંત વહાં સે ચલતા બના!

× × × ×

ઇધર શ્રી દામાજી પંઢરપુર સે બહુત આગે ચલે આયે થે. એક દિન પ્રાતઃકાલ વે સ્નાનાદિ સે નિવૃત્ત હો કર એકાન્ત સ્થાન મેં પૂજા-પાઠ કરને કો બૈઠે. પાઠ કે લિયે અપની એકમાત્ર સંપત્તિ શ્રીમદ્ભગવદ્ગીતા કો હાથ મેં ઉઠાયા. ઉસકે પન્નોં કો ઇધર ઉધર કરને પર ઉન્હેં એક ચમકદાર સુંદર કાગજ મિલા. ઉત્સુકતાપૂર્વક ઉસે ખોલ કર પઢને લગે. ઉસમેં સુવર્ણાક્ષરોં મેં લિખા થાઃ 'અપને ભંડાર કે અન્ન-સંબંધી રૂપયે ચુકતી ભર પાયે.' ઉસ પર સ્વયં બાદશાહ કે હાથ કી સહી દેખ કર ભક્ત કે આશ્ચર્ય કી કોઈ સીમા ન રહી. ઇતને અધિક રૂપયે કિસને કૈસે દે દિયે-ઇસ બાત કા રહસ્ય ઉનકી સમઝ મેં ન આ સકા! આખિર પૂજા કરને કી ઉત્કંઠા ને ઉન્હેં ઇસ રહસ્ય કો સમઝને કે લિયે અવસર હી ન દિયા. જ્યોં હી પત્ર કો સમેટ કર પૂજા કે લિયે તૈયાર હુએ ત્યોં હી બાદશાહ કે ભેજે હુએ દૂત પત્ર લે કર સરદાર કે પાસ આ પહુંચે. દામાજી કી બંધનમુક્તિ કા સંવાદ પઢતે હી સેનાપતિ ને ઉનકી સારી બેડિયાં તોડ ડાલીં ઔર સ્વયં ઉનકે ચરણોં મેં મસ્તક ટિકા કર પ્રેમ ઔર શ્રદ્ધાપૂર્વક બારબાર પ્રણામ કરને લગા. ઉન્હેં રાજસી વસ્ત્ર પહના કર સેનાપતિ સિપાહિયોં કે સાથ નગર કી ઓર ચલ પડા.

× × × ×

ઉધર બિઠૂ ચમાર કે ચલે જાને કે બાદ બાદશાહ બેચૈન હો ગયા—ઉસકા ખાના-પીના સબ છૂટ ગયા. વહ ઉસ ચમાર કે વિયોગ મેં અધીર હો કર પાગલ-સા બન ગયા. 'બિઠૂ! બિઠૂ!!' કી પુકાર સે રાજદરબાર મેં બડા કૌતૂહલ છા ગયા. બાદશાહ ને અપને મન-હર બિઠૂ કો ઢુંઢ [illegible] આજ્ઞા દી. પર બિઠૂ કા મિલાપ



३१-भक्त रामाजी

(લેખકઃ-બાબા શ્રી. રાઘવદાસજી)

ભગવાન કે ભક્ત સંસાર કી અનેક પહેલિયોં કો હલ
કરને કે લિયે હી જગત મેં આતે હૈં. વહ હોતે હૈં સં-
દેશવાહક ઔર હોતે હૈં સચ્ચે વિશ્વસેવક. ઉનમેં ન તો
કોઈ સ્વાર્થ હોતા હૈ ઔર ન સેવાભાવ સે કિયે જાનેવાલે
કામ કે લિયે અભિમાન હી. વહ તો સંપૂર્ણ સંસાર
કે પૂજારી હોતે હૈં.

સર્વવ્યાપી ભગવાન્ કે ઇસ મૂર્તિમાન સ્વરૂપ સંસાર
કી, ઇસ દૃશ્ય જગત કી સર્વવિધ પૂજા કરને મેં હી ઉન્હેં
આનંદ આતા હૈ. અપને ભગવાન કે સામને ભક્ત કો
અભિમાન કૈસા ! અભિમાન તો અપનેસે છોટે કમ ગુણ
વાલે લોગોં કે સામને હોતા હૈ. સર્વવ્યાપી ભગવાન કે
ભક્તોં કી દૃષ્ટિ મેં તો સંપૂર્ણ જગત ભગવત્સ્વરૂપ હૈ.

કુછ ભૂલ હોતા હૈ, પર અપને પ્રભુ કો કભી નહીં ભૂલતા. ઇસીલિયે કિસી આકસ્મિક પ્રેરણાવશ યદિ ઉસકે હાથોં સે સાધન મેં કોઈ ભૂલ હો જાતી હૈ તો, ઉસ પર વહ ઇતના પશ્ચાત્તાપ કરતા હૈ, જિતના કિ ખૂન કા અપરાધી ખૂન ઉતરને પર!

ભગવદ્ભક્તોં કી ઇસ નમ્રતા—ઇસ મિટને કી લાલસા કા દૃશ્ય સંસાર મેં કભી કભી દૃષ્ટિગોચર હુઆ કરતા હૈ. ઇસ લિયે હી આજ હમ મનુષ્યગણ કુછ સભ્ય બને હુએ હૈં, અપનેકો ઉંચા દેખને કા વિચાર ભી કરતે હૈં. અન્યથા કેવલ તમ-રજોગુણ કા હી સામ્રાજ્ય સર્વત્ર દિખાયી દેતા!

બિહાર પ્રાન્ત મેં એક ઐસે હી મહાભાગવદ્ભક્ત કુછ દિનોં પૂર્વ હો ચુકે હૈં. આપકા નામ થા શ્રી રામાજી!

રામાજી કે પૂર્વજીવન કે સંબંધ મેં મુઝે વિશેષ જાનકારી નહીં હૈ, પર જબ જબ મુઝે ઉનકે દર્શન કરને કા સૌભાગ્ય મિલા, તબ હી મૈંને ઉનકા બડા ઉજ્જ્વલ ચરિત્ર દેખા. ઉસીકા વર્ણન ઉપર્યુક્ત પંક્તિયાં મેં કિયા હૈ.

શ્રી રામાજી નમ્રતા કી મૂર્તિ થે. શ્રી ગોસ્વામી તુલસીદાસજીકૃત રામચરિત કે અદ્ભુત જ્ઞાતા ઔર અન્ય વિષયોં કે બડે વિદ્વાન હોને પર ભી ઉન્હેં અભિમાન કહીં છૂ તક નહીં ગયા થા. જિસ સમય વહ કિસી સભા મેં જાતે, તબ લોગ ઉન્હેં ઉપર બૈઠને કે લિયે બડા આગ્રહ કરતે થે; પર શ્રી રામાજી વહાં એક કોને મેં ઐસે ચુપકે સે બૈઠે રહતે થે, જૈસે કોઇ સેવક અપને સ્વામી કે સન્મુખ અત્યંત નમ્રતા સે બૈઠા કરતા હૈ. પર જબ યહ નમ્રતા કી મૂર્તિ ભક્ત હાથ મેં થાલી લે કર ભગવાન્ કી આરતી કરને કે લિયે ઉઠતે થે ઔર જબ બડે ભક્તિ[illegible] સે વિનય સુના કર અપને કુશલ નૃત્યાભિનય કે સા[illegible] મેં ઝૂમતે હુએ ભગવાન કી આરતી ઉતારતે [illegible] શ્રોતાઓં [illegible] હૃદયોં મેં ભક્તિ [illegible]

શ્રી મહેન્દ્ર બાબુ આદિ કે સન્મુખ શ્રીરામાજી કે સ્મારક મેં શ્રીરામાયણપ્રચારસમિતિ કી સ્થાપના કરને કી યોજના ઉપસ્થિત કી થી. ઉસકો ઇન સબ સજ્જનોં ને સહર્ષ સ્વીકાર કિયા. આશા હૈ શ્રીરામાયણપ્રેમી સજ્જન શ્રીરામાયણ કે પ્રસાર મેં સમિતિ કી સહાયતા કરેંગે, જિસસે ભક્ત શ્રીરામાજી કે મંગલમય ભગવાન કે સ્વરૂપ કા દર્શન હમ સભીકો શીઘ્ર હી હો.×

["કલ્યાણ" માસિકના એક અંકમાંથી]





३२—दैवात पंडित

[[illegible]]

સાગો સેવક

[illegible] છે, આદેર–આદેરા-[illegible] કહે છે. [illegible] આનંદની સેવ [illegible] છે [illegible] આપી [illegible] કાનમાં [illegible] વાત કહી [illegible] કરવાનું [illegible] કહ્યું. [illegible] નાખી [illegible] તૈયારી કરી. આદેરાણી [illegible] સમજી; [illegible] આદેર [illegible] લીધું; તાજ-ભાવી કહ્યું કે "પ્રાણનાથ! ઉભા રહો; ક્યાં જવું છે? શું કામ છે? મને સર્વ વાત જણાવો. હું આદેરની છું, આપને પતિ તરીકે દેવના સમક્ષ સ્વીકાર્યા પછી આપના સર્વ સુખદુઃખની હું ભાગીદાર થઈ ચૂકી છું તો પછી મને કહ્યા સિવાય આમ પાગલની માફક આપ ક્યાં પધારો છો?"

પત્નીની વાત સાંભળતાં આદેરે કહ્યું કે–" મને બિલકુલ રોકીશ નહિ. મારા ગુરુજીને માથે સંકટ આવ્યું છે; મારે ત્યાં જવું છે, મરવા જવું છે."

"મને મૂકીને મરવા જવાનું કહો છો? આદેર! ઉભા રહો! હું તમારી સાથે આવું છું. તમે મરશો તો મરીશ અને જીવશો તો જીવીશ; બાકી પતિ વિના જીવવું નથી. જ્યાં પ્રાણ ત્યાં પિંજર!" આદેરાણીએ બેધડક રીતે કહ્યું.

ગીત બંધ થયાં, વાજાં બંધ થયાં આનંદ ક્યાંએ ચાલ્યો ગયો. સર્વત્ર શોકનું સામ્રાજ્ય પ્રસરી ગયું. આદેર-

ને તેનાં સગાંવહાલાંઓએ અનેક રીતે સમજાવ્યો, પણ તે એકનો બે નજ થયો. ગુરુજીના પ્રેમ આગળ સંસારની સર્વ લાલચો તુચ્છ કરી એ તો ચાલી નીકળવા તૈયાર થયો. આહેરાણીને અનેક જનોએ સમજાવી; પણ એણે તો કહ્યું કે—“ આહેર ત્યાંજ હું. ” છેવટે સર્વ નિરાશ થયાં. આહેર અને આહેરાણી દેવાત ભગત તરફ ચાલી નીકળ્યાં.

ભાગ્ય, કર્મફળ અને નિર્માણ, એ ત્રણેની શક્તિ અલૌકિક છે. કાલે શું થશે ? અરે થોડી વાર પછી શું થશે, એ જાણનાર આ જગતમાં કોણ છે ? જ્યાં આનંદ હતો ત્યાંજ દિલગીરી થઈ; ત્યારે જ્યાં દિલગીરી હશે ત્યાં આનંદ થાય તો નવાઈની વાત કઈ !

આવેલ માણસને ભોમિયા તરીકે સાથે રાખી જેટલી ઉતાવળથી ચાલી શકાય તેટલી ઉતાવળથી આહેર ચાલવા લાગ્યો. પાછળ પાછળ નવપરિણિતા આહેરાણી ચાલવા લાગી. પુરુષના જેટલી શક્તિ તેનામાં ન હતી તોપણ પોતાના ખરા ધર્મને જાણનાર એ આહેરપુત્રી પોતાના શરીરના સુખદુઃખની લવલેશ પરવા કર્યા સિવાય પોતાના પ્રાણાધારની પાછળ ચાલવા લાગી.

પીઠી ચોળેલું શરીર, માર્ગની રજથી રંગાણું, સુકોમળ પગો કંટક અને કાંકરામાં વિંધાણા. પીળું પાનેતર વનને જાળે જાળે ભરાઈ ફાટી ગયું, શરીરમાં ચાલવા જેટલું ચેતન ન રહ્યું, તોપણ હદપાર આત્મસંયમ કરી સ્ત્રીજાતિના પરમધર્મને જાણનારી પતિવ્રતા પતિદેવ પાછળ

સુધી મારા ગુરુજીનું સંકટ દૂર કરવા હું પ્રયત્ન ન કરૂં તો પછી મારૂં આ જીવન શા કામનું ?"

'બસ, તેના મનમાં આવા પ્રકારના વિચારો રમી રહ્યા હતા. ત્વરિત ગતિથી ચાલતાં, અત્યંત શ્રમિત થતાં, થોડી વાર વિશ્રાંતિ લેતાં, વળી પુનઃ ચાલતાં–એ રીતે ભોમિયા સાથે આહેર યુગલ ચાલતું હતું. માર્ગમાં આહેરે ભોમિયાને કહ્યું કે "દેવાત બાપુને ઘણાક સેવકો છે. તે બધા હાજર થશે તો તેનું ગમે તેવું સંકટ અમે બધા પળમાં દૂર કરી નાખીશું."

"એ આહેર ! તારા જેવી તરબોળ ભક્તિ કરનાર તો કોઈક વિરલાજ હોય છે. ઘણાક સેવકોમાં હું ફર્યો છું. જ્યાં જાઉં છું ત્યાં એ જ ઉત્તર મળે છે કે ભાઇ ! પાંચ પૈસાનું કામ હોય તો કરીએ; બાકી અગ્નિના ધખારામાં અમારાથી કોઇ રીતે જઇ શકાય તેમ નથી. દેવાત બાપુને રામ રામ કહેજો. ઓ ભક્તરાજ આહેર ! આ કાંઈ જેવું તેવું કામ નથી, ખરી કસોટી છે. હીરા હોય તેજ નીકળે; બાકી તો પાણકાજ કહેવાય !" પેલા ભોમિયાએ કહ્યું.

આહેરે હવે સર્વ વાત જાણવા ઇચ્છા કરી. ભોમિયાને પૂછ્યું—"ભાઇ ! માંડવામાં મારા કાનમાં તમે ફક્ત એટલુંજ કહ્યું કે 'આહેર ! તારા ગુરુજી દેવાત ભગતને માથે સંકટ આવ્યું છે, અને તુને તેડાવ્યો છે. માટે તારે આવવું હોય તો આવ. જલદી મારી સાથે ચાલ.' પણ મારા ગુરુના માથે શું સંકટ આવ્યું છે ? મારૂં ત્યાં શું કામ છે ? એ જાણવા મારી તીવ્ર ઇચ્છા છે; પણ માંડવામાં એ બધું નહિ પૂછતાં હવે મારગીંજ હું તમને પૂછી લેઉં છું."

ભોમિયો—"આહેર ! દેવાતે એ દેવલ માતાને આળ ઓઢાડયાં; દેવલ જોગમાય ચાલ્યાં ગયાં. હવે એક ઠેકાણે એના વાવડ–સમાચાર છે; પણ ત્યાં જવામાં આડે અગ્નિના અંગારા છે; તેમાંથી પસાર થઇ જવાનું છે. આ

કામ માટે ભક્તરાજે બધાય શિષ્યોને બોલાવ્યા; પણ કોઇ હા કહેતું નથી. કોઈના કાગળ આવે છે, કોઇ કંઠી પાછી મોકલે છે. આ રીતે દિવસો જાય છે. તમારી રાહ જોવાતી હતી; તે તમો તો આવો છો.”

“ભાઈ! આ શરીર દેવાત બાપુનું છે. તેને મરજી પડે તે પ્રમાણે તેનો તે ઉપયોગ કરે; ભાવે તો અમારાં બન્નેના ચામડાનાં મોજાં કરે; ભાવે તો અમને બન્નેને સૂવાડી અમારી છાતી પર પગ મૂકી ચાલે; તેના ધ્યાનમાં આવે તે પ્રમાણે ગોઠવણ કરે. ટુંકમાં, એને અમારી જરૂર હોય ત્યાં અમારાં બન્નેનાં માથાં તૈયાર છે; પછી શું?” આટલું કહી આહેરે આહેરાણી તરફ જોઇ પુનઃ કહ્યું કે “કેમ! તારી શું મરજી છે?” વાત સાંભળીને આહિરાણી બોલી:

“જીવનાધાર! તમને જીવન અર્પાઇ ચૂક્યું તે પછી મારી મરજી શું હોય? આપ કહો ત્યાં હું હાજર છું. તમારા ગુરુજીનું કાર્ય સાધવામાં હું થોડીઘણી ઉપયોગી થઇશ. તો મારા મનમાં હું મારાં અહોભાગ્ય માનીશ.”

“શાહબાશ, આહેરાણી! તને ધન્ય છે! ઈશ્વરે તારા જેવું રમણીરત્ન મને આપ્યું તે બદલ તે પ્રભુનો હું ઋણી છું, તેને માટે હું મગરૂર છું.”

“પ્રાણેશ! હવે મિથ્યા વાત જવા દો, મારી [illegible]ન કરો. વાસ્તવિક રીતે હું જે કાંઇ કરું છું તે મારી ફરજ છે અને એ ફરજ હું અદા કરું છું. એમાં પ્રશંસા શી?” આહેરાણીએ કહ્યું.

શિષ્યની પરીક્ષા

[illegible]નો રમણીય સમય છે. સર્વત્ર [illegible] [illegible] છે. મંદ મંદ ગતિથી પવન [illegible] [illegible] દિવસનાં શ્રમિત [illegible] [illegible]ની! દેવાત [illegible] છે. થોડીક [illegible]

થાય છે કે, આટલામાં આવો, કે કેમ ! નહીં ફકીર એમ થાય છે કે ના, ના, એનાથી બીકથી ડરી જનાર બાયલો છે, વળી એ આવો. નહિ. આવા પ્રકારની વિવિધ પ્રકાર અને વિચારથી દેવાયત બહુ ચિંતા કરે ત્યાં તો આદેરથી જ રોઝ આવ્યો અને ભગવાનને નમન કર્યું. એની ખાતરીમાં જણાવી આપી. દેવાયત પંડિતને પણ ફકીર અને શુભ વિચાર આવી. થોડી વાર બાદ આદેરે કહ્યું કેઃ

“ બાપુ ! હું કોટામાં ગયો હતો ત્યાં સમાચાર મળ્યા કે, આપને માટે સંકટ આવ્યું છે; કેટલે તુરત તેમાં હકનાનું કામ પડ્યું મૂકીને હું ચાલી નીકળ્યો. મારી પત્ની મારી સાથે આવવા તૈયાર થઈ. મેં ના કહી તોપણ તેણે ન માન્યું. મારી સાથે તે પણ આવી. જુઓ, આ રહી !” આટલું કહી આદેર મૌન રહ્યો.

દેવાયત બાપુ આદેરની વાત સાંભળી ત્યાં તો તેનું દિલ આનંદમાં આવી ગયું. અંધારામાં હીરાની જોત લાગી, એમ તેને પાછી આશા થઈ; સાથે સાથે એમ પણ થયું કે, સેવક તો ઠીક, પણ તેની સાથે આવનાર આ અબળા કેવી ! દેવી ! ધન્ય છે તેને !

થોડી વાર મૌન રહ્યા બાદ દેવાયત બાપુએ આદેર સામે પ્રસન્નવદને જોયું. તેની પ્રશંસા કરતાં કહ્યું કેઃ–

“ આદેર ! મારા મનમાં તો એમજ હતું કે, મારા શિષ્યો મોતના ડરથી ડરી જનાર—ડરપોક—બાયલા છે. બધાક તો ખરેખર બાયલાજ નીકળ્યા; પણ ખરો સાચો સેવક તો તું એકજ નીકળ્યો. ભાઈ ! વિશ્વંભરની આ વસુંધરામાં સ્વાર્થને અળગો કરી પરહિતમાં પ્રાણ અર્પનાર કોઈક તારા જેવા વિરલાજ હોય છે. આદેર ! મારે તારા માથાનુંજ કામ છે, એમ કહું તો કાંઈ ખોટું નથી. મારી ગુરુદેવી દેવલ ચાલી ગઈ છે, ને કે ચાલી જવાનું ખરૂં કારણ તો મારી પોતાનીજ ભૂલ છે. ખેર ! હવે તેને પાછી બોલાવવા મારી ઇચ્છા છે. ધોરંભના બેટમાં જ એ બેઠી છે. ચોમેર અગ્નિ દેખાય છે. એ અગ્નિમાંથી પસાર

થઈ મારે તેની પાસે જવાનું છે. એટલા ખાતર મેં તને બોલાવ્યો છે."

"બાપુ ! અમારે એકેયને એક પળ પણ ખોટી થાવું નથી. સત્વર અમારી સાથે ચાલો. અમે એક પછી એક અગ્નિમાં સૂતા જઈશું અને તમો અમારા અંગ પર પગ મૂકી આગળ ને આગળ ચાલતા જજો." આટલું કહી આહેર મૌન રહ્યો.

દેવાત ભક્તે સવારે જવા નક્કી કર્યું. આહેરે ન માન્યું એટલે છેવટે એ ને એ પળે જ ત્રણ જણ ચાલી નીકળ્યાં. ટાપુ નજીક આવ્યાં. ઘોર અંધકાર સર્વત્ર પ્રસરી રહ્યો હતો. આકાશમાં તારલા ચળકાટ મારતા હતા. સહેજ પવન ફુંકાતાં પૃથ્વી પર છવાઈ રહેલ અગ્નિના અંગારા લાલચોળ જેવા દેખાતા હતા. ભક્તરાજે એ અંગારા તરફ નજર કરી આંગળી દર્શાવતાં આહેરને કહ્યું કે:

"સેવક ! જો, આ અંગારા છે. આની ઉપર તારે સૂવાનું છે અને હું તારા પર પગ મૂકું ત્યાં તારી આ પરણેતર આહેરાણીએ તુરતજ બીજો પગ ઝીલવા માટે સૂઈ જવાનું છે."

દેખાતા અંગારા આહેરને મન સુગંધી પુષ્પોની શય્યા જેવા લાગ્યા. તેણે તે પર શયન કરવાનું પસંદ કર્યું. પણ પત્ની તરફ જોતાં કહ્યું કે—" પ્રાણેશ્વરી ! આપણું ધન્યભાગ્ય કે ઈશ્વરે આપણને રૂનાં ગાદલાંને બદલે સુંદર પુષ્પોની શય્યામાં સૂવાનું સોંપ્યું. આ બદલ ઈશ્વરનો ઉપકાર માની લે અને પુષ્પના ઢગલામાં જ આપણે શયન કરીએ છીએ એમ માની આ અંગારા પર શયન કરવા તૈયાર થઈ જા."

દેવાત ભક્તને દયા વછૂટી: "આહેર ! આવી કોમળ [illegible]

શિવ ! ! ઈશ્વર ! તેં મને આ કાર્યમાં કયાં નીગ્યો ?"

ભક્તરાજની આંખોમાંથી દડ દડ આંસુ ખરી પડયાં. અત્યંત દયામણી નજરે તેણે આહેર તરફ જોયું અને કહ્યું કે: "બાઇ ! બસ કર. તારે સૂવું હોય તો તું ખુશીથી સૂઇ જા; પણ આ બિચારી આહેરાણીને આ ભયંકર અગ્નિના તણખામાં સૂવરાવવાનું રહેવા દે !"

"ગુરુજી ! ભક્તિ ખાંડાની ધાર છે ! એમ જો તમે માનતા હો અને મારા પતિની ખરી પરીક્ષા કરવા માગતા હો તો હવે ના પાડશો નહિ. મારો પતિ જે કંઈ કરે તે કરવા દો...." આટલું કહી તેણે આહેર સામે જોયું અને કહ્યું કે:

"પ્રાણેશ ! હવે વખત કાં લગાડો ! ચાલો, પ્રથમ હું આ પુષ્પશય્યામાં પડું છું; પછીથી તમો પડજો."

આટલું કહી આહેરાણી ટપ દઇને અગ્નિના તણખાની ફૂલવાડીમાં સૂઈ ગઇ–જાણે કે અત્યંત શ્રમિત થયેલ રાજરાણી પલંગ પર બિછાવેલ પુષ્પશય્યામાં પડી ! ભક્તરાજે વજ્રથી પણ કઠણ હૃદય કરી તેના પર પગ મૂકયો ત્યાં તો આહેર, આહેરાણીથી થોડેક આગળ તણખામાં સૂતો. ભક્તરાજે તેના ઉપર બીજો પગ મૂકયો. બસ, આ રીતે સેતુ બાંધી એક પછી એકને સૂવાડતાં તેના પર પગ મૂકતા મૂકતા ભક્તરાજ આગળ વધવા લાગ્યા. ઈશ્વરે આહેરના સત્યની કિંમત આંકી તેમને સત ચડાવ્યું. વીજળીના વેગથી આહેર આહેરાણી આગળ આગળ સૂવા લાગ્યાં. ભક્તરાજ તેના પર પગ મૂકી ચાલવા લાગ્યા. થોડી વાર થઇ ત્યાં તો સામે દેવી દેવલ હસતે વદને બેઠાં હતાં ત્યાં ભક્તરાજ પહોંચી ગયા અને આહેર–આહેરાણી ઉભાં થઇ દેવલના ચરણમાં ઢળી પડયાં.

દેવાત ભક્તરાજ દેવલને નમ્યા. પોતાના અપરાધની માફી માગી અને સાથે આવવા કહ્યું. દેવલે કબૂલ કર્યું. આજથી પતિપત્નીનો સંબંધ પૂર્ણ થયો. ભક્તરાજે દેવલને જોગમાયાના નામથી બોલાવી.

દેવલને લઈને આવ્યા બાદ ભક્તરાજને સૌરાષ્ટ્ર ભૂમિનાં મીઠાબોલાં માનવી પ્રત્યે કાંઈક ક્રોધ ઉપજ્યો. તેણે દેવલને કહ્યું કે:–

"જોગમાયા ! સોરઠ ધરાનાં માનવી જીભનાં બહુ મીઠાં, પણ અંતરનાં કૂડાં છે. મારા ઘણાક શિષ્યો હતા તેમાંથી ફક્ત એક આ આહેરજ સાચો નીકળ્યો. માટે ચાલો, અહીં નથી રહેવું." આ પ્રમાણે કહી દેવલને સાથે લઈ ભક્તરાજ કચ્છ તરફ ગયા અને મોડસર ગામમાં રહ્યા.

દેવાયત પંડિતે સોભાજીને ગુરુ તરીકે માન્યા હશે એમ તેમનાં કેટલાંક "સોભાનો ચેલો દેવાયત પંડિત બોલ્યા" એ ભજનો ઉપરથી જણાય છે. કોઈક ભજનના અંતમાં દેવલચરણે, એવું પણ બોલાય છે. ખરી રીતે જોતાં સોરઠના ખરા સંતોએ સ્ત્રીને માતાસ્વરૂપે દીઠા પછીજ પ્રભુનાં દર્શન કર્યાં હશે.

ભજન આગમનું

પેલા પેલા પવન ફરૂકશે નદીએ નહિ વહે નીર,
ઓતર થકી રે સાયબો આવશે ભેળો હનમંત વીર.
દેવાઇત પંડિત દા'ડા દાખવે,
સુણ દેવળ રે નાર, આપણા ગુરુવે સતરે ભાખીયાં.
જુઠડાં નહીં રે લગાર, લખ્યારે ભાખ્યા એ દિન આવશે !
પોરો આવ્યો રે સંતો ! પાપનો, ધરતી માગે છે ભોગ,
કેટલાક ખડગે કપાઈ જાશે કેટલાક મરી જાશે રોગ—દેવાઇત
પોથી અને પુસ્તક ખોટા પડશે ખોટા કાજીના કુરાન,

१—हजरत मुहम्मद (सल्)

[illegible]

[illegible] ઉન્નતિ [illegible]
[illegible] ધાર્મિક [illegible]
[illegible] અને [illegible]
[illegible] ઉન્નતિ માટે [illegible] છે, ત્યાંસુધી
[illegible] જાતિના [illegible]
[illegible] ત્યાંસુધી તે [illegible]
[illegible] અને સત્ય હતું કે તેમ કહી શકાય નહિ. હિંદમાં
એ કે અનેક જાતિઓ રહે છે પરંતુ તેમાં મુસલમાનોની તેમ-
ની ઐતિહાસિક સંસ્કૃતિ અને સામાજિક વિશેષતાઓને
લીધે તદ્દન જુદાઈ છે. એક વિશેષતા બીજી પણ છે અને
તેનો ઉલ્લેખ કરતાં દુઃખ થાય છે કે, આ જાતિએ આજે
આગેના વખત અગાઉથી આ ઉતરેલી કોમોનો હાથ્રુપાણી
ખાઈ-પીને પણ પોતાનાં બાળકો દ્વારા તેનાં દુઃખદર્દો
તરફ દિલસોજી દેખાડવાનું કદી નથી શીખ્યા—તેની દરકાર
પણ કરી નથી. આ જાતિની આ ઉપેક્ષાએ તેમના સદ્ગુણે
હિંદુઓમાં પણ શંકા ઉત્પન્ન કરી અને એનું પરિણામ એ
આવ્યું છે, કે જાતિઓએ એકત્ર થઈ વિશાળ રાષ્ટ્રનું નિ-
ર્માણ કરવાનું હતું તે ભિન્ન ભિન્ન થઈ ગઈ. બીજાઓને તક
મળી અને તેમણે આ પ્રસંગનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો.
પરિણામે કોમનો બધો વૈભવ નાશ પામી ગયો અને તેની
જાહોજલાલી જતી રહી. એટલે અત્યારના સમયે ધર્મા-
ચાર્યોનું કર્તવ્ય છે કે, તેઓ સમાનતાનો સન્માર્ગ બતા-

વત્તા રહે; પરંતુ ઉભય જાતિઓના ધર્માચાર્યોએ કદી તેમની તરફ ધ્યાન ન આપ્યું. આથી ઉલટું તેઓ પરસ્પરના ભેદભાવથી, સંકુચિત વિચારોથી હંમેશાં ભરપૂર રહેતા, જો કે સમય સમય પર કેટલાક સંતો, ઓલીઆઓ અને પીરોએ પોતાની મનોહર વાણીમાં બન્ને જાતિઓના એકેશ્વરવાદ, એકધાર્મિકતા અને માનવતાનો ઉપદેશ આપ્યો, પરંતુ તે સાધુઓનો સંબંધ હમેશાં સમાજ સાથે નહિ હોવાથી તેમના સદુપદેશ—દરરોજ ઉપયોગમાં આવતા પુરોહિતોના ઉપદેશ આગળ સફળ થયા નહિ.

આધુનિક કાળમાં પુરાતન કાળ કરતાં અનેક દોષો છે, પરંતુ આ યુગની ધાર્મિક સહિષ્ણુતાને કબૂલ કરવી જ પડશે. પાશ્ચાત્ય સભ્યતાની આજ લગભગ બધા દેશોમાં બોલબાલા છે. આપણો દેશ પણ તેના મોહક રંગમાં પોતાના ફાટ્યાતૂટ્યા વસ્ત્રને ધીમે ધીમે રંગતો જણાય છે. આ પાશ્ચાત્ય સભ્યતા વર્તમાન માનવજાતિ માટે એક શાપરૂપ જ દુઃખદાયી થઇ રહી છે; પરંતુ તેની વર્તમાન ધાર્મિક અને સામાજિક સહિષ્ણુતાને માનવી જ પડે છે. પશ્ચિમના દેશો તેલ, રૂ અને કોલસા માટે ભલે એકબીજાનાં ગળાં કાપતા રહે, પરંતુ ધાર્મિક વિગ્રહનું નામનિશાન પણ તેમાં નહિ જણાય; તેથી ઉલટું પૂર્વની સભ્યતાના દેશો પાર્થિવ સ્વાર્થોનો પોતપોતાના હિત માટે કોઇ કોઇ વખત ઉપયોગ કરી લે; પરંતુ એ જાતિઓ ધાર્મિક અસહિષ્ણુતાના અવતારરૂપ જ છે. હિંદમાં હંમેશનાં થઈ પડેલા હિંદુમુસલમાનનાં કોમી ઝગડાઓ અને થોડા વખત અગાઉ પેલે- [illegible]

[illegible]

તેમની અંદર અંદર એક ધાર્મિક અનુભૂતિ અને સામુહિક સહિષ્ણુતાના બીજનું આરોપણ કરશે ત્યારેજ રાજનૈતિક મદ્ગુના પ્રાપ્ત થઈ શકશે. વાસ્તવમાં આપણે કદી એક-બીજાના ધર્મતત્ત્વને સમજવાની ચેષ્ટા જ કરી નથી; બલ્કે, એકબીજા તરફ તિરસ્કારથી જ જોતા આવ્યા છીએ. આપણે તો એમ ઇચ્છવું જોઇએ કે, આપણે એકબીજાના ધાર્મિક નેતાઓ, પેગંબરો, અવતારો અને તેમના ઉપદેશોના અભ્યાસ કરીએ, તેમનું મનન કરીએ અને તેમને એક દિલના ત્રાજવા પર સમદષ્ટિથી તોળીએ. સંસારમાં કોઇ પણ સંપ્રદાય અગર પંથ ધૃણાસ્પદ નથી. જંગલી જાતિઓને પણ આપણે તેમના વિશ્વાસ મુજબ આચરણ કરતાં જોઇએ છીએ, તેથી આપણે તેમને અસભ્ય ન કહી શકીએ; કેમકે તેમનામાં મનુષ્યજાતિના સામુહિક દૈનિક ઉન્નતિનાં અનેક સુલક્ષણ અને ગુણ આપણા કરતાં વધારે જણાય છે. મોટા ભાગના હિંદુઓએ ઇસ્લામને તુચ્છ પંથ ગણ્યો છે પરંતુ ખરી વાત એમ નથી. હિંદના મુઠ્ઠીભર મૂર્ખ અને અજ્ઞાન મુસલમાનો તરફથી હેરાનગતિ ભોગવ્યાથી આપણે આજ તે મહાન સભ્યતા અને તેમના આચાર્યને (પેગંબરને) તુચ્છ નથી કહી શકતા. આજે આ ધર્મના અનુયાયીઓનો આ પૃથ્વી પર ચોથો ભાગ છે. ઇસ્લામ ધર્મની એ સંસ્કૃતિ અને તેના સ્થાપકની કેટલીક વિશેષતાઓ છે અને એજ દેખાડવાનો આ લેખનો હેતુ છે.

હજરત મુહમ્મદ (સલ)

ઇસ્લામના પ્રવર્તક મુહમ્મદ સાહેબનો જન્મ અરબી માહેના રબી–ઉલ–અવલની ૧૨મી તારીખે–ઈ. સ. ૫૭૧ ના ૨૨ એપ્રિલ સવારના ૯–૨૫ મિનિટે મક્કામાં અરબના સત્તાવાદી જાતિ કુરેશમાં થયો હતો. તેમના પિતા અબદુલ્લા તેમના જન્મ અગાઉ કેટલાક વખતથી મરણ પામ્યા હતા. જ્યારે તે ભાગ્યેજ ૬ વરસના થયા હશે એવામાં તેમની માતાનો પણ દેહાન્ત થયો. બાળક મુહમ્મદ અનાથ

થઇ ગયા, સંસારના ભાવી શિક્ષકને સાક્ષર અને શિક્ષિત બનાવવાની ચિંતા કરવાવાળું કોઇ રહ્યું ન હતું એટલે મુહમ્મદ એમ ને એમજ રહી મોટા થયા. તે નાનપણથીજ ઘણા સરળ હતા. તેમનામાં કદી ચંચળતા, ચાલાકી અથવા ચારિત્રહીનતા આવીજ નહિ. તેમના સ્વભાવના સંબંધમાં તેમના કાકા અબૂ તાલિબનું કહેવું છે કે તેમણે મુહમ્મદને કદી જૂઠું બોલતાં, બીજાને દુઃખ આપતાં, ઉચ્છૃંખલપણે વર્તતાં અને બીજા છોકરાઓ સાથે વ્યર્થ ભટકતાં જોયા નથી. તે અતિશય શરમાળ હતા. નાનપણ-થી તેઓ ઘણા કષ્ટસહિષ્ણુ અને પરિશ્રમી હતા. જ્યારે તેઓ કિશોર વયના હતા ત્યારે કાબાનો જીર્ણોદ્ધાર થઇ રહ્યો હતો, તેમાં તેમણે ઘણી સહાયતા કરી. તેમણે પોતાના ખભા ઉપર ઘણા પથ્થરો ઉપાડ્યા. એક દિવસે તેમના કાકા અબ્બાસે તેમને ઉઘાડા ખભા પર પથ્થર ઉપાડતા જોઇને તેમણે તેમને કપડું આપ્યું, જેથી તે ખભા પર રાખી પથ્થર ઉપાડે. તેમણે તે પ્રમાણે કર્યું અને પથ્થર ઉપાડવા લાગ્યા. પથ્થર ઉપાડતાં ઉપાડતાં મૂર્છા આવી ગઇ, થોડોક વખત પછીથી તેમને ભાન આવ્યું અને ફરીથી પથ્થર ઉપાડવા લાગ્યા.

સાંસારિક જીવન

૨૫ વરસની અવસ્થામાં તેમણે બીબી ખદીજા નામની ચાળીસ વરસની એક વિધવા સાથે લગ્ન કર્યું. તે પછીથી તેમણે એક પછી બીજું એમ ઉમ્મહા બીબી, બીબી [illegible] અને બીબી આયશા સાથે લગ્ન કર્યાં; પરંતુ તેમાં બીબી આયશા સિવાયની બધી પ્રૌઢ વિધવાઓ જ હતી. [illegible]

તેમનો બાકીનો વખત સમાજસેવામાં જતો. ઘરનાં નાનામાં નાનાં કામ જેવાં કે—ઢોરને ઘાસ નાખવું, બકરીઓને દોહવી, કપડાં ધોવાં અને તેમને સાંધવાં, જોડા સાંધવા, કચરો કાઢવો વગેરે પોતાના જ હાથે કરતા. જરૂર કરતાં તે ઘણું જ ઓછું બોલતા, પરંતુ જે કંઇ બોલતા તે ચારગર્ભિત, સ્પષ્ટ, પરિમિત અને હૃદયગ્રાહી હતું. એક અક્ષર પણ તે મોંમાંથી ફોગટ કાઢતા નહિ. શ્રોતાઓનાં હૃદય ઉપર તેની ઘણી અસર થતી. પોતાના કે નાના કામ માટે પણ બીજાને ધન્યવાદ આપ્યા વગર રહેતા નહિ. એક જિજ્ઞાસુએ પૂછ્યું—"હજરત! મનુષ્ય માટે સૌથી નુકશાનકારક વસ્તુ શું છે?" તેમણે પોતાની જીભ પકડીને કહ્યું—"સવારમાં જ્યારે મનુષ્ય ઉઠે છે ત્યારે તેના બધા અવયવો જીભને પ્રાર્થના કરે છે કે જુઓ, આખો દિવસ સંયમથી વર્તજો, નહિ તો અમને મુશ્કેલીમાં નાખશો."

સામાજિક વ્યવહાર

મુહમ્મદ સાહેબને ગરીબ ગુરબાં સાથે હળવા મળવામાં, તેમને પ્રસન્ન કરવામાં, બાળકોને ખવડાવવામાં અને તેમની સાથે રમવામાં ઘણો આનંદ આવતો હતો. તેમના બન્ને ભાણેજો–હસન અને હુસેન–જે ધાર્મિક શહીદ થવાને લીધે ઇસ્લામના ખાસ અંશ ગણવામાં આવે છે–તે હંમેશાં તેમની પાસે જ રહેતા–તેમના ખભા પરજ દેખાતા. તેઓ તેમના દાદાને ખીજવવા માટે કદી કદી તેમની દાઢી પણ ખેંચતા. મુહમ્મદ સાહેબ બાળકોને રમુજી વાતો સંભળાવતા એટલે હજરત ઘણી વાર બાળકોથી વિંટળાએલા સાદડી પર સૂતેલા દેખાતા, તે પોતે તેમની રમતોમાં ભાગ લેતા, હજરત રસ્તે જતાં બાળકોને લાલા, ભૈયા વગેરે કહીને રોકતા અને તેમનામાં તેમની માફક ભળી જતા.

તેમનું હૃદય બાળકો તરફ કેટલું કોમળ હતું તે નીચેની વાત પરથી સમજાય છે. એક વખત એક લુહારનો

છોકરો માંદો પડયો. તે મરવાની અણી પર હતો તે વખતે હજરતને ખબર મળી. તે પોતે દોડતા તેની ઝુંપડીએ પહોંચ્યા અને કેટલાક કલાક સુધી તેમણે તે બાળકની ચાકરી કરી અને અંતે તે બાળક હજરતના ખોળામાં જ મરણ પામ્યો. તેઓ હરકોઇના મુશ્કેલીના વખતે હાજર રહેતા. તેઓ એટલા નમ્ર હતા કે પાંચ દશ માણસો બેઠા હોય તે વખતે પગ પસારીને કદી બેસતા નહિ અને હંમેશા પલાંઠી વાળીનેજ બેસતા. ગમે તેટલી થોડી વસ્તુ હોય તોપણ બધાને વહેંચીને પોતે લેતા, ગમે તેટલી સામાન્ય સ્થિતિનો માણસ હોય તોપણ તેનું આમંત્રણ સ્વીકારવામાં હજરત કદી વિરોધ કરતા નહિ અને પોતે પણ અતિથિઓનો સત્કાર કરનાર સર્વશ્રેષ્ઠ પુરુષ હતા. યહૂદીઓ અને ખ્રિસ્તીઓ સાથે તેમને સારો મેળ હતો. નોકરોના કામમાં મદદ કરવાનો તેમને ઘણો શોખ હતો. ઘરની અને પાડોશીઓની જરૂરિયાતની વસ્તુઓ જાતે ખરીદી પોતે ઉપાડીને લઇ આવતા. એક દિવસ તેઓ એક માણસ સાથે જંગલમાં થઇને નીકળ્યા, ત્યાં તેમણે બે દાતણની સોટીઓ કાપી. તેમણે પોતાના માટે વાંકી સોટી રાખી અને સીધી તે માણસને આપી. હજરતનું આ વિશાળ હૃદય જોઇને તે માણસને સંકોચ થયો. હજરતે કહ્યું—"મારા સાથી તરફ મારે મારું કર્તવ્ય બજાવવું એ મારો ધર્મ છે; નહિ તો હું કયામતના દિવસે તેનો શું જવાબ આપું? તમે મારી સાથે આવવાની કૃપા કરી છે. મારો ધર્મ છે કે, હું તમને સંતુષ્ટ કરું." એક માણસ કાયમ મસ્જિદમાં કચરો કાઢતો હતો, તે બિમાર થયો. હજરત [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

તેમના એક નોકરનું કહેવું છે કે, તે દશ વરસ સુધી હજરતની સેવામાં હતો, પરંતુ તેમણે તેને એક હુંકારો પણ કર્યો ન હતો.

ગૃહસ્થજીવન

મુહમ્મદ સાહેબ પર એક ગૃહસ્થ તરીકેની ઘણી જોખમદારીઓ હતી. જો કે તેમનું જીવન પણ સાદુ અને ગરીબાઇવાળું હતું તોપણ પોતાની ચારે પત્નીઓની જરૂરી માગણીઓને તેઓ પૂરી કરતા હતા. તેમનો વ્યવહાર ન્યાય અને સમભાવપૂર્વક ચાલતો હતો. તેઓ કહેતા કે, જે પોતાના કુટુંબની તરફ ઉચ્ચભાવથી વર્તે છે તેજ ઉચ્ચ વ્યક્તિ છે. એક દિવસ તેમની બીબી ઉમ્મેહબીબી પોતાના નાના ભાઈ મુઆવીઆને ખવડાવી રહી હતી. હજરતે પૂછયું: "તમને મુઆવીઆ બહુ વહાલો છે?" બીબી સાહેબના 'હા' કહેવા સાથેજ હજરતે પણ તેજ શબ્દોને ફરીથી ઉચાર્યા:–"મને પણ તે બહુ પ્રિય છે." સ્ત્રીજાતિ તરફ હજરતને ઘણું માન હતું. તેમની બીબી સફિયાને ઊંટ પર બેસાડતી વખતે હજરત ઘુંટણ પર બેસતા અને તેમના ઘુંટણો પર પગ મૂકી તે ઊંટ પર બેસતા. એક દિવસ ઊંટ એકદમ ઉભું થઇ ગયું અને હજરત તથા બીબી સફિયા બન્ને જમીન પર પડી ગયાં. અબૂ તલહા આ જોઇ હજરતને ઉઠાડવાને દોડયો. તેમણે તરતજ કહ્યું–"પહેલાં સફિયાને સંભાળો. એક દિવસ બીબીઓમાં પરસ્પર તકરાર થઈ. હજરત તેજ વખતે ઘરમાં દાખલ થયા અને કંઈ પણ બોલ્યા વગર એક ખૂણામાં શાંત બેસી ગયા. તકરારમાં બીબી આયશા ન્યાયપક્ષ પર હતાં. તેઓ શાંત હતાં, પરંતુ અન્ય બાનુઓએ જ્યારે તકરારને ખૂબ વધારી મૂકી ત્યારે બીબી આયશાએ પણ ઉત્તર આપવા માંડયા. જ્યારે તકરાર શાંત થઈ ગઇ ત્યારે હજરત આયશાના મકાન પર ગયા અને કહ્યું––"આયશા! જ્યાંસુધી તમે શાંત [illegible]ના હતાં ત્યાં સુધી તમારા તરફથી

ખુદાનો ફિરસ્તો જવાબ આપતો હતો; પરંતુ [illegible]
જાતે બોલવા લાગ્યાં ત્યારે તે તમને છોડી ચાલ્યે
તેમની ઉપદેશ કરવાની પ્રથા આવી હતી. ઘણા
શભરેલા શબ્દોમાં તે પોતાનો ઉપદેશ આપત

પેગમ્બર મુહમ્મદ (સલ)ક્રમાનુસાર પોતાની
પાસે જતા. તેમાં તેઓ ઘણી નિયમિતતાનું પાલ
જ્યારે બહાર મુસાફરીએ જતા અથવા માંદા [illegible]
ત્યારે પણ તેઓ આ ક્રમને ચાલુ રાખતા. તેમન
ના છેલ્લા દિવસોમાં જ્યારે તે બહુ બિમાર રહે
અને જે વખતે તેમને એકજ જગ્યાએ રહેવાન
પડી હતી ત્યારે તેમણે નછૂટકે પોતાનો આ
તોડયો હતો. ઇસ્લામમાં આ કારણથી ચાર સ્ત્રી
સુધીની છૂટ છે, પરંતુ પતિએ હજરતની માફક
અને સમાન વ્યવહારવાળા થવું જોઇએ. આ
આપણને સમજાય છે કે, તેઓને સ્ત્રીઓ તરફ કે
હતું. બીબી ખદીજાની સાથે તેમણે પોતાના વૈવાહિક
મોટો ભાગ–પચીસ વરસ–વીતાવ્યો હતો. તેમના
પછીથી કદી કદી ખદીજાનો ઉલ્લેખ કરતાં તેમનું ગ
આવતું અને આંખો આંસુથી ભરાઇ જતી. એ
ખદીજાની બહેન તેમને મળવા આવી. તેમણે તેમ
આદરસત્કાર કર્યો. ખદીજા માટે તેમના હૃદયમ
ઉચ્ચ સ્થાન હતું.

તેમનો તેમની પુત્રી ફાતિમા પર ઘણો સ્નેહ
તેમના પુત્રો તો હર વખત મુહમ્મદ સાહેબના મ
રહેતા. એક વખત તેમની [illegible] મરવાની તૈ
હતી. હજરતે તેને ખોળામાં લઇ લીધી અને
[illegible] આંસુ ભરાઇ આવ્યાં. હજરતને આ પ્રમાણે
[illegible] તેમના સાથી સહાબાએ કહ્યું " [illegible]
[illegible] આ સ્થિતિ કેમ ? " હજરતે
[illegible]

કરી છે ને આ કોમળતા છે. જે દયાળુ છે તેના પર અલ્લાતઆલા પણ દયા દેખાડે છે.''

મુહમ્મદ સાહેબની દઢતા

હજરત મુહમ્મદ (સલ) બહુજ સરળ હતા. સાદાઇ અને સ્વચ્છતાથી તેમણે પોતાની શારીરિક શક્તિને આખર સુધી કાયમ ટકાવી રાખી હતી. અંતિમ વખત સુધી તેમના શરીરની કાંતિ કાયમ રહી હતી. તેઓ ૬૩ વરસ સુધી જીવ્યા, પરંતુ કાનની નજીકના વાળ છોડીને તેમનો એક વાળ પણ સફેદ થયો ન હતો. તેઓ કદી પણ વ્યર્થવાદની પાછળ પડતા ન હતા. તેમના શત્રુ તેમને કવિ, ચમત્કારી પુરુષ, જાદુગર અને પાગલ વગેરે કહ્યા કરતા હતા; પરંતુ તેમના નૈતિક આચાર સંબંધી આજ સુધી કોઇએ કંઈ પણ કહ્યું નથી. તેમના કાકા અબૂતાલિબ હજરતના નિર્મળ આચરણની સાક્ષી પૂરે છે. કુરેશ જાતિના સરદારોએ તેમને મૂર્તિપૂજાનો વિરોધ ન કરવા બદલ જર, જન, જમીન, કામિની અને કંચનનું પ્રલોભન દેખાડયું; પરંતુ તે પોતાના સિદ્ધાંતથી તલભર પણ ન ડગ્યા.

હજરતની સાદાઇ

મુહમ્મદ સાહેબના આહારવિહાર તેમની સાધુવૃત્તિના સૂચક છે. તે જવની રોટી ખાતા. તેઓના ઘરમાં સૂપડું સરખું પણ ન હતું. દાણા હાથથી મસળી ફૂંકથી સાફ કરાવવામાં આવતા. કદી કદી તો કેટલાક દિવસ સુધી ચૂલો પણ સળગાવવામાં આવતો ન હતો. આખું કુટુંબ ખજૂર ખાઇને તથા પાણી પીનેજ રહેતું. બીબી આયશાએ કહ્યું છે કે જ્યારે તેઓ મદીનામાં રહેતા હતા ત્યારે તેમના ઘરમાં કોઈ કોઈ વખત ત્રણ દિવસ સુધીનો ખોરાક એકઠો થતો નહિ. હજરતના સાથીઓ તેમને ઘણી વખત ભૂખ્યાજ જોતા. ભોજનમાં મુહમ્મદ સાહેબ કદી ભૂલ કાઢતા ન હતા. જે કંઇ આવી મળતું તેને માથે ચઢાવી પ્રેમપૂર્વક ગ્રહણ કરતા. આવીજ રીતે તેમના પોશાકમાં પણ કંઈ

નવીન જેવું ન હતું અને તે પણ સીધો સાદો અને જરૂરીજ હતો. તેમણેજ કહ્યું છે કે, પવિત્રતાજ મનુષ્યનો સર્વોત્તમ પોશાક છે. વાળવાળી ચામડાની નાની સરખી ચટાઈજ તેમની પથારી હતી. કોઈ કોઇ વખત કોથળાનેજ બેવડો કરી પાથરતા. ઘરની સ્થિતિ આ પ્રમાણે હતી. માટીની દિવાલો પર ખજૂરીનાં પાંદડાંનું છાજ હતું. એક વખત તેઓ ઉમર હજરતને ત્યાં જઈ પહોંચ્યા. તેમણે જોયું તો મુહમ્મદ સાહેબ એક ભાંગ્યા તૂટયા ખાટલા પર પડયા છે, ખાટલાની તૂટેલી દોરી તેમના શરીરને ચોંટી રહી છે, એક ખૂણામાં થોડાક જવ પડેલા છે અને એક ખીલા પર મશક લટકાવી છે. "રસૂલેખૂદા"ના ઘરનો આજ સરસામાન હતો. આવી ગરીબ સ્થિતિ જોઈ ઉમરની આંખોમાંથી આંસુ નીકળી પડયાં. હજરતે જણાવ્યું: "ઉમર! શું તમને આ જીવનથી સંતોષ નથી? સાંસારિક જીવન તો ખુશરૂ અને કૈસરના માટે છે. આપણે તો આધ્યાત્મિક જીવન ગાળવું જોઇએ."

ઉદારતા

હજરતની સુપુત્રી બીબી ફાતમા ઘરમાં દળતી અને કુવેથી પાણી ભરી લાવતી. આથી એક દિવસ અકળાઇને તે પોતાના પિતાની પાસે મસ્જિદમાં ગઈ અને તેમને કહ્યું– "અબ્બાજાન! ઘરમાં એક ચાકરડી રાખવામાં આવે તો સારૂં." અને રસુલિલ્લાહે જવાબ આપ્યો–"પ્યારી બેટી! બદ્રનાં અનાથ ભૂખ્યાં મરણ પામે છે, વળી મસ્જિદમાં [illegible] કેટલાંક ઘરબાર વગરનાં કુટુંબ રહે છે. અને તે [illegible] જીવનનિર્વાહનાં સાધનો એકઠાં કરવાનો [illegible]
[illegible] એક દિવસ એક ભિખારી આવ્યો. [illegible]
[illegible] તેને આપવાને ઘરમાં [illegible]
[illegible]

ઉપર આવેલો હતો, તે વિખેરી નાખ્યા. ફાતમાએ ઘરના ઓરડે પડદો લટકાવ્યું. એક વખત એ જોઈ, એક રેશમી કુડી-ઓ પહેરેલ, હજરતે કહ્યું "આ શું! મુહમ્મદની બેટી-ને આ કુડીઓ, તે ભાગ્યવાન નથી." તરત જ તેમણે કુડીઓ ઉતારી નાખી અને આપી દીધી. એક દિવસ તેમણે, તેમની ઝુંપડીને બારણે પહેરેલી જોઈ, હજરતને આ ભાતિક આભૂષણ પસંદ ન આવી. આખરે વેચી નાખવામાં આવ્યા અને તેની કિંમત વડે કેટ ગુલામોને છુટકારો કરાવવામાં આવ્યો.

આટલી ગરીબાઈ સહન કરી હતા પછી નવ વરસ બાદ હજરતના કુટુંબને જરાક આરામ મળ્યો. તેમણે કંઈક સુખથી રહેવા લાગ્યા, પરંતુ મુહમ્મદ સાહેબને એ ન ગમ્યું. તેઓ બધા સાથે અબોલા કરી બહાર જતા રહ્યા. તે વખતે તેમની આગળ કુરાનનું આ વાક્ય ઉતરી આવ્યું— "હે પેગમ્બર! તું તારી સ્ત્રીને જણાવ કે ' જો તમે સંસારનાં જીવન અને તેનાં પરેસુખાંરાંને ચાહતા હો તો હું તેનો બંદોબસ્ત કરું—અથવા જો તમે અલ્લાહ અને તેના રસૂલ તથા તેના ઘરને ચાહતાં હો તો ઠીક કરો. ખુદા તમને પવિત્ર આત્માઓની માફક બહુ કિંમતી ભેટ આપશે." જ્યારે આ વાક્ય બીબીઓને સંભળાવવામાં આવ્યું ત્યારે તેમણે પાકઝી બાબત–ઈશ્વરીય જીવનને પસંદ કર્યું.

મુહમ્મદ સાહેબ પણ ઉદાર હતા. તેટલા માટેજ તેમણે ઈસ્લામના દરેક મુસલમાનને પોતાની આવકનો ૪૦મો ભાગ દાનપુણ્ય–જકાતમાં આપવાની વ્યવસ્થા કરી છે. તેમનું પોતાનું બધું તો પ્રભુને અર્પણજ હતું. તેમણે કોઈના સવાલને ઉથાપ્યો નથી. તેમણે આ ઢંઢેરો પીટા-વ્યો હતો કે, જે કોઈ મુસલમાન દેવાદાર મરી જાય તો તેનું દેવું મુહમ્મદ સાહેબ ચૂકવશે. તેઓ જેટલા ઉદાર હતા તેટલાજ સંતોષી પણ હતા. તેમની પાસે જે કંઈ આવતું તેને તેઓ મસ્જિદમાં જમા કરાવી દેતા અને ખોબેખોબા ભરીને

વહેંચી નાખતા. તેને વધુ વખત સુધી જમા પણ રાખતા ન હતા. આ તેમને એક બોજારૂપજ જણાતું. એક વખત ફિદકથી ચાર ઉંટ ભરી અનાજ આવ્યું. તે કોઇ કારણથી સાંજ સુધી પડી રહ્યું. હજરતે કહ્યું—"જ્યાં સુધી આને વહેંચી નાખવામાં ન આવે ત્યાંસુધી હું ઘેર નહિ જાઉં." આખી રાત મસ્જિદમાં ગાળી અને એકે એક દાણો ઠેકાણે પાડયા પછીથીજ તે જગ્યાએથી તેઓ ખસ્યા. એક રોજ અસ્ર (સાંજના ચાર)ની નમાજ પછીથી હજરત પોતાના મકાને ચાલ્યા ગયા. લોકોને આ અસાધારણ વાત પર આશ્ચર્ય થયું, પરંતુ તેઓ જલદી ઘરથી પાછા ફર્યા અને કહ્યું—"આ લ્યો, થોડાક રૂપિયા પૈસા ઘરમાં પડયા હતા. આને લોકોમાં વહેંચી દો. સાંજ પહેલાં આ કામ થઈ જવું જોઇએ. તેમના અંતિમ સમયની એક એવી ઘટના વિશેષ મહત્ત્વવાળી છે. મૃત્યુશય્યા પર તેઓ પડયા હતા તે વખતે ઓચિંતુ તેમને યાદ આવ્યું કે, સોનાની કેટલીક લગડીઓ પડી છે? તેમણે કહ્યું—"એને દાન-પુણ્યમાં આપી દેજો કેમકે મુહમ્મદ માટે એ ઉચિત નથી કે તે ઘરમાં સોનું રાખી પોતે ખુદા પાસે જાય." એક વખત એક ભિખારી કંઇક માગવા આવ્યો. મુહમ્મદ સાહેબે કહ્યું—"ભાઇ! મારી પાસે તો કાંઇ નથી; પણ તું મારા નામથી કોઈની પાસેથી પૈસા લઇ શકે છે."

વ્યવહારકુશળતા

મુહમ્મદ સાહેબ સાધારણ વ્યવહારમાં પણ [illegible] [illegible] હતા. ઉમર એક યહૂદી મહાજનનો કરજદાર હતો. યહૂદી પોતાની મુદત પુરી થતાં ત્રણ દિવસ અગાઉ [illegible] [illegible] આવ્યો. તે વાતમાં ને વાતમાં પોતાની [illegible] [illegible] તની આ અસભ્યતા માટે ઉમરને [illegible] [illegible]! [illegible] હજરતે ઉમરને દૂર કરી કહ્યું—[illegible] [illegible] માટે ન કહ્યું? [illegible] સભ્યતાથી વાત કરે." [illegible]

દેવું પતાવી દીધું; એટલુંજ નહિ પણ ઉમરે ક્રોધ કર્યો તે બદલ દંડરૂપ યહુદીને દોઢ મણ અનાજ વધારે અપાવ્યું. એક બીજો દાખલો પણ આના કરતાં વધારે મહત્ત્વવાળો છે. કુરૈશના સરદારો જ્યારે હજરતના પ્રાણ લેવા ઇચ્છતા હતા, અને જ્યારે તેમના કાવતરાનો કંઈ પણ પત્તો લાગતો ન હતો—તે એટલે સુધી કે તે લોકોએ ઓચિંતો તેમના ઘરને ઘેરો ઘાલ્યો ત્યારે મુહમ્મદ સાહેબ અબૂબક સિદ્દીકને ઘેર ગયા. તેમનો હેતુ કોઇ નાસી છૂટવાની વ્યવસ્થા કરવાનો હતો. અબૂ બકે બે સાંઢણીઓ હાજર કરી અને હજરતને સ્વાર થવા કહ્યું. આ પ્રસંગ ઘણો કટોકટીનો હતો, છતાં પણ મુહમ્મદ સાહેબે જ્યાં સુધી ઉંટની કિંમત નક્કી કરવામાં ન આવી ત્યાં સુધી રકાબમાં પગ પણ મૂકયો નહિ.

તેમની સરળતાની પણ પુષ્કળ વાતો છે. હજરત એક વખતે કોઇના લગ્નમાં ગયા હતા. એક જગ્યાએ નાની નાની છોકરીઓ ગીતો ગાતી હતી. હજરતને જોઇ તે ઐતિહાસિક અને ધાર્મિક ગીતોને છોડી તેમની પ્રશંસાનાં ગીતો ગાવા લાગી. મુહમ્મદ સાહેબે તરતજ કહ્યું–"નહિ, નહિ. તેજ ગીતો ગાઓ." આ મુજબની બીજી પણ એક દંતકથા છે. એક દિવસ એક માણસ તેમના દેખતાં પડી ગયો અને ગભરાવા લાગ્યો. હજરતે કહ્યું–" ભાઇ ! મારાથી કેમ આટલો ડરે છે ? હું તો એક ગરીબ બાઇનોજ છોકરો છું, જેને ખાવાને કેવળ સૂકું માંસજ મળતું હતું."

સામ્યવાદી મુહમ્મદ

હજરત મુહમ્મદ સામ્યવાદના પ્રચારક હતા. બરૈરા તેમની ચાકરડી હતી. તેને અને તેના ધણી વચ્ચે ખટપટ ચાલતી હતી. હજરતે તેને સમજાવી કે, તું તારા ધણી સાથે યોગ્ય રીતે વ્યવહાર કર. આ ઉપરથી બરૈરાએ કહ્યું—" શું હજરત મને એવો હુકમ કરે છે ? " તેમણે તરતજ કહ્યું—"નહિ, હું તો ફક્ત તને સલાહ (સૂચના) આપું છું." બરૈરા બોલી:–"હું તેને ચાહતી નથી." તેમણે શાંતિ

પકડી. ફાતિમા નામની એક બીજી સ્ત્રીએ ચોરી ક[illegible]
હજરતનો એક મિત્ર ઉસામા તેમની ભલામણ લઇ
આવ્યો. મુહમ્મદ સાહેબે કહ્યું:–"ઉસામા! તું શું કહે છે
પરંતુ જો, મુહમ્મદની પુત્રી ફાતિમા પણ ચોરી કરે તો
પણ સજાથી ન બચી શકે."

મુહમ્મદ સાહેબ અંધશ્રદ્ધાના વિરોધી હતા. તેમ[illegible]
પુત્ર ઇબ્રાહીમ મરણ પામ્યો ત્યારે સૂર્યગ્રહણ હતું. લો[illegible]
કહેવા લાગ્યા કે, હજરતના દુઃખમાં સૂર્ય પણ શોકા[illegible]
બની ગયો છે. જ્યારે હજરતે આ જાણ્યું ત્યારે તેમ[illegible]
કહ્યું:–"કોઇ જીવે અગર મરણ પામે તેમાં સૂર્ય અથ[illegible]
ચંદ્રને શું?" તે ઘણા જીવદયાવાળા હતા. આંધળા [illegible]
હંમેશાં દયા રાખતા. કોઇના મુડદાને જતું જોતા [illegible]
તરતજ તેની સાથે જતા. તેમણે કદી એકલા ખાણું લી[illegible]
નથી. વારંવાર જમતી વખતે કોઇ ને કોઇને બોલા[illegible]
લેતા. સ્પષ્ટવક્તાનો ગુણ તેમનામાં વિશેષ હતો. તે[illegible]
સ્પષ્ટ બોલતા અને સ્પષ્ટ સાંભળતા. તેમણે તેમની પત્ન[illegible]
ઓને પણ કહી દીધું હતું કે, જો તેઓ તેમનામાં ક[illegible]
પણ દોષ જુએ તો તેજ વખતે તે જણાવી દેવો. ઉમર[illegible]
દીકરો અબદુલ્લા મુહમ્મદ સાહેબના મુખમાંથી જે [illegible]
ઉચ્ચારાતું તે લખી લેતો. "હદીસ" આ પ્રમાણે તૈયા[illegible]
થઇ હતી. કોઇએ આ ઉપરથી ટીકા કરી કે "ખુદા[illegible]
રસૂલ છે તો આદમીજ; તે વખતે વખતે જુદી જુદી વા[illegible]
બોલે છે." પરંતુ હજરતે કહ્યું–"અબદુલ્લા! તમે લખ[illegible]
જાઓ; કેમકે મારી વાણી હંમેશાં સત્ય છે." અહીં[illegible]
તેમનો કંઇક અહંભાવ જણાય છે, પરંતુ આ રીત [illegible]
[illegible] અન્ય મતપ્રવર્તકોમાં પણ જણાય છે. "હદીસ"
[illegible] તેમના [illegible]માં તેમના બધા સહકારીઓની અને
[illegible] અને [illegible] સંગ્રહ છે. [illegible]
[illegible] કહે છે કે, મુહમ્મદ સાહેબની [illegible]
[illegible]
[illegible]

ત્રીજાનું કહેવું છે કે, હજરત હાથ વાળીને સૂતા. 'હદીસ'-માં કેટલીક વાતો તદ્દન નકામી લખવામાં આવી છે એ ખરૂં છે, પરંતુ તે છતાં તેનાથી મુહમ્મદ સાહેબના જીવનનું મૂર્તિમંત ચિત્ર આપણી આગે ખડું થાય છે, એ નિઃશંક છે.

ઈસ્લામનું મહત્ત્વ

આ તો મુસ્લીમ મતના પ્રવર્તક મુહમ્મદ સાહેબનું વ્યક્તિગત જીવન છે, પરંતુ જેમ "महाजनो येन गतः स पन्थाः"—તેમ ઇસ્લામ પર તેમના ઉપદેશોની ઉંડી છાપ તો પડી છે અને તેમના જીવનનો પણ ભારે પ્રભાવ પડયો છે. ઈસ્લામ ધર્મના વિચારકોનો મત છે કે, એક પંથપ્રવર્તક તરીકે મુહમ્મદ સાહેબની જીવનઘટનાઓ અને તેમના ચરિત્રનો જેવો સ્પષ્ટ અને વિસ્તૃત ઇતિહાસ મળે છે તેવો કોઇ બીજા મતપ્રવર્તકનો મળતો નથી. આજ કારણથી ઇસ્લામને ફક્ત ૧૩૦૦ વરસના અલ્પ સમયમાંજ આવી વ્યાપક સફળતા મળી. તેમના જીવનની એકેએક ઘટના-એ લોકોને ઉન્નત બનાવ્યા. મુસલમાન વિચારકોનું કહેવું છે કે, હિંદુઓના ઋષિગણ, યહૂદીમતના સંસ્થાપક હજરત મુસા, પારસી પન્થના પ્રવર્તક જરથોસ્ત અને ખ્રિસ્તી મતના પ્રચારક ઇસુ ખ્રિસ્ત—એમના કોઇના સંબંધમાં પણ આટલી માહિતી મળતી નથી. કેટલાએ યુરોપિયનોએ ઇસુ ખ્રિસ્તનું જીવનચરિત્ર લખવાને ધાર્યું, પરંતુ અંતમાં તે આટલુંજ કહીને રહી ગયા કે, પ્રભુ ઇસુ ખ્રિસ્ત તો જાતે એક કોયડો છે, તેમનું જીવનચરિત્ર લખવું એ સંભવિત અને સહેજ કામ નથી.

ઈસ્લામમાં કેટલીક ઘણીજ હૃદયગ્રાહી અને આકર્ષક ખાસિયતો છે. ઇસ્લામી ભ્રાતૃભાવ, વ્યક્તિના અધિકારની માન્યતા અને રાજનીતિમાં ધર્મનીતિની અનુકૂળતા —આ સૌથી મહત્ત્વની વિશેષતાઓ છે. ઇસ્લામના ભાઇચારાની પરિભાષા ઘણી સુંદર છે. કોઇ ગમે તે ફિરકાનો,

રંગનો અથવા દેશનો ભલેને હોય, તોપણ ઇસ્લામના ઝંડા નીચે આવતાંજ તેમની સંજ્ઞા બદલાઇ જાય છે. યુરોપના ચાર જુદા જુદા દેશના વતનીઓને પૂછો "આપ કોણ છો ?" કોઇ કહેશે અંગ્રેજ, કોઇ જર્મન, કોઇ ફ્રેન્ચ અને કોઇ બેલજિયન; પરંતુ રૂમ, ઇરાન, હિંદ, આફ્રિકા, મિસર, ચીન વગેરેના કોઇ પણ મુસલમાનને આજ સવાલ પૂછો તો તમને એકજ જવાબ મળશેઃ "મુસલમાન." આનો અર્થ એ થતો નથી કે આ બધા 'દીન'ના નામ પર જે પ્રમાણે એકઠા થઇ શકે છે તેટલા દેશના નામથી થઇ શકતા નથી.

અને આ 'દીની' જુસ્સામાં દેશભક્તિનો રંગ પણ એટલોજ ગહન હોય તો પછી ઇસ્લામનું તો કહેવુંજ શું ? પાછલા ઇતિહાસમાં ઇસ્લામે જે વિજય મેળવ્યો છે તે ફક્ત ઇસ્લામી જુસ્સાને લીધેજ. અલબત્ત, ઇસ્લામમાં રંગભેદ વગેરેને લઇને ઘરમાં ઘણાજ ઓછા ઝગડા થયા છે. યુરોપ હંમેશાં આ આપત્તિઓનો અખાડોજ બની રહ્યા હતો, અને આજ તો યુરોપિયનોનો રંગભેદ માનવતાની સીમાથી ઘણેજ દૂર જતો રહ્યો છે; પરંતુ ઇસ્લામ ધર્મના સમૂહમાં રંગભેદનું નામનિશાન પણ નથી. યુરોપમાં તેનું વર્તમાન કાળના જેવું ખરાબ રૂપ કદી જોવામાં આવ્યુ નથી. તેને યુરોપના વર્તમાન મહાન વિચારક અને સમાજવાદી જ્યોર્જ બર્નાર્ડ શૉના શબ્દોમાંજ સાંભળો—"જે દેશમાં ગોરા લોકો કાળી અને બીજી જાતિઓના સંસર્ગમાં આવ્યા છે ત્યાં તેમણે તે જાતિઓ પર પ્રાધાન્ય મેળવ્યુ છે, અને તેમની સર્વ કમાઇને કબજે કરી લીધી છે. રંગની વિશેષતા [illegible] [illegible] પર મૂકી દેવામાં આવેલ છે, પરંતુ ઇસ્લામમાં [illegible] અને જાતિને કોઇ ભેદભાવ નથી; [illegible] [illegible] છે."

[illegible]

મૂકવામાં આવ્યો છે. ધર્મ રાજનીતિથી જુદો ન
હોવાને લીધે ઇસ્લામના પ્રવર્તકનો આ વિચાર સર્વોત્કૃષ્ટ
મહત્ત્વનો છે કે, વ્યક્તિનો અંકુશ આ સમાજ અને સ-
માજની મમતિથી બનેલો આ દેશનો પાયો જો ધાર્મિક-
તાના સીમેન્ટ વડે સુદૃઢ બનાવવામાં આવે તો વિશાળ
વ્યક્તિરૂપી મકાનને નુકસાન પહોંચવાની બીક રહેતી નથી.
આ ભાવનાને એમ. એમ. લીડર નામનો એક લેખક આ
પ્રમાણે વ્યક્ત કરે છે—"વ્યક્તિઓના સમૂહનું નામજ રાષ્ટ્ર
છે. જ્યારે દેશના પ્રત્યેક મનુષ્યની ઉન્નતિ થાય છે
ત્યારેજ આખા દેશની સર્વોચ્ચ ઉન્નતિ સંભવી શકે છે.
આધ્યાત્મિક ઉન્નતિ વગર આપણે કોઇ પણ પ્રકારની
પાર્થિવ ઉન્નતિ કરી શકતા નથી. પ્રતિક્રિયા તો બન્નેમાં
સંભવે છે. બન્નેમાં ચઢતીપડતી ચાલતી રહે છે. કદી એક-
ની ચઢતી જણાય છે તો બીજી વખત બીજીનીજ; પરંતુ
દેશની સંપૂર્ણ ઉન્નતિનું આદિમૂળ તો આધ્યાત્મિક ઉન્નતિજ
છે—તે તેનો મેરુદંડ છે, જે પ્રમાણે આપણે કોઇ પણ
દેશના વિકાસ અને તેની સભ્યતાને જાણી શકીએ છીએ."
આપણા દેશની રાજનીતિમાં આજકાલ એવા નેતાઓને
પ્રાધાન્ય મળ્યું છે કે જે ભારતનો એકદમજ ઉદ્ધાર
કરવાની ધૂનમાં અહીંની રાજનીતિમાંથી ધર્મને દૂધમાં
પડેલ માખીની માફક બહાર કાઢી દૂર ફેંકી દેવા ઇચ્છે
છે. તેઓ પાશ્ચાત્ય સામ્રાજ્યવાદના ઘોર શત્રુ છે, છતાં
પણ તે આદર્શોને તેઓ અપનાવતા જાય છે. આનું
વિકાસ પામેલ રૂપ આજના માનવસમાજ માટે એક
પાપરૂપજ છે. પૂર્વના દેશોની આ એક વિશેષતા છે કે,
તેઓ ધર્મ અને રાજનીતિ બન્નેને જુદી જુદી વસ્તુઓ
માનતા નથી. જોકે ભૌતિક નહિ તોપણ તેમની આધ્યા-
ત્મિક મહત્તાનું સૌથી જબરજસ્ત કારણ આજ વિશેષતા
છે. જો હિંદ પોતાની આ યુગ યુગાન્તરની પ્રાચીનતાને
છોડી પાર્થિવ ઉન્નતિ મેળવે અને આ પ્રમાણે ભલે તે
અમુક સમય સુધી લાભ મેળવી લે, તોપણ વિશ્વપ્રેમ

અને મનુષ્ય મનુષ્યના ભાઇચારાના પૂર્વીય સિદ્ધાંતથી તો
દૂરજ રહેશે. ”

ઇસ્લામના ઉપદેશો

ઇસ્લામના ઉપદેશોના સંબંધમાં વર્તમાન કાળમાં
આપણા દેશમાં ઘણો ભ્રમ ફેલાઇ રહ્યો છે, અને તે સ-
કારણ છે. વર્તમાન પરિસ્થિતિમાં ભારતવાસી (ખાસ
કરી હિંદુ)ઓને આ પ્રમાણે વિચારવાનું અને તે પ્રમાણે
પોતાનો વિશ્વાસ બતાવવાનું આ દૃઢ સાધન છે, પરંતુ
ઇસ્લામ એક પંથ તરીકે બીજા કોઇ પણ પંથ જેટલોજ
સાચો, તેટલોજ પવિત્ર અને મહાન આદર્શવાળો છે.
મુહમ્મદ સાહેબ એક જગ્યાએ ફરમાવે છે કે “મોમિન
હો, યહૂદી હો, ખ્રિસ્તી હો અથવા અરબી હો–જે ઈશ્વર
અને કયામતમાં વિશ્વાસ રાખે છે અને જે સત્કર્મપૂર્વક
જીવન ગુજારે છે તેમને તેમના કર્માનુસાર ફળ મળશે,
તેઓ ભય અને શોકથી પર છે.” ઇસ્લામ ધર્મ કર્મ-
પ્રધાન પંથ છે, એમ પણ નથી. “વિશ્વાસ રાખનારાઓ-
ને માફી આપવામાં આવશે” પરંતુ “જે જેવું કર્મ
કરશે તેવું ફળ ભોગવશે.” મનસા, વાચા, કર્મણા–એ
ત્રણ પ્રકારની કર્મગતિ તેમની પાછળ લાગેલી છે.

ઇસ્લામનો આ ભાઇચારો ફક્ત સાથે ખાણું લેવા-
માં અથવા સહવિવાહ સુધીજ પરિમિત થતો નથી.
વ્યક્તિને સમાજમાં પૂરેપુરી સ્વતંત્રતા છે અને દૂરના રાજ-
શાસનમાં પણ તેની સલાહ લેવાય છે. ઇસ્લામમાં એક
વ્યક્તિ અને સમાજતંત્ર માટે બે જુદા જુદા માર્ગ નથી.
[illegible] તેમના સમાજમાં વ્યક્તિ માટે એક પ્રકાર-
[illegible] અને [illegible] માટે બીજું [illegible]
[illegible] વિકલ્પ રહ્યા છે. [illegible]
[illegible] અથવા અમીર વ્યક્તિ નહીં
[illegible] નહીં [illegible] અને ફકીર [illegible]
[illegible] છે, અને [illegible]

ધીશની સમક્ષ પણ આ બન્નેને સરખા ગણવામાં આવે છે. એક રસ્તે જનાર મુસલમાન પણ એક સુલતાનની વ્યક્તિગત અનીતિ માટે તેને ન્યાયાલયમાં ખડો કરી શકે છે. આજ ઇસ્લામની રાજનીતિનું સ્વરૂપ છે—આજ તેની પ્રજાસત્તાક વિશેષતા છે. ધાર્મિક ભાઇચારાનું આ રૂપ વધારે આગળ જાય છે. ઇસ્લામના ઇતિહાસમાં કેટલાક ક્ષમતાસંપન્ન ગુલામો બાદશાહપદને પણ મેળવી ચૂકયા છે. બચ્ચા સક્કાનું ઉદાહરણ આજે તદ્દન તાજું છે.

રાજનીતિમાં ધર્મનો અંશ હોવાને લીધે તેનો ઘણો સુંદર પ્રભાવ ઇસ્લામની શાસનનીતિ પર પડયો હતો. રાજ્યતંત્રમાં તદ્દન સામ્યવાદ હતો. જ્યોર્જ બર્નાર્ડ શૉનું કથન છે કે "સામ્યવાદના જે સિદ્ધાંતો છે તે પાશ્ચાત્ય લોકો હજુ સુધી સમજી પણ શકયા નથી. તે સિદ્ધાંતોનો આજથી તેરસો વરસ પહેલાં ઇસ્લામ ધર્મમાં વ્યવહાર થતો હતો. જમીન રાજસંપત્તિ જ ગણાતી હતી, અને તે લોકોને થોડો વેરો (કર) ભરવાથી મળતી હતી. ઇસ્લામે વાસ્તવમાં ફક્ત મોટે ભાગે મનુષ્યોની સુખસમૃદ્ધિ પરજ નહિ, બલ્કે સાર્વજનિક સુખશાન્તિના સિદ્ધાંતો પર અમલ ચલાવ્યો હતો."

મિ. શૉ મહાશય ધર્મનું સ્પષ્ટીકરણ આ રીતે કરે છેઃ– "કોઇ પણ મત અથવા પંથનો સૌથી આવશ્યક વ્યવહાર એ છે કે, તે માનવજાતિને ઉત્તમ અને પરિપૂર્ણ જીવન વહન કરવામાં સહાયક સિદ્ધ થાય."

જ્યાં સુધી તેનો પોતાના મંડળની સાથે સંબંધ છે તેટલે સુધી ઇસ્લામે અનુકરણીય ઉદારતા દેખાડી છે. બૃહત્ માનવજાતિનો નહિ તોપણ મુસ્લિમ સંસારનો આ અવશ્ય હેતુ રહ્યો છે. મુસલમાને મુસલમાનને કદી કચડી નાખવાની અગર ચૂસી લેવાની કોશીશ કરી નથી. ઇસ્લામની એક મોટી વિશેષતા આ પણ છે કે, તે અન્ય પંથોના ગુણોને પોતાના કરી લે છે. આ બાબતમાં તેની

પાચનશક્તિ (ગ્રહણશક્તિ) ઘણી તીવ્ર છે. એક લેખક કહે છે કે "ઇસ્લામમાં કોઇ પણ ફિલસૂફી અથવા વિજ્ઞાનના ગુણોને આત્મભૂત કરી લેવાનો મહાન ઉદ્દેશ છે. × × × તેણે બીજાના ધર્મો અને નીતિશાસ્ત્રનાં તત્ત્વને પોતાનામાં મેળવી લઇ પોતાનાં બનાવી લીધાં છે. શરૂઆતમાં ઇસ્લામને યૂનાનના તાબામાં રહેવું પડ્યું, પરંતુ તેમણે યૂનાનની સભ્યતાને પોતાનું અંગ બનાવી લીધું. આ પ્રમાણે જ્યારે ઇસ્લામને હિંદુધર્મ સાથે મુકાબલો કરવો પડ્યો ત્યારે તેણે હિંદુ ધર્મમાંથી વેદાંતને ગ્રહણ કરી લીધું. સાચું તો એ છે કે, સંસારમાં કોઈ પણ મુખ્ય વિચાર-પ્રણાલિકા—"ધાર્મિક અથવા બીજી કોઈ પણ એવી નથી કે જેમાંથી ઇસ્લામે કંઇ ને કંઇ લીધું ન હોય." છતાં પણ તેણે પોતાની મૌલિક પવિત્રતાને કાયમ રાખી છે. ઇસ્લામની આ એવી વિશેષતા છે, કે જે બીજા ધર્મોમાં જણાતી નથી. ભગવાન બુદ્ધના પછી હજરત મુહમ્મદના પંથને આટલી સફળતા મળી તેનું આજ કારણ જણાય છે. જે. પારકિન્સન નામના એક લેખકનું કહેવું છે કે—"ભગવાન બુદ્ધને છોડીને જેમણે ધાર્મિક લક્ષ્યથી પણ બહુજ ઉંચા સિદ્ધાંતોનો પ્રચાર કર્યો, જેમના સિદ્ધાંતોએ સાર્વજનિક આત્મશાન્તિની ધજાને ફરકાવી, તેમનું આ આદર્શ વાક્ય હતું કે "ધર્મમાં હિંસાનું કોઇ પણ સ્થાન ન હોવું જોઇએ." "બાકી બધા મતપંથોના ઇતિહાસમાં ઇસ્લામના આચરણ અને વિસ્તારે એક નવું પાનું જોડ્યું છે."

આ મોટી વિશેષતાઓ ઉપરાંત નાની મોટી ઘણી [illegible] વિશેષતાઓ ઇસ્લામમાં છે. વ્યાજ-[illegible] ઇસ્લામમાં હરામ છે. [illegible] કોઇ વસ્તુને. [illegible] [illegible] બાપદાદાની બનાવી શકતા નથી [illegible]

[illegible]

નાગા ભૂખ્યા રાખી ગરીબોને પૂંજીપતિઓને મોજશોખ ભોગવવાને ધાર્મિક કાનૂન દ્વારા અટકાયત કરવામાં આવી હતી. આજનો સંસાર જે પાપથી બળી જળી રહ્યો છે તેની અસર મુસલમાની રાજ્યોમાં સહેજ પણ જણાતી ન હતી—પૂંજીવાદનો કયાંય પત્તો લાગતો ન હતો. રાજ્યકોષમાં મહોરો અને અશરફીઓને ઢગલાબંધ જમા કરવામાં આવતી ન હતી. મહામના જી. બી. શોના શબ્દોમાં—"વર્તમાન યુગના શાપરૂપ પૂંજીવાદને ઇસ્લામમાં અસંભવિત બનાવવામાં આવ્યો હતો."—આ સામ્યવાદની ગર્જના ઝુંપડીઓથી માંડી રાજમહેલો સુધી ગાજી રહી હતી. ખલીફા ઉમર પોતાના રાજ્યના ખજાનામાં જરૂર કરતાં વધારે એક પાઇ પણ રાખતા ન હતા. વધારાની રકમ દર શુક્રવારના રોજ સામાન્ય માણસોમાં તેમની જરૂરિયાત પ્રમાણે વહેંચી આપવામાં આવતી હતી.

મુસલમાનોમાં બેકારી ન ફેલાય એટલા માટે શ્રમજીવનને મહત્ત્વ આપવામાં આવ્યું હતું. મુહમ્મદ સાહેબ પોતે ઘણા પરિશ્રમી હતા. તેમના આ ઉપદેશની અસર એ થઇ કે, મધ્ય એશિયાનાં રાજ્યોના કેટલાક ખલીફા એવા થયા, કે જેઓ પોતાનું ગુજરાન પોતાના હાથથી કમાતા અને શાહી ખજાનામાંથી એક કોડી પણ તેમને માટે હરામ હતી. હિંદમાં પણ નાસિરુદ્દીન પુસ્તકો લખીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. તેમના સંબંધમાં એક દંતકથા છે. તેમની બેગમ જાતે રસોઈ કરતી. તેમના પતિની એટલી આવક ન હતી કે એક ચાકર પણ રાખી શકે. એક દિવસ બેગમનો હાથ રસોઇ કરતાં દાઝી ગયો. નાસિરુદ્દીન જ્યારે જમવા આવ્યા, ત્યારે બેગમને હાથ પર પાટો બાંધવાનું કારણ પૂછ્યું. બેગમે પોતાના દુઃખનું વર્ણન કરતાં એ પણ કહી દીધું કે "જહાંપનાહ! બબર્ચી ખાતામાં એક નોકર રાખવામાં આવે તો સારૂં." આટલું કહેતાની સાથે બાદશાહે કહ્યું—"રાજ્યની આવક આપણા રસોડા માટે નથી. તે અલ્લાહની અનામત રકમ

છે. મારા પોતાના માટે તેને ખર્ચવાનો મને શો હક છે? ઔરંગઝેબ જેવો દ્વેષી સમ્રાટ પણ ઇસ્લામનો એવો પાકો અનુયાયી હતો કે પોતાના ખજાનામાંથી પોતાના ગુજરાન માટે કંઈ પણ ન લેતાં ટોપીઓ બનાવી પોતાની રોજી મેળવતો હતો.

હજરત મુહમ્મદે જુગાર અને શરાબની બહુજ નિંદા કરી છે. આના મુકાબલામાં પાશ્ચાત્ય સમાજમાં ફેલાએલા અનેક પ્રકારના જુગારને પારકિન્સન "વર્તમાન કાળના ખ્રિસ્તી સામ્રાજ્યનો એક અભિશાપ" કહે છે. આમાં સંદેહજ શું છે? હિંદનાં ઘણાં મોટાં મોટાં શહેરોનાં હોટલો, પીઠાંઓ, નૃત્યશાળાઓ, ક્લબ, થિયેટર, કાફે રેસ્ટોરાં અને કાર્નિવલ વગેરે પશ્ચિમના આ "પુરસ્કાર"ના મુખ્ય અડ્ડાઓ (સ્થાનો) છે; પરંતુ કાર્નિવલો અને ફેન્સી ફેરો તો જુગારખાનાંજ હોય છે.

યુરોપિયન, એંગ્લો ઈંડિયન, સ્વચ્છંદી હિંદીઓ–આ સભ્ય જુગારમાં પાણીની માફક પૈસા ખર્ચે છે. આ સભ્ય જુગારીઓને પોલીસ શામાટે પકડતી નથી? શું સરકાર પણ જુગારનાં આવાં ખુલ્લાં સ્થળો ઉઘાડવાને રજા આપે છે!

ઇસ્લામમાં દારૂ હરામ છે. સંસારના સઘળા ધર્મોએ આ પાપની નિંદા કરી છે. ખ્રિસ્તી સામ્રાજ્યે પણ એને નિંદાપાત્ર ગણ્યું છે, પરંતુ આજકાલ પાશ્ચાત્ય દેશોમાં દારૂનો ઉપયોગ પાણીની માફક થઈ રહ્યો છે. અમેરિકા પણ હવે તો તોબા તોબા પોકારી ગયું છે. દારૂની કેવી વિનાશકારી અસર યુરોપના સમાજ પર થઈ છે તેનું પારકિન્સન ઘણા દુઃખની સાથે બયાન કરે છેઃ "પશ્ચિમની આ અતિશય નુકસાનકારક અને નાશ કરનારી ટેવે સમાજમાં એવાં દૂષણો ઉત્પન્ન કર્યાં છે કે જે આજે [illegible]

[illegible]

૪૦ વરસની મહેનતનું પરિણામ. મુહમ્મદ સાહેબે આ સંસારમાં ૬૩ વરસ-એટલે ૨૨૩૩૦ દિવસ અને ૬ કલાક જીવતા રહી ઈ. સ. ૬૩૨ ના જૂનની ૮ મી તારીખે મદીનામાં સ્વર્ગવાસી થયા. તેઓ ગ્રહસ્થાશ્રમી પેગમ્બર ન હતા. કહેવાય છે કે સને ૬૧૦ ની ૧૨ મી ફેબ્રુઆરીના દિવસે તેમને આ મહાન પદ મળ્યું. "હદીસ" તેમના જીવનની કેટલીએ ઘટનાઓથી ભરપૂર છે.

સંસારના ઇતિહાસનું નિર્માણ અને વિનાશ, કલમ અને તલવાર-આ બે સાધનો વડેજ થતું આવ્યું છે; પરંતુ બને નિરક્ષર હોવા છતાં પણ હજરત મુહમ્મદ સાહેબે કલમની બાબતમાં પણ અદ્વિતીય સફળતા મેળવી છે. ઇસ્લામ પોતાના મધ્યકાળમાં સંપૂર્ણ અને વર્તમાન યુગમાં જગતનો મુખ્ય ધર્મ રહ્યો છે, તો એમના ઉપદેશોનોજ પ્રભાવ હતો.

ઇસ્લામની તલવાર

ખ્રિસ્તી ઇતિહાસકારોએ પોતાના દૂષિત દૃષ્ટિબિંદુના લીધે ઇસ્લામની તલવારને ખૂબ રંગ ચઢાવ્યો છે. જે ઇસ્લામની તલવાર મુહમ્મદ સાહેબના વખતમાં ચમકી નીકળી હતી તે ઘણીજ તેજદાર હતી, એ નિઃસંદેહ છે. આ તલવારના બળથી ઇસ્લામ એશિયાના મધ્યભાગથી યુરોપમાં સ્પેન અને ફ્રાન્સ સુધી ફેલાઈ ગયો હતો. ઇસ્લામની તાત્કાલિક સમૃદ્ધિ વધારવાના સંબંધમાં જે. પારકિન્સન કહે છે કે "જ્યાં એક બાજુ કોમના દરેક બાળકની ઇસ્લામને વ્યાપક બનાવવાની પરંપરાગત ભાવના, સિપાઈઓના જેવું ડહાપણ અને ફતેહની હોંશથી આગળ વધારતા તેને પશ્ચિમમાં ફ્રાન્સના પરનિજ પ્રાંત સુધી અને પૂર્વમાં સિંધુ અને આકસસ નદીઓ સુધી ફેલાવ્યો હતો, ત્યારે બીજી બાજુ ઇસ્લામની વ્યવસ્થાશક્તિ અને તેના સામ્યવાદી તત્ત્વે 'સેરેસેનિક' સભ્યતાનું નિર્માણ કરવા છતાં પણ તેની બલિષ્ઠ સમાનતાને કાયમ રાખી હતી. આ ગુણોના લીધે આ સભ્યતા તે વખતનાં

પ્રાચીન સામ્રાજ્યોનો મુગટમણિ બની ગઇ. આ સેરેસેનિ[illegible]
સામ્રાજ્યના વખતમાં તેમની ચારે બાજુઓનાં શહેરે[illegible]
પણ શ્રેષ્ઠતા મળી. ગ્રાનાડા તે વખતે પશ્ચિમના દેશો[illegible]
"બેગમ શહેર"ના નામથી જાણીતું હતું. આ પ્રમાણે બગ[illegible]
દાદ "પૂર્વનું ગૌરવ" "દમાસ્ક રેગેસ્તાનપેતી" અને કર[illegible]
વા "દુનિયાનું મોટું ડહાપણ"ના નામથી પ્રખ્યાત હત[illegible]

હવે દુનિયામાં ઇસ્લામની એવી પ્રસિદ્ધિ થઇ ગ[illegible]
કે તેની સભ્યતા સેરેસેનિક સભ્યતાનું પર્યાયવાચ[illegible]
શબ્દ બની ગઇ. ઇસ્લામનો પ્રાદુર્ભાવ થયો તે અગા[illegible]
ઘણાં વરસથી બૌદ્ધ સભ્યતા હિંદ બહાર હિમાલયને
ઓળંગી અને અરબી સમુદ્રને ઓળંગી પૂર્વના દેશો-
એશિયાના મધ્યભાગ સુધી પહોંચી ગઇ હતી; પરંતુ ઇ-
સ્લામની ચડતી કલા આગળ ઇતિહાસકારોને તેનો પ્રકાશ
પણ મંદ જણાયો. આપણે આ તો જરૂર માનવું પડશે
કે, ઇસ્લામની તલવાર સર્વથી નિર્મળ કદી પણ રહી
નથી. આનો પુરાવો આપણને હિંદમાં તૈમૂર અને ઔરંગ-
ઝેબનાં કાર્યોથી સ્પષ્ટપણે મળી આવે છે; પરંતુ સાથે
સાથે નિષ્પક્ષપણે એ પણ કબૂલ કરવું જોઇએ કે, ઇસ્લામની
તલવાર કોઇ ચોર-લૂંટારા અને "હલાકુ"ની તલવાર ન
હતી. તે એક સામ્રાજ્યવાદી બહાદુર સિપાઇની તલવાર
હતી. તે એક હાથમાં કુરાન અને બીજામાં તલવાર લઇ
એક પછી એક વિજય મેળવતો આગળ વધતો જતો
હતો. અત્યારે પણ વર્તમાન મુસલમાન [illegible] એક
અત્યંત નિકૃષ્ટ કોટિની સભ્યતા [illegible] છે, પરંતુ
જે યુગમાં ઇસ્લામનો જન્મ થયો, [illegible]
ફેલાયો-સાર્વજનિક ભ્રાતૃભાવ અને [illegible]
ભાષા એક સંકુચિત [illegible] સુધીજ [illegible]
કે [illegible] મુસલમાન [illegible]
[illegible]
[illegible]
[illegible]

વિશેષ પ્રભાવશાળી સભ્યતા ન હતી, કે જે ઇસ્લામ કરતાં વધારે ચમત્કારવાળી, વ્યાપક અને વ્યવહારૂ હોય અને સામાન્ય જનતાને પોતાના તરફ આકર્ષી શકે.

ઇસ્લામ અને આધુનિક યુગ

પરંતુ આજે ધર્મના સંકુચિત સ્પષ્ટીકરણને તિલાંજલિ આપવામાં આવી છે. આજનો માનવસમાજ એક વિશાળ કુટુંબના અનેક સભ્યોની માફક એક સ્વતન્ત્ર અને મધુરતાના વાતાવરણમાં રહેતા શીખે છે. ઇસ્લામ ભલે તેટલા જનતંત્ર (ડેમોક્રસી) પર સ્થાપિત થયો હોય પરંતુ જ્યાં સુધી તે બીજા ધર્મો તરફ સહિષ્ણુતા નહિ દેખાડી શકે ત્યાં સુધી વર્તમાન કાળની મનોવૃત્તિઓને અનુકૂળ થવામાં તેને સહેજ પણ સગવડતા નહિ મળી શકે. ઇસ્લામની પ્રશંસામાં, તેના ભાઈચારા અને ઇસ્લામી વિશ્વબંધુત્વની પ્રશંસામાં અનેક વિધર્મી વિચારકો-જ્યોર્જ બર્નાર્ડ શો વગેરે-એ અનુકૂળ વિચાર પ્રગટ કર્યા છે, તેઓ બધા ખ્રિસ્તી સામ્રાજ્યના વર્તમાન વિનાશકારી પરિણામથી ઘણા જ કંટાળી ગયા હોય એમ જણાય છે. તેઓ એટલે સુધી કહી રહ્યા છે કે, હાલના ખ્રિસ્તી સામ્રાજ્યને બાજુ પર રાખી યુરોપને કુરાનના કલમા પઢવા પડશે. આપણે નથી કહી શકતા કે, તેમનું આ કથન કેટલે અંશે યથાર્થ છે, પરંતુ જ્યાં સુધી ઇસ્લામની જન્મભૂમિ એશિયાનો ઉત્કર્ષ, અહીંની પદદલિત જાતિઓનું ઉત્થાન અને ભારતના પુનર્નિર્માણના પ્રશ્નો એક બીજા જોડે સંબંધ રાખે છે ત્યાંસુધી ઇસ્લામના નામથ
રિવાજો-ધાર્મિક કટ્ટરતા, રૂઢિવાદ અને હાદિ
ાને છોડવાં જ પડશે. ખાસ કરી મુસ્લિમ
આ શરત સોળ આના સત્ય રીતે આજન
પણે જણાવીશું કે, તેઓ અહિંસાના નામે
કોને અપનાવે, જે ઇસ્લા ચરિત'ના નામે
દૂર કરે, જેથી સંસારમાં સંસારમાં
થઇ રહી છે તે બંધ થાય. માણી છે.. અસ્તુ

આજના યુગમાં બન્નેએ એકસાથે રહેવા માટે સંસ્કૃતિનું સંશોધન કરવું પડશે, સામાજિક રૂઢિઓને દફનાવી દેવી પડશે, પોતપોતાના ધર્મના વાસ્તવિક તત્ત્વને ઓળખવું પડશે અને બન્નેએ એક પાડોશી, હિતૈષી અને મિત્ર તરીકે એવી અનુકૂળતા સ્થાપિત કરવી પડશે, કે જે મુક્તિ આપનાર થાય. અને આ પ્રમાણે બનશે ત્યારેજ આપણે સંકુચિત ભેદભાવને ભસ્મ કરી નાખીશું. ગણ્યા ગાંઠ્યા ગુંડાઓનાં કાળાં કૃત્યોથી આપણે એક વિશાળ સભ્યતાને દૂર નહિ કરી શકીએ. અંગ્રેજોના સામ્રાજ્યવાદ અને નિકૃષ્ટ સ્વાર્થવાદથી હેરાન થઇ મહાન ઇસુ ખ્રિસ્તના ઉપદેશોને સારા અથવા ખોટા કહેવા યોગ્ય નથી. તીક્ષ્ણ કાંટાઓના કારણથી ગુલાબનું સૌંદર્ય નષ્ટ થઇ જતું નથી.

એકતા સ્થાપવા માટે એકને બીજાની નજીક જવુંજ પડશે. દૂર બેસી પોતાનો સ્વાર્થ સાધવાથી કાર્ય સુધરવાને બદલે વધારે ને વધારે બગડતું જશે. આજના હિંદુ વિદગ્ધ થઇ બેઠા છે પરંતુ સાથે સાથે એ પણ સત્ય છે કે, તેમની વર્તમાન દુર્દશાનું કારણ તે પોતેજ છે. અત્યારે તે ગોળની માફક ઢીલો એટલા કારણથી થઈ ગયો છે કે ચારે બાજુથી કીડીઓ તેને વળગે છે. શું તે આ પ્રમાણેનો બની પોતાના ધર્મથી પતિત નથી થઇ રહ્યો? મુસલમાનોને મોણાં વગેરે મારવાથી કદાપિ ભલું નહિ થાય. તેમના પર અત્યાચારો ઘણા થયા છે એ સાચી વાત છે, પરંતુ તેમણે આ વખતે અખિલ રાષ્ટ્રના હિત માટે તે ભૂલી જઇ એવી સુસંસ્કૃત સમાજની સૃષ્ટિ રચવી પડશે કે જે વર્તમાન યુગની બરાબર અનુકૂળ હોય, જેમાં ધાર્મિકતાનો જરા પણ નાશ થયો ન હોય અને જેમાં ધર્માન્ધતાને જરા પણ સ્થાન મળ્યું ન હોય. [illegible]

[illegible]

પતિત મુસલમાન પાસેથી પણ કેટલીક વાત શીખી શકે. ઇસ્લામની કેટલીક વાતો ગ્રહણ કરવા જેવી છે. આ જીવનનું ચિહ્ન છે, કોઇ બુરાઇની વાત નથી. આપણે કોઇને પણ આપણામાં મેળવી શકીએ, એવો આપણો ઉદ્દેશ હોવો જોઇએ. જે અંગ્રેજો સાથે આપણે હંમેશાં રહેવાનું નથી, તેમના અનેક દોષોને જ્યારે આપણે ખુશીથી ગળા નીચે ઉતારી દઇએ છીએ, ત્યારે જે સંપ્રદાય સાથે આપણે હમેશાનો સંબંધ છે તેમની વિશેષતાઓ તરફ પણ નજર ન કરવી એ અત્યંત બુદ્ધિહીનતાની નિશાની છે.

દેશનેતાઓને એક અરજ

આપને સ્વરાજ્યની બેહદ ચિંતા છે, એ ઠીક છે; પરંતુ આટલું તો સ્પષ્ટ છે કે જ્યાં સુધી બન્ને જાતિઓમાં યોગ્ય એકતા નહિ થાય, ત્યાંસુધી રાષ્ટ્રીય એકતા કાયમની નહિ થાય; અને આ યોગ્ય એકતાની સ્થાપના માટે પૂરતો સમય અને શક્તિ જોઇએ. આપનું કર્તવ્ય છે કે, સ્વરાજ્યની સ્થાપનાની સાથે સાથે આ બે સભ્યતાની અનુકૂળતાનો પણ કંઇક વિચાર કરવામાં આવે. ગયા વર્ષે ઑગસ્ટની ૧૮ મી તારીખે પયગમ્બર મુહમ્મદ સાહેબનો જન્મદિવસ હતો. હિંદમાં ઘણા સ્થળે મુસલમાનોએ વિવિધ રીતે તે ઉજવ્યો. કોઇ કોઇ ઠેકાણે હિંદુઓએ પણ તેમાં પૂર્ણ સહકાર કર્યો. આ સારૂં છે. આમ આવા પ્રસંગો પર બન્ને જાતિના સજ્જનો એકઠા થયા કરે તો આ દિશામાં ઘણું થઇ શકે. આપણા નેતાઓ આવાં સાર્વજનિક સંમેલનો વખતોવખત ગોઠવવાની આવશ્યકતા પર ધ્યાન આપે અને એ તરફ પણ કેટલોક વખત આપે એમ આપણે ઇચ્છીએ; કેમકે ભારતને ક્ષણિક નહિ પરંતુ સ્થાયી ઐક્યની જરૂર છે અને તે અમારા નમ્ર મત પ્રમાણે સંસ્કૃતિની અનુકૂળતાની સ્થાપના વિના નહિ થઇ શકે.

(જૂન ૧૯૩૦ ના "વિશાલ ભારત" માંથી

અનુવાદક શ્રી. સોમનાથ દામોદર ઉપાધ્યાય)

ના હતાં તો, તેમાં બીજાઓને શું લાગે વળગે? એમ પણ કહી શકે છે કે, અમે આ વાત સ્વીકા[illegible] છીએ કે, હજરત ઇમામ હુસેને ખચિતજ કરબલામ[illegible] કર્તવ્ય કરી બતાવ્યું છે, તે પ્રલયકાળ પર્યંત ભુલાય [illegible] નથી, પરંતુ તે ઉપરથી એમ નથી ઠરતું કે, અમે પુ[illegible] કાર્યોમાં માતાને પણ ભાગીદાર બનાવીએ!

પરંતુ જો આપણે ઇતિહાસના આધારે આ પૂર[illegible] કરવાને સામર્થ્યવાન થવા ઇચ્છીએ તો હજરત ફાતિમ[illegible] સ્વચ્છ પવિત્ર અને પાક વૃત્તાંત દુનિયાની સઘળી અબ[illegible] એ માટે મનન કરવા યોગ્ય છે, એટલે અમે તેમના ભલાં કાર્યોના દાખલાઓ અહીં આપીશું.

હ૦ ફાતિમા (અ. સ.) નો જન્મ બીબી હ૦ ખદી[illegible] જાના પેટે થયો હતો, જેઓ હઝરત પયગમ્બરનાં સૌથ[illegible] પહેલાં પરણેતર અને એક ઘણાંજ શ્રીમંત બાનુ હતાં[illegible] હ૦ ફાતિમા પોતાનાં માતાપિતાનાં સૌથી નાનાં પુત્રી હોવાના કારણે કુદરતી રીતે તેઓની ઉપર તેઓ સૌથી વ[illegible] ધારે હેત રાખતાં હતાં. પરંતુ બીજી છોકરીઓની માફક તેઓ રમતિયાળ ન હતાં તેમજ હંમેશાં એકાંત જીવન પસાર કરતાં હતાં. નાનપણથી તેઓને સાદાઇ કેટલી પ્રસન્ન હતી તેનો પૂરાવો આ ઐતિહાસિક બનાવ ઉપર[illegible] થી મળશે, કે એક સમયે તેમનાં માતુશ્રી કોઇના લગ્નમાં મહેમાન તરીકે જવાનાં હતાં. હ૦ ફાતિમા કરતાં મોટ[illegible] તેમનાં બે બહેનો બીજાં હતાં. હ૦ ખદીજા એટલે હ૦ ફાતિમાનાં માતુશ્રીએ પોતાની આ ત્રણે પુત્રીઓને માટે નવાં વસ્ત્ર ખાસ લગ્નમાં જવા માટે તૈયાર કરાવ્યાં અને તેમની પાસે પૈસાની કંઈ અછત ન હોવાને કારણે તેઓએ [illegible]

બહુ તો આઠેક વરસની હતી ! !

શું આ માટે પણ મારે દલીલો લાવવી પડશે ? પુરા-
વાઓ શોધવા પડશે અથવા દાખલાઓ રજૂ કરવા પડશે ?
બચ્ચાંઓને અને ખાસ કરીને નાની વયની બાળકીઓને
પહેરવા ઓઢવા અને ખાસ કરીને ઘરેણાંનો કેટલો શોખ
હોય છે ! શું આઠ વરસની આ બાળાનું કર્તવ્ય સઘળી
મુસલમાન બાળકીઓ માટેજ નહિ, પરંતુ જગતની સર્વ
અબળાઓ માટે મનન કરવા યોગ્ય નથી ? વિચાર કરો કે,
શું એક સાત આઠ વરસની બાળાનું આ કાર્ય પ્રશંસા-
પાત્ર નથી કે, પ્રભુએ આપેલું સઘળું પાસે હોય, તેનાં
વડીલ બહેનો પહેરી ઓઢીને લગ્નમાં જવા તૈયાર થાય,
અને આ બાળા કેવળ નવાં વસ્ત્રજ ઉપર સંતોષ પકડે !
શું આ ઉપરથી આ વાત પૂરવાર થતી નથી કે, આ બાળા
કુદરતી રીતેજ એવા ગુણ ધરાવતી હતી, કે જે બીજી બાળા-
ઓ અને કન્યાઓમાં જવલ્લેજ જોવામાં આવે છે ? શું
ફાતિમાએ આપણી કુમારિકાઓને આ કાર્યસાધક બોધ
આપ્યો નથી કે, ખરૂં સૌંદર્ય સારા ગુણોમાં સમાએલું
છે અને નહિ કે સારાં વસ્ત્રો અને કિંમતી ઘરેણાંઓમાં !
શું પયગમ્બર (સ. અ. વ.) નાં પુત્રીનો આ દાખલો કેવ-
ળ મુસ્લિમ કન્યાઓ અને અબળાઓ માટેજ ગ્રહણ કર
વા યોગ્ય છે અને પરધર્મ અથવા પરજ્ઞાતિની માતાએ
અને અબળાઓ માટે નહિ ? શું આ આખા જગતને મા
એક બોધરૂપ નથી ? કદાચ કોઈ એનો જવાબ નકાર
આપવાનેજ તૈયાર થશે, કે જેના ખભા ઉપર ડોકું અને ડ
ઉપર માથું અને માથામાં ભેજું હશે નહિ ! વળી
માન્ય માન્યતા છે અને તે ચોક્કસ હદ સુધી ખોટી
નથી કે, લાડ-પ્યારમાં ઉછરેલ બચ્ચાંઓ ઉદ્ધત, જિદ્દી
હઠીલાં થઇ જાય છે તથા માતાપિતાને તેમજ બીજા
ગણકારતાં નથી. ફાતિમા (સ. અ.) કરતાં તો લાડ
બાળા વધતી હશે ? આખી અરબ કોમમાં એક
શ્રીમંત માતા અને પયગમ્બરનાં પુત્રી ! અને પય

(સ. અ. વ.) તેમના સંબંધમાં આવો ઉંચો અભિપ્રાય ધરાવતા હતા, તેનો એક પુરાવો ઉપર આપેલ એક દાખલા ઉપરથી મળી આવશે.

ખરૂં છે કેઃ—

ઈન સઆઝત બઝોર બાજુ નીસ્ત, તાન બખ્શદ ખોદાએબખ્શીન્દહ !

આ ભાગ્યશાળીપણું કેવળ પ્રભુનીજ એક ભેટ સમજવી. તે બીજાના બળે મેળવી શકાય નહિ.

માતુશ્રી હ૦ ખદીજાના સ્વર્ગવાસ થતાંજ હ૦ ફાતિમા એકલાં પડી ગયાં; કેમકે તેમનાં બન્ને બહેનોનાં આ સમયે લગ્ન થઇ ગયાં હતાં. ઘરસંસારનો સઘળો બોજો તેમનીજ ઉપર આવી પડચો. હ. પયગમ્બર (સ. અ.) હ૦ ખદીજાંના મરણથી ઘણાંજ શોકાતુર રહેવા લાગ્યાં. તેજ વર્ષે કાળચક્ર એક બીજી આફત લાવ્યું અને તેમના સૌથી મોટા મહાશય તેમના કાકા અને તેમના ભાવિ જમાઈ હજરત અલી (વ. અ. સ.) ના પિતા પણ સ્વર્ગવાસી થઇ ગયા હતા. મક્કાનિવાસીઓ એટલે વિરુદ્ધ માન્યતા ધરાવનારાઓના અત્યાચારો હવે અસહ્ય થઇ ગયા હતા. દુશ્મનોની ગણત્રીઓ થઇ શકતી ન હતી. ત્યારે મિત્રો આંગળાંના ટેરવાઓ ઉપર ગણાય તેટલાએ હતા નહિ. આવી પરિસ્થિતિમાં તેમનાં બેટી હમેશાં તેમને સાથ આપતાં અને પિતાની દરેક સેવા કરતાં. એક સમયે બનાવ એવો બન્યો કે હજરત પયગમ્બર ભક્તિ કરતા હતા. જ્યારે તે નામદાર સેજદામાં ગયા (ભોંય પર માથું મૂકી નમ્યા) તો કોઇએ એક ઉંટની હોજરી તેમની ગરદન પર લાવીને મૂકી દીધી, જેના ભારથી તે નામદાર માથું ઉંચું કરી શક્યા નહિ અને [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

એવોજ એક બનાવ મદીના ખાતે ઓહદના યુદ્ધ-સમયે બન્યો હતો. આ લડાઇ મુસલમાનો માટે ઘણીજ ભયંકર અને નાશકારક પૂરવાર થઈ હતી. કેમકે, ઈસ્લામના લડવૈયાઓએ શિસ્તનો ભંગ કર્યો હતો, જેના અંગે તેમની શરમાવનારી હાર થઇ ! આ લડાઇનું વર્ણન પવિત્ર પુસ્તક કુરાનમાં પણ આપવામાં આવ્યું છે અને રણ-સંગ્રામ છોડી નાસી જનારાઓને માફ કરવામાં આવ્યા છે. બનાવ એવો બન્યો હતો કે લડાઇની અગાઉથીજ પયગંબરે (અ૦ સ૦) પોતાની નાની સેનાના પચાસ સિપાઇઓને પર્વતની એક બાજુ ઉભા રહેવાનો હુકમ આપીને એવી તાકીદ કરી હતી કે, આપણો વિજય થાય કે પરાજય થાય, પરંતુ કોઇ પણ સંજોગો વચ્ચે તમારે આ સ્થળેથી આગળ વધવું કે પાછળ હઠવું નહિ. લડાઈના આરંભમાં મુસલમાનોનો જય થતો દેખાયો, એટલે આરબો નાસ-ભાગમાં પડયા અને ઈસ્લામના લશ્કરે તેમની પૂંઠ પકડી. હવે જેઓને પર્વતના એક કિનારા પર ઉભા રાખવામાં આવ્યા હતા તેઓ એમ સમજ્યા કે, આપણો સંપૂર્ણ વિજય થઈ ગયો એટલે ચાલો હવે લૂંટફાટ કરીએ. આ વિચાર આવતાંજ તેઓએ પોતાની જગાઓ છોડી દીધી અને લૂંટફાટ કરવા લાગ્યા અને એ રીતે તેમણે પોતાના સરદાર-ના હુકમનો ખુલ્લો અનાદર કર્યો; પણ આ હુકમ નહિ પાળવાની શિક્ષા તેમને તરતજ મળી ગઇ. શત્રુ-સેનાનો એક સરદાર ખાલિદ ઇબ્ને વલીદ આ લોકોના હઠવાની વારજ જોતો પાછળ ઉભો હતો. આ લોકોને જગ્યા છોડ-તા જોઇ, તે પોતાના સાથીઓ સાથે એમની ઉપર તૂટી પડયો. આ હુમલો એટલો તો ઓચિંતો અને અના "મારી હતો કે, મુસલમાનોનઃ હોસકોસ ઉડી ગયા

કરવું તેની તેમને સમજ પડી નહિ. ખાલિદ અને ં પૂછયું.
વીણી વીણીને એક એકને વધ કર્યો. જેઓ
અથવા નાસી શકયા, તેજ બચવા પામ્યા. હુ નેક બખ્તર !"
ની સાથે જે લોકો હતા, તેમને જયારે

ખબર પડી, ત્યારે તેઓ ઘણાજ દિલગીર થયા. પરંતુ તેઓએ પોતાના માનવંત સરદારનો છેવટ સુધી સાથ છોડયો નહિ. સારાંશ કે, છેવટ સુધી હ૦ પયગંબરની સાથે લડવાવાળાઓમાં કેવળ સાત કે આઠ બહાદુરો રહી ગયા, બાકીના માર્યા ગયા અથવા નાસી ગયા, કિંવા પર્વતની ટોચે ચઢી ગયા ! ! ભોગજોગે સામેવાળાઓનો સેનાપતિ બીજે વર્ષે લડવાનું કહી રણસંગ્રામ છોડી ચાલી ગયો, નહિતર ઈસ્લામની સમાપ્તિ આવી ગઇ હોત. આ લડાઇમાં મુસલમાનોના મહાન લડવૈયા હઝરત હમઝા (પયગંબર સલ૦) ના કાકાનો પણ વધ થયો હતો.

આ લડાઇમાં હ૦ પયગંબર પણ ઘણીજ સખત રીતે ઘાયલ થયા હતા. માત્ર ગણત્રીનાજ ગોઠીઆઓ આ સંકટના સમયે તેમની પાસે હતા. હઝરતના જમાઇ અને પિત્રાઇએ આ યુદ્ધમાં અસાધારણ વીરતા અને દૃઢતા દેખાડી અને એક પળવારને માટે પણ તેમને છોડીને તેઓ અળગા થયા નહિ. મદીના શહેરથી સંગ્રામક્ષેત્ર ચારેક માઇલને છેટે હતું. જ્યારે દૂરથી આ યુદ્ધ નિહાળનારાઓએ અથવા નાસી આવેલાઓએ આ માઠા સમાચાર ફાતિમા(અ. સ.)ને પહોંચાડયા, ત્યારે તે પોતાના માનવંત પિતાની આવી હાલત સાંભળી તરત ઘેરથી નીકળી પડયાં અને રણસંગ્રામમાં જઈ પહોંચ્યાં. આ સમયે હઝરત અલી પોતાની ઢાલમાં પાણી ભરી હ૦ પયગંબરના ઘા ધોઇ રહ્યા હતા. હ૦ ફાતિમાએ પોતાના પિતાને જીવતા જોઇ પ્રભુનો આભાર માન્યો અને તેઓ પણ તેમની તા[illegible] કરવા [illegible]. તેઓએ [illegible] [illegible] મૂકી દી[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેમની [illegible] [illegible]

શું હઝરત ફાતિમાએ બેસાડેલો આ કાર્યસાધક
મલો મુસલમાન અબળાઓનેજ માટે નહિ પરન્તુ જગ-
ની સ્ત્રીઓ માટે મનન કરવા યોગ્ય નથી ? શું આ કોમળ
તિની બહાદુરી અને નીડરતા તથા નિર્ભયતાનો એના
રતાં સરસ પુરાવો મળી શકે છે ? વિચાર કરો કે તે એક
હારેલા યુદ્ધના માઠા સમાચાર હતા. તે સમયે રણસં-
ગ્રામમાં જવામાં અને એકલાં જવામાં એક અબળા માટે
અનેક પ્રકારનાં જોખમ હતાં. જીવના જોખમની વાત જો
આપણે એક બાજુએ મૂકીએ તો પણ પકડાઇ જઇ શત્રુઓ-
ના હાથમાં જવાનો ભય કંઈ ઓછો હતો ! એવી હાલતમાં
કઇ અબળા રણસંગ્રામમાં જવાનો વિચાર પણ કરી શકે ?
પણ પયગંબર(સલ.)નાં માનવંત બેટી હ૦ ફાતિમાએ
કોઇ પણ વાતની દરકાર કરી નહિ અને તે કરી દેખાડ્યું,
જે માત્ર ઇસ્લામી વીરાંગનાઓ માટેજ નહિ પણ આખી
દુનિયાની અબળાઓ માટે ઘડારૂપ છે.

એજ વરસે હ૦ ફાતિમાનાં લગ્ન હ૦ પયગંબરના
પિત્રાઇ હ૦ અલી સાથે થયાં. હ૦ પયગંબરનો આ એવો
વખત હતો કે હ૦ ફાતીમાનાં માતુશ્રી હ૦ ખદીજાનું જે
કાંઇ તેમની પાસે હતું તે મક્કામાંજ ધર્મપ્રચારના કાર્ય
માટે ખર્ચાઈ ચૂક્યું હતું. આ વખતે હઝરત અલીની હ૦
ફાતિમાના હાથની માંગણીનો હ૦ પયગંબરે સ્વીકાર કર્યો
હતો અને લગ્નની વાત નક્કી થઇ ગઇ હતી.

" તમારી પાસે આ પ્રસંગે ખર્ચવા માટે શું છે ?"
હઝરત પયગંબરે હ૦ અલીને પૂછ્યું.

" નામદાર ! " હ૦ અલીએ ઉત્તર આપ્યો "મારી
પાસે દ્રવ્ય જેવું કંઈ નથી "

" તો, પછી શું છે ? " [illegible] પૂછ્યું.

" એક [illegible] છે, એક [illegible] અને એક [illegible] !
[illegible]

"વારૂ," હઝરત પયગમ્બર (સલ૦) "ઘોડો અને તલવાર તો લડાઇ માટે રહેવા દ્યો અને બખ્તરને વેચી નાખો." હ૦ પયગમ્બર (સલ૦)ની આજ્ઞા માથે ચઢાવી અલીએ બખ્તર વેચી નાખ્યું, જે ચારસો દરહમ એટલે સો રૂપિયામાં વેચાયું. તે હ૦ અલીએ લાવીને હઝરતને આપી દીધા. અને સ્ત્રીધન તરીકે હ૦ પયગમ્બરે પોતાની આ સૌથી વહાલી પુત્રીને શું આપ્યું તે પણ જાણવા જોગ થઇ પડશે.

(ક) એક ઘંટી, (ખ) એક ચાદર, (ગ) એક ગોદડી, (ઘ) બે તકિયા જેમાં રૂ અથવા કપડાંનાં ચીંથરાં નહિ પણ ખજૂરનાં પાતરાં ભરેલાં હતાં અને (ચ) પાણી ભરવાનું એક વાસણ. બસ!

લગ્ન અને એવા બીજા પ્રસંગોએ ઘર ફૂંકી તમાશો જોનારા મુસલમાન ભાઇઓને પૂછવાની હું પરવાનગી લઇશ કે, શું આંખો ઉઘાડી તમે તમારા પયગમ્બર (સલ૦)ની વહાલી પુત્રીના લગ્નનું ઉપલું વર્ણન વાંચ્યું? હું તમને પૂછવા માગું છું કે, તે નામદાર જો ચાહત તો માંગી તાગીને લગ્નની ધામધૂમ શું ન કરી શકત? શું તે નામદાર જો ઇચ્છત તો, તેમના અનુયાયીઓમાંથી તેમને કરજ આપનારાઓ કંઈ થોડા હતા? અને આ ભલી બેટીએ પોતાના પિતાને કંઇ પણ ફરિયાદ કરી કે, આ કેવી જાતનાં લગ્ન કરવામાં આવે છે?

પણ શું આ લગ્ન કેવળ મુસલમાનોનેજ માટે ધડારૂપ છે? શું આખી દુનિયાનાં માતા-પિતાઓ એના ઉપરથી ધડો લઈ શકતાં નથી? શું આ કરતાં બીજાં વધારે સાદાં લગ્ન જગતના કોઈ પણ દેશના ઇતિહાસમાંથી બતાવી શકશો? શું આ કહેવામાં [illegible] અતિશયોક્તિભર્યું છે કે [illegible]
[illegible]
[illegible]

[illegible] પડતું,

[illegible]
[illegible]
[illegible]
[illegible]
હવે આપણે જોઈએ કે, આ દાસી માટે હ૦ ફાતિમા
(ર. અ.) કેવી વર્તણૂંક રાખતા હતા? [illegible]
[illegible] હ૦ ફાતિમાએ પોતાના કામોની
સરખી વહેંચણી કરી હતી એટલે એક દિવસ [illegible]
પોતે રાંધતાં હતા અને બીજા દિવસે દાસી રાંધવાનું
કામ કરતી હતી, એક દિવસ તેઓ પોતે ચક્કી પીસતાં
હતાં અને બીજા દિવસે ફિઝઝાને એ કામ કરવું પડતું.

હ૦ પયગમ્બરનાં આ વહાલાં બેટીને ઘરના કામકાજ ઉપરાંત પોતાનું ઘર ચલાવવા માટે બહારની મજુરી પણ કરવી પડતી હતી. ઘણું કરીને તો તેઓ ચરખો ચલાવતાં હતાં. તેમના ભરથાર એટલે હ૦ અલી ઉન લઈ આવતા હતા, જે હ૦ ફાતિમા અને તેમનાં દાસી ફિઝઝા વારાફરતી કાંતતાં હતાં અને તેની જે આવક થતી હતી તેનાથીજ ઘર ચાલતું હતું. એમાંથીજ ગરીબો, ભૂખ્યાંઓ અને નિરાધારોને દાન અપાતું હતું, જેના વર્ણનથી ઈસ્લામી ઈતિહાસનાં પાનાં ભરપૂર છે.

ઘરમાં તો આવી સ્થિતિ હતી; હવે બહારની વાત સાંભળો. હ૦ ફાતિમાના ભરથાર હ૦ અલી મોટે ભાગે તો લડાઈમાંજ રોકાએલા રહેતા હતા. લડાઈથી છૂટા થઈને જ્યારે તેઓ ઘેર આવતા હતા, ત્યારે મહેનત મજુરી કરી, તેઓ પોતાનું ઘર ચલાવતા હતા! તમેં જાણો છો કે, તે મહેનત મજૂરી કેવા પ્રકારની હતી? વાંચોઃ– તેઓ લોકોનો બોજો ઉંચકતા હતા–પાણી ભરતા હતા! ખેડુતોનાં ખેતરોમાં પાણી સીંચતા હતા! લોકોનું પરચુરણ કામ કરી આપતા હતા. વળી એ કામોથી પરવારી

રહીને તેઓ પોતાના ઘરનું બીજું કામ પણ કરતા હતા. દાખલા તરીકે બચ્ચાંઓને રમાડતા હતા, પાણી ભરી લાવતા હતા અને જરૂર પડતી હતી તો, હ૦ પયગમ્બરના જોડા પણ ટાંકતા હતા !!

ઈસ્લામના નામ ઉપર મરી ફીટનારાઓ ! કહો, અને ઇન્સાફથી કહો કે આ સાદાં જીવનચરિત્રો ઉપરથી તમે કાંઇ ધડો લેશો કે નહિ ? હું ખાત્રીપૂર્વક કહું છું કે, તમે જો તેવુંજ સાદું જીવન પસાર કરો, જે તમારા આ વડીલોએ પસાર કર્યું છે તો તમારી દુનિયા તો શું પણ દીન પણ સુધરી જાય ! અને હવે આ લેખના દરેક વાંચનારને ભલે તે જ્ઞાતિ અને ધર્મ સાથે સંબંધ કેમ ધરાવતો ન હોય પરંતુ એક સાદો સવાલ આ ઉપરથી પૂછવા માગું છું કે, શું આ પવિત્ર વ્યક્તિઓએ કેવળ પોતાના અનુયાયીઓ એટલે મુસલમાનો માટેજ તેમના પાક અને પવિત્ર જીવનના આ કાર્યસાધક દાખલાઓ બેસાડયા છે ? શું જગત માટે તેમના જીવનમાંથી કાંઇ પણ શીખવાનું અને વિચાર કરવાનું મળતું નથી ?

હઝરત ફાતિમા (સ. અ.) તેમના લગ્ન પછી કેવળ નવ વરસજ સંસારસુખ ભોગવવા પામ્યાં. આ મુદતમાં તેમને ત્યાં ત્રણ પુત્રો અને ત્રણ ચાર પુત્રીઓ થઇ. તેમના બે પુત્રો હસન (અ૦ સ૦) અને હુસેન (અ૦ સ૦) એ જે નામના મેળવી તે પ્રલયકાળ સુધી જળવાઈ રહેશે. મુખ્ય કરીને તેમના નાના પુત્ર હ૦ ઈમામ હુસેન 'શહીદે આફ કરબલા'ના યાદગાર બલિદાન માટે ઇસ્લામીઓ તો શું પણ સઘળી કોમોને માન્ય છે. હઝરત ફાતિમા પોતાના પિતાના સ્વર્ગવાસથી એટલાં તો શોકાધીન થયા, કે તેઓ છ મહિનાની અંદરજ આ નાશકારક જગત છોડી ગયા.

(તા. ૧૩-૧[illegible])



३-कविवर उमर

(લેખકઃ—શ્રીયુત મહેશપ્રસાદ)

અરબ મેં બહુત લોગ બડે શૂરવીર હુએ હૈં, કિન્તુ જિન લોગોં ને વિશેષ રૂપ સે કીર્તિ પ્રાપ્ત કી હૈ ઉનમેં સે એક ઉમર નામક વહ વ્યક્તિ હૈ જો માદીકરબ કે પુત્ર થે. ઇસી કારણ યે ઉમર બિન માદીકરબ કે નામ સે હી અધિક પ્રસિદ્ધ હૈ. યે તલવાર કે ધની હોને કે સિવા ઘોડે કે એક અચ્છે સવાર ભી થે. પહલે યે અપના જીવન લૂટ-માર પર વ્યતીત કરતે થે. બહુધા બછડે માર કર ખાયા કરતે થે. ભોજન પશ્ચાત્ એક મશકભર મદિરા પી જાયા કરતે થે. ઇસ પ્રકાર ખાને-પીને કે કારણ ઇનકા નામ 'અબૂસૌર' અર્થાત્ 'બૈલકા બાપ' પડ ગયા થા.

ઇન્હોંને સ્વયં હજરત મુહમ્મદ સાહબ કે હાથોં મુસલમાન-ધર્મ કી દીક્ષા ગ્રહણ કી થી; કિન્તુ હજરત મુહમ્મદ સાહબ કી મૃત્યુ કે પશ્ચાત્ જો લોગ મુસલમાની ધર્મ-કર્મ સે વિમુખ હો ગયે થે ઉનમેં સે એક યે ભી થે. ઐસે લોગોં કો ઠીક કરને કે લિયે પહલે ખલીફા હજરત અબુબકર સાહબ ને એક સેના ભેજી. યે લોગ પરાસ્ત હુએ. ઉમર કે કન્ધે પર તલવાર કા એક ઘાવ લગા, ઉસ પર ભી વે ભાગ નિકલે. ફિર મુસલમાનોં કી શક્તિ જબ બહુત હી પ્રબલ દેખી તબ પટ મુસલમાન હો ગયે. ઇતને પર ભી કૈદ કર કે ખલીફા કે પાસ ભેજે ગયે. ખલીફા ને ઇન્હેં બહુત બુરા-ભલા કહા. ઉસને લજ્જિત હો કર ક્ષમા ચાહી. ખલીફા ને ક્ષમા પ્રદાન કી

થા કિ વહ પુરુષ પૃથ્વી પર અચેત હો કર ગિર પડા. દેખા તો ઉસકા જીવ શરીર કો ત્યાગ ચુકા થા. ઇસકી અપેક્ષા ઔર કૌનસા વ્યક્તિ અધિક કાયર હો સકતા હૈ ?

મક્કાર સે ભેંટ

ઉમર ને કહા—" અબ મક્કાર કી બાત સુનિયે. એક બાર મૈં લૂટ–માર કે નિમિત્ત જા રહા થા. એક સ્થાન પર દેખા કિ નેજા ગડા હૈ. ઘોડા બંધા હૈ, ઔર એક વ્યક્તિ થોડી દૂર પર લઘુશંકા કર રહા હૈ. મૈંને તુરન્ત ઘોડે કો એડ લગાઈ ઔર ઉસકે સમીપ જા પહુંચા. ફિર ડપટ કર કહા—" સંભલ જા ! તેરા ઘાતક આ પહુંચા." ઉસ અજનબી ને મેરા કુછ ખયાલ હી ન કિયા ઔર કહા—" કયા સચમુચ તુમ મુઝસે લડોગે ?" મૈંને કહા—(અજનબી સે) "અબ યહ સમઝ લે કિ યહ તલવાર તેરા કામ તમામ કિયા ચાહતી હૈ."

વહ બોલા—" અચ્છા ! તુમ્હારા નામ કયા હૈ ?"

મૈંને કહા—" ઉમર બિન માદીકરબ—ઉમર બિન માદીકરબ જુબૈદી."

વહ બોલા—" અહા ? તુમ હો ! યહ તો ભલમનસાહત નહીં હૈ."

મૈંને પૂછા—" ક્યોં ?"

વહ બોલા—" મૈં પૈદલ હૂં, તુમ ઘોડે પર સવાર હો. યદિ તુમ વીરતા કે સાથ લડના ચાહતે હો તો શપથ ખાઓ ઔર વચન દો કિ જબ તક મૈં ઘોડે પર સવાર ન હો જાઉં તુમ મુઝસે નહીં લડોગે."

યહ સુનકર મૈંને શપથ ખાઈ ઔર દૃઢતા કે સાથ પ્રતિજ્ઞા કી કિ જબ તક તુમ સવાર ન હો જાઓગે મૈં તુમ પર કદાપિ ન વાર કરૂંગા.

ઉમર કહતા—મુઝે વચનબદ્ધ કર વહ અજનબી [illegible]

કે નિકટ આયા ઔર સર્વથા નિશ્ચિંત હો કર બૈઠ ગયા. યહ દેખ કર મૈંને કહા કિ યહ ક્યા? અજનબી ને ઉત્તર દિયા કિ ન ઘોડે પર સવાર હૂંગા, ન લડાઈ કી નૌબત બજેગી. યદિ તુમ અપની પ્રતિજ્ઞા ભંગ કરોગે તો ઉસકે જિમ્મેવાર તુમ હો. યહ સુન કર મૈંને વિવશ હો કર ઉસકો છોડ દિયા. અપની રાહ લી. મેરા વિશ્વાસ હૈ કિ ઉસસે બઢ કર મક્કાર વ ચાલબાજ મુઝે અપને જીવન મેં મુઝે અન્ય કોઈ નહીં મિલા.

એક વીરાંગના કા શૌર્ય

ઔર વીર, સો વહ મુઝે મિલા એક સ્ત્રી કે રૂપ મેં. લૂટ-માર કે વિચાર સે મૈં એક જંગલ મેં ઘૂમ રહા થા. ચલતે ચલતે ઉસ સ્થાન પર પહુંચ ગયા, જહાં બહુધા લૂટ-ખસોટ કિયા કરતા થા; પરંતુ જબ વહાં કોઈ ન મિલા તબ થોડી દેર કે બાદ અપના ઘોડા દાયેં બાયેં દૌડાયા. ઇતને મેં દેખા કિ એક સુંદર નવયુવક ઘોડે પર સવાર મેરી ઓર આ રહા હૈ. પાસ પહુંચ કર ઉસને સલામ કિયા. મૈંને સલામ કા જવાબ દિયા ઔર ફિર પૂછા—"તુમ કૌન હો?"

નવયુવક—'હારિસ બિન સાદ.'

મૈંને કહા—"હોશિયાર! તેરા ઘાતક આ પહુંચા."

નવયુવક—"અભાગે! તૂ કૌન હૈ?"

મૈંને કહા—"ઉમર બિન માદીકરબ જુબૈદી."

નવયુવક—"તૂ બડા નીચ ઔર તુચ્છ હૈ! ઈશ્વર કી સૌગન્ધ, મૈં તુઝે છોડ દેતા હૂં. ભલા તુઝ અધમ પર ક્યા નેજા ઉઠાઉં!"

નવયુવક કી ઐસી બાતેં સુન કર મૈં બડા લજ્જિત હુઆ, મેરે દુઃખ કી સીમા ન રહી. તો વીરે કહા—

"ઇન બાતોં કો રહને દે ઔર સંપદા બત; ક્યોંકિ

અબ હમ દોનોં ઉસ સ્થાન સે ચલે. સારા દિન બીત ગયા. થોડી રાત બીતને પર હમ એક સમુદાય કે નિકટ પહુંચે. વહાં ઉસ નવયુવક ને કહા—હે ઉમર ! મેરી મૃત્યુ ઇસી સમુદાય મેં હૈ. અબ દો સૂરતેં હૈં. ચાહે તુમ મેરા ઘોડા થામો ઔર મૈં ઇસ સમુદાય મેં જા કર અપની ઇચ્છા પૂર્ણ કર આઊં; અથવા મૈં તુમ્હારા ઘોડા થામતા હૂં, તુમ મેરા કાર્ય કર આઓ. ઉમર ને ઉત્તર દિયા કિ આપ હી જાઇએ. મૈં બિલકુલ અપરિચિત હૂં. યહ સુન કર ઉસને અપને ઘોડે કી લગામ મુઝકો પકડા દી ઔર ઉસ સમુદાય કે એક ખેમેં કી ઓર ગયા. ફિર વહાં સે એક રૂપવતી કો અપને સાથ લાયા. ઉસે એક ઊંટની પર સવાર કિયા ઔર ફિર ઉમર સે કહા—

"હે ઉમર ! અબ તુમ ઊંટની કી નકેલ પકડ કર ચલો ઔર મૈં તુમ્હારા રક્ષક બનૂં; અથવા તુમ રક્ષક હો કર ચલો ઔર મૈં નકેલ પકડૂં."

મૈંને કહા—"મૈં ઊંટની કો લે કર ચલૂંગા, આપ મેરી રક્ષા કરતે ચલેં."

ઉસ નવયુવક ને ઊંટની કી નકેલ મેરે હાથ મેં દી. હમ વહાં સે ચલ પડે. ચલતે ચલતે જબ સબેરા હુઆ, નવયુવક ને મુઝસે કહા કિ મુડ કર દેખો તો કોઇ આ તો નહીં રહા હૈ? ઇસ પર મૈંને ફિર કર દેખા તો પતા ચલા કિ કઈ લોગ ઊંટોં પર સવાર લપકે ચલે આ રહે હૈં. યહ દેખ કર મૈંને કહા કિ કુછ લોગ ઊંટોં પર સવાર હો કર આ રહે હૈં. નવયુવક ને અબ જલદી જલદી ચલને કે લિયે કહા, કિન્તુ સાથ હી પૂછા કિ દેખો તો કિતને હૈં? મૈંને દેખ કર કહા કિ ચાર પાંચ હૈં.

નવયુવક ને કહા—[illegible]

તુમ રાસ્તા છોડ દો. દાઈં ઓર જા કર ઠહરો ઔર પીઠ ઔર ઊંટ કા મુંહ રાસ્તા કી ઓર રકખો. મૈંને વૈસા હી કિયા, ઔર વહ નવયુવક બાઈં ઓર ઠહર ગયા. ઇતને મેં હી વે લોગ ભી આ પહુંચે. કુલ તીન થે. એક બૂઢા, વહ લડકી કા પિતા થા ઔર બાકી દો નવયુવક થે વે લડકી કે ભાઈ. બૂઢે ને ઉસ નવયુવક સે કહા કિ મેરી લડકી ગેરે હવાલે કરો. ઉગ્ર નવયુવક ને ઉત્તર દિયા–ઐસા તો નહીં હોગા, ક્યોંકિ મૈં લડકી કો વાપસ દેને કે લિયે નહીં લે આયા હૂં. બૂઢે ને યહ ઉત્તર પા કર અપને એક પુત્ર કી ઓર સંકેત કિયા કિ તુમ ઇસકા મુકાબિલા કરો. વહ લડકા અપના નેજા લે કર તૈયાર હો ગયા, કિન્તુ ઉસ નવયુવક ને ઉસ પર ઐસા વાર કિયા કિ ઉસકા નેજા ઉસકી પીઠ તોડ કર નિકલ ગયા. ઇસકે પશ્ચાત્ દૂસરા પુત્ર ભી મુકાબિલે મેં આયા; કિન્તુ ઉસકા ભી કામ એક હી વાર મેં તમામ હો ગયા. અબ:અંત મેં બૂઢે ને કહા કિ ભલાઇ ઇસીમેં હૈ કિ લડકી મુઝે વાપસ દે દો. ઉસ નવયુવક ને ફિર યહી કહા કિ યહ બાત સંભવ નહીં હૈ. મૈં લડકી કો વાપસ દેને કે લિયે નહીં લાયા હૂં.

ઉસ નવયુવક કા ઐસા ઉત્તર પા કર બૂઢે ને કહા–

"અચ્છા, તુમને દોનોં લડકોં કો તો માર લિયા હૈ. અબ મૈં એક બૂઢા કમજોર રહ ગયા હૂં. યદિ મુઝસે ભી મુકાબિલા કરના હૈ તો હમ દોનોં ઘોડે સે ઉતર પડેં ઔર પરસ્પર યહ ઠાન લેં કિ હમ દોનોં એક વાર કરેં. જિસકા વાર પૂરા ન પડે ઔર એક હી વાર મેં દૂસરે કા કામ તમામ ન કર દે તો ઉસકા ખૂન ઉસકે શત્રુ કે લિયે માફ રહે. યદિ તેરી તલવાર મેરા કામ તમામ ન કરે તો મૈં તુઝે માર ડાલૂં ઔર યદિ મેરી એક તલવાર તેરા કામ તમામ ન કર સકે તો તૂ મુઝે નિઃસંદેહ માર ડાલ."

વહ નવયુવક ઐસા સુનતે હી ઝટ ઘોડે સે ઉતર પડા. ઉસને કહા—"મુઝે યહ શર્ત મંજૂર હૈ. આપ વાર બચાઇએ." યહ કહ કર નવયુવક ને તલવાર ઉંચી કી ઔર ઇસ વિચાર મેં હુઆ કિ અપને વૃદ્ધ શત્રુ કે દો ટુકડે કર ડાલે. ઇતનેમેં ઉસ વૃદ્ધ ને અપના નેજા નવયુવક કે પેટ મેં મારા કિન્તુ ઇધર નવયુવક કે પેટ મેં નેજે કે વાર કા હોના હી થા કિ ઉસી દમ વૃદ્ધ કે સિર પર નવયુવક કી તલવાર પડી. દોનોં એકદમ ગિર પડે ઔર થોડી હી દેર મેં દોનોં કા પ્રાણાન્ત હો ગયા. ઇસિ દૃશ્ય કા મુઝ પર ગહરા પ્રભાવ પડા.

મૈં ઔર ઉક્ત યુવતી હી અબ જીવિત બચે થે. સમીપ મેં અન્ય કોઇ ન થા. મૈંને સારા સામાન ઉંટોં પર લાદા ઔર ઉસ યુવતી કે ઉંટ કી નકેલ પકડ કર વહાંસે ચલ પડા. પરંતુ મેરે ઐસે કરને પર ઉસ યુવતી ને પૂછા—" મુઝે કહાં લે ચલે ? મૈં તુમ્હારે લિયે નહીં હૂં ઔર ન તુમ મેરે યોગ્ય હો." મૈંને ઉત્તર દિયા—"ઇસ સમય ચુપ રહો. બાતોં કા અવસર નહીં હૈ." યુવતી ને કહા—"નહીં, ઐસા નહીં હો સકતા. યદિ મેરે પતિ બનના ચાહતે હો તો એક નેજા ઔર એક તલવાર મેરે હાથ મેં દો. યદિ તુમ મુઝ પર કાબૂ પા જાઓ તો મૈં તુમ્હારી હૂં, નહીં તો મૈં તુમકો માર ડાલૂંગી." મૈંને ઉસકે કુટું-બિયોં કી વીરતા અપને આંખોં સે દેખી થી. મુઝ પર ઉનકી વીરતા કા ગહરા પ્રભાવ પડા થા. ઇસ કારણ મુઝ ઐસે વીર કા ભી સાહસ ન હુઆ કિ ઉસ યુવતી કે હાથ મેં શસ્ત્ર દે. ઇસ લિયે ટાલ મટોલ કર કે કહા—"અચ્છા, અબ ઇસ સમય ચલી ચલો." યુવતી ને કહા—"ઐસા કદાપિ નહીં હો સકતા." [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

કુતીં સે તલવાર ન નિકાલ લેતા તો મેરા કામ હી તમામ હો જાતા. મેરા પહલે યહ વિચાર ન થા કિ મૈં ઉસ પર આક્રમણ કરૂં, કિંતુ જબ મૈંને દેખા કિ વહ મુઝે માર હી ડાલના ચાહતી હૈ ઔર ઉસકા નેજા કઇ બાર મુઝ પર અસર ભી કર ચુકા હૈ તબ મૈંને બડી ચતુરાઈ કે સાથ ઉસકા મુકાબિલા કિયા–યહાં તક કિ વહ બહુત ઘાયલ હો કર ગિર પડી ઔર થોડી દેર કે બાદ મર ગઇ. મૈં ઉસ વીરાંગના કી સૂરત કદાપિ નહીં ભૂલ સકતા. ઉસકા સુંદર મુખ ખૂન સે લથ–પથ દેખ કર મેરા કલેજા ફટને લગા થા. અપને વિચાર સે મૈંને અપને જીવન મેં આજ તક ઉસ કુંવારી વીરાંગના સે બઢ કર શૂરવીર કિસી અન્ય કો નહીં પાયા.

કવિતા મેં જાર

ઉમર કેવલ તલવાર કે હી ધની ન થે, બલિક ઉચ્ચ કોટિ કે એક કવિ ભી થે. 'દિવાન હમાસઃ' અરબી કવિતાઓં કા એક અપૂર્વ સંગ્રહ હૈ. ઉસમેં ઉમર કી કઈ કવિતાયેં હૈં. વે ઇસ વીર કે કવિત્વ કો ભલી ભાંતિ દર્શાતી હૈ. ઉન્હીંમેંસે એક કા ભાવાર્થ યહાં દિયા જાતા હૈઃ–

સ્મરણ રહે કિ મનુષ્ય કી શોભા હુદય કી શોભા હોતી
હુઆ કરતી. ચાહે ઉસકો યમનતાં હૈ.
ચાદર હી ક્યોં ન ઓઢા લિયે મૈંને લંબી–ચૌડી જિરહ
નિઃસન્દેહ કુલ ર ભાગનેવાલા ઘોડા તૈયાર ..
હૈ, ઔર ઇન્હીંસે

નિઃસંદેહ મુઝે વહ દિન માલૂમ હો ગયા, જિસ દિન કાબ ઔર નહદ ઘરાનેવાલોં સે મૈં લડુંગા.

વે લોગ ઐસે હૈં કિ જબ અસ્ત્ર-શસ્ત્ર ધારણ કરતે હૈં, ઔર લડાઇવાલે કુરતે કે ઉપર જિરહ પહિનતે હૈં તબ ચીતોં કે સમાન પ્રતીત હોતે હૈં.


પ્રત્યેક મનુષ્ય લડાઇ કે દિન વહીં લે જાયા કરતા હૈ જો કિ ઉસને તૈયાર કર રકખા હૈ.

મેરે હોતે હુએ અન્ય મરે હુએ બહાદુરોં કી કુછ પરવા નહીં કી જાતી, ઔર મૈં અકેલા હી શત્રુઓં કે લિયે પર્યાપ્ત સમઝા જાતા હૂં.

જિસ પ્રકાર વીર કે જીવન કે નિમિત્ત રણક્ષેત્ર હી એક શોભાયમાન સ્થાન હૈ ઉસી પ્રકાર મૃત્યુ કે લિયે ભી રણક્ષેત્ર સે બઢ કર ઔર કોઇ સ્થાન નહીં.

ઐસે હી કવિવર વીર ઉમર સન્ ૬૪૩ ઇ૦ મેં યરમૂક કે ઘોર યુદ્ધ મેં કામ આયે.

[હિંદી માસિક "સરસ્વતી" ના એક અંકમાંથી]



૪–ઉમર ખય્યામ

[illegible]

[illegible] ઉમર ખય્યામનો જન્મ અગીઆરમી સદીના ઉત્તરાર્ધમાં અને બારમી સદીના પૂર્વભાગમાં થયો હોય એમ લાગે છે. તેનું મરણ ઈ. સ. ૧૦૮૦ અને ૧૧૨૩ ની વચમાં થયાનું કેટલેક. મીલર અનુમાન કરે છે. આ સમય જોતાં ઉમર કેટલા સમયે થઈ ગયો છે કે જે સમયે અંગ્રેજી ભાષાના કાવ્યજીવનનો જન્મ પણ નહોતો થયો. અંગ્રેજી ભાષાના કાવ્યજીવનનો જન્મ ક્યાંક ચૉસરથી થયો ગણાય. ક્યાંક ચૉસર ઈ. સ. ૧૩૪૦ થી ૧૪૦૦ માં થઈ ગયો છે. આ સમય જોતાં ઉમર ખય્યામથી લગભગ [illegible] વર્ષ પૂર્વગામી કહેવાય. તે સમયે ગુજરાતી ભાષાના કાવ્યજીવનનો પણ જન્મ નહોતો. તે સમય અપભ્રંશ ભાષાનો મધ્યગાળ કહી શકાય. જુની ગુજરાતી ભાષાના ગ્રંથો પણ પંદરમા ને સોળમા સૈકામાં મળી આવે છે. આ સમય જોતાં ભાલણ, ભીમ અને

પદ્મનાભના કરતાં ઉમર લગભગ ચારસો વર્ષના પૂર્વગામી કહેવાય. અસ્તુ. હવે ઉમરની રૂબાઇયાતો તરફ જરા દૃષ્ટિ કરીએ.

ઇશ્વરરૂપી ઇશ્કની અજબ મસ્તીથી ભરપૂર તેમની રૂબાઇયાતોનો વાસ સુંદરતાનાં સરોવરોમાં જ છે. તે વાંચતાં ઇશ્વરરૂપી ઇશ્કનો નશો ચઢે છે અને મન મસ્તીમાં મત્ત બને છે. તે તેમની આઠમી, તેરમી અને પંચાવનમી રૂબાઇયાતોમાં કહે છે કે "ધર્મની કે બીજા જગતની મારે પરવા નથી; મને ફક્ત સુરાની જ (ઇશ્વરરૂપી પ્રેમની જ) પરવા છે; કારણ કે સુરાના (ઇશ્વરરૂપી પ્રેમના) ઘુંટડાથી આ અને પરલોક બન્ને મળે છે." માટે મારા પિપાસી ઓષ્ઠને આજે સુરા (ઇશ્વરરૂપી પ્રેમ) આપો, સુરા (ઇશ્વરરૂપી પ્રેમ) આપો અને મારા ફિક્કા ગાલોમાં ગુલાબની સુરખી ભરી દો. સુરાથી (ઇશ્વરરૂપી પ્રેમથી) જો મારા ઓષ્ઠ દિવસ ને રાત્રિ ભીંજાયેલા રહે, તો મારે વિશ્વમાં કે જગતમાં બીજા કોઇની પરવા નથી, બીજા કોઇની ઇચ્છા નથી.

ઉમરની સુરાની (ઇશ્વરરૂપી પ્રેમની) ઘેલછા, ગૌતમની નિર્વાણની ઘેલછા અને મિરાંની વ્રજલાલની ઘેલછાનું ભાન કરાવે છે.

"પ્રેમની, પ્રેમની, પ્રેમની રે,
મને લાગી કટારી પ્રેમની રે;"
"ઘેલી થઇ રે, હું તો ઘેલી થઇ,
આલા વ્રજલાલ વશે હું તો ઘેલી થઇ."

અથવા તો

"[illegible]"

[illegible] કહે છે

"[illegible]
[illegible]"

બ્રહ્માનંદ પણ એજ સૂર કાઢે છે કે—

"રે લગની તો હરિવરથી લાગી, મેં તનધનની આશા ત્યાગી રે."

દયારામ પણ ગોપીભાવે ભાખે છે કે–

"પ્રીતડીની રીત અતિ અટપટી, ઓધવજી છે પ્રીતડી ની રીત."

આંગ્લ કવિના (સ્વીનબર્નના) સ્વતંત્રતા વિષેના વિચાર પણ એજ રાહને અનુસરે છે. સ્વતંત્રતા સ્વીનબર્નનો આત્મા છે, પરમાત્મા છે.

ઉમરના રોમેરોમમાં જે બ્રહ્મરસ પ્રસરી રહ્યો છે તે તેમની "રૂબાઇયાતો"ના અભ્યાસીને જાણ થાય તેમ છે. ગિરધર ગોપાલની અદ્વૈતભાવની ભક્તિમાં જેવી મીરાંની તદ્રૂપતા ઝળકે છે, તેવીજ અદ્વૈતભાવની ભક્તિમાં ઉમરની માશુક કે બુલબુલ પ્રત્યેની અત્યંત ગંભીર બ્રહ્મતત્ત્વમાં લીન થયેલી તાદાત્મ્યતા દીપી નીકળે છે. ફેર માત્ર એટલોજ છે કે, મીરાં ગિરધર ગોપાલને "સખા" ભાવે ભજે છે અને ઉમર પરમાત્માને "સખી" ભાવે પૂજે છે. બન્નેય કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર, જગતની સ્થૂલ વાસના અને વિકારોથી પર છે. બન્નેને શારીરિક ઉપભોગની અભિલાષા કે વાંચ્છના નથી, પરંતુ આત્મિક તૃપ્તિની વાંચ્છના છે–ઘેલછા છે. તેમની ઘેલછાને જો મસ્તીનું નામ આપીએ તો તે મસ્તી 'ઈશ્કે હકીકી' કે આધ્યાત્મિક પ્રેમની છે; અને 'ઈશ્કે મીજાઝી' કે ઐહિક પ્રેમની નથી. આવી અજબ મસ્તીમાં આવી અલૌકિક સ્નેહ સ્થિતિમાં–

द्वासुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते।

એ ઉપનિષદ્ વાક્યાનુસાર બે સુપંખાળાં આત્મસખાઓનાં સખ્ય ને સંલગ્નતા છે અને તેથી તે સાયુજ્યને 'આત્મલગ્ન' કહીએ તો તે અયોગ્ય નથી.

ઉમરની ઓગણસાઠમી અને એકસઠથી રૂબાઇયાતો તેમના "ઇશ્કે હકીકી" કે આધ્યાત્મિક પ્રેમની સાક્ષી

પૂરે છે. તે કહે છે કે “ હે પ્રિયે! (હે પરમાત્મન્!) તારા બિમ્બાધરોને ચુંબવાનો કઇ શરતે અધિકાર છે તે કહે.” સમય વીતાવવો નકામો છે, કારણ કે પદમાં સુંદર ધરા છે, ઉપર વાદળાંવાળું નભ છે. આ સમયે પરસ્પરને પ્રીતિથી મુગ્ધ કરવામાં તારા અને મારા જીવનનું સાર્થક્ય છે. આત્માના પરમાત્માની સાથે તદ્રૂપ થવાના તરવરાટ સિવાય અહીં બીજું શું જોવામાં આવે છે? જ્યાં ‘ઇશ્કે મિજાઝી’ કે ઐહિક પ્રેમનું નામનિશાન ન હોય, જ્યાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર, વાસના કે વિકારનું અસ્તિત્વ પણ ન હોય ત્યાં ‘ઇશ્કે હકીકી’ કે આધ્યાત્મિક પ્રેમરસ સિવાય અન્ય શું ઝરે? તેમની સિત્તેર, એકસોને એકતાલીસ, બસોને એકત્રીસ અને બસો ને આડત્રીસમી રૂબાઇયાતોએ તો ‘ ઇશ્કે હકીકી’ કે આધ્યાત્મિક પ્રેમની હદ જ વાળી નાખી છે. તેઓ કહે છે કે “ હે માશુક! હે બુલબુલ! (હે પરમાત્મન્! હે ચિદ્ઘન!) જગતમાં પ્રાણથી અધિક વહાલું કોઇ નથી, પરંતુ હું તને પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, તું મને પ્રાણથી પણ અધિક વહાલી છે. તારૂં ગૌરવયુક્ત વપુ જોઇ, તારા ચંદ્રના જેવાં સમુજ્જવળ અને અનુપમ પીનસ્તન જોઇ લોકો તારી પાછળ ઘેલા અને ગાંડા બને છે. તારા હૃદયરાજની અંદર કોઇ ભાગ્યશાળી મનુષ્યને કદી આસન મળે તો તે તારા વપુનો હક્કદાર બને; પછી તેને અન્ય લક્ષ્મીની શી જરૂર? અંતમાં તે કહે છે કે “ હજારો તીર્થનું પુણ્ય અને હજારો આલમનાં ઐશ્વર્ય, કદી પણ પ્રેમીના (બ્રહ્મપ્રેમીના) અમૂલ્ય દાન (બ્રહ્મપ્રાપ્તિ)ની ક્યારેય પણ કિંમત કરી શકતાં નથી.”

ક્યાંથી કદર થઈ શકાય? કેમ જ ‘ ઇશ્કે હકીકી ’ કે આધ્યા- [illegible]

લયલા અને મજનૂ, શિરીન અને ફરહાદ તથા સત્યવાન અને સાવિત્રીના જીવનમાંથી શું નથી મળી આવતાં ? શું તેમને ઐહિક પ્રેમની ઉપેક્ષાઓ હતી ? જો તેમ હોય તો એક યા બીજાના મૃત્યુથી ઐહિક પ્રેમનો નાશ થાય છે, એક યા બીજાના મૃત્યુથી તેના શરીરનો નાશ થાય છે; પછી શરીરની સાથે રહેલો શારીરિક પ્રેમ ટકે જ ક્યાંથી ? વસ્તુસ્થિતિ એમ છે કે, તેઓ શારીરિક પ્રેમથી આકર્ષાયાં નથી, પરંતુ આધ્યાત્મિક પ્રેમથી અન્યોઅન્ય સાથે સંકળાયેલાં છે, તેના અંગેજ એકના અંગેથી બીજાનું મૃત્યુ થાય છે, અથવા તો એકના મૃત્યુથી તેને સજીવ કરવા પ્રયાસો થાય છે. આવાં આધ્યાત્મિક પ્રેમીઓને મૃત્યુનાં બંધનો પણ શું કરી શકે ? તેમનો પ્રેમ મૃત્યુનાં બંધનોથી મુક્ત થઇ કોઇ અવર દુનિયામાં ભવોભવનો સાથી થવા ચાલી નીકળ્યો છે. 'ઇશ્કે હકીકી' કે આધ્યાત્મિક પ્રેમનો મિજાજજ એવો અજબ હોય છે. તેવાજ આધ્યાત્મિક પ્રેમના મિજાજથી પ્રેરાઇને સાવિત્રીની માફક ઉમર પણ વિધિનાં વિધાનને તોડી નાખવાનો પ્રયાસ કરતો, ભાવિના ભાર્ગવ નિયમોને પણ ફેરવી નાખવાનો આગ્રહ અજમાવતો લખે છે કે 'હે પ્રિયે ! (હે વિભુ ! હે ચિત્સ્વરૂપ ! હે સર્વશક્તિમાનના સર્વેશ પરમાત્મન્ !) જો તું અને હું બન્ને સાથે મળીને વિધાતાના સામું કાવત્રું કરીએ તો આપણે તેની ભૂલો પકડી શકીએ, જગતના મૂળમાંથી ઉખેડીને ટુકડે ટુકડા કરી શકીએ અને હૃદયની ઇચ્છા મુજબ આપણે ફરીથી નવું જગત રચી શકીએ. અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જેને ઈશ્વર સાધ્ય હોય તેનાથી શું નથી થઇ શકતું ?

હૃદયમાં ઉંડા ઉતરીને બુદ્ધિ–ચક્ષુથી જોતાં આપણને ઉમરનું કહેવું યથાર્થ લાગે છે. કેટલાક આંગ્લ કવિજનો પણ તેમનાં કાવ્યોમાં આવાજ આધ્યાત્મિક પ્રેમનો ઉલ્લેખ કરે છે. તેમણે પણ તેમની 'પ્રેમમૂર્તિ'ને 'પ્રભુની મૂર્તિ' કલ્પીને જ કાવ્યો લખ્યાં છે અને એવા

પ્રભુપ્રેમમાં મત્ત બન્યા સિવાય પ્રેમનું યથેચ્છિત ગાઢું સ્વરૂપ આપી શકાય જ નહિ, એ નિર્વિવાદ છે.

દુનિયાથી દાઝેલા અને જમાનાથી જખ્મી થયેલા કોઈ આશાહીન યુવકની માફક અને જગતની જંજાળથી પર એવા કોઇ ત્યાગમૂર્તિ ભગવાન શંકર કે બુદ્ધની માફક, ઉમર ખય્યામે પણ જગત અને જગતના જનોની સાથે સમીપ સંબંધમાં આવવાની પોતાની રૂબાઇયાતોમાં સાફ ના પાડી છે. જગત દયાહીન છે, નિષ્ઠુર છે, કૃતઘ્ની છે, ઉપકારનો બદલો અપકારથી અને સારાનો બદલો નરસાથીજ વાળે છે, એવો એમને ચોક્કસ અનુભવ છે. તેથીજ તેઓ ઉપદેશે છે કેઃ—

“હે બંધુ ! આ ઝેરી જગતની અંદર વિરલ મિત્રો મળવા અતિ દુર્લભ છે. જગતના લોક ઉપલક જ મૈત્રી રાખે છે. હૃદયના ઉંડાણના ભાવથી તને ચાહનાર કોઇ-કજ હોય છે. એથી ઉલટું તું જેને દિલજાન મિત્ર ગણી બેઠો છે, તેનાથી તારે ચેતવું ઘટે છે. બુદ્ધિચક્ષુથી જોતાં, આત્માની આંખથી આલેખતાં, તને માલૂમ પડશે કે તેજ તારો ખરેખર વૈરી છે.”

આગળ ચાલતાં તે કહે છે કે “હે સુભગ વીર ! આ જમાનો ફીતુરી છે, હળાહળ ઝેરથી ભરેલો છે, તેને બેધારી તલવાર છે; માટે તારે સાવચેતીથી—સાવધાનીથી રહેવું ઘટે છે, ગાફેલ કે ભોળા રહેવું યોગ્ય નથી. કદાચ તે તને ઉપર ઉપરનો પ્રેમ દેખાડે, વહાલ દેખાડે, ભાવ બતાવે અને તને મિઠાઈ આપે તો પણ તે તું ખાતો ના: કારણ કે તેમાં હળાહળ ઝેર ભેળવેલું છે.”

આપણાં પ્રાકૃત ભજનોમાં પણ એવા જ સૂર છે—

[illegible]
[illegible]
[illegible]
[illegible]

અને—

" માયા તણી શોભા જોઇને, ન પામો મોહ " વગેરે

જગત સ્વાર્થસાધુઓથી ભરપૂર છે. અનુભવની આંખે જોવાય તો આ બાબતનું રહસ્ય વધારે સ્પષ્ટ થાય.

સૂફી ધર્મના સિદ્ધાંતોમાં જુદો મત દર્શાવતા હોવા છતાં, ઉમર નિરીશ્વરવાદી હતા એમ માનતાં મન આંચકો ખાય છે. ઈશ્વરના અસ્તિત્વની સંપૂર્ણ ખાત્રી થવાથી જ તેઓ ઉદ્ગાર કાઢે છે કેઃ–

" હે દયાસાગર ! કૃપાનિધે ! પરવરદિગાર ! દીન જનો પર અતિ બોજો-ભાર લાધવો તને યોગ્ય નથી. ભૂલેલા લોકને તારા હાથથી શિક્ષા કરવી ઘટતી નથી. બાષ્પરૂદ્ધ કંઠથી, અશ્રુભીનાં નયનથી હું તને પ્રાર્થું છું કે, મારી સર્વ આંતરગૂઢ વ્યથા તું દૂર કર ! દૂર કર ! "

આગળ ચાલતાં તે સ્તવે છે કેઃ–" હે પ્રભુ ! મારા પ્રાણ ને શક્તિ એ તારૂં દાન છે, મારાં કાય, મન અને આત્મા, એ સર્વ તારૂં ધન છે; આ મારો દેહ પણ તારો જ છે. આખા જગતમાં જ્યાં બધે તારૂંજ તારૂં છે, જ્યાં त्वमेव सर्वं मम देवदेव છે ત્યાં મારૂં શું હોય ? "

જો ઈશ્વરની અગાધ શક્તિનું વિસ્મરણ ઉમરને થયું હોય તો તેમનાથી આમ બોલાય જ નહિ, આમ લખાય જ નહિ. કારણ કે આંગ્લકવિ વર્ડ્ઝવર્થની માફક હૃદયને ખરું લાગે તે જ લખવું એ જ એમનો મત હતો.

ઈશ્વરની મહાન શક્તિનો પુરાવો પૂરતાં તે આલેખે છે કે " અમર સાકી જ્યારે ભરેલા પાત્રમાં સુધા રેડે છે, ત્યારે તારા મારા જેવા કરોડો બુદ્બુદ ઉત્પન્ન થઈને પ્રવાહો દૃશ્ય થાય છે ને ઘડીમાં અદૃશ્ય [illegible]
અને સાકીનું પાત્ર ભરેલું ને ભરેલું રહે [illegible]
પ્રભુ સિવાય જગતમાં કાંઇ નથી, અને [illegible]
તેની ઇચ્છા સિવાય બનતું નથી, એ ઉ[illegible]

છે. આવા ભક્તિભાવથી પ્રેરાઇને જ તેઓ કહે છે કે " હે મનુષ્ય ! આ જગતમાં જો કાંઈ તારાથી સારૂં કર્તવ્ય થાય તો તે તારી યુક્તિ કે બુદ્ધિથી થયું એમ માનીશ નહિ. અને કદાચ ખૂરૂં કામ થયું હોય તોપણ તારા વાંકથી, ગુન્હાથી કે અપરાધથી થયું છે એમ ગણીશ નહિ; કારણ કે જગતનું શુભાશુભ-સારૂં નરસું તારી યુક્તિ કે બુદ્ધિથી કદી પણ થતું નથી. જગતનું શુભાશુભ કરવાની શક્તિ જગતકર્તા સિવાય અન્ય કોઇની નથી; માટે જ તું તારી જીંદગી એને અર્પણ કરીને મઝા માંહી મગ્ન રહે."

ઉમરનો આ ઇશ્વરવાદ ઉપનિષદ્‌ના બ્રહ્મવાદ અને ભગવદ્‌ગીતાના કર્મબ્રહ્માર્પણવાદને બંધબેસતો છે. તેમાંઃ-

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

નો ગંભીર ભાવ દૃષ્ટિગોચર થાય છે. ઉમરના તત્ત્વજ્ઞાનનો મૂળ સૂર એ છે કે, મૃત્યુની પેલી પાર અંધકાર સિવાય કાંઇ જ નથી. આ વિકટ અને દુર્જ્ઞેય પ્રશ્નનું નિરાકરણ ન કરી શકવાથી વર્તમાન જ ફક્ત સત્ય છે, એમ આંગ્લ કવિ સ્વીનબર્નની માફક તે પકડી રહેલ છે. તે જન્મ-જન્માંતર અને પરકાલને માનતા ન હોવાથી જ હિંદુ ધર્મથી જુદા પડે છે, અન્યથા નહિ.

હવે ફક્ત એક જ બાબત કહેવાની બાકી રહે છે અને તે તેમના મૃત્યુની. ઉમર ખય્યામનું મૃત્યુ ઘણી જ શાંતિથી થયું હતું. શારીરિક વ્યથા ભોગવ્યા સિવાય એ મહાન નરનો આત્મા આ લોકને ત્યજી ગયો હતો. સાંજે ઇશાની નમાઝ પડયા પછી સીજદો કરતાં કરતાં પ્રાર્થના કરવા માંડી કે " હે ખુદા ! હે પરવરદિગાર ! તારૂં જ્ઞાન સંપાદન કરવામાં મારાથી જેટલું થઈ શકે તેટલું મેં કર્યું છે [illegible] તેમાં મારાથી કાંઈ દોષ થયો હોય તો [illegible]

[illegible]

ગયો; તે આ નશ્વર શરીરથી વિખૂટો થઈ ગયો. આપણા ગુજરાતના સમર્થ સાક્ષર નવલરામનું મૃત્યુ પણ એવી જ ઉંચી કોટિનું હતું. નવલરામ પણ મરણકાળે બોલી ઉઠયા હતા કે "સચ્ચિદાનંદ ! દીનબંધુ ! દીનાનાથ ! તું જાણે છે કે મેં મારા જન્મપર્યંત કંઇ પણ એવું કાર્ય કર્યું નથી કે હું તારી કૃપાને પાત્ર ન થાઉં.... માટે એ પ્રભુ ! આ મારો હાથ પકડ !" એમ બોલી અંતરમાં પ્રાર્થના કરતાં કરતાં બોલી ઉઠયા કે "આનંદ ! આનંદ ! આથી તે વળી બીજો કયો આનંદ ?" વળી પાછું સ્તવન કરવા માંડયું. એ સ્તવનમાં ને સ્તવનમાં જમણો હાથ ઉંચો થયો અને પાછો પડયો, તેની સાથે ત્રણ આંચકા આવ્યા, અને દેહના બંધ છોડી છૂટનાર અદૃશ્ય થઇ ગયો.* આવા ધર્મપરાયણ નરવીરોનાં મરણ બીજાઓને એવાજ પ્રકારના મરણની અભિલાષા કરાવે એવાં સુંદર હતાં. ગુલાબનાં સુંદર ફૂલ જન્મ્યાં, ખીલ્યાં અને કાળે કરી કરમાઈ ગયાં, પરંતુ તેમની મધુરી સુગંધ પાછળ મૂકતાં ગયાં.

(તા. ૨૩-૧૦-૧૯૩૨ના "ગુજરાતી" ના દીપોત્સવી અંકમાંથી)



* રા. નવલરામના મૃત્યુનો કરુણાજનક અને ભાવનાભર્યો હેવાલ આપણા ગુજરાતના સમર્થ સાક્ષર રા. ગોવર્ધનરામે નવલ-ગ્રંથાવલીની પ્રસ્તાવનામાં આપ્યો છે.



૯–अपूर्व आत्मत्यागी बावर

(લેખકઃ–શ્રી. ધનશંકર હીરાશંકર ત્રિપાઠી)

ઈ૦ સ૦ ૧૫૩૦ની સાલમાં દિલ્હીના રાજમહેલમાં ભારે ગભરાટ ફેલાઇ રહ્યો હતો. માણસો બહાવરાં બહાવરાં અહીંથી તહીં ભટકવા લાગ્યાં. કોઇ કોઈને સીધો જવાબ દે નહિ; કોઇ કોઇની સાથે વાત કરતાં કરતાં આડાં અવળાં ગાભરાં વેણ બોલે અને આમ તેમ કાંઇ ને કાંઇ ચીજ લેવા દોડાદોડી કરી મૂકે.

એ બધું શું હતું? શા કારણથી આ મૂંઝવણ દેખાતી હતી? દિલ્હીના મોગલ શહેનશાહ બાબરનો ભલો શાહજાદો હુમાયૂ એકદમ બિમાર થઈ ગયો હતો. શાહી હકીમ આવી લાગ્યા હતા, પરંતુ શાહજાદાનું દર્દ જોઇને તેઓ સર્વે ભારે ગંભીર મુખમુદ્રા ધારણ કરી રહ્યા હતા. બીજા હકીમોની ખોજ થતી હતી. શાહજાદો બિમારીમાં લવારી કરતાં કાંઈ માગે તો તે લેવા માટે નોકરોની દોડાદોડી થઇ રહી હતી અને તેથી શાહી મહેલમાં ગભરાટ વધી પડ્યો હતો. એ ગભરાટમાં વધારે તરબાટ તો માણસોનાં કુણાં દિલથી જન્મ્યો હતો. સૌ કોઇને એમ ભાસતું હતું કે "મરતાને પણ મેર ન કહે" એવો શાંત, દાન્ત, દાનો અને દિલસોજ શાહજાદો શું હવે આ દુનિયા છોડી જશે? સૌ કોઈનાં દિલ ક્રૂર કાળના ભયંકર [illegible] અને [illegible]
[illegible]
[illegible]

હિન્દીના શાહી મહેલની અગાસીથી મહેલી દિવાલો અને જનાનખાનાંના વિશાળમહેલોથી માંડીને ફકીર ઝુમખોના-નાં તૂટ્યાં ફૂટ્યાં અને ઢોળતાં ઝૂંપડાંઓ સુધી શાહજાદો હુમાયુ એનો પ્યારો હતો. શું ઉમરાવ કે શું નફરી, શું સિપાહી કે શું હિંદુ, શું અમીર કે શું ભંગી. શું વજીર કે શું કારખાનદાર—દરેક વર્ગમાં અને દરેક ધર્મપંથમાં લાડકવાયા હુમાયુને માટે વેર પણ ધરાવ-વેણુ રાખનાર કોઈ પણ આસામી—કે એક પણ બચ્ચુંયે મળી આવે નહિ; કેમકે સૌનો એ હિતાવર દોસ્ત હતો; સૌનો એ બેલી આશના હતો; સૌને માટે પોતાનાથી બની શકતી ભલાઈ કરવામાં પાછાત ન પડે એવી પ્રકૃતિનો હતો.

પરિણામે જ્યારે હુમાયુની માંદગીની વાત શાહી દિવાલો ભેદીને બહાર પડી ત્યારે એકદમ દિલગીરીનો સપાટો છવાઇ રહ્યો: "હાય! એ નેકદિલ નરમદિલને-આઝારએ કાં સતાવ્યો?" આવો પ્રશ્ન હરકોઈ પૂછી રહ્યું.

બાદશાહ બાબરે એ વખતે દૂર દરાજથી પણ કોઈ ઉસ્તાદ હકીમો હોય તો તેઓને બોલાવી મંગાવવા હુકમ આપી દીધો અને એ મુજબ, શાહી હકીમની સલાહથી જુદે જુદે સ્થળે શાહી સ્વારો દોડાવવામાં આવ્યા.

બિમારીની ગતિ અજબ છે. તેને માટે કહેવાય છે કે, તે આવે હાથીના વેગે અને જાય કીડીના વેગે. બિમારીના હાથીના વેગમાં આદમી ચગદાઇ જવાની દહેશત રહે છે. બિમારીના હાથીના વેગમાં આદમી ખૂબ ઘાયલ થઇ જવાની બીક રહે છે અને એમાંથી કુદરતની કૃપા હોય તો બચી જવાની પણ આશા રહે છે. પણ ભાવિના ગર્ભમાં નહિ પેસી શકેલો માનવી, ઇશ્વરેચ્છા શું હશે, એ નહિ જાણી શકનારો આદમ, આફતનો એક અંતમ તો જરૂર સમજે છે અને તે એ કે, એ પોતે અને એનું કુટુંબ કમનસીબના અંધારા ઓળામાં સપડાયું છે.

બાદશાહ બાબરે આથી પોતાના શાહી કુટુંબની

હવે કમનસીબી કલ્પી લીધી, ને શાહજાદો આખી સલ્તનતનો પ્યારો છે, તે શું એના પિદરને પ્યારો ન હોય ! આહ ! એ તો એની આંખોનું નૂર છે, એના દિલની ઉમેદોનો કિલ્લો છે, એના હાથ અને પગ છે. બાદશાહને બીજા બે બેટાઓ કરતાં હુમાયૂ પર અપ્રતિમ હેત હતું. એણે આથી કંઇ કંઇ બાધા–આખડીઓ રાખી. ઈશ્વર જો હુમાયૂને માંદગીમાંથી ઉગારે, તો ઇશ્વરને આમ રાજી કરૂં ને તેમ રાજી કરૂં, એવી ખૂબ માનતાઓ માની મસ્જીદોમાં બંદગીઓ કરાવી; કુરાને શરીફનું વાચન સતત ચાલુ રખાવ્યું; હિંદુ મંદિરોમાં ઘટતી હિંદુ વિધિઓથી મૃત્યુને દૂર રાખવાના જાપ અને યજ્ઞહોમ કરાવ્યા; યહુદીઓ અને ઈસાઈઓનાં દેવળોમાં પણ પ્રાર્થનાઓ કરાવી.

રાત અને દિનના અખંડ ઉજાગરા, બાહોશ હકીમોની સારવાર અને આંખના પલકારામાંજ એક ચીજ માંગતાં રજૂ કરનાર અમલદારોની ખડેપગે હાજરી હોવા છતાં, હુમાયૂના બિછાનાના ઓરડામાં જાણે એવી ભયંકરતા છવાઇ ગઇ હતી કે જેવી કબ્રસ્તાનમાં ઘોર અંધારી રાત્રિએ માલૂમ પડે છે. “ઓ ચાલ્યો !....પલકમાં ઉડી જશે !....” એમ દરેકે દરેક ક્ષણ ત્યાં ચિંતામાં વીતતી હતી. હકીમો વારંવાર પોતાનાં ‘માથાં એકઠાં’ કરતા; બાબર અવારનવાર પૂછપરછ કરતો; પણ એક નહિ–અનેક કાબેલ ઇન્સાનો પણ કુદરતની આગળ થાકી જાય છે એનો જબરો અનુભવ સૌને થતો હતો. હકીમો શાહજાદાના શરીરની ઠંડાઈ દૂર કરવા દવા આપતા, તો તે ગરમ થઈ જતું; ગરમી દૂર કરવા દવા દેતા, તો તે ઠંડું બની જતું; દસ્ત કરાવવાની ઔષધિ દેતા, તો ખૂબ દસ્ત થતા અને તેના શરીરમાંથી તાકાદ ચાલી જતી માલૂમ પડતી; ને દસ્ત બંધ કરાવતા, તો પેટને [illegible]

ગમીનો માર્યો તે બીજા ઓરડામાં જતો રહેતો. હકીમો ભારે કાબેલીઅતથી કામ કરતા હતા. વળી તેઓ મામલો કાબુમાં લેતા અને ક્ષણભર બાદશાહને ખુશાલી ઉપજાવતા. એમ છતાંયે વળી પાછી તબિયતમાં પડેલી તડ વધારે મોટી ફાટતી અને શાહજાદાને કંઈક ઓર પ્રકારની પીડા થઇ આવતી.

એ રીતે એક મહિનાની મુદત પસાર થઇ ગઇ. હકીમોને બાદશાહે ધમકાવ્યા. શું તમારૂં હકીમું નક્કામું છે? મારી સારી દોલત તમારી દવાઓ માટે ન્યોછાવર કરવા હું તૈયાર છું; તોપણ તમે મારા પ્યારા શાહજાદાને સાજો કરી શકો તેમ નથી?"

"નામદાર સુલતાન," એક બાહોશ અને ઘરડા હકીમે કહ્યું: "ઇન્સાન હંમેશાં કુદરત આગળ લાચાર છે. ઈન્સાનની ચાહના મુજબ જો થઇ શકતું હોય તો, અમે અમારો પોતાનો જાન આપીને પણ શાહજાદાને સાજા કરી દઇએ. અમે બેમૂલી દવાઓ અજમાવી જોઇ છે. આપનો કિંમતી ખજાનો પહાડી વનસ્પતિઓ શોધવા માટે પણ, અમે કામમાં લઇ જોયો છે અને તે મંગાવી અજમાવી જોઈ છે પણ ખરી. તેમ છતાં, અમને શાહજાદાની બિમારી એવી હંફાવી રહી છે કે, કોઇજ ટીકી લાગતી નથી. અમો લાચાર છીએ. હવે તો પાક ખુદાતાલાની મહેરબાની સિવાય નામવર શાહજાદાને કોઇ બચાવી શકશે નહિ."

"ખુદા! ખુદા!" પોતાના બાલ પિંખતો એક બાલકની માફક રોતો બાબર કહેવા લાગ્યો: "હું તારે ચરણે શું શું દઈ ચૂક્યો નથી? મેં તારા બંદાની માફક મારી આખી જીંદગી નેક કામોમાં ગાળી છે. મેં મારા શાહજાદાને ખાતર ખૂબ ગરીબોને જમાડયાં છે; જુદી જુદી ધર્મી રૈયત મારફત તને મારો અવાજ પહોંચાડયો છે કે, મારા પર મહેરબાં થા. પણ હાય! તું કઠોર

રહ્યો છે! હજી પણ હું તને શું આપું કે જેથી મારા વહાલ દીકરાનો જાન બચે ?"

હકીમોએ બાદશાહને ખૂબ આશ્વાસન દીધું. ઈશ્વરમ વિશ્વાસ રાખવા જણાવ્યું અને પીર ઓલીઆઓ તથા મોલવીઓને બોલાવવા સૂચના કરી. ઈશ્વરને પ્રસન્ન કર-વાના હરેક માર્ગ બાદશાહે લીધા હોવા છતાં પણ જો હજીયે કાંઇ બાકી રહ્યા હશે યા તો શાહજાદાને કોઇનો વળગાડ હશે તો તેનો રસ્તો એ લોકો બતાવશે એવી સૂચના હકીમોએ કરી.

બાદશાહે પોતાની સલ્તનતમાં વસતા તમામ ધર્મિષ્ઠ લોકોના વડાઓને બોલાવ્યા; મંત્રતંત્રસાધકોને તેડાવ્યા; અમલદારવર્ગને પણ હાજર રાખ્યો અને દરબારમાં તેઓ-ને સવાલ કર્યો: "કઇ રીતે હું ખુદાને હવે રાજી કરૂં કે જેથી મારો પ્યારો બેટો સાજો થાય ?" બાદશાહે પોતે જે જે રીતે ઇશ્વરને રાજી કરવાના ઈલાજો લીધા હતા, તે બધા વર્ણવી બતાવ્યા.

સૌએ વિચાર ચલાવવા માંડયો. દરેક ધાર્મિક માર્ગ લેવાઈ ચૂકયો હતો, એવો તેમણે નિર્ણય આપ્યો. એવામાં એક અવધૂતે કહ્યું: 'આદમ જો પોતાની કિંમતીમાં કિંમતી ચીજ ખુદાને ચરણે ધરવા તૈયાર થાય-ખુદાના નામ પર તે ખેરાત કરી દે, તો જરૂર એની મુરાદ બર આવે."

વઝીરે આ ઉપરથી સૂચના કરી કે:-"નામદાર! આપના ખજાનામાં આગ્રામાં દોઢ લાખ રૂપિયાનો કિંમ-તીમાં કિંમતી હીરો છે—"

"હા, નામદાર! તે હીરો અલ્લાહના નામથી ખેરાત કરી દો." એક વૃદ્ધ અમીરે વચ્ચે ટાપશી પૂરી.

દોઢ [illegible] રૂપિયાની ચીજ [illegible] કિંમતીમાં કિંમતી ચીજ [illegible] કહ્યું: "[illegible] કિંમતી [illegible] કિંમત [illegible]

ફક્ત દોઢ લાખ રૂપરડીમાં સમાઇ ગઇ ? છટ્ !"

દરબાર છક્ક થઇ ગયો. બાદશાહ ગંભીરતાથી વિચાર કરી રહ્યો કે "એવી તે કઇ ચીજ આ દુનિયામાં વધુમાં વધુ કિંમતી છે કે, એક જાન બચાવવા માટે અલ્લાહના નામ પર કૂલ કરી શકાય ?"

દરબારીઓને બાદશાહનાં વેણ પરથી એટલું તો ચોક્કસ લાગ્યું કે, જો આ સારી સલ્તનત પણ ઈશ્વરને નામે દઇ દેવી પડે તો બાદશાહ તે આપવા માટે આંચકો ખાય તેવો નથી; પણ સલ્તનત ખુદાને નામે આપી દેવાય તો પછી એમાંની એક પણ કોડી સલ્તનતના નોકરોથી ઉપયોગમાં લઇ શકાય નહિ–બધુંયે ધર્માદા કરી દેવું પડે ! એટલે કે, સલ્તનત ખુદાને નામે આપી દેવાય એ અવ્યવહારૂ વાત છે; ઘણાક શાણાઓના દિલમાં આ મુદ્દો એક સાથે રજૂ થયો. એટલે તેઓએ તે સંબંધી માંહેમાંહે વિચાર ચલાવી જોયો અને આખરે એમ ઠરાવ્યું કે, નામદાર બાદશાહ આગળ એ સંબંધી કાંઇજ ઇશારો થવો જોઇએ નહિ. તે નામદાર તો જરૂર, સલ્તનત પાક મુરાદથી ખેરાત કરી દેવા તૈયાર થાય એવા સ્વભાવના છે.

ત્યારે શું ન્યોછાવર થવું જોઇએ ? અબજોની દોલત એક જાન બચાવવા આગળ તુચ્છ છે એટલે દોલતને તેની સરખામણીમાં મૂકવી જોઇએ નહિ. એક ફિલ્સૂફે કહ્યું: " જાનની સામે તો જાન કૂલ થાય, અને એજ બરાબર કિંમત છે !'

"હા, એ અચ્છી તરકીબ બતાવી" વઝીરે કહ્યું અને તેણે બાદશાહ આગળ અરજ ગુજારી. મહાન્ શહેનશાહ ! જો આપ રજા આપો તો, આ શહેરમાંથી કે પછી દૂર દેશાવરથી કોઇ બત્રીસ લક્ષણો આદમી શોધી કાઢીને નામવર શાહજાદાનો જાન બચાવવા ખાતર તેનો વધ કરીએ. એક જાન બચાવવા માટે ખુદાતાલાને બીજો જાન આપીએ તોજ, કિંમતીમાં કિંમતી વસ્તુ તેને ચરણે ધરી એમ ગણાય.

“ શું એ મુદ્દો બરાબર છે ? ” ધાર્મિક વડાઓને બાદશાહે પૂછ્યું.

“હા પરવરદિગાર ! એ નુસ્ખો અજમાવવા જોગ છે.” તેઓમાંના એકે કહ્યું અને બીજાઓએ તેને ટેકો આપ્યો.

આખો દરબાર હવે આતુરતાથી રાહ જોઇ રહ્યો કે, બાદશાહ એકાદ બત્રીસલક્ષણાને શોધી લાવવાનો હુકમ ક્યારે આપે છે !

એક ટાંકણી પડે અને સંભળાય એવી શાન્તિ દરબારમાં છવાઇ ગઇ હતી. જાનને બદલે જાન એવો એકજ કિંમતીમાં કિંમતી ઉપાય હવે બાકી રહ્યો છે એવી સૌ કોઈની ખાત્રી થઇ ગઈ હતી. એ વેળા બાદશાહ ગંભીરતાથી પોતાના સિંહાસનેથી ઉભો થયો. તેણે છડીદારને હુકમ કર્યો: “દરબાર બરખાસ્ત કરો.”

સૌ કોઇ આ હુકમ સાંભળીને તાજુબ થયા. બાદશાહે કોઈ બત્રીસલક્ષણાનો જાન કુરબાન કરવાનો હુકમ કેમ આપ્યો નહિ, એ માટે તેઓ માંહોમાંહે સવાલો કરવા લાગ્યા. કોઇએ બાદશાહને ખૂબ નરમ દિલનો કહ્યો; કોઇએ ડરપોક કહ્યો; કોઇએ આફતમાં સાચો માર્ગ નહિ લઇ શકનાર કહ્યો—એમ જેને જેમ ફાવ્યું તેમ એના વિષે ખાનગી મત ઉચ્ચારી દરબાર વીખરાયો.

એજ તારીખની સાંજે હુમાયૂના બિછાના આગળ ખુબ ધૂપ અને દીવાઓ કરવામાં આવ્યા. એના ઓરડામાં આશરે બસો આદમીઓ બેઠેલા હતા, જેમાં ખાસ [illegible] પસંદગીથી બોલાવવામાં આવેલા ધર્મગુરુઓ, પીરઓલીઆઓ, મોલ્વીઓ, અમલદારો, અમીરો અને હકીમો હતા. રૈયતના કંગાલ વર્ગમાંથી પણ કેટલાકને આ વખતે ખાસ બોલાવીને ત્યાં બેસાડ્યા હતા. એક બાજુ ઓરડામાં [illegible] અને [illegible] [illegible] હતા.

[illegible]

નહોતું. કોઇ અદ્ભુત બાબત બનવાની આશા સૌ કોઇએ રાખી હતી અને બેશક ત્યાં એવુંજ બન્યું. શાહજાદો જડવત્ પથારીમાં પડેલો હતો—જો કે એના દેહપિંજરમાંથી એનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું ન હતું. એક બાહોશ હકીમ શાહજાદાની નાડી હાથમાં લઇને બેસી રહ્યો હતો.

એ વેળા ત્યાંની ચૂપકીદી તોડતાં બાદશાહે ઉંચા હાથ કરી "અલ્લાહો અકબર"ના નામનો પોકાર કર્યો અને પછી કહ્યું: "દુનિયાનાં ઇન્સાનોને અને દુન્યવી દરેક ચીજોને પેદા કરનાર ઓ માલેક! દુનિયાની કોઈ પણ ચીજ પર તારી એકલાનીજ હકુમત છે; તારો એકલાનોજ કુલ હક્ક દાવો છે. તું ચાહે તો જલ ત્યાં સ્થલ અને સ્થલ ત્યાં જળ કરી દે છે; મોમનાં પૂતળાંમાં તું જીવ મૂકીને તેની પાસે અદ્ભુત કામો કરાવી શકે છે અથવા તો જંગી પહેલવાનને એક પલકમાં મિટ્ટીમાં મિલાવી દે છે. એવા તું સૌના નસીબને ઘડનાર સર્વ-શક્તિમાન પિતાને ચરણે જાનને બદલે જાન મૂકવાનો મારી સલ્તનતના સૌ શાણાઓએ અભિપ્રાય રજૂ કર્યો છે. મને દુનિયામાં એક પ્યારો મારો શાહજાદો છે અને બીજો પ્યારો મારો પોતાનો જાન છે. મારા એક પ્યારા શાહજાદાના જાનને ખાતર, ઓ માલેક મહેરબાં! હું મારો બીજો પ્યારો જાન તારી ખિદમતમાં મૂકું છું—મારા દીકરાને ખાતર મારો જીવ, ઓ અલ્લાહ! હું કુરબાન કરૂં છું; તારા નામ પર હું અર્પણ કરૂં છું; તારા નામ પર! મારી અરજ સાંભળજે; મારો જીવ લઇ લેજે અને મારા બેટાને મારી તમામ તાકાદ અને ચેતનશક્તિ આપીને સાજો તાજો બનાવી દેજે!"

બાદશાહની આ પવિત્ર વાણી સાંભળી ચોગરદમ સૌએ ભારે તાજુબીથી મોઢામાં આંગળાં ઘાલ્યાંરામ'સે હૈ. શાહે હુમાયૂની પથારીની આસપાસ ત્રણ વત્તારામ'કા નામ. કરી હરેક વખત તે બોલતો રહ્યો: "તા કરતા પંજાબ દિગાર! કુરબાન છે મારી જાન! પહોંચ્યા. એ નગરમાં

બેટાને ખાતર !" અને ઓહ તાજુબી ! જેમ જેમ હરેક વખત ફેરો ફરવામાં આવતો રહ્યો, તેમ તેમ શાહજાદો બિછાનામાં જરાક જરાક હાલવા લાગ્યો અને ત્રીજો ફેરો પૂરો થયા બાદ, જ્યાં બાદશાહ, શાહજાદાના બિછાના આગળ મસ્તક નમાવી બેઠો ત્યાં તો ખુદાઇ ચમત્કાર માલૂમ પડયો હોય તેમ, શાહજાદાએ આંખો ખોલી અને ક્ષીણ અવાજે પુકાર કર્યો: "પિદર ! પા....ણી !"

ચારે બાજુએ બેઠેલાંઓનાં દિલમાં ખુશાલી વ્યાપી ગઈ. બધાંઓનાં મોં હસતાં બની ગયાં. બાદશાહે ઉત્સાહભર્યા દિલથી સોનાના કટોરામાં પાણી લઇ ખુદ પોતાના હાથથી શાહજાદાને પાણી પાયું અને બે ઘૂંટડા પી, શાહજાદાએ સ્મિતભરી નજરે બાદશાહ તરફ જોયું. પુત્રના શરીરમાં આંખો મારફત પોતાનું નૂર જતું હોય એમ જણાયું.

"ફત્તેહ ! ફત્તેહ ! ખુદાતાલાએ મારો અવાજ સાંભળ્યો ! બસ. હવે મને ખાત્રી થઇ કે, મારો બેટો જીવશે !" બાબર ખુશાલીથી પોકારી ઉઠયો: "ખુદા, ઓ પ્યારા ખુદા ! તારો આભાર !"

બાદશાહે પુત્રના કપાળમાં ચૂમી કરી. પુત્રનું મસ્તક સૂંઘ્યું. બાદશાહ બાબરના આ અદ્‌ભુત આત્મત્યાગ વિષે મનમાં ને મનમાં હેરતભરેલી રીતે વિચાર ચલાવતા ઘણાખરાઓ ત્યાંથી ચાલ્યા ગયા અને જરૂરી માણસો જ ત્યાં બેસી રહ્યા.

મંદિરોમાં જે વેળા આરતી થતી હતી અને મસ્જિદોમાં જે વેળા બંદગી થતી હતી તે વેળા બાદશાહ બાબરના માથામાં દર્દ પેદા થયું અને શાહજાદો હુમાયુ વધારે હોશિયાર થતો ગયો.

એ ઇતિહાસપ્રસિદ્ધ વાત છે કે, એ જ સાલમાં [illegible] જન્નતનશીન થયો અને હુમાયુ [illegible] [illegible]

[illegible]



६–शाह जलाल–उद्दीन वसाली

(અનુવાદકઃ–શ્રી. છગનલાલ હરિલાલ પંડ્યા)

(૧)

જે વ્યક્તિ જીવતાંજ પરમાત્માને મળી જાય છે તેને ફારસીમાં "વસાલી" કહે છે. એની વ્યાખ્યા કવિ બલિરામજીએ અત્યંત સરળ તથા સરસ ભાષામાં આ પ્રમાણે આપેલી છેઃ—

ડેરા ડાલ દીજે ઉહિ રાહ લીજે, જિસ રાહમેં પિયુકુ પાઇયેજી !
"હમ-તુમ"સેં ન્યારે હો રહિયે, નિત્ય હઁસિયે, ખેલિયે, ગાઇયેજી !
મુએ મુક્ત મીનકી ચાહ કૈસી, જો પૈ જીવતે પિયુ ન પાઇયેજી !
બલી અંત સમય જહં જાવના હૈ, તહં જીવતે ક્યોં નહીં જાઇયેજી !

ખુરાસાનના શાહ જલાલઉદ્દીન વસાલી "શૃંગાર-નિષ્ઠા"ના ભક્ત હતા, શ્રી રામચંદ્રજીના ઉપાસક હતા અને તેમની અલૌકિક મધુર છબી પર મોહિત પણ હતા. એમનો વિશ્વાસ હતો કે શ્રી રામચંદ્રજી અત્યંત સુંદર, સ્વરૂપવાન અને સુકુમાર છે. એમની ભક્તિ કરવાથી તથા એમનું નામ જપવાથી નિશ્ચય મુક્તિ મળીજ જાય છે. કવિ ખુસ્તરે ઉર્દુ રામાયણમાં કહ્યું છે કેઃ—

કરે વરદે જબાં જો કોઈ યહ નામ, ગુલસ્તાને જહાંમેં પાય આરામ.
ન જાતે હર વશર ઇસ 'નામ'સે હૈ, કિ આખિર કામ 'સીતારામ'સે હૈ.
ઈબાદત કા નહીં હૈ આજકલ કામ, ફક્ત કાફી હૈ 'સીતારામ'કા નામ.

મહાત્મા "વસાલી" ભ્રમણ કરતા કરતા પંજાબ પ્રાંતમાં સુલતાન નગરમાં આવી પહોંચ્યા. એ નગરમાં

પંડિત ટેકચંદજી કથાવાચક રહેતા હતા. તેઓ મહાવિદ્વાન તથા સુયોગ્ય વક્તા હતા. તેઓ પ્રતિદિન સંધ્યાસમયે સમઇ માઇના ચબુતરા પર રામાયણની કથા વાંચતા હતા. એમનો સ્વર અત્યંત કોમળ તથા મધુર હતો. શ્રોતાઓને એઓ ખૂબ રીઝવતા હતા. પદ–પદાર્થોની વ્યાખ્યા સુંદર, સરળ તથા સરસ શબ્દોમાં કરતા હતા તેથી સ્ત્રીઓ અને નાનાં બાળક પણ સહેલાઇથી કથા સમજી શકતાં હતાં. જે રસનું એઓ વર્ણન કરતા તેનું તો જાણે ચિત્રજ આબેહુબ ખડું કરતા. આ બધી સામગ્રીઓથી એમની કથા ખૂબ જામતી હતી. દૂર દૂરથી લોક આવતા અને હજારોની ઠઠમાં જામી જઈ કથા સાંભળતા.

(૨)

રાજા જનકની ફુલવારીનો પ્રસંગ હતો. મિથિલાવાસી શ્રી રામચંદ્રજીની અદ્દ્ભુત છબી પર એઓ મુગ્ધ બન્યા હતા. એ અલૌકિક છબીનું વર્ણન પંડિતજીએ એવી છટાથી કર્યું કે શ્રોતાગણ તે સાંભળીને ગદ્દગદ્દ બની ગયા અને એમના મુખમાંથી આપોઆપ નીકળી ગયું કેઃ—

કિસીકી આંખમેં જાદૂ, તેરી જબાંમેં હૈ.

કેટલીક રાત ગયા પછી કથા સમાપ્ત થઇ. શ્રોતાગણ આરતી લઇને પોતપોતાને ઘેર જવા લાગ્યા. પંડિતજીએ પોતાનું પુસ્તક બાંધવા માંડ્યું. એવામાં શાહ સાહેબે તેમની પાસે આવીને કહ્યુંઃ—

"પંડિતજી ! આપની પદ–પદાર્થની વ્યાખ્યા સાંભળી હું અત્યંત પ્રસન્ન થયો છું. કૃપા કરી એટલું બતાવશો કે એ કયું બહુ–અર્થ–[illegible]ન્વિત પુસ્તક છે અને એમાં [illegible] સુંદર [illegible] [illegible]?"

[illegible]

યોધ્યા છે. તે સુબા અવધની રાજધાની છે. ત્યાં મહાર
દશરથ રાજ્ય કરતા હતા. તેઓ મહાપ્રતાપી અને ધર્
ત્મા હતા. પ્રભુ રામચંદ્રજી એમનાજ સુપુત્ર હતા. તે
અત્યંત સુંદર, શૂરવીર તથા બુદ્ધિમાન હતા—

ગુણ-સાગર નાગર વર-વીરા, સુંદર સ્યામલ ગૌર શરીરા.

"એમની કથાનું આ રામાયણ છે. તેમાં એમનીજ
મંગલમય લીલાનું વર્ણન કરેલું છે. આપને એમની કથા
સરસ તો લાગી ને ?"

"પંડિતજી !" શાહ સાહેબે ઉત્તર દીધો "હું
કેટલાએ દિવસથી રોજ આવીને કથા સાંભળું છું ને મને
બહુ આનંદ થાય છે. હું તો શાહજાદા-અવધનો આશિક
બની ગયો છું. દીન તથા દુનિયાથી મોં ફેરવીને એના
કદમમાં મુકામ કરૂં છું."

"શાહ સાહેબ ! આપ કથાના મહાન પ્રેમી છો.
કૃપા કરીને દરરોજ આવ્યા કરજો. હું આપને મારી પાસેજ
બેસાડીશ." પંડિતજીએ કહ્યું.

"હા, હા; હું તો રોજ સૌથી પહેલો આવું છું ને
સૌથી છેલ્લો જાઉં છું; પણ મને કોઇ અહીં બેસવા દેતું
નથી, તેથી ઉભે ઉભે સાંભળી લઉં છું. લ્યો, આજે તો
જાઉં છું. વળી કાલે પાછો આવીશ." એમ કહી તેઓ
ત્યાંથી વિદાય થયા.

(૩)

શાહ સાહેબની આ પ્રેમવાર્તાની ચર્ચા મુસલમા-
નોને પહોંચી ગઇ. તેઓ અત્યંત ક્રોધિત બન્યા. તેમણે
સલાહ કરીને મૌલવી અબ્દુલ્લાના મકાન પર સભા ભરી;
બધા મુસલમાન ભેગા થયા હતા. શાહ સાહેબને પણ
પકડાવી મંગાવ્યા હતા. મૌલવી સાહેબે ઇસ્લામ ધર્મની
વ્યાખ્યા વગેરે સારી રીતે સમજાવ્યું. સૌ ધ્યાન દઇને

સાંભળતા હતા. માત્ર શાહ સાહેબ એક છેડે બેઠા હતા. એમણે જરા પણ ધ્યાન આપ્યુંજ નહિ. એઓ તો પ્રેમના ઉમંગમાં ગાઇ રહ્યા હતા કે:—

"કાફિરે ઇશ્કમ મુસલમાની મરા દરકાર નેસ્ત!"

તેઓનો આશય એમ કહેવાનો હતો કે હું તો પ્રેમપંથનો પથિક છું. મારે મુસલમાનીની જરૂરતજ શી છે? છેવટે એઓ બોલ્યા કે:-

હસરત મેરી યહ હૈ, મેરા અરમાન હૈ યહી;
આ જાય તું નજર તો તુઝે દેખતા રહું.

એમ બોલતા એઓ તો ચુપકીદીથી ઉઠીને કથામાં ચાલ્યા ગયા.

સભાનું કામ પૂરૂં થતાં શાહ સાહેબને બધા શોધવા લાગ્યા; પણ એ ક્યાંથી મળે? લોકો એમને શોધતા શોધતા કથામાં આવી પહોંચ્યા. ત્યાં એ પંડિતજીની પાસે બેસીને બહુ પ્રેમપૂર્વક કથા સાંભળી રહ્યા હતા. એમનાં નેત્રોમાંથી અશ્રુપાત થતો હતો. તનમનની શુદ્ધ રહી ન હતી. એમની આ દશા જોઇને મુસલમાનોને સંદેહ થયો કે, આ પંડિતજીએજ ભૂરકી નાખીને શાહ સાહેબને મુસલમાનમાંથી કાફિર બનાવી દીધો છે, તેથી બધા લોક એમના ઉપર ચીઢાઈ ગયા અને મૌલવી સાહેબે ધમકાવીને કહ્યું કે:-

"પંડિતજી! અત્યાર સુધી થયુ તે તો થયુ, પણ કાલથી કથા વાંચવી બંધ કરો. તમારી પોથી પત્ર અહીંથી ઉઠાવી લઈ જજો........"

પંડિતજી બિચારા સીધા સાદા [illegible] હતા. અને [illegible]

[illegible]

(૪)

બીજે દિવસે કથા બંધ થઈ. બાળકાણ્ડ સમાપ્ત થઈ ચૂક્યો હતો. પંડિતજીએ પ્રાતઃકાળમાં હવન કરી બીજા શહેરનો માર્ગ લીધો. રસ્તામાં એમને શાહ સાહેબ મળ્યા. તેમણે ઓળખીને પૂછ્યું:

"કેમ, ક્યાં ચાલ્યા પંડિતજી ? એ દિલદારનો જરા પત્તો તો બતાવતા જાઓ !"

પંડિતજીએ અશ્રુપૂર્ણ નયનોથી કહ્યું:-

"શાહ સાહેબ ! અત્યારે તો જીવ બચાવવા ભાગી નીકળ્યો છું. રોકાઈ જાઉં તો પકડાઈ જવાનો ભય રહે છે. હવે તો વરનામાં આપને પ્યારા પ્રભુનું ચરિત્ર અવશ્ય સંભળાવીશ."

શાહ સાહેબ સિદ્ધ ફકીર હતા. તેઓ બોલ્યાઃ- "પંડિતજી ! ડરતા નહિ. લ્યો, તમને આ છડી આપું છું. એને પૃથ્વી પર પછાડવાથી સૌનું સ્વરૂપ સૌનું બની જશે કે સૌ લોક ડરના માર્યા ભાગી જશે. અને મુઠ્ઠીમાં રાખશો કે પાછું સૌનું અસલી સ્વરૂપ બની જશે. કોઈને કાનમાં રાખીને ફરશો તમે તો મને મારા દિલદારની કથા સંભળાવો છો. તમને ડર કોનો હોય ?"

[illegible]

[illegible]

"પહેલો [illegible]

[illegible]

[illegible]

સવિસ્તર વર્ણન પંડિતજીને મોંએથી સાંભળીને શાહ સાહેબ મસ્ત બની ગયા. એમને એવી ઇચ્છા થઈ કે મારી સિદ્ધિઓ વડે, મારે મારા પ્યારાની કથા સંભળાવનારની કંઇ સેવા કરવી. તેથી એઓ બોલી ઉઠ્યા:–

"વાહ પંડિતજી ! વાહ વાહ ! ખૂબ સુનાયા ! અચ્છા માંગો; કયા માંગતે હો ?"

પંડિતજી બહુ વિચારમાં પડી ગયા. પછી એમણે ત્રણ ચીજ માગી:–

(૧) હું પુત્રહીન છું તો મને એક પુત્ર થાય.

(૨) મારૂં મૃત્યુ અનાયાસે થાય, અને

(૩) શ્રી રામજીના ચરણોમાં પ્રીતિ રહે."

"લ્યો. બે વરદાન તો હમણાંજ આપું છું." શાહ સાહેબ બોલ્યા "ત્રીજું જ્યારે ફરી મળશો અને દિલદારની વાતો સંભળાવશો ત્યારે આપીશ."

પંડિતજીને આ સાંભળી જરા પસ્તાવો થયો. તેમણે વિચાર્યું: "પહેલું એજ માગ્યું હોત તો કેવું સારૂં થાત ?" પછી એઓએ પૃછ્યું "ફરી આપનાં દર્શન મને કયાં થશે ?"

"યારના મુકામ પર. એઓજ તમને ખેંચીને મારી પાસે લાવશે. લ્યો, હમણાં તો સિધાવો."

પંડિતજી વિદાય થયા. શાહ સાહેબ અહીંતહીં ઘૂમતા ઘૂમતા નીચેનું મસ્તાન ગીત ગાતા ગાતા યારના મુકામ તરફ ચાલ્યા:–

[illegible]
[illegible]

(૫)

[illegible]

પ્રબળ ઉત્કંઠા પછી ઇષ્ટ ધામમાં પહોંચવાથી એમને અસીમ આનંદ થયો. તેમાં મગ્ન થઈને એઓ પ્યારા શ્રી રામચંદ્રજીની આરાધનામાં બેસી ગયા. એટલામાં કોઈ સજ્જને આવીને પૂછ્યું કે "શાહ સાહેબ! એકલા કેમ બેઠા છો?"

મહાત્મા વસાલીનું ધ્યાન આ સાંભળી ભગ્ન થઈ ગયું; પણ વિરહવેદનાને રોકી ક્રોધ શાન્ત કરીને એઓ બોલ્યાઃ-

"ભાઈ! અત્યાર સુધી તો એકલો ન હતો. મારા દિલદારની સાથે ખૂબ મજા ઉડાવી રહ્યો હતો. તમે આવ્યા તેથીજ મને એમનો વિયોગ થયો ને હું એકલો પડયો."

પેલા ભાઈ આ સાંભળી શરમાઈ ગયા, અને હાથ જોડી ક્ષમા માગી પ્રણામ કરીને ચાલતા થયા.

(૬)

મહાત્મા વસાલીએ ઇષ્ટધામની પરિક્રમા કરવાનો વિચાર કર્યો. આવી રીતે અયોધ્યાની ગલીઓમાં ફરવાથી એમને કેટલો આનંદ થયો હશે તે તો એમના સિવાય કોણ જાણી શકે? પરંતુ મુશ્કેલી એ આવી કે તેમને મંદિરોમાં કોઇ પ્રવેશ કરવા દેતું નહિ. એમના મનમાં પ્રિયતમના દીદારની લાલસા અને આમ પૂજારીઓનો ધૂત્કાર, આ બંને પ્રતિદ્વંદી સ્થિતિના સંઘર્ષણમાં વિરહી મહાત્માના હૃદયમાં દર્શનલાભની જ્વાળા વિશેષ જોરથી ભભૂકી ઉઠી.

એમને બહુ દુઃખ થયું; પણ નિયમ એવો છે કે જે જેને યાદ કરે તે તેને યાદ કરેજ.

> તુલસી કમલન જલ બસે, રવિશશિ બસે આકાશ;
> જો જાકે મનમેં બસે, સો તાહીકે પાસ.

અંતે જ્યારે એમની બેચેની બહુ વધી પડી ત્યારે આકાશવાણી થઈ કેઃ-

"હે વસાલી! જલદી આવો, તમને મળવાને હું તલપી રહી છું"

(૭)

આ સાંભળી એમનું શરીર પુલકિત થઇ ગયું. આનંદથી એમનાં નેત્રોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. એઓ ચાલતા ચાલતા શ્રીસરયૂ નદીને કિનારે પહોંચ્યા. ત્યાંનું વિમળ વારિ જોઇ એઓ પ્રેમપરિપૂર્ણ બની ગયા. જલ-સ્થલની એમને શુદ્ધિ ન રહી. ગોદડી ઓઢેલી હતી તે સાથેજ એઓ નદીમાં કૂદી પડયા.

ઘાટ પર લોકો સ્નાન-ધ્યાન કરતા હતા તેઓને આ જોઈ બહુ આશ્ચર્ય થયું. બધા સમજ્યા કે એ આદમી ડૂબીજ ગયો. કેટલાક ઝટપટ કૂદી એમને ઉગારવાને અંદર પડયા. સ્વર્ગદ્વાર ઘાટ, લક્ષ્મણ ઘાટ વગેરે સર્વ ઘાટો પર ફરી વળ્યા; પણ એમનો અહીં પત્તોજ ન લાગ્યો. મહિનો હતો અષાઢનો. સરયૂ મહાવેગથી વહી રહી હતી. બધા નિરાશ થઇને બેસી રહ્યા. અંતે એક પ્રહર બાદ મહાત્મા ગુપ્તાર ઘાટ પર નીકળ્યા. એમનું આખુંય શરીર ભીનું થઇ ગયું હતું, પરંતુ ગોદડી સૂકી હતી !

શાહ સાહેબ કિનારે ઉભા ઉભા આમતેમ જોવા લાગ્યા અને એ સમયના સુંદર દૃશ્યનું વર્ણન મનમાંજ કરવા લાગ્યા.

મહાત્માજી કેટલાક દિવસ સ્વર્ગદ્વાર તથા મણિ-પર્વત પર રહ્યા, પછી પ્રમોદવન તરફ ચાલ્યા ને આવીને ત્યાંજ રહેવા લાગ્યા.

(૮)

પંડિત ટેકચંદજી શાહ સાહેબને મળવા [illegible] અયોધ્યામાં આવી પહોંચ્યા; પણ ત્યાં તેઓ મળ્યા નહિ. [illegible] એમણે વિચાર કર્યો કે [illegible] [illegible]

થઈ કે હજી શાહ સાહેબ કેમ દેખાયા નહિ?

ત્યાં તો એઓ પોતે આવી પહોંચ્યા. વ્યાસાસનને અડકાય નહિ માટે એમણે દૂરથી પાંચ દાણા જવના પુસ્તક પર ફેંક્યા. દાણા ચમકદાર હતા. તેથી પાસે બેઠેલાઓએ વીણીને તે પંડિતજીને આપ્યા. ખરેખર હતા સોનાના! એ જોઇ લોકો ચકિત બની ગયા. પંડિતજીએ આસન ઉપરથી ઉતરી અભિવંદન કર્યું. પોતે શા કારણથી આવ્યા છે તે જણાવવા કહ્યું. શાહ સાહેબે કહ્યું:—

"અહીંથી પરવારીને પ્રમોદવનમાં વેરના વૃક્ષની નીચે આવજો." આટલું કહી એઓ ચાલ્યા ગયા. પંડિતજી પોથી બાંધીને બધાની રજા લઇ પ્રમોદવન તરફ ચાલ્યા. કેટલાક એમની જોડે આવવા માગતા હતા, પણ તેમને એમણે કહ્યું કે "બાઇઓ! તમને શાહ સાહેબનાં દર્શન એમ નહિ થાય." તેથી તેઓ રોકાઈ ગયા; પણ એક જણ છાનોમાનો પાછળ ચાલ્યો. પંડિતજી પેલા વૃક્ષ પાસે પહોંચ્યા ને ત્યાં જોવા લાગ્યા, પણ કોઈ દેખાયું નહિ. તેમ છતાં પોતે વાટ જોતા બેઠા; પણ પેલો બીજો માણસ અધીરો બનીને ત્યાંથી ચાલ્યો ગયો કે તરત તે ઝાડ તળેથી મહાત્માએ બહાર આવીને દર્શન દીધું.

પંડિતજીએ પ્રણામ કરીને કહ્યું કેઃ—

"શાહ સાહેબ! આપની કૃપાથી પુત્રરત્ન તો મળ્યું; હવે મારું ત્રીજું ઇચ્છિત વરદાન આપશો?"

"હા." શાહ સાહેબે કહ્યું:-"કથામાં જે કંઈ મળ્યું છે તેનું દાન કરીને રાત્રે જ આ સ્થાને આવજો; પણ કોઇને સાથે લાવશો નહિ."

(૯)

પંડિતજીએ જે કંઇ મળ્યું હતું તે સઘળાનું દાન કરી દીધું. સાંજ પડી ત્યાં તો પોતે ભિખારીનો વેપ લઇ મહાત્માના આશ્રમે પહોંચી ગયા, અને વિનંતિ કરી કેઃ-

"આપનો સેવક હાજર છે."

મહાત્માજી આ સમયે નેત્ર બંધ કરીને ભગવાન શ્રીરામચંદ્રજીની અનુપમ રૂપરાશિના ધ્યાનમાં અનંત આનંદ લૂંટી રહ્યા હતા. આંખો બંધજ રાખીને એઓ બોલ્યાઃ–"આવી પહોંચ્યા ?"

ટેકચંદજીએ હા પાડી. મહાત્મા કહે–"બલીરામ હો જા." પંડિતજીને કોણ જાણે શું સૂઝ્યું કે તેઓ પણ મસ્ત બનતા ગયા ને ત્યાંથી ખસ્યા નહિ. ત્યારથી એમનું નામ બલિરામ પડ્યું. એઓ ફારસી આરબીના મહા-વિદ્વાન બની ગયા. એમનું દિવાને–બલિરામનું પુસ્તક હજી પણ આદરપૂર્વક વંચાય છે.

બન્ને અલગ સ્થાને રહેતા. રાત્રે કોઇ કોઇ વાર મળતા અને બન્ને "દિવાના" ભેગા બેસીને ખૂબ આનંદ કરતા.

[હિંદી માસિક "કલ્યાણ"માંથી "સંદેશ"ના એક ખાસ અંકમાં છપાયેલું.]





૭–नामचीन सूफी ख्वाजा अत्तार

(લેખકઃ-પ્રો. રૂસ્તમ પેસ્તનજી ભાજીવાળા)

ઇરાન સરઝમીન પર સેંકડો સૂફીઓ, શાયરો અને ફિલસૂફોએ જન્મ લઈ એ ભૂમિને પવિત્ર કીધી છે. ફિરદોસી, શેખ સાદી, ખ્વાજા હાફિઝ અને ઓમર ખય્યામના નામથી ભાગ્યે જ કોઇ સાહિત્યસેવક અજાણ હશે. ફિરદોસી વીરરસ કાવ્યના પિતા તરીકે, શેખ સાદી નીતિશાસ્ત્રના ઉપદેશક તરીકે, ખ્વાજા હાફિઝ શૃંગારરસની રાગણીઓના રચનાર તરીકે અને ઓમર ખય્યામ એક છુટા વિચારના ફિલસૂફ કવિ તરીકે, આજે પૂર્વ અને પશ્ચિમના સુધરેલા દેશોમાં વિખ્યાતી પામ્યા છે.

એ ઉપરાંત ઈરાનમાં બીજા એવા ઘણા શાયરો થઈ ગયા છે કે જેઓ સૂફી હતા અને એકમાર્ગી હોઇને ખુદાપસંદ જીંદગી ગુજારતા હતા. તેમનાં સઘળાં લખાણો આલંકારિક છે. તેમનાં લખાણોમાં જો કે "શરાબ," "દોસ્ત," "આશક," "માશુક," "ઇશ્ક," "મહોબ્બત," વગેરે વગેરે શબ્દો વપરાયા છે, છતાં તેમની ભાષાનો અર્થ જેટલો બહારથી જણાય છે તેટલો જ નથી હોતો; પરંતુ તેમાં કંઈક બાબતોનો મર્મ છુપેલો હોય છે, અને તેમની નેમ ઇનસાનને આ દુનિયાની બદીઓથી બચાવી ખુદાઇ રાહ પર ચલાવવાની હોય છે.

એવા કવિઓમાં સિનાઇ, ફરીદ-ઉદ્-દિન અત્તાર, જલાલ-ઉદ્-દિન રૂમી અને મૌલાના જામીનાં નામ આગળ આવે છે. સિનાઈની "હદિકાત-ઉલ-હકિકત"

ફરીદ-ઉદ્-દિન અત્તારની "મન્તિક-ઉત-તેર," રૂમીની "મસનેવી" અને જામીની "ગઝલો" આલંકારિક લખાણો છે. એ સઘળામાં મૌલાના જલાલ-ઉદ્-દિન રૂમીની "મસનેવી" ફારસી સાહિત્યમાં બહુ ઉંચું સ્થાન ધરાવે છે.

× × ×

સૂફીઓ રાતદિવસ ખુદાના વિચારમાં એવા તો તલ્લીન થઇ રહેતા કે હર વખતે, હર ચીજમાં તેઓને ખુદાની હસ્તિનું ભાન થતું. દાખલા તરીકે ફરીદ-ઉદ્-દિન અત્તાર પોતાની "મન્તિક-ઉત્-તેર" એક સૂફીને દરિયા પાસે ઉભેલો ચીતરે છે. દરિયો જોઈ તેને એમજ લાગે છે કે તે દરિયો પોતાની "માશુક" અથવા "દોસ્ત" યાને ખુદાની જુદાઈનો ગમ કરે છે, અને તેથી તે ઉછાળા મારે છે; વગેરે વગેરે નીચે આપેલી કવિતા પરથી વધારે સ્પષ્ટ સમજાશે.

"દીદેવર મદી બેદરિયા શુદ ફરદ ગોફ્ત, અયે દરિયા ચેરા દારી કબૂદ!
જામએ માતમ ચેરા પૂશીદેઇ? નિસ્ત હિચ અતીશ, ચેરા જૂશીદેઇ!
દાદ દરિયા આન નેકદિલરા જવાબ કઝ ફેરાકે દુસ્ત દારમ ઇઝતેરાબ;
સું ઝિના મર્દી નઇમ મન મર્દે ઊ જામે નિલી કર્દેઅમ અઝ દર્દે ઊ."

યાને દરિયાને પૂછવા એક પીર મર્દ ગયો:

"ઓ દરિયા તું રંગે બ્લુ કેમ થયો !
"માતમનો શાલ્યો કાં સજ્યો છે આમ !
"નથી કંઇ અતિશ-ન ઉકળે શું કામ ?"
તે નેકદિલ આદમીને મળ્યો જવાબ કે
"દોસ્તની જુદાઇમાં જીવ છે બેતાબ.
"નથી લાયક દોસ્તની મોહબ્બતનો હું,
"તે સજી શાલ્યો કાળો ને માતમ કરું."

એજ "મન્તિક-ઉત-તેર"માંના નીચલા [illegible] ઉપરથી વાંચનાર સમજી શકશે કે [illegible] મોહબ્બતને [illegible] તેમ કરવું જરૂરનું છે.

નીકળ્યો એક પીર મર્દ બની મેગજર, ખુદાવંદની શોધમાં કરવા સફર.
થાકીને રસ્તામાં સુઈ તે ગયો, તો નિંદમાં તેની ખ્વાબ એમ થયો.
ફિરસ્તો એક આવ્યો ને કીધો સવાલ ક્યાં લઈને ચાલ્યો આ ગમના ને માલ?
"ખુદાની શોધમાં હું કરૂં છ સફર." "ભલા, નેક મર્દ બહુ સારૂં, મગર.
"નહિ માંસકાં કે પોટલાંની કશી જરૂર, જો ફકિર તું જોવાને ખુદાનું નૂર."
જપકીને ઉઠ્યો, સૌ દીધું તજી, નીકળ્યો અંગ પર એક પટ સજી.
ફરી રાત થાતાં સુઇ તે ગયો ફરી તેની નિંદમાં તેજ સ્વપ્નો થયોઃ
"ક્યાં ચાલ્યા, ઓ પીરમર્દ આ પટુ સજી! ખુદા ખાપટ એને બી દીઓ તજી."
ફરી જપકી ઉઠ્યો લઇ ખુદાનું નામ, આગળ તે વધ્યો દિગંબર તમામ.
ફરી થયો રજની તણો અંધકાર, પડ્યો તે નિંદમાં ફરી એક વાર.
ફિરસ્તો તેજ આવ્યો ને આપ્યો પેગામઃ "ઓ નેક મર્દ, તું ભટકે શું કામ?
નથી રહ્યું બાકી કંઇ તારી કને, તો ખુદા ખુદ આવીને મળશે તને."

એ પ્રમાણે સઘળા દુન્યવી એશઆરામનો ત્યાગ કરી હમેશાં ખુદાના વિચારમાં મશગુલ રહેવાથી સૂફીઓ એવા બુલંદ દરજ્જે પહોંચતા કે તેમને તેમની હસ્તિનું પણ ભાન રહેતું નહિ, અને બેખુદીના આવેશમાં બધો વખત એમ કહેતા કે ખુદા તો અમે પોતે છીએ. મૌલાના જલાલ-ઉદ્-દિન રૂમીએ પોતાની "મસનેવી"માં અબુ યઝીદ (બેયાઝીદ) બિસ્તામી નામના એક સૂફીનું નીચે પ્રમાણે વર્ણન કર્યું છેઃ

બેઝાઝીદ બેખુદ બની એક વાર, સાગીર્દો પાસે એમ કીધો એકરાર.
"ખુદા છું હું પોતે, મુજ બંદગી કરો, ખુદા છે મુજ દિલમાં મુજથી ડરો.
બેફામી જ્યારે થઇ ગઇ પસાર, ને શાંતિમાં બેઠો તો બીજી સહવાર.
આવ્યા સૌ સાગીર્દો ચ્હાવાને દાદ, ગઇ રાતના સુખુનની આપીને યાદ.
બેયાઝીદે સાગીર્દને સમજાવ્યું આમ, જે કંઇ હું બોલ્યો છે ગલત તમામ.
કાઢું જો ફરીથી એવા ઉદ્‌ગાર, કરજો મને ખંજરથી વિંધીને ઠાર.
પાછો બેયાઝીદ બેખુદ થઇ ગયો, બેફામીના રોશમાં પુકારી રહ્યોઃ
"અહીં, તહીં, લોક ખુદાને ઢુંઢતા હશે, પણ ખુદા તો મુજના બદનમાં વસે."
સુણીને ફરીથી આવો એકરાર, સાગીર્દો સઘળા બન્યા બેકરાર.
ખંજરો પોતાના હાથમાં ધરી, શેખને મારવાની શેખાઇ કરી.
પણ એવો તે શેખનો હતો પ્રતાપ, કે શરીરપર તેના નહિ પડ્યો એક કાપ.
ખંજર ઉછળી ઉંધાં ને પાછાં ગયાં, ને સાગીર્દોજ વિંધાઇને જખ્મી થયા.

ધંધો એટલો બધો વધારી દીધો કે તેનું કારખાનું આખા નિશાપુરમાં સર્વથી સરસ ગણાવા લાગ્યું અને શહેરમાં જે કંઇ બીજી નાની નાની દુકાન અથવા કારખાનાં હતાં તે પણ તેણે પોતાને હાથ કરી લીધાં હતાં. એ રીતે તે તેના વખતમાં અત્તરનો શાહ સોદાગર ગણાવા લાગ્યો.

એક દિવસે તે પોતાની દુકાન પર બેઠો હતો એવામાં ત્યાં કોઇ ફકીર ચાલી આવ્યો અને દુકાન પાસે ઉભો રહી તેમાં ગોઠવેલો સઘળો સુંદર સરસામાન બારીકીથી જોતો અને કંઈ ઉંડો વિચાર કરતો હોય તેમ, એક પણ બોલ બોલ્યા વગર, ઘણો વખત સુધી ચુપચૂપ ઉભો રહ્યો.

આખરે ખ્વાજા અત્તારને કંટાળીને કહેવું પડયું કે "શા માટે તમારો વખત બરબાદ કરો છો? અહીંથી દૂર કેમ ચાલ્યા જતા નથી?"

"મારા ચાલ્યા જવાની તું એટલી બધી ફિકર ન કર." પેલા ફકીરે કહ્યું અને ઉમેર્યું કે "તું તારી ફિકર કર, ભાઇ! તું તારી ફિકર કર. મારૂ અહીંથી ચાલ્યા જવું એ શું મોટી વાત છે? લે, હું આ ચાલ્યો." અને પોતાની ભીખ માગવાની તુમડી પર માથું મૂકી ત્યાંજ જમીન પર સૂઇ ગયો.

થોડીક વારે ખ્વાજા અત્તારે ઉઠીને જોયું તો તે ફકીરનો જીવ નીકળી ગયો હતો!

સઘળાં તવારીખી પુસ્તકોમાં નોંધાયું છે કે આ બનાવથી ખ્વાજા અત્તારના દિલ પર એવી અસર થઇ કે તેણે પોતાની દુકાન, વેપાર, ધંધો બધું હરરાજ કરી નાખ્યું, અને "સૂફી" થઇ જઇ, એકાંતવાસમાં ખુદાની એબાદત કરવામાં અને કવિતા અને પુસ્તકો લખવામાં પોતાની બાકીની જીંદગી ગુજારી.

પરંતુ જાણીતા મુસ્લીમ વિદ્વાન મરહુમ શમ્સ ઉલ ઉલેમા મૌલાના શિબ્લી નમાની એ વાતનો સ્વીકાર કરતા

નથી, અને એવું પૂરવાર કરે છે કે એ બનાવ બન્યા પછી પણ ખ્વાજા અત્તારે પોતાનો ધંધો ચાલુ રાખ્યો હતો. અને "મુસીબતનામે" અને "ઇલ્લાહીનામે" બે કિંમતી ગ્રંથો તેણે પોતાની દુકાન અથવા દવાખાનામાં બેસી લખ્યા હતા.

ખ્વાજા અત્તારની "લીસાન-ઉલ-ગૈબ" નામની કિતાબ પરથી જણાય છે કે, તેણે અરબસ્તાન, તુર્કસ્તાન, હિંદુસ્થાન અને ચીન જેવા દૂર-દરાજ દેશોની મુલાકાત લીધી હતી, અને તેની કેટલીક કવિતા પરથી એમ પણ પૂરવાર થાય છે કે, તે માત્ર અત્તારી જ નહિ, પણ એક બાહોશ તબીબ પણ હતો, અને તેના દવાખાનામાં રોજના પાંચસો આદમી પોતાના દુઃખના ઇલાજ કરાવવા આવતા હતા.

જેમ જેમ તે ધીમે ધીમે વધુ અભ્યાસ કરતો ગયો, તેમ તેમ આ દુનિયાના કારોબારપરથી તેનું દિલ ઉઠતું ગયું અને છેવટે સૂફી થઇ એકાંતવાસ ધર્યો. દૌલતશાહ સમરકંદીની કિતાબ "તઝકરત-ઉસ-શોરા" (કવિઓનાં જીવનચરિત્ર) પરથી જણાય છે કે મજદ-ઉદ્-દીન બગદાદી નામના એક સૂફી અને તબીબના હાથ નીચે તેણે "સૂફીઝમ"ની છેવટની તાલીમ લીધી હતી.

હી. સ. ૬૨૬ એટલે ઇ. સ. ૧૨૩૦ માં અંગ્રેજી ગણત્રી પ્રમાણે ૧૧૦ વરસની અને મુસ્લીમ ગણત્રી પ્રમાણે ૧૧૪ વરસની મોટી ઉંમરે ખ્વાજા અત્તાર કમોતે માર્યો ગયો હતો ! એ સમયે મોગલ બાદશાહ ચંગિઝખાને ખુરાસાન પર ચઢાઈ કરી જિત મેળવી હતી અને તેના મોગલ સિપાઈઓએ નિશાપુરમાં ત્રાસ વર્તાવ્યો હતો. તેણે [illegible] ની કતલ કરી હતી અને તેમની માલમત્તા [illegible]

બુઝુર્ગી જોઈ બીજા એક મોગલને દયા આવી અને તેણે પેલા સિપાહોને કહ્યું કે, હું તમને એક હજાર રૂપિયા આપું છું અને તમો આ બુઢ્ઢાને મારે સ્વાધીન કરી દો.

હજાર રૂપિયાનું નામ સાંભળી સિપાહો લલચાયા, પણ ખ્વાજા અત્તારની ઇચ્છા એવી હતી કે મારી નાખે તો સારૂં. તેના જેવા પાક અને પહરેજગાર આદમીને મરવાનો શું ડર હોય ? તેથી તેણે પેલા સિપાહોને કહ્યું કે "ભાઈઓ ! મને એટલી થોડી કિંમતમાં વેચી નાખશો નહિ, આ શહેરમાં મારો દરજ્જો બહુ મોટો છે; તમને જરૂર એથી પણ વધારે કિંમત આવશે. એક હજાર રૂપિય કોઈ ચીજ નથી."

તેનું એવું બોલવું સાંભળી સિપાહો ભારી થયા અને સાદું કરતા અટકી જઇ આગળ ચાલ્યા. એક બીજો મોગલ, આવા ઘરડા માણસને કતલ કરવા લઇ જવાતો જોઇ બહુ દુઃખી થયો અને પેલા સિપાહોને કહ્યું કે "તમારી ખુશી હોય તો આ બુઢ્ઢાને મને સોંપી દો. હું એના બદલામાં તમને આ એક પોભડો ઘાસ આપું છું."

આ સુખુનો સાંભળી ખ્વાજા અત્તારે પેલા સિપાહોને કહ્યું કે જો મને વેચવાનો તમારે નક્કી વિચારજ હોય તો આ માણસ મારી વ્યાજબી કિંમત આપે છે; મારી ખરી કિંમત એનાથી પણ કંઇક ઓછી છે."

તેને એમ બોલતો સાંભળી પેલા સિપાહોને ઘણીજ ચીડ ચઢી કે હમણાં તો બોલ્યો કે મારી કિંમત એક હજાર રૂપિયાથી વધારે છે, અને હવે કહે છે કે મારી કિંમત એક ઘાસના પોભડાથી પણ ઓછી છે. એટલે ઝનૂનમાં આવી તરતજ તેમણે તલવાર વડે ખ્વાજા અત્તારનું ડોકું ઉરાડી નાખ્યું. એટલાજ માટે મેં આગળ કહ્યું કે તે કમોતે માર્યો ગયો હતો, જો કે તેની ઉંમર તો ઘણી મોટી હતી.

ખ્વાજા અત્તારના બોલવાનો કેટે અને તેનો અર્થ થતો

હતો, અને તેના શબ્દોમાં કેવી ફિલસૂફી ભરેલી હતી, તે આ તામસી, દયાહીણ સિપાહો ક્યાંથી સમજી શકે?

આ જગતમાં એક ઇન્સાનથી વધારે કિંમતી બીજી કોઇ ચીજ નથી; તેમ તેનાથી વધારે હલકી પણ કોઈ વસ્તુ હસ્તિ ધરાવતી નથી. જો કે આ વાત દેખીતી રીતે તો વિપરીત લાગે છે, છતાં તેમાં સત્ય છે, અને જે કોઇ કવિ અથવા ફિલસૂફે પોતાની હાલત અને હસ્તિ પર ઉંડા વિચાર કીધો છે, તેણે એ વાતનો સ્વીકાર કીધો છે.

× × × ×

× × × ×

જ્યારે પેલા મોગલ સિપાઇને ખબર પડી કે જે શખ્સનું ડોકું તેણે છટકાવી નાખ્યું હતું તે તો એક પાક પહરેજગાર આદમી હતો, ત્યારે તે પોતાના કરતુકનો પશ્ચાત્તાપ કરવા લાગ્યો, અને આખી જીંદગીભર ખ્વાજા અત્તારની કબરનો મુજાવર બની રહ્યો.

ખ્વાજા અત્તારના મરણ બાદ કેટલેક વર્ષે જ્યારે નિશાપુરના વડા કાઝીનો દીકરો ગુજરી ગયો ત્યારે કાઝીના દોસ્તોએ તેને ખ્વાજા અત્તારની કબર નજદીક દફન કરવાની સલાહ આપી; પણ કાઝીને એ વિચાર રુચ્યો નહિ કે તેના જેવા એક મોટા માણસના ફરજંદને એક ફકીરની પાસે દાટવામાં આવે, અને તેથી પોતે બીજી વધારે ભપકાદાર જગ્યા પસંદ કરી ત્યાં તેને ભૂમિદાહ દીધો. પરંતુ તેજ રાત્રે કાઝીને એવું સ્વપ્નું આવ્યું તેમાં તેણે જોયું કે ખ્વાજા અત્તારની કબર આગળ ભભકદાર રોશની પ્રકાશી રહી હતી અને કબરની આસપાસ મોટા મોટા બુઝુર્ગ સૂફીઓ અને ધર્મગુરુઓ બેઠા હતા. તેમની વચમાંથી તેનો પોતાનો દીકરો બહાર આવ્યો અને બાપ[illegible] કહ્યું કે, આપ. એક નેક આદમીની બાજુએ મને શા માટે દફન [illegible] ગુજરી કે મારા [illegible]
[illegible] અત્તારના [illegible] ભૂમિદાહ [illegible]

બીજીજ સવારે કાઝીએ પોતાનો બેટો જેમ સ્વપ્નામાં ફરમાવી ગયો હતો તેમ કર્યું, અને ઘણો ખર્ચો કરી ખ્વાજા અત્તારની કબર પર એક દરગાહ બંધાવી આપી.

ખ્વાજા અત્તારનાં લખાણો

ખ્વાજા અત્તાર એક જબરદસ્ત લેખક હતો. તેણે લગભગ સવાલાખ જેટલી કવિતાની શાએર લખી હતી અને પુષ્કળ ગ્રંથો રચ્યા હતા, જેમાં "મુસીબતનામે" "ઇલ્લાહીનામે" "અસ્રારનામે" "પન્દનામે" "લિસાન-ઉલ-ગૈબ" "તઝકીરત-ઉલ-ઓલ્યા"× અને મન્તીક-ઉત-તેર" વિશેષ જાણીતા છે.

જેમ બીજા ફારસી શાયરોનાં લખાણોએ પશ્ચિમના વિદ્વાનોને આકર્ષ્યા છે, તેજ પ્રમાણે ખ્વાજા અત્તારના બાબમાં પણ બન્યું છે; પરંતુ આ એક નોંધવા લાયક બીના છે કે, ખ્વાજા અત્તારનાં લખાણોની સૌથી વધારે કદર ફ્રેન્ચ અભ્યાસીઓએ કરી છે.

ખ્વાજા અત્તારને સર્વથી પ્રથમ જાહેરમાં લાવનાર સિલવેસ્ટ-ડ-સાસી નામનો ફ્રેંચ અભ્યાસી હતો, જેણે ઇ. સ. ૧૮૧૯ માં "પંદનામે"નું ફ્રેન્ચ ભાષાંતર પ્રગટ કર્યું હતું. પારીસની નેશનલ લાયબ્રેરીમાં અત્તારની "તઝકિરાત-ઉલ-ઓલ્યા"નો એક સુંદર હસ્તલેખ આજે પણ મોજુદ છે. ઇ. સ. ૧૮૮૯માં પાવો-ડ-કોરતાઇયે નામના ફ્રેન્ચમેને એ હસ્તલેખનો ફ્રેન્ચમાં તરજુમો કરી, હસ્તલેખના આબાદ ફોટા સાથે છપાવ્યો હતો. એજ હસ્તલેખને ઈ. સ. ૧૯૦૫ માં કેમ્બ્રીજ યુનિવર્સિટીવાળા પ્રોફેસર આર. એ. નિકલસને ટીકા-ટિપ્પણ સાથે પ્ર[illegible]યો હતો અને તેમાં તેમના શિષ્ય મિરઝા મહંમ[illegible] [illegible]રે વાહબ કઝવીનીએ એક ફિલસૂફીભર્યો દિબાચો [illegible]ાર, ખ્વાજા અત્તાર જે પુસ્તકથી આજે [illegible]ાના, [illegible]ડીભર [illegible] ખાનુ

× આ પુસ્તકનો ગુજરાતી અનુવાદ આ "મુસ્લીમ મહાત્માઓ" નામથી પ્રકટ થયો

થયો છે, તે તેનું "મન્તિક–ઉત–તેર" નામનું અલંકારિક કાવ્યનું પુસ્તક છે, જેમાં સઘળાં પક્ષીઓ એક સભા ભરી પોતાનો "રાજા" પસંદ કરે છે. એ સભામાં સઘળા વર્ણનાં પક્ષીઓ વાદવિવાદમાં ભાગ લે છે, અને છેવટે "હુદુદ" નામના પક્ષીને પોતાનો "રાજા" બનાવે છે, અને એ રાજા પોતાની સાથે બીજાં પક્ષીઓને લઈને ખુદાની શોધમાં નીકળે છે. કેટલાંક પક્ષીઓને જંગલમાં એશઆરામ છોડી તેની સાથે જવા ગમતું નથી અને દરેક પરંડુ પોતાનાં કારણો દર્શાવે છે. એ સઘળી વાતો આ જગતની મોહમાયાની જાળમાં ફસેલા ઈન્સાનોને લાગુ પડે છે. જે થોડાંક પક્ષીઓ સર્વ ચીજનો ત્યાગ કરી ખુદાની શોધમાં જાય છે, તેમને છેવટે ખુદા મળે છે.

આ સુંદર નહસિયતરૂપી અલંકાર તેની અસલ ફારસી ઝબાનમાં ગારસાં–ડ–ટાસે નામના ફ્રેન્ચ વિદ્વાને ઈ. સ. ૧૮૫૭માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેણે ઈ. સ. ૧૮૬૩ માં એવા નામે એ પુસ્તકનો ફ્રેન્ચ અનુવાદ પ્રગટ કર્યો હતો.

એ પુસ્તકો પ્રસિદ્ધ થયાં તે અગાઉ કેટલાંક વરસ પહેલાં ઓમર ખય્યામના અંગ્રેજ અનુવાદક, કવિ એડવર્ડ ફિટઝજેરલ્ડ "મન્તિક–ઉત–તેર"નું અંગ્રેજી કવિતામાં ભાષાંતર કરવા માંડયો હતો; અને ઈ. સ. ૧૮૫૭ માં એક સંક્ષિપ્ત તરજુમો તૈયાર કર્યો હતો, પણ કંઈક ન જણાયેલા કારણે તે છેક ઈ. સ. ૧૮૮૩ માં તેના મરણ બાદ પ્રગટ થયો હતો. અંગ્રેજી ઝબાનમાં "મન્તિક–ઉત–તેર"નું એક પણ સવિસ્તર ભાષાંતર ન હતું અને એ [illegible] ઈ. સ. ૧૯૦૫ માં મુંબઈના એક જાણીતા વિદ્વાન [illegible] રુસ્તમજી પેસ્તનજી મસાનીએ એ નામની [illegible] કિતાબ પ્રગટ કરી હતી, જેમાં "મન્તિક [illegible] છે, આ [illegible] સંક્ષિપ્ત તરજુમા ઉપરાંતની [illegible] નિબંધ [illegible] છે.



૮–नीतिपरायण खानु मुसा

(લેખક:-કવિ શ્રી કાનજી જગુભાઇ)

(૧)

વાવડિયાથી બગસરા જવાને રસ્તે પીરાજીના મેમણ કુળના ખાનદાન નગીના નામે ખાનુ મુસા ચાલ્યા જાય છે. પાંત્રીસેક વર્ષની અવસ્થા, સાધારણ મૂછી, મોટી દાઢી અને નમ્ર ભરાવદાર ચહેરો, સાધારણ ફાટયાં તૂટયાં લૂગડાં પહેરેલાં—એ બધું જોતાંજ ગરીબીમાં ખાનદાની તરી આવતી હતી. પગરખાં ફાટી ગયેલાં એટલે ઠસરપસર અવાજ થતો જાય અને માર્ગ વટાવ્યે જાય.

થોડેક દૂર ગયા ત્યાં રસ્તામાં બરાબર શીલાઓના મધ્યભાગમાં ચામડાનું આંકડીઓવાળું મોટું પાકીટ પડેલું જોયું. પાસે જઇ પાકીટ ઉંચકે છે ત્યાં તો એકાએક હાથને આંચકો લાગ્યો; કારણ કે ધાર્યા કરતાં પાકીટમાં વજન વધારે હતું, ભાર નીસળ હતો. આ ભાઇ તો હાથમાં પાકીટ રાખી વિચારવા માંડયા કે કોઇ મુસાફર જતા હશે તેનું આ પાકીટ પડી ગયું છે. ભાર બહુ છે. લાવને જોઉં, અંદર શું છે ? તેમ વિચાર કરી પાકીટને ખોલ્યું તે વારે તો ચારે તરફ ઝગઝગ કરતો આભાસ પડી ગયો. હાર, કાંઠલી, દુગદુગી આદિ સુવર્ણ, હીરા તથા માણિક, પન્ના, પોખરાજ આદિથી મઢેલાં ઘરેણાં નજરે પડયાં. ઘડીભર કુબેરનું મન હલમલાવી દે તેવાં એ ઘરેણાં જોઇ ખાનુ મુસાને વિચાર થયો કે, આટલા દાગીનામાં તો જીંદગી

આખી નીકળી જાય; આ ઢસરડા કરવા મટે. પરંતુ તે વા રેજ હૃદયે પલટો ખાધો કે ' અરે શું વાત છે? કોઇ પારકી ચીજ જડે તે પોતાની માની લઇ તેમાં નિર્વાહ કરવ ઇચ્છા રાખે તે તો એક પામર મનુષ્ય છે. શું હું આવી કિંમતી ચીજો જોઇ નીતિનો રસ્તો છોડવા માગું છું ?"

"યા પાક પરવરદીગાર ખુદા! આવા નાપાક વિચાર-થી પણ મને બચાવી લે. મારે તો આમાંનું એક અંશ જેટલું પણ સુવરની મટ્ટી બરાબર છે."

કેવું પવિત્રતાને શિખરે પહોંચેલું એ હૃદય!

" કોઇ નસીબદારનો આ માલ છે, નહિતર આવાં ઘરેણાં બીજાને ત્યાં ન સંભવે. રસ્તામાં પસાર થતાં આ પાકીટ પડ્યું છે તે વાત નક્કી છે. હવે પાછો વાઘણિયા તરફ જાઉં. રસ્તે જો કોઇ માલીક મળી જાય તો ઠીક છે, નહિતર વાઘણિયા જઇ મુખીને આ માલ સુપ્રત કરું." આમ વિચાર કરી તેમણે વાઘણિયા તરફ પાકીટ લઇને ચાલવા માંડયું. રસ્તામાં કોઇ મળ્યું નહિ એટલે વાઘણિયા પહોંચીને મુખીને વાત કરી અને પાકીટ બતાવ્યું.

સોનાના એક સુંડો દાગીના! ઘેર બેઠાં ગંગા આવે છે; જીંદગીભર ખાતાં ખૂટે નહિ, વળી ' ઓંકડે મધ ને માખીઓ વિનાનું ' જોઇને તો મુખી સાહેબની દાઢ ડળકી ગઇ. કાન પાસે મોઢું લઇ જઇ મુખીએ ખાકુ મુસાને કહ્યું કે "ભાઇ! આપણે બન્નેનો અરધોઅરધ-એક મગ ને બે ફાડ." કહીને ડાબા હાથની તર્જનીના વચલા વેઢા ઉપર ચપટી દઇને જમણા હાથની તર્જની ધરી: 'ગયો સમય આવવાનો નથી. જન્મભરનું દારિદ્ર ટળી જશે.' ખાકુ મુસાએ જાણ્યું કે આ તો ભારે કરી. આ નીતિ [illegible] મેં વગર રખવાળાનું દ્રવ્ય ક્યાં રહ્યું રહ્યું ?

" [illegible] ! જો એમાંથી કોઇ [illegible] [illegible] [illegible] [illegible] હું [illegible] [illegible] [illegible] શું [illegible] [illegible] ! [illegible]

માં કોઈ માણસ નો નહિ, પરંતુ પછી એવર પણ મને મળ્યું નહી તો પછી પાકીટનો માલ હું જાતેજ ન પચાવી પાડું? તમને સોંપવા શા માટે આવું?"

મુખીએ કહ્યું કે "ભાઈ! મફતનો બડાશ માર માં ને! અંગવટો જોતાં ગરીબ માણસ હો તેમ લાગે છે. તો મારૂં કહ્યું માન, જીંદગીભરનું દળદર ચૂરા થઇ જશે." એમ કહી મુખીએ માલ પચાવી પાડવા ફાવાફાવા કરવા માંડયા. પરંતુ દઢ માણસને ચલિત કરવા સામાન્ય પામરની શું વિસાત છે?

"ભાઇ! અલબત્ત, ગરીબ છું, શ્રીમંત નથી; પરંતુ ખાનદાન કુળનો છું અને ગરીબાઇને ટાળવા ખાનદાની ઉપર પાણી ફેરવવા માગતો નથી. મારા તકદીરમાં હશે તો માલીક મને ગમે તે રસ્તે આપશે."

મુખીએ કહ્યું કે "ખુદાએજ આપ્યું છે એમ માની લે ને!"

"ના, મુખી સાહેબ! આમ રસ્તામાંથી જડેલું તે ખુદાએ આપ્યું ન ગણાય. એ તો બીજાની માલીકીનું છે તે પચાવી પાડવું તેમાં નીતિ નથી. હજાર હાથવાળો ગમે તે રસ્તે આપશે. ભાઇ! મારે તો આમાંનું જરા જેટલું પણ સુવરની મીટ્ટી બરાબર છે."

વળી કહ્યું છે કે--

મુસલમાન સુવર ધરે, હૈ હિંદવન કો ગાય;
દોનું રસ્તા છોડ કર, કાફર હોય તે ખાય.

"અને તમે પણ કુડી લાલચ રાખશો માં, મુખી સાહેબ!" એમ કહી પાકીટ લઈ ચાલી નીકળ્યા અને ગામને ઝાંપે આવી બેઠા.

"આ ઘરેણાં મોટી કિંમતનાં છે. કોઈ નસીબદાર યા તો રાજા-મહારાજાનાં હશે એ વાત નક્કી છે, બગસરા

તરફ જતા હશે અને વચ્ચે પાકીટ પડયું છે તે લેવા માટે ઘડી બે ઘડીમાં સ્વારો છૂટશે તે પણ ચોક્કસ છે. માટે સાંજ સુધી અહીં બેસું. જો કોઇ આવે તો સાબીતી કરી માલ તેને સોંપી દઉં; નહિતર ગામના મહાજનને ભેળા કરી માલ સોંપીને ચાલ્યો જઈશ; બીજું કાંઇ બને એમ નથી.” તેમ મનમાં તરંગો કરે છે અને ઝાંપે બેઠા છે. ગામમાં પણ ચણપણ ચણપણ વાતની ખબર પડવાથી વીસ પચીસ માણસો પણ આસપાસ જમા થઇ ગયા છે અને જાત જાતના તર્કવિતર્કની વાતો થઇ રહી છે.

થોડી એક વાર થઇ તેટલામાં તો બગસરાને રસ્તેથી ઘોડેસ્વાર પૂરપાટેથી ઘોડું દોડાવતો આવે છે. ડાબલાની પ્રાછટ બોલતી આવે, ઘોડાની છાતી ગુંજતી આવે, ઘોડાની ડોક, સ્વાર અને પૂંછડાનો ઝંડો ત્રણેનો દેખાવ જાણે ત્રણ સ્વાર એક ઘોડા ઉપર બેઠા હોય તેવો ભાસ થતો આવે; ધૂળની ખેપટ ઉડતી આવે, આભને ઉંડળમાં લીધે આવે અને ઘોડાને દપટાવ્યે આવે. થોડી વારમાં તો સ્વાર તદ્દન નજીક આવી ગયો. સ્વારે ગામના ઝાંપામાં માણસોનું ટોળું જોઇ ઘોડાને થંભાવ્યો અને ઊભો રાખ્યો.

ચુડા રાણપુરના મોલેસલામ દરબારનાં રાણી સાહિબા ચુડા રાણપુરથી ભેંસાણ રાણપુર ગામે જતાં હતાં. સાથે સીગરામ તથા આઠ દશ સ્વારો હતા. એમ રસાલા સાથે જતાં વાઘણિયાથી પસાર થતાં રસ્તામાં ઘરેણાંનું પાકીટ પાડેલું. તેઓ બગસરા મુકામે વિસામો લેવા રોકાણાં ત્યાં તપાસ કરે તો પાકીટ ન મળે.

એક મિનિટે સ્વારને વહેતો કર્યો તે. [illegible] વાઘણિયા સુધી પહોંચ્યો.

[illegible] ઝાંપામાં ઉભેલાં માણસોને [illegible]

આવ્યા છો ? [illegible] તમોને [illegible]
લાગ્યો છે. વળી આમ હાંફતા હાંફતા આવી ગયા છો તેનું
શું કારણ છે ?"

આખરે હાંફતાં હાંફતાં સ્વારે કહ્યું કે "ભાઈ ! કાંઈ
કહેવાની નહિ. કરિયુંનાં ઠામડાં [illegible] ગયાં છે."

"કારણ ?" [illegible] કહ્યું.

"ભાઈ ! વાત એમ છે કે અમારા દરબારનાં રાણી
સાહિબા માટે અમો [illegible] લઈ જતા હતા. રસ્તામાં પચા-
સેક હજારના દાગીનાવાળું પાકીટ પડયું છે તેની તપાસ
માટે નીકળ્યો છું. પાકીટ હાથ ન આવે તો અમારે તો
ઉઠી ગયું. દરબારને મોઢું બતાવીએ તેમ રહ્યું નથી."
બોલતાં બોલતાં સ્વાર ગળગળો થઈ ગયો.

આ સાંભળીને એકદમ ખાનુ મુમા ઉભા થયા અને
પૂછયું કે, પાકીટમાં શું શું દાગીના હતા ? સ્વારે ટપો-
ટપ નામ કહેવા માંડ્યાં. તે સાંભળીને ખાનુ મુસાએ
ઝડપ દઈને પાકીટને સ્વાર પાસે મુકીને કહ્યું કે "ભાઈ !
આ પાકીટ તો તમારૂં નહિ ને ?"

સ્વાર તો રંકને રત્ન પ્રાપ્ત થયું હોય તેમ આનંદ-
માં ઉન્મત્ત બની જઈ બોલી ઉઠ્યો: "હેં ભાઈ ! એજ
પાકીટ, તમોને ક્યાંથી હાથ લાગ્યું ?"

"ભાઈ ! મને એ રસ્તામાંથી હાથ લાગ્યું. હવે આ
બધા માણસોની રૂબરૂઆતે ખોલો આ પાકીટ. હ્યો, તમે
હતા તે બધા દાગીના મેળવી લ્યો."

પાકીટ ખોલ્યું. જુએ છે ત્યાં તો બધા દાગીના
જેમના તેમ અકબંધ પડયા છે. પાકીટને જેમનું તેમ લઈ
ખાનુ મુસા તથા સ્વાર તેમજ ગામના બે ચાર મોવાદાર
માણસો બધા પહોંચ્યા બગસરા. રાણી સાહીબા વગેરે
દરબારની એકીટશે યોગીની પેઠે રાહ જોઈ રહ્યાં હતાં. ત્યાં

તો સ્વાર આવ્યો. પોરસથી છાતી ગજ ગજ ઉછળતી આવે; હર્ષ ક્યાંય સમાતો નથી; જાણે કે અત્યારે ઘરેણાં કામીનેજ આવતો ન હોય !

બધી વાત કરી, પાકીટ જેમનું તેમ રજૂ કર્યું. રાણી સાહેબાએ ખાનુ મુસાનો મહદ્ ઉપકાર માન્યો. અંદરથી એક હજારના દાગીના લઈ આપવા માંડયા. પરંતુ ખાનુ મુસાએ કહ્યું કે "મારે તો એમાંનું કાંઈ પણ સુવરની મટ્ટી બરાબર છે. તમારા ભાગ્યનાં હતાં ને પાછાં આવ્યાં છે; એમાં મારો કાંઇ ઉપકાર થયો નથી."

આમ કહી ખાનુ મુસા પોતાને રસ્તે પડયા અને રાણી સાહિબા વગેરેએ ખાનુ મુસાને દશ પંદર દિવસ પછી રાણપુર આવવા ઘણાજ સોગંદ આપ્યા અને તેઓ પણ રાણપુર તરફ રવાના થયાં.

(૨)

મુંબઇ નગરીની અલબેલી બજારમાં ગુજરી ભરાઇ છે. થાળી મેલો તો પ્રોપટ ચાલી જાય તેવો હકડાઠઠ માણસોનો મેળો જામ્યો છે. હરરાજી કરવાવાળો એક માણસ હાથમાં સોનાની કાનમાં પહેરવાની છેલકડી લઇ સવાત્રણ રૂપિયા એક વાર, સવાત્રણ રૂપિયા, એમ લલકાર કરી રહ્યો છે. ત્યાં પડખેથી એક કાઠિયાવાડી માણસ બોલ્યો કે ભાઇ ! આપણા સાડાત્રણ રૂપિયા.

સાડાત્રણ રૂપિયા એક વાર, બે વાર અને ત્રણ વાર કહી હરરાજી કરનારે માગણી કરનાર સામું જોઇ છેલકડી ફેંકી. માગણી કરનારના ખિસ્સામાં બરાબર ગણ્યા ગાંઠ્યા ત્રણ રૂપિયા હતા તે ખિસ્સામાંથી કાઢી હરરાજી કરનારને આપ્યા, અને પોતે છેલકડી જોતો જોતો રસ્તે પડ્યો.

વાચક ! [illegible] કે એ માગણી કરનાર [illegible]

ઈડરથી મુંબઈ આવી જુદા જુદા બજારમાં ભટકતા રહ્યા છે. બજારમાં ક્યાંઈ હેરા ફેરા નીકળેલા તે દરરાજી થતી જોઈ ત્યાં ઊભા રહ્યા અને માગણી કરી તો છીલકડી રૂપિયા આઠઆનામાં આવી ગઈ. ત્રિકમ, આવી ગઈ હશે.

ઘેર આવી છીલકડી પોતાના શેઠને બતાવી. શેઠે કહ્યું કે "આવા તારે વળી છીલકડી વિના શું અટકતું હતું? નાહક આઠઆના રૂપિયા ખોયા. આમાં જોવાની બારીક જેવું નથી!"

"શેઠ! દરરાજીની વાત છે. મેં તો ગમેતેમ માગણી કરી ત્યાં તો દરરાજી કરનારે ત્રણ વાર કરી આપી દીધી તે લઈ આવ્યો છું."

"પણ ભાઈ! નાહક કેમ દરરાજીમાં માગણી કરી હશે તો આ તો ગુમાઈ છે; ભાવો બની જઈશ." આમ રકઝક ચાલે છે અને શેઠના હાથમાં છીલકડી ટીંગાય છે. ગપરીમાં ચારે તરફ ફેરવતા શેઠ છીલકડી જોઈ રહ્યા છે. ચાગો બેઠો બેઠો એક ઝવેરી આ બધું સાંભળે છે. તેની નજર છીલકડી તરફ ગઈ. ભાળતાંની વાર ઝવેરી બોલ્યોઃ "શેઠ! હવે જે થવાનું હતું તે થઈ ગયું; તેમાં હવે તમે ગમે તેટલો ઠપકો આપો તે વ્યર્થ છે; અને એમ હોય તો લાવો આપણા પાંચ રૂપિયા."

શેઠે છીલકડી સામે નજર કરી બારીક અવલોકન કર્યું ત્યાં તો નીચેના ભાગમાં ચકચકિત હીરો જડેલો દીઠો. વિચાર કર્યો કે ઝવેરીએ પાંચ રૂપિયા કહ્યા તે નક્કી આ હીરાને લીધેજ હીરો કિંમતી છે એમાં ફેર નહિ. એટલે શેઠે તો વધારે મારણું કરવા કહ્યું કે ભાઈ! એ તો કહેવાય! કાંઈ પાંચ રૂપિયામાં આપી દેવાય? 'તો દસ રૂપિયા' ઝવેરીએ કહ્યું. શેઠે કહ્યું કે ના ભાઈ! એટલે પછી પંદર, વીસ, પચીસ એમ ચડતાં વાત સો બસોએ પહોંચી. શેઠે જાણ્યું કે નંગ કિંમતી છે. "ખાનું! તારાં ભાગ્ય ખુલી ગયાં." જવાબમાં આકાશ સામે જોઈ ખાનુ મુસાએ પ્રત્યુ-

ત્તર વાળ્યો: “ખુદાની તથા આપની મહેરબાની.”

ગાડી જોડાવી ખાનુ મુસાને સાથે લઈ શેઠ પોતાના ઓળખીતા ઝવેરીને ત્યાં ગયા. છેલકડી બતાવી. ઝવેરીએ જોઇને રૂપિયા દસ હજાર કિંમત કરી. શેઠે કહ્યું કે બરાબર કહો શેઠજી! તો પછી એની કિંમત ઘરધણી જે કહે તે સાચી. શેઠે કહ્યું કે ઘરધણી શું કહેશે! આપજ બરાબર વ્યાજબી કિંમત કહી દ્યો. એમ રકઝક કરે છે ત્યાં તો ઉતાવળા થઇ ખાનુ મુસા બોલી ગયા કે ભાઇ રૂપિયા સોળ હજાર આપો.

“સોળ હજારના કાકા!” ઝવેરીએ કહ્યું. શેઠે કહ્યું કે “એમ સોળ હજારમાં આપી દેવાય! ઇ તો ગાંડો છે. રૂપિયા વીસ હજાર આપો.”

“શેઠ સાહેબ! આપ તો મારા મુરબ્બી છો, પરંતુ મેં જે સોળ હજાર રૂપિયા કહ્યા તે ઉપરાંત તો એક પાઇ પણ મારે હરામ, ન ખપે. જીભમાંથી પડી ગયું તે હવે લાખેય ન ગળાય.” ઝવેરીએ તો સોળ હજાર રૂપિયાની સોનામહોરો ગણી દીધી તે લઇ શેઠ તથા ખાનુ મુસા ઘેર ગયા.

(૩)

હવે તો શેઠની પરવાનગી મેળવી ખાનુ મુસાએ મુંબઇમાં પોતાની સુવાંગ દુકાન કરી, જેમાં માલીકની કૃપાથી લાખો રૂપિયા કમાયા. દોમ દોમ સાહ્યબીના અધિપતિ બન્યા. નવે નિધિ અને અષ્ટ સિદ્ધિ આંગણે નાચી રહી, મુંબઇમાં અને દેશદેશાવરોમાં સારી ખ્યાતિ મેળવી અને નામચીન લાખોપતિમાં અગ્રગણ્ય બન્યા.

લોકોપયોગી કામમાં લાખો રૂપિયાના દાન આપી ખ્યાતિમાં ઓર વધારો કર્યો. પાંચ પંદર વર્ષ પછી [illegible]

(૪)

આજે તો ઠેર ઠેર મુંબઇમાં ગ્યાસલેટનો કાંટો બંધ છે. જ્યાં જઇને પૂછો કે ભાઈ ! ગ્યાસલેટ આપો ત્યાં જવાબ મળે કે ભાઇ! આજે ગ્યાસલેટ નહિ મળે. કોઇએ પૂછયું કે "ભાઇ ! આનું કારણ શું ? મુંબઇ જેવા શહેરમાં ગ્યાસલેટ ન મળે એ તો ગજબની વાત !"

"ભાઇ ! આજે મેમણ કોમના અને સમસ્ત વેપારી આલમના શિરતાજ ખાનુ મુસા ધોરાજીથી પધાર્યા છે. તેમના માનમાં વેપારી એસોસીએશને ગ્યાસલેટનો કાંટો બંધ રાખવા ઠરાવ્યું છે, જેથી આજે ગ્યાસલેટનો કાંટો બંધ છે."

અહા ! શું કુદરતનો ખેલ !

એક સમયના માટે વાઘણિયાથી પગપાળે ફાટલ તૂટલ લૂગડે ગરીબી હાલતમાં બગસરા જતા. હવે તો આપણા પૂર્ણપરિચિત ખાનુ મુસા કે જેના સામું જોવા સરખી પણ કોઇને પડી નહોતી તે આજે એક કરોડોપતિ બન્યા, એટલું જ નહિ પરંતુ જેના માનમાં આજે મુંબઈ જેવા શહેરમાં ગ્યાસલેટનો કાંટો બંધ !

એ પણ નીતિના બદલામાં ખુદાની મહેરબાની નહિ તો બીજું શું ?

ખાનુ મુસાનાજ શબ્દો 'હજાર હાથવાળો આપવા ધારશે તો ગમે તે રસ્તે આપશે' શું ખોટા હતા ? નહિ, એ તો એના પવિત્ર આત્માનો નાદ હતો. એ જુઠ્ઠો હોઇ જ ન શકે. આનું નામ નીતિનો બદલો.

આ વાત બન્યાને બહુ બહુ તો પચાસ વર્ષાઋતુ પસાર થઇ છે. ખાનુ મુસાના વંશજો ધોરાજીમાં હયાત છે અને અત્યારે પણ લાખોપતિ છે એમ કહેવાય છે.

("શારદા" માસિકના એક અંકમાંથી)





૧–ઈશુ ખ્રિસ્ત

(લેખકઃ–શ્રી. વાલજી ગોવિંદજી દેશાઇ)

પૂર્વરંગ

ફલસ્તીન દેશમાં ગલીલ પ્રાંતના નાસરત નામે નગરમાં આજથી આશરે બે હજાર વર્ષ પૂર્વે યુસુફ તથા મરિયમ નામે દંપતી રહેતાં હતાં. એ સમયે ત્યાં રોમન લોકો રાજ્ય કરતા હતા, અને એમણે આખી પ્રજાનાં નામની ટીપ કરવાની આજ્ઞા કરી હતી. યુસુફ દાઉદ રાજાનો વંશજ હતો, એટલે નામ નોંધાવવા સારુ બેય માણસ, યહૂદિયા પ્રાંતમાં દાઉદ રાજાનું બેતલેહમ નામે નગર નાસરતથી દક્ષિણે ૪૦ ગાઉ દૂર હતું ત્યાં આવ્યા. મરિયમ ગર્ભવતી અને પૂરે દહાડે હતી. એને બેતલેહમમાં પહેલા ખોળાનો પુત્ર અવતર્યો. ધર્મશાળામાં જગ્યા નહોતી એટલે મરિયમે પુત્રને વસ્ત્રખંડે ઢબુરીને પશુશાળાની ગમાણમાં સૂવરાવ્યો. આ બાળક તે ઇશુ ખ્રિસ્ત; અને હિંદુને જેમ કપિલવસ્તુ, અયોધ્યા ને મથુરા, તથા મુસલમાનને મક્કા, એમ ઇશુપ્રેમીને બેતલેહમ.

એ પ્રદેશમાં કેટલાક ઘેટાંના ગોવાળ રાતવેળાએ પોતાના [illegible] વારાફરતી ચોકી કરતા હતા. ત્યાં એક દેવદૂત એમની આગળ આવીને ઊભો ને બોલ્યો : "હું તમને શુભ સમાચાર દેઉં. ને વધામણી આપવા આવ્યો છું. આજ [illegible] બેતલેહેમમાં જન્મ્યા. [illegible] [illegible] [illegible] [illegible]."

ગોવાળોને કૌતુક થયું કે 'ચાલો આપણે બેતલેહમ.' બેતલેહમ આવીને એમણે ગવાદનીમાં સૂતેલા બાલગોપાલને જોયો, અને જ્યાં ગયા ત્યાં એના જન્મની અને પોતાના ઉગ્ર ભાગ્યની કથા કરતા ગયા.

સૂતકના ચાલીસ દિવસ પૂરા થયા એટલે બેતલેહમથી ઉત્તરે ત્રણ ગાઉ દૂર રાજધાની યરુશલેમ છે ત્યાંના મંદિરમાં ઇશુને ભગવાનને પગે લગાડવા લઈ ગયા.

યરુશલેમમાં શિમિયોન નામે એક ધાર્મિક અને શ્રદ્ધાળુ નર હતો. એને વરદાન હતું કે ભગવદાવતારનાં દર્શન કર્યા વિના એ મરશે નહિ. શિમિયોન આ સમયે મંદિરમાં આવી ચડયો. એણે બાળક ઇશુને ખોળામાં લીધો અને કહ્યું: 'માણસજાતનું અજ્ઞાનતિમિર હરનાર ભાસ્કરને મેં જોયો, એટલે હવે નિરાંત કરીને દેહબંધનમાંથી છૂટીશ.'

મંદિરમાં હાન્ના નામની એક ભક્ત બાઈ હતી, જે સાત વર્ષ ઘરવાસ કરીને વિધવા થઇ હતી. હમણાં તે ૮૪ વર્ષની હતી ને દિવસરાત ઉપવાસ ને પ્રાર્થના કર્યા કરતી. એણે પણ એ દિવ્ય બાળકનાં દર્શન કરીને, જન્મ સફળ કર્યો. ઇશુને મંદિરમાં પગે લગાડીને દંપતી પોતાને ગામ બેતલેહમ આવ્યાં.

ઇશુના જન્મ પછી ઊગમણી દિશાથી કેટલાક જ્ઞાની યરુશલેમ આવ્યા અને કહ્યું: 'અહીં રાજરાજેશ્વર જન્મ્યા છે, તે કયાં છે ? તે કયાં છે ? અમે પૂર્વમાં એની તારા દીઠી છે, અને એનાં દર્શન કરવા આવ્યા છીએ.' યહૂદિયાના રાજા હેરોદે આ સાંભળ્યું તો એને ચિંતા થઇ કે આ બાળક કદાચ મને પદભ્રષ્ટ કરશે; એટલે એણે એ જ્ઞાનીઓને બેતલેહમ મોકલ્યા અને કહ્યું: 'તમને એ બાળક જડે એટલે મને જાણ કરજો, જેથી હું યે એના દર્શનનો લાભ લઉં.' બેતલેહમ આવીને જ્ઞાનીઓએ દિવ્ય

બાળકનાં દર્શન કર્યાં તથા એની આગળ સુવર્ણ ને સુગંધ ધર્યાં, અને ફરી હેરોદને ન મળવાની એમને સ્વપ્નમાં ચેતવણી મળી એટલે એ બીજે માર્ગેથી સ્વદેશ સિધાવ્યા.

એ ગયા પછી દેવદૂતે યુસુફને સ્વપ્નમાં કહ્યું: 'ઉઠ, બાળક તથા તેની માને લઈને મિસરમાં નાસી જા, અને હું પાછા આવવા ન કહું ત્યાં લગી ત્યાંજ રહેજે. કેમ કે હેરોદ બાળકને મારવા મથશે' એટલે યુસુફ રાતોરાત જ સહકુટુંબ મિસર ગયો.

જ્ઞાની પાછા ન આવ્યાથી હેરોદે બે વર્ષનાં ને એનાથી નાનાં જેટલાં બાળક બેતલેહમમાં હતાં એ બધાંનો વધ કર્યો.

હેરોદ મરી ગયા પછી દેવદૂતે મિસરમાં યુસુફને કહ્યું: 'પાછો ઈસ્રાએલ જા, કેમ કે બાળકનો શત્રુ હવે મરી ગયો છે. એટલે યુસુફ મિસરથી નાસરત પાછો આવ્યો.

હવે વર્ષે વર્ષે યરુશલેમમાં નિસ્તાર પર્વનો મહોત્સવ થાય ત્યારે ઈશુનાં માતાપિતા ત્યાં જતાં. એક વખત ઈશુ બાર વર્ષનો હતો ત્યારે તે નિત્યનિયમ પ્રમાણે યરુશલેમ ગએલાં. ઉત્સવ પૂર્ણ થયા પછી પાછાં વળ્યાં ત્યારે બાળક ઈશુ યરુશલેમમાં વાંસે રહી ગયો, પણ માતાપિતાને એનું ધ્યાન રહ્યું નહિ. એ તો એમ જાણતાં હતાં કે સંઘમાં હશે. એક દિવસનો પંથ કાપ્યા પછી એને ગોત્યો તો જડ્યો નહિ, એટલે પાછાં યરુશલેમ ગયાં. ત્રણ દિવસ શોધ કર્યા પછી તેમણે જોયું તો તે મંદિરમાં સંતસમાજમાં બેઠો છે, એની કથા સાંભળે છે તથા પરિશ્રમ કરે છે અને જે કોઈ એની વાત સાંભળે છે તે એનું બુદ્ધિબળ જોઈને વિસ્મિત થાય છે. માએ કહ્યું: 'દીકરા! તેં આ શું કર્યું? તારા પિતા ને હું ચિંતાતુર થઈને તને [illegible] ' ઈશુએ કહ્યું: 'તમે મને શું કામ [illegible]' [illegible]

માબાપ સાથે નાઝરત આવ્યો ને એમની આજ્ઞામાં રહ્યો, તથા ઉત્તરોત્તર વધારે બળવાન, બુદ્ધિમાન ને ઈશ્વરના અનુગ્રહનું તથા લોકોની પ્રીતિનું પાત્ર બન્યો.

તેરમાથી ત્રીસમા વર્ષ લગી ઈશુ નાસરતમાં રહ્યો. આ ૧૮ વર્ષ એ સુતારકામ કરતો ને પોતાના કુટુંબનું ભરણપોષણ કરતો.

આ સમયે જૉન નામે એક પુરુષ શાસ્તારૂપે બહાર પડયો હતો. જૉનનો પિતા યરુશલેમના મોટા મંદિરમાં ધૂપ સમર્પક પૂજારી હતો, ને માબાપની વૃદ્ધાવસ્થામાં જૉનનો જન્મ થયો હતો. જૉન નાનો હતો ત્યાંજ આપણા ધ્રુવની પેઠે વનમાં તપ કરવા ગયો, ને ત્યાં પ્રાર્થના તથા સ્તુતિ દ્વારા પોતે ધારેલા કામને સારૂ એણે સાધના કરી. મદ્યપાન તો એણે કદાપિ કર્યુંજ નહોતું. સાંઢિયાના વાળનો ઝભ્ભો એ પહેરતો ને એના ઉપર ચામડાનો પટ્ટો બાંધતો. ટીડ તથા વનના મધનો એ આહાર કરતો. મૃતસમુદ્ર સરોવરની પશ્ચિમે અરણ્ય હતું ત્યાં એ વસતો. ત્રીસમે વર્ષે એ ધર્મોપદેશ કરવા નીકળ્યો. એની પ્રવચનશક્તિ એવી પ્રચંડ હતી કે યરુશલેમ આદિ સ્થળેથી લોકો ટોળે મળીને એનું વ્યાખ્યાન સાંભળવા આવતા હતા.

જૉન કહેતો કે ભગવાન અવતરવાના છે અને પોતાનું શાસન સ્થાપવાના છે. એટલે તમે તમારૂં હૈયું પલટાવો. જૉનનો બોધ જેને લાગી જતો તે પોતાનાં પાપ એની આગળ પ્રકાશતાં, અને જૉન યરદન નદીના પાણીથી એની શુદ્ધિ કરતો.

પ્ણર-

ત્રીસમે વર્ષે હતો. એનં[illegible]તારકામ તથા ઘરનો એક સ્ત્રી કર્યો. હવે એને આ. એની [illegible] હતું, અથવા જોણી માગ્યું. એટલાં પોતાનાં કરવાં [illegible] થમ તો એ જ્રી શમરૂની-જળશુદ્ધિ લેવા યરદન ન[illegible] આગળ આવ્યો તો શમરૂની

'મારેજ તમારી આગળ શુદ્ધિ લેવી જોઇએ એમ છે, ને તમે મારી આગળ આવ્યા?'

ઇશુએ કહ્યું: 'હમણાં તો એમજ થવા દ્યો; આપણ સર્વેએ પોતપોતાનો સ્વધર્મ પાળવો રહ્યો.'

શુદ્ધિ પછી તરતજ ઇશુ વનમાં ગયો, ને ત્યાં એણે ચાળીસ દિવસના ઉપવાસ કર્યા. ચાળીસમે દિવસે ઇશુને ભૂખ વર્તાઈ, એટલે સેતાન એની આગળ આવ્યો ને કહ્યું: 'જો તું અવતારી પુરુષ હો તો આ પથ્થરને આજ્ઞા કર કે રોટલો થઇ જાય.'

ઇશુએ કહ્યું: 'શાસ્ત્રમાં લખ્યું છે, મનુષ્ય કેવળ રોટલાથી નહિ પણ ભગવદ્‌વાક્યથી જીવે છે.'

પછી સેતાન ઇશુને પુણ્યનગર લઈ ગયો, ને મંદિરના શિખર ઉપર એને બેસાડીને કહ્યું: 'જો તું અવતારી પુરુષ હો તો અહીંથી પડતું મૂક; કેમકે તને તો દેવનાં રખોપાં છે. અને કદાચ તને ઠેસ લાગશે તો એ તને પોતાના હાથમાં ઝીલી લેશે.' ઇશુએ કહ્યું: 'વળી લખ્યું છે, ભગવાનનાં તારે પારખાં ન કરવાં.'

ફરીને સેતાન ઇશુને અતિ ઉચ્ચ પર્વત ઉપર લઈ ગયો. જગતનાં સર્વ સામ્રાજ્ય એને બતાવ્યાં ને કહ્યું: 'જો તું મારે પગે પડે ને મારી આરાધના કરે તો આ સર્વ વૈભવ તને આપું.'

ઇશુએ કહ્યું: 'હે સેતાન! નીકળ અહીંથી. કારણ લખ્યું છે કે તું ભગવાનનેજ નમજે ને એનીજ સેવા કરજે.'

[illegible]

[illegible]

થયો. અંદ્રિયા ને પીતરનો ગામભાઈ બેતસૈદાવાસી ફિલિ-
પ, અને ફિલિપનો મિત્ર નથનેલ ઈશુના ત્રીજા ને ચોથા
શિષ્ય હતા. અંદ્રિયા ને પીતર ગલીલના સરોવર ઉપર
માછીમાર હતા. એ સરોવરમાં જાળ નાખતા હતા ત્યાં
ઇશુએ કહ્યું: 'મારી પાછળ આવો. હું તમને માછલાંને
ઠેકાણે માણસ ઝાલતાં શીખવું.' અને તરતજ જાળ છોડી-
ને બેઉ ભાઈ ચાલી નીકળ્યા. જેમ્સ અને જૉન એ બે
ભાઈ પણ માછી હતા ને એ પણ એમજ ચાલી નીકળ્યા હતા.

યરુશલેમમાં આ વર્ષે મહોત્સવ થયો. એ પ્રસંગે
ઇશુ યરુશલેમ ગયો. યરુશલેમના મંદિર આગળ એક
ચોક હતો. ત્યાં ભોગ આપવાનાં ઢોરની ગુજરી ભરાતી.
આખો દિવસ ત્યાં ગોધા ભાંભરે, ઘેટાં મેં મેં કરે અને
સાટાં કરતા લોકોની રકઝકની રાડ પડે. કબૂતર પણ
ત્યાંજ વેચાતાં અને નાણાવટી નાણાં લઈને બેસતા. ઇશુ-
એ ઝીણી દોરીનો કોરડો કરીને ગોધા તથા ઘેટાંને ચોક-
માંથી હાંકી કાઢ્યાં, નાણાવટીનાં નાણાં ઉડાડી મૂક્યાં ને
એના પાટલા ઊંધા વાળ્યા. કબૂતર વેચનારને કહ્યું કે
'આ સર્વ અહીંથી લઈ જાઓ; મારા પિતાના પ્રાર્થના-
મંદિરને ચોરની ગુફા બનાવો મા.' આમ એણે મંદિર-
ની શુદ્ધિ કરી.

મંદિરશુદ્ધિ પછી આઠ માસ ઇશુ યહુદિયામાં રહ્યો
અને અનેક માણસો એના શિષ્ય થયા. જૉને હેરોદ
રાજાને એના અનાચાર સારૂ ઠપકો આપ્યો. એટલે હેરોદે
જૉનને કારાગૃહમાં નાખ્યો ને અંતે એનો શિરચ્છેદ કર્યો.
આ સાંભળીને ઇશુએ યહુદિયા છોડ્યું ને ગલીલ ગયો.
માર્ગમાં એ શમરૂન પ્રાંતના શૂખર નગરમાં આવ્યો. શૂખર-
માં યાકૂબનો કૂવો હતો. એને કાંઠે ઇશુ બેઠો. ત્યાં એક સ્ત્રી
પાણી ભરવા આવી. એની પાસે એણે પીવા પાણી માગ્યું.
શમરૂની સ્ત્રીએ કહ્યું: 'તમે યહૂદી છો, ને મારી શમરૂની-
ની પાસેથી પાણી કેમ માગો છો?

સાથે વ્યવહાર રાખતા નથી.'

ઇશુએ કહ્યું: 'તારી પાસે પાણી માગનાર કોણ છે એ તું જાણતી હોત તો તું એની પાસેથી માગત, ને એ તને જીવનજલ આપત.'

બે દિવસ શૂખરમાં રહીને ઇશુ ગલીલ આવ્યો, ને પછીનું દોઢ વર્ષ ત્યાં રહ્યો.

ઇશુ પોતાને ગામ નાસરત આવ્યો. એક દિવસે એ ત્યાંના મંદિરમાં ગયો હતો. ત્યાં એ શાસ્ત્ર વાંચવા ઊભો થયો. ગ્રંથ એણે અનાયાસે ઉઘાડયો ને નીચલું વાકય વાંચ્યું: 'ભગવાને મારે વિષે અવતાર લીધો છે; કારણ, એણે મને રાંકને શુભ આપવાનો આદેશ કર્યો છે. ભાંગેલ હ્રુદયને સાજાં કરવા, બંદીને છોડાવવા ને અંધને દેખતા કરવા એણે મને મોકલ્યો છે.'

શ્રોતૃવર્ગ આ સાંભળીને એના સામું જોઇ રહ્યો. ઇશુએ કહ્યું: 'આ શાસ્ત્રવચન મારે વિષે ફળ્યું છે.' નાસરતવાસીઓ કહે: 'આ તો યુસુફ સુતારનો દીકરો. ઇં જ, તે કઇ વાડીનો મૂળો?'

ઇશુની ધૃષ્ટતા એ લોકોને અસહ્ય થઇ પડી. તેઓ એને ઝાલીને ટેકરી ઉપરથી ફગાવી દેવાના હતા; પણ ઇશુ કફર્નાહુમ ચાલ્યો ગયો ને પછી મોટે ભાગે ત્યાંજ રહ્યો.

ઇશુના પહેલા છ શિષ્ય—આંદ્રિયા, પીતર, જેમ્સ, જૉન, ફિલિપ અને નથાનેલ (અથવા બાર્થોલમ્યુ)—એ [illegible] [illegible] [illegible]

[illegible]

ઈશુએ પાણીમાંથી દ્રાક્ષાસવ બનાવ્યો, વાવાઝોડું શમાવ્યું, જળનું સ્તંભન કરીને તેના ઉપર ચાલ્યો, પાંચ રોટલા ને બે માછલીઓમાં પાંચ હજાર માણસને જમાડ્યાં, પતિતને વિશુદ્ધ કર્યો, આંધળાને દેખતા કર્યો; ભૂતોનો વળગાડ મટાડ્યો, વિવિધ રોગના રોગીને સાજા કર્યો અને મરેલાને સજીવન કર્યો, એમ કહે છે; પણ આની વિગતમાં આપણે નહિ ઊતરીએ. ઈશુના ચમત્કાર કરતાં એનો ઉપદેશ અનંતગણો મહત્ત્વનો છે.

પશ્ચિમ દર્શન

યરુશાલેમની પૂર્વે પોણો માઇલ દૂર જેતુનગિરિ છે, ને જેતુનગિરિથી આગળ ચાલતાં યરુશાલેમથી આશરે બે માઇલને અંતરે બેથનિયા ગામ છે. એ ગામમાં પશ્ચિમ (પેશ્ચન) પહેલાં છ દિવસે ઈશુ આવ્યો. મરિયમ ને માર્થાને ઘેર એ વાળુ કરતો હતો. માર્થા પીરસતી હતી અને ઈશુએ સજીવન કરેલો એનો ભાઈ લાઝાર ઈશુ સાથે બાજોઠ ઉપર જમવા બેઠો હતો. ત્યાં મેરીએ મોંઘામૂલું જટામાંસીનું એક શેર સુગંધી તેલ લીધું, ઈશુને ચરણે તેનો લેપ કર્યો અને પોતાના માથાના વાળથી એના પગ લૂછ્યા. ઘર સૌરભથી બહેકી ઉઠ્યું, એટલે યહૂદા ઈસ્કરીયોત નામે શિષ્ય, જે ઈશુને શત્રુને હાથ સોંપવાનો હતો એણે કહ્યુંઃ 'આ અત્તર ૩૦૦ રૂપિયામાં વેચીને રાંકને દીધું હોત તો ?'

યહૂદા કાંઈ રાંકનો હિતચિંતક નહોતો, પણ ચોર હતો. એની આગળ કોથળી રહેતી એમાંથી એ પૈસા ઉપાડી જતો.

ઈશુએ કહ્યુંઃ "એ તો એણે મારા દેહને આગોતરો જ ઉત્તરો કરિયાવર કર્યો છે. રાંક તો તમારા ચિરસંઘાતી છે, એટલે જ્યારે ઇચ્છો ત્યારે એની સેવા તમે કરી શકો છો; પણ હું તમારો બે દિનનોજ અતિથિ છું. સકળ જગતમાં જ્યાં જ્યાં મારી કથા કહેવાશે ત્યાં ત્યાં આ

બાઇની સેવાનું લોકો સ્મરણ કરશે.”

જેમ કોઇ રાજા રાજ્યાભિષેકને સારૂ રાજધાનીમાં આવે, એમ ઇશુ યરુશલેમ આવ્યો. રાજા હાથીએ ચડીને આવે; ઈશુ અનારૂઢપૂર્વક ગર્દભશાવક ઉપર બેસીને આવ્યો. યહૂદિયામાં ભલભલાં ગધેડે ચડે છે, ગધેડે ચઢવામાં હીનપદ નથી માનતા; પણ હીનપદ હોય તોય ઇશુ કયાં ઉચ્ચ પદનો ભૂખ્યો હતો ! એને તો શૂળીએ ચઢવું હતું; કયાં સિંહાસન ઉપર બેસવું હતું !

એના માર્ગમાં લોકોએ પોતાનાં વસ્ત્ર પાથર્યાં, ઝાડપાન વેર્યાં ને હાથમાં ખજૂરીની ડાળખી લઇને એનાં દર્શન કરવા નીકળી પડયા. ‘ભગવાનને નામે જે આવે છે તે ઇસ્રાયેલના રાજા’નો જયઘોષ થયો. જેતુનગિરિ ઉપરથી યરુશલેમને જોઇને ઇશુને આંસુ આવ્યાં. જ્યાં પોતે કથા કરી હતી ને પરચા બતાવ્યા હતા ત્યાંના લોકોને હાથેજ એને મરવાનું હતું. અપરાધીની નગરી જે શિક્ષા ભોગવવાની હતી એનો વિચાર કરતાં એને રોવું આવ્યું. સાંજે ઇશુ બેથનિયા આવતો રહ્યો.

નિસ્તારપર્વ જે દિવસે પાળવાનું હતું તે ગુરુવાર આવ્યો. ઇશુ જાણતો હતો કે બીજે દિવસે એને મરવાનું છે. શિષ્યોને એના સમાગમનો આજ છેલ્લો દિવસ હતો.

ગુરુવારે સાંજે ગુરુશિષ્ય જમવા બેઠા. ત્યાં પોતામાં શ્રેષ્ઠ કોણ એના શિષ્યોમાં વિવાદ થયો એટલે ઇશુએ [illegible] નમ્રતાનો પાઠ શીખવ્યો, અંગરખો ઉતારી નાખ્યો ને કેડે [illegible] બાંધ્યો. પછી [illegible] પાણી લઇને [illegible] ધોયા ને કેડે બાંધેલા અંગુછાથી તે લુછ્યા. [illegible] તમારો આચાર્ય ને પ્રભુ થઇને [illegible]

[illegible]

સામું જોઇ રહ્યા. એક પછી એક બધાએ પૂછયું: 'ભગ-
વન્! એ હું તો નહિ ને?'

ઇશુના માનીતા શિષ્ય જૉને પૂછયું: 'ભગવન્!
એ કોણ?'

ઇશુએ કહ્યું: 'જેને હું રોટલાનું બટકું બોળીને
આપીશ તે,' એણે બટકું બોળીને યહૂદા ઇસ્કરિયોતને
આપ્યું ને કહ્યું: 'તારે કરવાનું છે તે શીઘ્ર કર.'

યહૂદા કોષાધ્યક્ષ હતો, એટલે સૌએ જાણ્યું કે પર્વ
સારૂ કાંઈ વસ્તુ વેચાતી લેવાની હશે કે રાંકને કંઈક
આપવાનું હશે. યહૂદા તરત ચાલતો થયો. એણે આ
પહેલાંજ યહૂદી ધર્મગુરુ સાથે ઠરાવ કર્યો હતો કે ધર્મ-
ગુરુએ એને ત્રીસ રૂપિયા આપવા ને એણે ઇશુને બતાવવો.

ઇશુએ કહ્યું: 'હું એવે સ્થળે હવે જઇશ, જ્યાં તમે
મારી પાછળ નહિ આવી શકો.' પીતરે કહ્યું: 'કેમ ન
આવી શકું? હું તો તમારે કારણે મારા પ્રાણ આપવા
તૈયાર છું!'

ઇશુએ કહ્યું: 'પ્રાણ આપવા તૈયાર છો, એમ કે?
કાલ સવારે કૂકડા નહિ બોલ્યા હોય ત્યાં તું મને ઓળ-
ખતોજ નથી એમ કહીને ત્રણ વાર તું ફૂટવાનો છે.'

યરુશલેમથી પા ગાઉને અંતરે જેતુનગિરિની તળેટી
આગળ ગેતશીમાની (તેલની ઘાણી નામે) વાડી છે ત્યાં
ઇશુ શિષ્યોને લઇને વારંવાર જતો. નિસ્તારભોજન પતા-
વીને મોડી રાતે એ અગિયાર જણને લઇને ત્યાં ગયો.
શિષ્યોને એક ઠેકાણે બેસાડીને પોતે એકાંતમાં પ્રાર્થના
કરવા ગયો; પણ પીતર, જેઇમ્સ ને જૉનને ભેળા લઇ
ગયો. એમને કહ્યું: 'મારા જીવને બહુ અસુખ થાય છે;
તમે અહીં રહો ને મારી સાથે જાગરણ કરો.' થોડેક
દૂર જઇને એ દંડવત્ પડયો ને રોતો રોતો પ્રાર્થના
કરવા મંડયો: 'હે પિતા! જો બને તો આ પ્યાલો મને
પા મા; તોપણ જેવી તારી ઇચ્છા, મારી નહિ.' પ્રાર્થના

કરીને ઇશુ પાછો આવ્યો ને જુએ છે તો શિષ્યો શોકના માર્યા ઊંઘી ગયા છે. એણે કહ્યું: 'તમે ઊંઘતા શું હશો? જાગો ને પ્રાર્થના કરો. આત્મા તત્પર છે, પણ દેહ દુબળો છે.' પછી તેણે બીજી વાર આઘા જઇને પ્રાર્થના કરી. પાછો આવ્યો તો શિષ્યો સૂતા હતા, એ જોઇને બોલ્યો: 'ઘડીક નિદ્રા કરી લ્યો ને વિસામો ખાઇ લ્યો. મારે શત્રુને હાથ જવાને હવે વાર નથી.'

ત્રીજી વાર ઇશુ પ્રાર્થના કરવા ગયો, ને પાછો આવ્યો ત્યાં બાર માંહ્યલો એક યહૂદા આવ્યો ને એની સાથે યહૂદી ધર્મગુરુ, મહાજન ને શાસ્ત્રીપુરાણીએ મોકલેલા તલવારો ને લાકડીઓનાં હથિયારોવાળા માણસોનું ટોળું મશાલ ને દીવા લઇને આવ્યું. યહૂદાએ શસ્ત્રધારી સાથે એવો સંકેત કર્યો હતો કે જેને હું ચુંબન કરું એને ઝાલી લેજો.

ઈશુએ શસ્ત્રધારી આગળ જઇને કહ્યું: 'તમે કોને ગોતો છો?' તેણે ઉત્તર વાળ્યો: 'નાસરતના ઈશુને.' ઇશુએ કહ્યું: 'એ હું જ.' આ સાંભળી શસ્ત્રધારી ઘડીક થંભી ગયા. થોડી વારે એમને સાન આવતાં ઈશુએ કહ્યું: 'તમે મને ગોતતા હો તો આ બીજાને જવા દ્યો.' યહૂદા પાસે આવ્યો ને 'નમસ્તે ગુરુદેવ' કહીને એણે ઇશુને ચુંબન કર્યું. ઈશુએ કહ્યું: 'ચુંબન કરીને પકડાવે છે કે?'

ઈશુને પકડવા મંડ્યા એટલે પીતરે મહંતના નોકરનો જમણો કાન તલવારથી કાપી નાખ્યો; પણ ઇશુએ એને હાથ લગાડીને સાજો કરી દીધો અને પીતરને કહ્યું: 'તલવાર મ્યાન કર; કારણ કે જે તલવાર ધરશે તે તલવારથીજ મરશે.'

ઈશુને પકડીને તે મહંત કાયફા આગળ લઈ ગયા. ત્યાં મહાજન ને શાસ્ત્રીમંડળ ભેગું થયું હતું.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ઘણા કહે: 'એનો વધ કરવો પડે છે.' એમ કહીને તેઓ ઈશુ ઉપર થુંક્યા ને એને ધપ્પા ને મુક્કા મારવા મંડ્યા.

સર્વ શિષ્યો નાઠા, પણ પીતર ને જૉન [illegible] કરતાં લાગ્યા; એટલે તેઓ ઈશુની પાછળ દૂર દૂર ચાલતા મહંતને ઘેર આવ્યા. ટાઢ બહુ હતી એટલે આંગણામાં તાપણી કરી હતી, ત્યાં મહંતના નોકરો ને સૈનિકો તાપતા હતા. પીતર તાપણી આગળ બેઠો.

પ્રથમ દ્વારગોપિકાએ તાપણીના પ્રકાશમાં પીતર સામે નીરખીને જોયું ને કહ્યું: 'તું આ માણસનો શિષ્ય નથી?' પીતરે કહ્યું: 'હું એને ઓળખતો યે નથી!'

પીતર બ્હીન્યો ને ઊઠીને ડેલા આગળ ગયો. [illegible] બીજી દાસીએ એને જોયો ને કહ્યું: 'આ [illegible] ભેળો હતો.' એક માણસે કહ્યું: 'તું [illegible] માંદલો છે; તારી ગલીલી બોલી [illegible]' પીતરે સમ ખાઈને કહ્યું: 'હું એને [illegible]'

બે ઘડી પછી જે સેવકનો કાન [illegible] એના એક સગાએ પીતરને કહ્યું: '[illegible] -ાં તને નહોતો જોયો?' પીતર [illegible] ને બોલ્યો: 'ભાઈ! તું શું કહે [illegible]' આમ કહે છે ત્યાં કૂકડો [illegible] કરુણા પ્રેમ ને શોકમય [illegible] મરવા જેવું થયું ને [illegible] પોતાને ફિટકાર દેવા [illegible]

મહન્તે ને [illegible] રોમન દેશપતિ [illegible] પુરુષ પોતાને [illegible]

એટલે મહન્તે ખોટો આરોપ મૂકયો ને કહ્યું: ‘ ઈશ
પોતાને રાજા કહેવરાવે છે ને રોમન કૈસરને કર ભરવા
ની ના પાડે છે.’

પીલાતે ઇશુને પૂછ્યું: “ તું રાજા છો ? ”

ઇશુએ કહ્યું: “ હા, પણ મારૂં રાજ્ય ઇહલોકનું નથી
ઇહલોકનું હોત તો મને આમ કયાંથી પકડી શકત ? હું
તો સત્યની સાક્ષી પૂરવા અવતર્યો છું.”

પીલાતે કહ્યું: “ આ માણસનો કાંઈ અપરાધ હું
જોતો નથી.”

એટલે મહન્ત ને યહૂદીઓની મેદની વધારે કોપી
ને કહ્યું: ‘ ગલીલથી યરુશલેમ પર્યન્ત સર્વ પ્રજાને આ
માણસ ઉશ્કેરે છે ને અવળે માર્ગે ચડાવે છે. ’

હવે નિસ્તાર પર્વ ઉપર એવી રીત હતી, કે લોકો
કોઇ બંદીને છોડવા કહે એને દેશપતિએ છોડી મૂકવો.
એટલે પીલાતે યહૂદીઓને પૂછ્યું: “ નામી ચોર બર-
બ્બાને છોડું કે ઇશુને ? ”

લોકોએ કહ્યું: “ આ માણસને નહિ પણ બરબ્બાને. ”

બરબ્બાને છોડતાં પહેલાં પીલાતે મેદની સમક્ષ
પોતાના હાથ પાણીથી ધોયા ને કહ્યું: “ આ સત્પુરુષનું
લોહી રેડાય તો એ મારે માથે નહિ. ”

લોકોએ કહ્યું: “ ભલે અમારે માથે ને અમારી
પ્રજાને માથે. ”

પછી પીલાતે ઇશુને કોરડા મરાવ્યા. [illegible]

ઉપર થુંક્યા ને હાથમાંની સોટી લઈને એને માથે મારી.

પીલાતને આશા હતી કે ઈશુને લોહીલોહાણ થએલો જોઈને લોકોને દયા આવશે; એટલે એણે એને હવે મેદની સમક્ષ ઉપસ્થિત કર્યો ને કહ્યું: 'જુઓ, આ પુરુષ.'

પણ લોકોએ કહ્યું: 'એને શૂળીએ ચડાવો, શૂળીએ.'

પીલાતે પૂછ્યું: 'તમારા રાજાને શૂળીએ ચડાવું?'

મહન્તે કહ્યું: 'કૈસર વિના અમારે કોઈ રાજા નથી.'

હવે પીલાત ઈશુને છોડે તો એની રાજનિષ્ઠામાં ઊણપ દેખાય, એટલે ઈશુને શૂળીએ ચડાવવાની આજ્ઞા કરી.

ઈશુને કાલ્વારી (ગલગતા=ખોપરી) નામે એક નીચી ટેકરીએ લઈ ગયા. વધ્ય માણસ પોતે પોતાનો વધસ્તંભ ઉપાડીને લઈ જાય એવી પ્રથા હતી, પણ ઈશુથી સ્તંભનો ભાર ઊપડે એમ નહોતું. એટલે કુરેનીનો સિમોન નામે એક જણ ચાલ્યો જતો હતો એની પાસે સૈનિકોએ ઈશુનો સ્તંભ પરાણે ઊપડાવ્યો.

મોટું ટોળું પાછળ પાછળ ચાલતું હતું, એમાં કેટલીક સ્ત્રીઓ રોતી હતી, એટલે ઈશુએ કહ્યું: 'યરુશલેમની પુત્રીઓ, મારે સારૂ રૂઓ મા; તમારે પોતાને ને તમારી સંતતિને સારૂ રૂઓ.'

કાલ્વારી આવ્યા પછી સૈનિકોએ ઈશુનાં કપડાં ઉતાર્યાં. એને સ્તંભ ઉપર રાખ્યો, ને એના હાથપગમાં ખીલા મારીને સ્તંભ સાથે જડી દીધો. પછી સ્તંભ ઊંચો કર્યો ને ભોંયમાં ખાડો ખોદીને એમાં સ્તંભનો એક છેડો દૃઢ કરીને ખોડ્યો. ઈશુને બે પડખે બે ચોરને સ્તંભ સાથે સાથે એજ વેળાએ જડયા. ઈશુએ પોતાના ઘાતકને અર્થે પ્રાર્થના કરી ને કહ્યું: "હે પિતા! એને ક્ષમા કર; કારણ પોતે શું કરે છે તે એ જાણતા નથી."

વધસ્તંભ ઉપર અપરાધીએ કરેલા અપરાધનો લેખ લખવાની રીત હતી; પણ ઈશુનો કાંઇ અપરાધ ન મળે એટલે એના સ્તંભ ઉપર 'યહૂદીરાજ નાસરતનો ઈશુ' એમ પીલાતે લખ્યું. યહૂદીને આ ન ગમ્યું, પણ પીલાતે

કહ્યું: ‘ મેં લખ્યું તે લખ્યું. ’ મહન્તો, શાસ્ત્રીઓ ને મહાજનો ઇશુની ઠેકડી કરતા સ્તંભને ફરતા ઊભા ને બોલ્યા: ‘ પોતાને બચાવી શકતો નથી, ને બીજાને બચાવવા નીકળ્યો હતો ! સત્તા હોય તો ઊતરી પડે સ્તંભથી. ’

બેય ચોર પ્રથમ તો ઈશુને હસતા હતા; પણ એનું ધૈર્ય ને ગૌરવ જોઇને એક ચોરને પશ્ચાત્તાપ થયો; એટલે એણે પોતાના સાથીને વાર્યો ને ઇશુને કહ્યું: ‘ ભગવન્! તારૂં રાજ્ય સ્થપાય તે દિ મને સંભારજે. ’ ઇશુએ કહ્યું: ‘ આજ તું મારા ભેળો દેવલોક પામીશ. ’

ઇશુની મા મરિયમ કાલ્વારી આવી હતી ને ફાટતે હૈયે ઊભી હતી. માનીતો શિષ્ય જૉન પણ ત્યાંજ હતો. ઇશુએ જૉન સામી સાન કરીને મરિયમને કહ્યું: ‘ જો આ તારો દીકરો. ’ અને મરિયમ સામે ચીંધીને જૉનને કહ્યું: ‘ જો આ તારી મા. ’

ઈશુને નવ વાગ્યે સ્તંભે જડયો હતો. બપોર પછી ત્રણ વાગ્યે એણે દેહ છોડયો; એટલે પંદર ઘડી એણે પીડા વેઠી. મધ્યાહ્નથી તે ત્રણ વાગ્યા સુધી યહૂદિયામાં બધે અંધારૂં ફેલાઈ ગયું. અતિ સ્નેહથી ઇશુને શંકા થઇ કે રખેને પિતાએ પોતાથી એનું મુખ ઢાંકી લીધું હોય, એટલે એણે કહ્યું: “ મારા ભગવાન, મારા ભગવાન! તેં કેમ મારો ત્યાગ કર્યો છે?” પછી એણે કહ્યું: “ મને તરસ લાગી છે.” એક સૈનિકે એને મોઢે સરકો માંડયો એટલે ઇશુએ કહ્યું: ‘ પૂર્ણાહુતિ થઇ ’ પછી એણે કહ્યું: “ પિતા! મારો જીવ હું તારે હાથ સોંપું છું.” એમ કરીને એણે માથું ઢાળ્યું ને દેહ છોડયો.

[illegible]

[illegible]



૨-संत फ्रान्सिस

(લેખકઃ-શ્રી. રંગીલદાસ કાપડીઆ)

ઇશુની બારમી સદીના અંતિમ દિવસોમાં એ સંતના નામ સાથે જોડાયેલા 'અસીસી' નગરમાં આ વિરલ સંતનો જન્મ થયો હતો. જે નગરમાં દીનબંધુ સાધુ ફ્રાન્સિસે પ્રથમ જગતનો પ્રકાશ ભાળ્યો એ ઇટાલીના ઊનિયા પ્રાંતમાં આવેલું છે. એ મહાભાગી નગર આજે પણ ઇતિહાસના પાને એ સંતના નામની સાથે સાથે મશહૂર થયું છે. સંત ફ્રાન્સિસ કહેવાય જ છે 'અસીસીના સંત ફ્રાન્સિસ.'

એક વખતની પરાધીન એવી અસીસીની પ્રજાએ ભગીરથ પ્રયાસના પરિણામે પોતાના નગરની સ્વાધીનતા સંપાદન કરી. એટલામાં એની સમીપના પેરૂગીઆ રાજ્યની શત્રુતા વળી પાછી એને શિરે ઝઝૂમવા માંડી. અસીસીના નાગરિકોમાં નવું ચેતન સ્ફૂર્યું અને એમણે અત્યંત ઉત્સાહભેર પોતાની શક્તિ સંગઠિત કરવા માંડી. શહેરની ચારે બાજુ ફરતો મજબૂત કિલ્લો ચણાયો. આસપાસનાં ગામડાંઓના સ્વેચ્છાચારી જમીનદારોને કાબૂમાં લાવવાના પ્રયાસ થવા માંડ્યા. કેટલાયે જમીનદારોએ નાસીને પેરૂગીઆમાં આશ્રય શોધ્યો. શત્રુને તો આવો પ્રસંગ પ્રતિપક્ષીને હીણપત લગાડવાનું ઉત્તમ સાધન હોય છે. પેરૂગીઆએ એ પ્રસંગનો બરાબર લાભ ઉઠાવ્યો. યુદ્ધનાં દુંદુભિ વાગવા માંડ્યાં. તુમુલ યુદ્ધ મચ્યું. અસી-

સીના નાગરિકોએ મરણીઆ થઈ બાથ ભીડી અને શત્રુઓને પોતાના શૌર્યનો પરચો કરાવ્યો; પરંતુ અંતે તો એમનો પરાજય જ થયો. એના કંઇ કેટલાયે સેનાના નાયકો અને અસંખ્ય સૈનિકો કેદ પકડાયા. એમાં અસીસીના વૈભવશાળી પાઇટ્રો બર્નાર્ડોનનો પુત્ર ફ્રાન્સિસ પણ હતો. પેરૂગીઆનો આ કેદી તે વિશ્વની તવારીખને પાને પોતાની અમર પગલીઓ પાડનાર—વિશ્વને પોતાના મનુષ્યજન્મ વડે બડભાગી બનાવનાર એ અસીસીનો સંત ફ્રાન્સિસ. અનેક મહાન આત્માઓના બલિ વિના કદી જગત ઉન્નત બન્યું છે ખરૂં? એવાઓની ભસ્મમાંથી જ જગદુદ્ધારના તો અંકુરો ફૂટયા છે એમાં શક નહિ; પરંતુ એમને લલાટે ફાંસીનો માંચડો, ક્રોસ કે ઝેરનો પ્યાલોજ લખાયો હોય છે!

ફ્રાન્સિસનો જન્મ ઈ૰ સ૰ ૧૧૮૨ માં થયો હતો. આ વેળા એની ઉંમર આશરે વીસેક વર્ષની હશે. એ અસીસીના નવજવાનોનો પ્રિય નાયક હતો. એ ભારે હિંમતવાળો અને સ્વતંત્ર ખવાસનો હતો, છતાં એટલોજ મિલનસાર પણ હતો. એ રહેતો એક રાજકુમારના ઠબદબાથી! સારાં વસ્ત્રાભૂષણો પહેરવાં, ખૂબ ખર્ચ કરવો અને ગાનતાનમાં દિલ બહલાવવું એ એનો શોખ! વિદ્યા તરફ એને ખાસ રુચિ નહોતી. ધનિક પિતા તો એટલુંજ ઇચ્છતો કે નગરમાં એ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે અને લોકપ્રિય નીવડે. એ કારણે એ ફ્રાન્સિસના ઉડાઉપણાને તથા એની ખર્ચાળ રહેણીકરણીને કદી રોકતો નહિ.

પ્રેમપંથી કવિઓનો આદર્શવાદ

આ પરિસ્થિતિમાં જો કદી ફ્રાન્સિસ પણ અનેક નવયુવકોની પેઠે વિષયભોગોનો દાસ બનીને [illegible] તો એમાં આશ્ચર્ય નહોતું; પરંતુ [illegible] જ એના [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

એ રોકાઇ જતો, અને આચારભ્રષ્ટ થતાં બચતો. એ સમયે દક્ષિણફ્રાંસમાં રહસ્યવાદી કવિઓનો એક સંપ્રદાય× હતો. એમાંના કેટલાક લોકો છેક ઇટાલીમાં પણ પોતાનાં કાવ્યો ગાતા ગાતા ઘૂમતા. એ હતા તો પ્રેમપંથી કવિ, પણ એમનો પ્રેમ હતો કોઈ અલૌકિક, કાલ્પનિક અથવા પરોક્ષ પ્રેમિકામાં આરૂઢ ! એ મધુર ગીતો દ્વારા તેઓ યૌવનનાં સુખદુઃખના યશ ગાતા, ત્યાગ અને ઉપાસનાના ભાવમિશ્રિત પાવન પ્રેમનો મહિમા ગાતા, અને કોઇ ઉચ્ચ આદર્શ માટે સાહસ વડે યુદ્ધ કરતાં કે હસતાં હસતાં કઠિન કષ્ટ સહન કરી શકે કે મોંઘું આત્મબલિદાન કરી શકે એવી ઔદાર્યપૂર્ણ વીરતાનાં યશોગાન કરતા. એમના મહાન સંગીતનો પ્રભાવ ફ્રાન્સિસ પર પણ પડ્યો. પરિણામે એ એના વિચારોની અધોગતિમાંથી ઉગર્યો. 'હું પણ એમની માફક કવિ બનું, હું પણ કોઇ મહાન ધ્યેયને માટે યુદ્ધ કરૂં અને સાચો વીર બનું' એવા ભાવો એના દિલમાં ઉગવા લાગ્યા. ડહાપણની સાથે એનામાં સમતા, દયા અને સહનશીલતા પણ હતાંજ. એ અપવ્યયી હતો છતાં દાતા હતો; પરંતુ આ સર્વ હોવા છતાં એને એ વેળા એના જીવનકાર્ય કે ધ્યેયનું ખાસ ભાન નહોતું. સમાજમાં પ્રતિષ્ઠા અને યુદ્ધમાં વિજયપ્રાપ્તિ એ એનું લક્ષ્ય, એ એની મહત્ત્વાકાંક્ષા ! એની માતાએ તો પુત્રને એથી પણ વધુ સારી રીતે ઓળખી લીધો હતો. પડોશીઓએ એક દિવસ એને કહ્યું કે, તારો પુત્ર તો રાજકુમારની માફક રહેવા ઇચ્છે છે; કિંતુ માતાને તો પુત્રની એ વિલાસપ્રિયતાના ભીતરમાં દયા, ભક્તિ અને વિનયશીલતાનાં દર્શન થયાં હતાં, એટલે એણે તો એ-ધડક ઉત્તર દીધો કે 'નહિ, મારો પુત્ર તો ઈશ્વરપુત્ર થશે.'

× ખ્રિસ્તી સંસારમાં ચાર મહાપુરુષો સંત ફ્રાંસિસના નામે મશહૂર છે. આ ચરિત્ર નાયક સેન્ટ ફ્રાન્સીસ ઓફ્ અસીસી છે, જે એ ચારે સંતોમાં અધિક મહાન અને વિખ્યાત છે.

નવજીવનનો આરંભ

લગભગ એક વર્ષ ફ્રાન્સિસ કેદમાં રહ્યો. એ [illegible] ખૂબ આનંદમાં રહેતો, પણ સાથે સાથે અન્યોને [illegible] એટલા જ પ્રસન્ન રાખવાનો પ્રયાસ કરતો. એનો એક જો[illegible] દાર હતો, જેના તરફ સર્વ કોઈને અભાવ હતો. [illegible] એક પ્રકારે બહિષ્કૃત હતો એમ કહી શકાય. ફ્રાન્[illegible] કોઈની પણ પરવા ન કરતાં એની સાથે મિત્રવત્ વ[illegible] રાખતો અને એને પ્રસન્નચિત્ત તથા ખુશ રાખવા[illegible] ખાસ ચેષ્ટા કરતો. અંતમાં બધાઓએ એની સાથે [illegible] જમાવી લીધો.

જેલમાંથી છૂટીને એ અસીસી પહોંચ્યો. ત્યાં જ[illegible] વેંત એ જ્વરનો ભોગ થઈ પડ્યો અને મહિનાઓ સુ[illegible] એ બિછાનામાંથી ઉઠી શકવા જેટલો પણ તાકાદવાન [illegible] રહ્યો. આ બધો સમય એને વિચાર-ચિંતનનો મો[illegible] મળ્યો. એનામાં ગંભીરતાએ પ્રવેશ કર્યો. ક્રમશઃ [illegible] સારો તો થવા લાગ્યો, પણ રોગે જિંદગીભર એનો કે[illegible] ન છોડ્યો. યૌવનની સ્ફૂર્તિ અને આકાંક્ષા એક વખ[illegible] પુનઃ કાર્યક્ષેત્ર શોધવા લાગ્યાં. ખ્રિસ્તી સંપ્રદાયનો મુખ્ય[illegible] ધિપતિ પોપ એ વેળા જર્મન સમ્રાટ સાથે યુદ્ધ એલી ર[illegible] હતો. પોપના ધર્મધ્વજ હેઠળ દૂર દૂરથી વીરગણ [illegible] રહ્યા હતા. ફ્રાન્સિસની પણ યશપિપાસા જાગી ઉઠી. [illegible] યાર સજીને તથા તેજી ઘોડા પર સ્વાર થઈને એ યુદ્ધ [illegible] ચાલી નીકળ્યો. એનું મહત્ત્વાકાંક્ષી હૃદય નવીન આ[illegible] આશાથી ભરેલું હતું. જતી વખતે એણે ભવિષ્ય ભાખ્યુ[illegible] 'હું એક પ્રસિદ્ધ પુરુષ થઈને પાછો ફરીશ.' પરંતુ [illegible] ને. એને કોઈ અનેરા જ યુદ્ધ માટે નિયત કર્યો હતો.

[illegible] દિવસે સાંજે એણે સ્પોલેટો શહેરમાં [illegible] [illegible] અર્ધજાગ્રત અવસ્થામાં એણે [illegible] [illegible]

ભાન થશે કે તારે શું કરવાનું છે.' એણે તો બીજે દિવસે પ્રાતઃકાળે પોતાના વતન તરફ પગલાં માંડ્યાં. લોકોને આશ્ચર્ય થયું. કેટલાકોએ કહ્યું પણ ખરું કે 'ડરી ગયો.' પણ ફ્રાન્સિસના તો નવજીવનનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. એ પાછો મિત્રમંડળને મળ્યો; પણ હવે તો આધ્યાત્મિક ક્રાંતિની અજાક છાપ એના મુખ ઉપર દેખાતી. લોકોએ તો કહ્યું કે 'એ કોઈ સુંદરીના પ્રેમમાં ફસ્યો છે!'

જ્યારે એ પોતાની આસપાસ ફેલાયેલાં રોગ, દીનતા અને દરિદ્રતાની સાથે પોતાના જીવનની તુલના કરતો ત્યારે એનો આત્મા વ્યાકુળ થતો—કકળી ઉઠતો. મિત્રમંડળથી નિરાળો પડી એ ઘણું ખરું એક પ્રાચીન નીરવ સમાધિ પર વિચાર, ચિંતન અને પ્રાર્થના કર્યા કરતો. આધ્યાત્મિક આશ્વાસનને માટે એણે ખ્રિસ્તીઓના મુખ્ય યાત્રાધામ–કેન્દ્રસ્થાન–રોમની યાત્રા કરી. ત્યાં ઈશુના શિષ્યોની સમાધિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. યાત્રાનાં ધામો સર્વ સ્થળે અને સર્વદા ભિક્ષુકોથી ઉભરાતાં હોય છે. રોમ પણ એ સામાન્ય નિયમને અપવાદ નહોતું. અહીં પણ ભિક્ષુકોનાં જૂથ ફ્રાન્સિસે ભાળ્યાં અને એને પણ ભિક્ષુજીવનનો આસ્વાદ લેવાનું મન થયું. એક ભિક્ષુકને થોડા પૈસા આપી એણે એનાં વસ્ત્રો માગી લીધાં અને એ પહેરીને આખો દિવસ એણે સામાન્ય ભિક્ષુકની માફક ભીખ માગવામાં ગુમાવ્યો. ફ્રાન્સિસના જીવનમાં સ્વેચ્છિત દારિદ્ર્યની આ પહેલી ઝલક હતી!

બાલ્યાવસ્થાથીજ એને કોઢપીડિતો તરફ ભારે અણગમો હતો. એક દિવસ એ બહારથી ઘૂમીને ઘેર પાછો ફરતો હતો, એવામાં રસ્તે એને એક કોઢિયા ભિખારીનો ભેટો થયો. એનું આખું શરીર ઘૃણાજનક રોગથી ગલિત અને કુરૂપ બની ગયું હતું. એણે ફ્રાન્સિસ પાસે ભિક્ષા માગી. એને જોઈને જ ફ્રાન્સિસના હૃદયમાં કમકમાં આવ્યાં, છતાં તત્ક્ષણ એનું આધ્યાત્મિક સાહસ જાગ્રત થઈ ગયું.

એના મગજમાં તરત જ વિચાર આવ્યો કે એ હતી એના આત્માની પરીક્ષા. આ આત્મયુદ્ધ સાધારણ યુદ્ધો કરતાં અધિક કઠણ હતું, એ તરતજ ઘોડા પરથી ઉતરી પડયો તથા દોડીને એ કોઢિયાને છાતી સરસો ચાંપ્યો અને પછી પાસે જે કંઈ હતું તે એને આપી દઇ પાછો ફર્યો. થોડે દૂર જઇ એણે પાછા વળી જોયું, પણ એ કોઢિયાનો ક્યાંયે પત્તોજ નહોતો !

સામાજિક મહત્ત્વાકાંક્ષા ફ્રાન્સિસના હૃદયમાંથી નિર્મૂળ થઇ હતી, કિન્તુ એને હજી સુધી કોઇ નવીન પથ દૃષ્ટિગત નહોતો થયો; એને હરહમેશ એવો ભાસ થયા કરતો કે કોઇ અદૃષ્ટ શક્તિ એને માર્ગ દેખાડશે. નગર બહાર 'સંત ડામિયન'નું એક જીર્ણ મંદિર હતું. એક દિવસ ફ્રાન્સિસ ત્યાં ઘુંટણીએ પડીને પ્રાર્થના કરવામાં લીન હતો. એ વેળા એને 'ક્રૉસ'માંથી સહસા નીકળતી વાણી સંભળાઇ કે " ફ્રાન્સિસ ! તું દેખતો નથી ? આ મારૂં મંદિર તૂટી ગયું છે, એનો જીર્ણોદ્ધાર કરાવ.' ફ્રાન્સિસે તો આ આજ્ઞાનો શબ્દાર્થ ગ્રહણ કર્યો. નવીન ઉત્સાહથી ઓતપ્રોત થઇ એ આજ્ઞાના પાલનકાર્યમાં મંડી પડયો.

ગૃહત્યાગ

એ જીર્ણ મંદિરની મરામત માટે ધનની જરૂર હતી. ફ્રાન્સિસે પોતાનો ઘોડો અને પોતાના પિતાની દુકાન-માંનાં કિંમતી કપડાં ચોરીછૂપીથી વેચી નાખ્યાં. એ સમાચાર મળતાંજ એના પિતા ક્રોધાયમાન થયા. પિતાના ક્રોધથી અને લોકલાજથી બચવા લગભગ એક માસ સુધી ફ્રાંસિસ ગુફામાં એ ભરાઈ રહ્યો. એ અજ્ઞાત એકાંતવાસમાં એને પ્રાર્થના અને આત્મચિંતનનો સુંદર પ્રસંગ [illegible]
[illegible]
[illegible]
[illegible]

એવો એને વિચાર આવ્યો અને એ ગુફા છોડી એ અસીસી પાછો આવ્યો. કષ્ટસહન, ઉપવાસ અને અંતર્દ્વંદ્વથી એનું શરીર કૃશ થઈ ગયું હતું. એ પાગલની માફક રસ્તા પર ઘૂમવા લાગ્યો. લોકો હાંસી કરતા, કોઈ કોઈ એને મહેણાં દેતા, પણ એ તો સર્વ કંઈ ચુપચાપ ગળી જતો. એનાથી પીટર બર્નાર્ડોનની ઇજ્જતને ધક્કો પહોંચ્યો. એણે પુત્ર ઉપર આશાની જે ઇમારત ચણેલી તે મિટ્ટીમાં મળતી દેખાઈ. એ ફ્રાન્સિસને પકડીને ઘેર લઈ આવ્યો. એને થોડો ઘણો પીટ્યો પણ ખરો અને ઓરડામાં પૂર્યો. એના હાથે હાથકડી અને પગોમાં બેડીઓ પડી. એ નાખી પિતા વ્યવસાયાર્થે બહાર ચાલ્યો ગયો!

પણ માતા તો પુત્રના વિચારોને—સદ્ભાવોને ઝીલતી હતી; જો કે એ પણ એવું તો નહોતી જ ઇચ્છતી કે ફ્રાન્સિસ ઘરબાર તથા સર્વ કોઈનો ત્યાગ કરે. એણે પુત્રને સમજાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ ફ્રાન્સિસને તો નવીન જ્યોતિનાં દર્શન થયાં હતાં. માતાનો પ્રયત્ન વિફળ ગયો. પણ એણે ફ્રાન્સિસને બંધનમુક્ત તો કર્યો જ. બર્નાર્ડોન ઘેર પાછો ફર્યો ત્યારે એણે ફ્રાન્સિસને ન ભાળ્યો; માતાએ પુત્રને આશિષ દઈ વિદાય કરી દીધો હતો!

બળપ્રયોગથી પુત્રની સાન ઠેકાણે લાવવામાં વિફળ નીવડેલા પિતાએ ક્રોધને વશ થઈ એને ભવિષ્યના સઘળા પૈતૃક અધિકારોથી પદભ્રષ્ટ કરવાનો નિશ્ચય કર્યો, એટલું જ નહિ પણ ફ્રાન્સિસ પર એણે વેચેલાં કપડાંની કિંમતનો દાવો માંડયો. ત્યાં લાટ-પાદરીની કચેરીમાં ઉપસ્થિત મેદની સામે ફ્રાન્સિસે કહ્યું:

"આજસુધી હું મારી જાતને પીટર બર્નાર્ડોનનો પુત્ર કહેતો હતો. આજથી સ્વર્ગસ્થિત પરમાત્મા એકજ મારા પિતા છે. કેવળ એનું ધન જ નહિ, પરંતુ એણે આપેલાં આ કપડાં સુદ્ધાં હું એને પાછાં આપું છું.' આ કહેતાં વેંત એણે પોતાનાં સર્વ કપડાં ઉતારીને આપી દીધાં. લોકોએ

જોયું કે એણે કપડાં નીચે કેવળ કામળાનું એક પહેરણ જ પહેર્યું હતું. પોતે દીન અને દલિતોનો કુટુંબીજન બની સ્વતંત્રતાપૂર્વક એમની સેવા કરી શકે એટલા માટે એણે માતાપિતા અને ધનસંપત્તિ સર્વ કંઈનો પરિત્યાગ કર્યો. એ દિવસ એ એના સ્વેચ્છિત દારિદ્રની દીક્ષાનો દિવસ હતો. એ હંમેશાં કહેતો કે 'એ દિવસે દરિદ્રતા-દેવી સાથે મારો વિવાહ થયો.'

ન તો એની પાસે કંઈ દ્રવ્ય હતું કે ન તો હતાં કમાણીનાં કોઈ સાધનો. નહોતું એને ઘર કે નહોતાં હવે માતાપિતા અગર બંધુ ! કકડતી ઠંડી પડી રહી હતી. બહાર બરફ વરસતો હતો. કોઈ પણ પ્રકારના રક્ષણ વિના કેવળ એક કામળી ઓઢીને એ વૈરાગ્યબદ્ધ યુવકે વિસ્તૃત સંસારમાં ઝુકાવ્યું. બહાર આવતાં વેંત એના મુખમાંથી સહસા 'પ્રેમપંથી' કવિઓના ગીતની નીચેની લીટી સરી પડી:

' ઉપાસનામંદિરોનો જીર્ણોદ્ધાર '

અસીસીની ગલીઓમાં ગીત લલકારતો લલકારતો એ ઈંટ, પથ્થર તથા ચુનાની ભીખ ટહેલતો અને જે કંઈ મળે એ પોતે ઉંચકી મંદિર સુધી લઈ જતો તથા જાતે મરામત કરતો. ક્યારેક ક્યારેક કોઈ ગરીબ ભિક્ષુઓ આવીને એને સહાય કરતા. વટેમાર્ગુઓને આ પુણ્યકાર્યમાં મદદ કરવા એ આગ્રહ કરતો. એ સિવાય એ રક્તપિત્તિઆઓની ઇસ્પિતાલમાં અને એમના [illegible] પર જઈ એમની સેવામાં આહ્લાદ લેતો. ભિક્ષામાં એમને જે [illegible] [illegible]

[illegible]

જતાં એજ મંદિરને ફ્રાન્સિસે સ્થાપેલા ભિક્ષુણીસંઘનું કેન્દ્ર બનાવવામાં આવ્યું. એ પછી એણે પોર્ઝિયનકુલેના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. એ પવિત્ર સ્થળ પર ફ્રાન્સિસી ભિક્ષુ-સંઘના શ્રીગણેશ મંડાયા.

ફ્રાન્સિસનું વ્યક્તિત્વ

આ વેળા ફ્રાન્સિસનું વય કેવળ પચીસ વર્ષનું હતું. એનું શરીર કૃબળું અને કદ સામાન્ય હતું. જીવન-ભર રોગનું આક્રમણ એના પર ચાલુ જ રહ્યું, તોપણ એની સ્ફૂર્તિ અને સહનશીલતા અદ્ભુત હતાં. સહૃદયતા અને આંતરિક એકનિષ્ઠા તથા સ્વાભાવિક વિનયશીલતા વડે એનું વ્યક્તિત્વ શાંતિ અને માધુર્યથી ઉભરાતું. એનાં નેત્રોમાં એક વિચિત્ર જ્યોતિ સદા-સર્વદા નાચતી રહેતી. એને પ્રકૃતિ તરફ પ્રીતિ હતી. એ પ્રત્યેક વસ્તુને સજીવ ઈશ્વરી અંશથી અનુપ્રાણીત માનતો. વૃક્ષ, પુષ્પ, પશુ-પક્ષી, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, જળ વગેરેને એ ભાઈબહેન કહીને સંબોધતો, બાલ્યાવસ્થાથી જ એનું વલણ કવિતા તરફ ઢળતું; પરંતુ એ અન્ય કવિઓથી નિરાળો હતો. એનું આખું જીવન જ એક કાવ્ય હતું ! એના લેખો કરતાં કંઈક વધારે એના ઉપદેશથી, એનાં વચનો કરતાં કંઈક અધિક એનાં કાર્યોથી એની કવિકલ્પના સ્ફુરતી. એ કેવળ નાટ્યકારજ નહોતો, પરંતુ સ્વયં નટ પણ હતો ! એણે પોતાના જીવનને ગીત તો બનાવ્યું, પણ સાથે સાથે એ ગીત ગાયું પણ ખરું !

પયગમ્બર ઇશુએ મનુષ્યમાત્રનાં પાપોનું પ્રાયશ્ચિત્ત પોતાના પ્રાણનો બલિ દઈને કર્યું. 'ક્રૉસ' એના એ મહા-બલિદાનની પ્રતિમા છે, એ મહાત્માની ઉપાસના અને પૂજા ઈસાઈ સંસાર અગિયાર સૈકાઓથી કરી રહેલો હતો, પરંતુ ફ્રાન્સિસના ઉદય સાથે તેમાં એક નવીન ભક્તિભાવના ઉદયની ઝાંખી થઈ. એ છે ઇશુના ત્યાગ-મય—બલિદાનમય જીવનનું અનુસરણ. સંસારને પાપમુક્ત

કરવાના મહાયજ્ઞમાં એને સાથ દેવો—ક્રૉસની પૂજા માત્ર નહિ કરતાં એનો ભાર પોતે વહેવો.

ભિક્ષુસંઘની સ્થાપના

ઉન દિનોં રોમ કા હી નહીં, સમસ્ત યુરોપ કા ધાર્મિક વાતાવરણ બડા ગંદા થા. વહાં મૂર્ખતા ઔર વ્યભિચાર કી બોલબાલા થી. સબ જગહ રૂઢિયોં કી પૂજા હોતી થી. ધર્મ કે નામ ઢોંગી લોગ લકીર કે ફકીર બન ગયે થે. ધર્મ કા વાસ્તવિક તત્ત્વ લોગોં કે જીવન સે બિલકુલ લુપ્ત હો ગયા થા. બ્રૂનો ઇસ અનાચાર કો ન સહ સકા. ઇસને કટ્ટરતા કે ઉપાસકોં ઔર ધર્માધ્યક્ષોં કે વિરુદ્ધ, જો ધર્મ કી આડ મેં મનમાને અનાચાર કરતે તથા અપની પ્રભુતા કે મદ મેં ઈશ્વર ઔર ધર્મ કે નામ કો કલંકિત કરતે નહીં અઘાતે થે, બગાવત કર દી. ઉસને અપને સ્વતંત્ર વિચારોં કા પ્રચાર આરંભ કર દિયા ઔર અપના ભિક્ષુ કા [illegible]

લિયા કિ—"પૃથ્વી અપની ધુરી પર સૂરજ કે ચારોં ઓર ઘૂમતી હૈ." આગે ચલ કર ઉસને ઇસ સંબંધ મેં ભી અપને વિચાર સ્થિર કર લિયે કિ ઇસ મૃત્યુલોક કે સિવા, ઔર દૂસરે લોક ભી હૈં, જો આબાદ હૈં.

ધીરે ધીરે બ્રૂનો કે જ્ઞાન કી પ્રકાશકિરણેં યુરોપ-ભર મેં ફૈલને લગીં. યદિ ઉસકે માર્ગ મેં પાદરી ઔર પુરોહિતોં ને તરહ-તરહ કી રૂકાવટેં ન ડાલી હોતીં, તો યુરોપીય સમાજ કા સંસ્કાર ઔર ભી અધિક દ્રુત ગતિ સે હોતા. અસલ બાત યહ થી કિ બ્રૂનો ને યુરોપીય સમાજ સે મૂઢતા, અંધવિશ્વાસ ઔર અનાચાર કો સમૂલ નષ્ટ કર કે વહાં તર્કયુક્ત સચ્ચે વૈજ્ઞાનિક યુગધર્મ કી સ્થાપના કા બીડા ઉઠા લિયા થા. ઇસી કારણ ઉસે દેશ વિદેશ મેં ભટકના પડા ઔર તરહ-તરહ કે કષ્ટ ભી ઝેલને પડે. જબ વહ એક દેશ મેં સતાયા ગયા તબ દૂસરે દેશ મેં ભાગ ગયા. હર જગહ ઉસને લોગોં સે વાદ-વિવાદ છેડા ઔર સ્વતંત્ર વિચારધારા પર જોર દિયા. ઉસને લોગોં સે સ્પષ્ટ કહા કિ અંધે બન કર કિસીકે પીછે મત દૌડો, આંખેં ખોલ કર ચલો ઔર પ્રત્યેક બાત પર અપની બુદ્ધિ સે વિચાર કરના સીખો. ઉન કટ્ટરતા ઔર અંધવિશ્વાસપૂર્ણ બાતોં કી ઉસને ખુલે શબ્દોં મેં નિંદા કી જો જનતા કો વિચારહીન ઔર નિર્દય બનાને મેં સહાયક હોતી થીં.

જિનેવા, લિયોન્સ, પૈરિસ, લંડન, ઓક્સફર્ડ, બટેંબર્ગ, વેનિસ આદિ યુરોપ કે કુછ ખાસ ખાસ સ્થાનોં મેં, જહાં સંસાર કે વિવેકશીલ ઔર વિદ્વાનોં કે મિલન કે કેન્દ્ર થે, જા કર બ્રૂનો ને અપની સ્વતંત્ર વિચારધારા કા પ્રચાર કિયા. વહાં કઇ તત્કાલીન વિદ્વાનોં ઔર પંડિતોં સે મિલ કર વહ ઇનકે વિષયોં પર વિચારવિનિમય ભી કર સકા.

બ્રૂનો ને ઇસાઇ ધર્મ કી રોમન કૈથોલિક વિચાર-

ધારા કી કટ્ટરતા કા વિરોધ કિયા; ઔર સાથ હી કાલ્વિન ઔર ફ્રેન્ચ સુધારકોં કી સંકીર્ણતા કા ભી. ઉસકે વિચાર વાસ્તવ મેં બડે ઉદાર ઔર અધિક સે અધિક વ્યાપક થે. ઉસ પર નાસ્તિક હોને કા જુર્મ લગાયા ગયા, પર વહ સમમુચ અનીશ્વરવાદી નહીં થા. વહ કિસી મજહબ કે લોગોં કે વિશ્વાસોં કી હંસી ઉડા કર ઉનકા દિલ દુખાના જાનતા હી ન થા. વિવિધ ધર્મોં કી બેહૂદી આલોચ-ચનાઓં સે વહ સદા અલગ રહા કરતા થા. અસલ બાત યહ થી કિ ઉસકા દિમાગ આધ્યાત્મિક પહેલિયોં કે સુલઝાને મેં વ્યસ્ત રહતા થા, ઇસી કારણ સચાઈ કે નિષ્કર્ષ પર પહુંચને કે લિયે ઉસે ધાર્મિક સિદ્ધાન્તોં કી ન્યાય્ય આલોચના કરની પડતી થી. ઉસને અપને વ્યાવહારિક જીવન મેં અનુભવ કિયા ઔર દૂસરે લોગોં કો બતાયા કિ ઈશ્વર હર જગહ હૈ ઔર હર ચીજ મેં હૈ, યહાં તક કિ સંસાર કે કણ-કણ મેં ઈશ્વર કી સત્તા મૌજૂદ હૈ. ઉસને મનુષ્ય મેં દૈવી પૂર્ણતા કા સારભાગ દેખા ઔર ઉન કારણોં કા નિરાકરણ કિયા જો ઉસકે પ્રકાશ પર પરદા ડાલે હુએ હૈં. વહ બહુત ઉચ્ચ કોટિ કા દાર્શનિક ઔર કવિ થા. વહ ચાહતા થા કિ મનુષ્ય કા મસ્તિષ્ક હર પ્રકાર કી રૂઢિયોં ઔર ધાર્મિક પક્ષપાત કે બંધનોં સે મુક્ત હો જાય, ઔર વહ તનિક ભી ધાર્મિક વિધાનોં કી શૃંખલા મેં જકડા હુઆ ન રહે. ઉસને કિસી પ્રકાર કી સ્વતંત્રતા સ્વયં અપને લિયે ચાહી ઔર [illegible] પર જોર દિયા કિ માનવજીવન [illegible] પર ખુલે ઔર સ્વતંત્ર [illegible]

તર્કમૂલક જ્ઞાન ઔર સત્ય પ્રકાશકિરણોં હી સે મનુષ્ય-
સમાજ ઉન્નત બન સકતા હૈ. અંધ વિશ્વાસ, રૂઢિપૂજા
ઔર ગુરુડમ સે નહીં, પરંતુ ઇન સબ બાતોં કો
સાધારણ જનતા સમઝને મેં અસમર્થ થી; ક્યોંકિ ધર્મ
કે ઠેકેદારોં ને ધર્માંધતા, અંધવિશ્વાસ ઔર કટ્ટરતા કી
બાતેં ભર કર ઉસકે દિમાગ કો પહલે હી સે ખરાબ
કર દિયા થા. ઇસ દશા મેં બ્રૂનો કે તર્કપૂર્ણ પરિમા-
ર્જિત વિચાર લોગોં કી મૂઢતા કી સીમા કો તુરન્ત હી
સ્પર્શ કરને મેં અસફલ રહે. ઉસકે સ્થાયી ઔર તથ્ય-
પૂર્ણ વિચારોં કા પ્રભાવ બહુત દેર મેં લોગોં કે મન
પર પડા.

બ્રૂનો કેવલ કિતાબી કીડા ઔર અપની કલ્પના કે
બલ પર હવાઇ મહલ બનાનેવાલા પ્રાણી ન થા. ઉસને
ધર્મ ઔર દર્શન કી સમસ્યાઓં કા ગંભીરતાપૂર્વક
અધ્યયન ઔર મનન કિયા. ફિર વ્યાવહારિકતા કા રંગ
દે કર ઉન્હેં ઉસને ઇસ પ્રકાર ચમક દિયા કિ દૂર યા
પાસ સે દેખનેવાલે લોગ એકદમ દંગ રહ ગયે ઔર
બ્રૂનો કે વિચારોં કી ઓર આકર્ષિત હુએ બિના નહીં
રહે. ઉસને વિચાર કિયા, લિખા ઔર બહુત સે ભાષણ
દિયે. ઉસકે ભાષણ વાગ્મિતા કી અદ્ભુત કલા સે પૂર્ણ
ઔર ઇતને પ્રભાવશાલી હોતે થે કિ લોગ ઉસકી પ્રતિભા
કી ઉપેક્ષા ન કર સકે. ઇસી કારણ ધાર્મિક ક્ષેત્ર સે
ઉસકા બહિષ્કાર કિયા ઔર વિશ્વ-વિદ્યાલયોં સે
નિકાલ દિયા ગયા. અનેક શહરોં ઔર કસ્બોં મેં જાને
પર વહ વહાં સે નિકાલ દિયા ગયા. ઇસ પ્રકાર સચ્ચાઈ
ઔર જ્ઞાન કો તર્કયુક્ત વૈજ્ઞાનિક કસૌટી પર કસ ઉસે
સાધારણ જનતા મેં પ્રચાર કરનેવાલા તત્ત્વવેત્તા બ્રૂનો
લગાતાર ૧૬ વર્ષ તક યુરોપ કે વિભિન્ન પ્રદેશોં મેં
ભટકતા ફિરા. ઉન દિનોં મેં જિનમેં કિ સડક ચલ
કર પેરિસ સે કેલે પહુંચને મેં ઠીક આઠ દિન લગતે
થે, કહીં કહીં સરાયોં મેં ઠહરને કે લિયે બ્રૂનો કો

બહુત જ્યાદા કિરાયા દેના પડા. યાત્રા મેં કભી-કભી તો ઉસે ઘાસ-ફૂસ કે બિસ્તર પર હી સંતોષ કર કે સોના પડતા થા. જહાં વહ ગયા વહીં ઉસને અનેક પુસ્તકેં લિખીં ઔર પ્રકાશિત કરાઇં. ઉસકી લિખી પુસ્તકોં મેં કુછ દાર્શનિક વિષયોં સે સંબંધ રખતી થીં ઔર કુછ કવિતા સંબંધી થીં.

ઉન દિનોં ફ્રાન્સ મેં ગૃહકલહ કી જ્વાલા જગ રહી થી. વહાં ઇસાઇયોં કે દો મુખ્ય સંપ્રદાય પ્રોટેસ્ટેન્ટ ઔર રોમન કૈથોલિક આપસ મેં એકદૂસરે કા સિર ફોડને મેં લગે થે. બ્રૂનો કે વહાં પહુંચને સે ઠીક આઠ બરસ પહલે સન્ ૧૫૭૨ મેં પેરિસ મેં પ્રૉટેસ્ટેંટ લોગોં કા કત્લે-આમ હુઆ થા. તબ ફ્રાન્સ કા બાદશાહ થા નવાં ચાર્લ્સ. યહ સબ બાતેં દેખ-સુન કર બ્રૂનો બડા ક્ષુબ્ધ હુઆ. ઉસે માલૂમ હુઆ કિ ધર્માંધતા કા રંગ ચઢ જાને પર મનુષ્ય મનુષ્ય નહીં રહતા, વહ બર્બરતા કી પરાકાષ્ઠા તક પહુંચ કર સચમુચ પશુ બન જાતા હૈ.

પેરિસ પહુંચ કર બ્રૂનો તીસરે કિંગ હેનરી કી કૃપા સે પ્રોફેસર હો ગયા. બાદશાહ બ્રૂનો કી વિદ્વત્તા ઔર પ્રતિભા સે બડા પ્રભાવિત હુઆ થા. બ્રૂનો ને અપને કુછ લેખોં મેં બાદશાહ કી ઉદારતા કા ઉલ્લેખ કર દિયા. આગે ચલ કર વેનિસ મેં મામલા [illegible] જબ વહ નાસ્તિકતા કા અપરાધી ઠહરાયા ગયા તબ અન્ય સુધારકોં કે સાથ ઉન પર એક [illegible] યહ ભી [illegible]

[illegible]

કિયા. રાની સ્વયં ઇટાલિયન ભાષા અચ્છી તરહ બોલતી થી. વહ બ્રૂનો સે બાતચીત કર કે બડી પ્રભાવિત હુઇ. ફ્રાન્સ કા રાજદૂત તો સદા કે લિયે ઉસકા મિત્ર બન ગયા.

ઉન દિનોં લંદન કી જનસંખ્યા ૧ લાખ ૫૦ હજાર સે અધિક ન થી. પૈરિસ ઔર લિસ્બન કી તરહ વહ યુરોપ કા વિખ્યાત ઔર મહત્ત્વપૂર્ણ નગર ન થા. અંગ- રેજ વિદ્યાર્થી કભી વિદેશયાત્રા ન કરતે થે. રાની એલીઝાબેથ કો અપની વિદ્વત્તા પર બડા અભિમાન થા, કિન્તુ ઉસને અપની પ્રજા કો કિસી વિષય પર સ્વતંત્રતાપૂર્વક વાદ–વિવાદ કરને કી ઇજાજત નહીં દી થી. લંદન, ઑક્સફર્ડ ઔર કૈમ્બ્રિજ મેં છાપેખાનોં કો લાઇસન્સ લેને પડતે થે ઔર પ્રકાશિત કી હુઇ ચીજોં કી બડી સખ્તી સે જાંચ કી જાતી થી. ઇસ દશા મેં અનાવશ્યક કાયદે–કાનૂનોં કી પ્રાચીરોં સે ઘીરે હુએ વાતાવરણ મેં બ્રૂનો કો કિસી તરહ ભાષણ દેને કી ઇજાજત મિલ ગઇ. ઑક્સફર્ડ યુનિવર્સિટી મેં ઉસકે કઇ પ્રભાવશાલી ભાષણ હુએ. વહાં કે વાતાવરણ મેં બૌદ્ધિક જીવન કા પ્રભાવ થા. યુનિવ- ર્સિટી કે અધિકારી રાજદરબાર કે નામજદ કિયે હોતે થે. બ્રૂનો ને ઉનકે સંબંધ મેં લિખા હૈ—

"વે લંબે લંબે મખમલી ચોગા પહને થે. ઉનકી અંગુલિયોં મેં બહુતસી બહુમૂલ્ય અંગૂઠિયોં સુશોભિત થીં ઔર ગલે મેં સોને કી જંજીરેં. રહન–સહન ઔર ચાલ–ઢાલ મેં વે સુશીલતા, વિનમ્રતા આદિ ગુણોં સે બિલકુલ ઐસે હી શૂન્ય થે જૈસે કિ ગાય–ભૈંસ ચરાને- વાલે ગ્વાલા હોતે હૈં."

એક દિન ઑક્સફર્ડ યુનિવર્સિટી કે અધ્યાપકોં સે કિસી દાર્શનિક વિષય પર બ્રૂનો કા વાદવિવાદ હુઆ. સભા સાર્વજનિક થી, ઉસમેં યુનિવર્સિટી કે ચાન્સેલર ભી ઉપસ્થિત થે. બ્રૂનો કે વિચાર બિલકુલ સ્વતંત્ર ઔર મૌલિક થે. ઉસકી વિકટ દલીલેં સુન કર અધ્યાપક લોગ

બહુત ઉત્તેજિત હો ગયે. અપને વિરોધી કો બ્રૂનો ને પન્દ્રહ બાર હરાયા. ઇસિ કારણ વહ આવેશ મેં આ કર ગાલી-ગલૌજ બકને લગા. બ્રૂનો ઉસકા બેહૂદા ઢંગ દેખ કર મુસ્કરાયા ઔર બડી શાંતિ સે વિરોધી દલ કી લચર ઔર દકિયાનૂસી બાતોં કા જવાબ દેને ખડા હુઆ. ઉસકે બાલ બિખરે હુએ થે ઔર પુરાને કોટ મેં એક ભી બટન નહીં થા. ઉધર વિરોધી દલ કે યુનિવર્સિટી કે 'ડૉકટર લોગ' જિનકે મૂર્ખતાપૂર્ણ નિરાધાર વિચારોં કા બ્રૂનો બડે સાહસ કે સાથ ખંડન કર રહા થા, અપની દો-દો અંગુલિયોં મેં બારહ-બારહ અંગૂઠિયોં પહને થે ઔર ગલે મેં ચમકતી હુઇ સોને કી જંઝીરેં. વે અરસ્તૂ કી પુરાની શિક્ષા કા સમર્થન કર રહે થે ઔર બ્રૂનો અપની અનુપમ તર્કશૈલી કે બલ પર ઉન વિચારોં કી ધજ્જિયાં ઉડા રહા થા; ઉસકે નવીન ઔર પરિમાર્જિત વિચારોં કા મૂલ મંત્ર થા ઉદારતા, બંધુત્વ ઔર પ્રેમ. સંપ્રદાયવાદ ઔર આપસ કે ઝગડોં કા વહ કટ્ટર વિરોધી થા. મિથ્યા આડંબર ઔર મતમતાન્તરોં કી જડ પર કુઠારાઘાત કર કે વહ યુરોપીય સમાજ મેં વૈજ્ઞાનિક યુગ-ધર્મ કી સ્થાપના કરના ચાહતા થા. પરંતુ યુનિવર્સિટી કે અધ્યાપક તક બ્રૂનો કે વિચારોં કે સાથ સહમત ન હો સકે.

તીન મહીને તક ઑક્સફર્ડ મેં સાર્વજનિક ભાષણ દે કર બ્રૂનો લન્દન લૌટ આયા. વહાં અનેક વિદ્વાનોં સે ઉસકી મિત્રતા હો ગઈ. દો વર્ષ તક ઇંગ્લૈંડ મેં રહને કે બાદ બ્રૂનો પૈરિસ ચલા આયા. વિરોધ ઔર આપસી ઝગડે-ઝંઝટ કે કારણ વહ વહાં અધિક સમય તક [illegible] ન સકા. [illegible]

બ્રૂનો જર્મની કે ફ્રેંકફર્ટ નગર મેં ઠહરા હુઆ થા. વહીં ઉસકે હૃદય મેં અપની માતૃભૂમિ કે દર્શન કરને કી ઇચ્છા બલવતી હો ઉઠી. અપને દેશ જાને મેં જો ખતરા થા ઉસસે વહ અનભિજ્ઞ નહીં થા. ફ્રેંકફર્ટ છોડને સે પહલે ઉસને સ્પષ્ટ લિખા થાઃ–બુદ્ધિમાન આદમી મૃત્યુ સે નહીં ડરતા; યહી નહીં, ઐસે અવસર ભી આતે હૈં જબ કિ વહ ઉસકા સામના કરને કે લિયે વીરતા સે આગે બઢતા હૈ.”

દુર્ભાગ્ય સે બ્રૂનો કા એક ઐસે આદમી સે પરિચય હો ગયા જો બડા દુષ્ટ ઔર દેશદ્રોહી થા. ઉસીને ઉસે વેનિસ બુલા લિયા. અપને સ્વતંત્ર ઔર મૌલિક દાર્શનિક વિચારોં કે કારણ બ્રૂનો પહલે હી સે વહાં વિખ્યાત હો ચુકા થા. ઇસી કારણ વેનિસ કી સાહિત્યિક સભા ને ઉસકા બડા સન્માન કિયા. જિસ આદમી ને બ્રૂનો સે દોસ્તી પૈદા કર કે ઉસે વેનિસ બુલાયા થા ઉસને વિશ્વાસ-ઘાત કર કે ઉસે ઉસ ધર્માધ્યક્ષ કે હવાલે કર દિયા, જો ધર્મ-વિરોધી લોગોં કો દંડ કરતા થા. જુર્મ કેવલ યહ લગાયા ગયા કિ બ્રૂનો અધાર્મિક ઔર દુષ્ટ આદમી હૈ.

ધર્માધિકારી પાંચ–સાત આદમિયોં કો લે કર બ્રૂનો કે ઘર જા ધમકા. ઉસ સમય બ્રૂનો સો રહા થા. બિસ્તર પર હી વહ ગિરફ્તાર કિયા ગયા ઔર હવાલાત મેં લા કર બંદ કર દિયા ગયા. સન્ ૧૫૮૨ મેં ઉસકા મુકદમા પેશ હુઆ. ઉસ પર જુર્મ લગાયા ગયા કિ ઉસને [illegible] કી લોચના કી, ધર્મ કે વિરુ[illegible]

[illegible] દવિવાદ કિયા

[illegible]દાય

[illegible] ત કે

મુઝ દુઃખ હૈ; ઔર ઉસ કલંક કે લિયે કઠિન સે કઠિન પ્રાયશ્ચિત્ત કરને કે લિયે મૈં તૈયાર હૂં. કિન્તુ મૈં અપને સિદ્ધાન્તોં ઔર પુનિત વિશ્વાસોં સે તનિક ભી પીછે હટને કે લિયે તૈયાર નહીં હૂં.

યુરોપ કે ઇતિહાસ મેં મતમતાંતર-સંબંધી ઝગડોં કા ન્યાય કરનેવાલી અદાલત કી બડી દર્દભરી કહાની હૈ. યહ અદાલત 'હોલી ઑફિસ' કે નામ સે તેરહવીં શતાબ્દી કે આરંભ મેં બનાઇ ગઇ થી. સ્પેન કે એક ભિક્ષુ ને ઉસ અદાલત કો વ્યાવહારિક રૂપ દિયા થા. પોપ ને આરંભ મેં ઉસ અદાલત કી સત્તા કો માનને સે ઇનકાર દિયા ઇસ લિયે કિ ઉસકી સ્થાપના બિલકુલ સ્વતંત્રરૂપ સે હુઇ થી ઔર ઉસકી કાર્યવાઇ મેં ઇસાઇ ધર્મ કે સ્તંભ બિશપ, પાદરી આદિ કોઇ હસ્તક્ષેપ ન કર સકતે થે. પંદ્રહવીં શતાબ્દી કે અંત મેં ઉસ અદાલત કા નયે સિરે સે નિર્માણ હુઆ. અદાલત કા મુખ્ય ઉદ્દેશ થા ધર્મવિરોધિયોં કો દબાના, તથા લોગોં કો જબર્દસ્તી રોમન ચર્ચ કે અંતર્ગત દીક્ષિત કરના, ઔર ઉનકે ઇનકાર કર દેને પર ઉન્હેં માર ડાલના, યા અમાનુષિક અત્યાચારોં કે મારે ઉનકા જીવન ભારસ્વરૂપ બના દેના.

ઉક્ત અદાલત કા સબસે હલકા દંડ થા પ્રાયશ્ચિત્ત કે રૂપ મેં અપરાધી કો સમાજ સે બહિષ્કૃત કર દેના. ઇસકે અતિરિક્ત અદાલત કે દ્વારા લોગોં કા નાના પ્રકાર કે અમાનુષિક દંડ દિયે જાતે થે. અપરાધી [illegible] જીવનભર કે લિયે જેલોં મેં બંદ કર દિયે જાતે. [illegible] જિન્દા જલા દિયે જાતે. કોઈ અપરાધી [illegible] કર કે જિન્દા જલાને સે પહલે ફાંસી પર લટકા [illegible] [illegible] કોઈ ધર્મ કે ખિલાફ [illegible] [illegible] જલાયા જાતા વહ દિન [illegible] [illegible] જાતે. [illegible]

બનાને કે લિયે સ્ત્રી-પુરુષોં કી લાશેં ટુકડોં સે જોડ કર લાઇ જાતીં ઔર આગ કે આસપાસ નચાઇ જાતી થીં.

સ્પેન મેં ઇન અદાલતોં ને ખાસ તૌર પર યહૂદી ઔર મૂર લોગોં કે વિરુદ્ધ સંહારલીલા ચલાઇ. સાથ હી ઇસ પ્રકાર કી અદાલતોં કા સિલસિલા નીદરલૈંડ, ઈટાલી આદિ યુરપ કે અન્ય ભૂભાગોં મેં ભી જારી હો ગયા. 'ટોરક્વેમેડા' નામ કા ધર્માધિકારી નિરંતર ૧૮ વર્ષ તક રોમ કે ન્યાયાધીશ કે આસન પર બૈઠા. ઇસ અવધિ કે ભીતર ઉસને ૧૦૨૨૦ આદમી જિન્દા જલા ડાલે ઔર લગભગ ૬૭ હજાર આદમી જેલોં મેં બંદ કર દિયે. રોમ કે એક નાગરિક ને સન ૧૫૬૮ ઇસ્વી મેં લિખા થા—

“ કુછ લોગ પ્રતિદિન જિન્દા જલાયે ઔર ફાંસી પર ચઢાયે જા રહે હૈં. કુછ કે શિર કાટ લિયે જાતે હૈં, જેલેં ભર ચુકી હૈં ઔર અધિકારી લોગ જેલોં કે લિયે નઇ ઈમારતેં બના રહે હૈં.

ધર્માધ્યક્ષોં કી અદાલતોં કે રૂપ મેં ઇન 'પવિત્ર ઑફિસોં' કે દર્દભરે દશ્યોં કી યહ એક ઝલક માત્ર હૈ. ઈસ દશા મેં ઐસી અદાલત સે બ્રૂનો કે મામલે મેં ન્યાય કિયે જાને કી ભલા આશા હી ક્યા થી? ઉસ જમાને મેં વેનિસ એક સ્વતંત્ર પ્રજાતંત્ર રાજ્ય થા. બહુતસે આદમી જો ઈટલી સે નિર્વાસિત કર દિયે જાતે થે, યહાં આ કર આશ્રય પાતે થે. વેનિસ કે ઇસ ઢંગ પર રોમ જલતા થા. પોપ ને માંગ પેશ કી કિ સબ આધ્યા- [illegible] થી, હમારે સુપુર્દ કર દિયે જાયં. વેનિસ કે [illegible] તો પોપ કી ઈસ માંગ કા વિરોધ

ને બડી ભયંકર ભૂલેં કી હૈં, કિન્તુ ઇસમેં તનિક ભી સંદેહ નહીં કિ ઉસને બહુત હી વિલક્ષણ, બઢિયા ઔર અત્યંત દુર્લભ દિમાગ પાયા હૈ. ઉસકી વિદ્વત્તા ઔર બુદ્ધિમત્તા દુર્લભ હૈ !"

અંત મેં વહી હુઆ જો હોના થા. વેનિસ કે અધિકારિયોં ને બ્રૂનો કો રોમ ભેજ કર પોપ કે હવાલે કર દિયા. પોપ ને ઉસે જેલ મેં બંદ કર દિયા, ઇસ આશા સે કિ લમ્બી સજા કાટને કે બાદ ઉસકી સારી શક્તિ ક્ષીણ હો જાયગી ઔર ઉસકે ધર્મવિરોધી સિદ્ધાંત કાફૂર હો જાયંગે. સન્ ૧૫૯૩ સે ૧૫૯૯ તક, નિરંતર ૬ વર્ષ બ્રૂનો જેલ મેં બંદ રહા. જેલ કી અંધેરી કોઠરી મેં બંદ રહ કર ઉસે કૈસી કૈસી કઠિન યાતનાએં સહની પડીં, ઇસ સંબંધ મેં કુછ ભી નહીં કહા જા સકતા. પર ઇતના જરૂર કહા જા સકતા હૈ કિ ધર્માધિકારી સબ કુછ પ્રયત્ન કરને પર ભી બ્રૂનો કે વિચારોં મેં પરિવર્તન નહીં કરા સકે. સન્ ૧૫૯૯ મેં જેલ કી અંધેરી કોઠરી કે ભીતર સે ઉસને કહા—

"મુઝે અપની બાતોં કો, અપને સિદ્ધાંતોં ઔર વિશ્વાસોં કો બદલના નહીં ચાહિયે, ઔર મૈં બદલુંગા ભી નહીં. મેરે પાસ અપને વિચાર બદલને કો કુછ નહીં હૈ. મૈં યહ ભી નહીં જાનતા કિ અપને વિચારોં મેં ક્યા પરિવર્તન કરૂં.

આગે ચલ કર બ્રૂનો કે મુંહ સે અવિચલ ભાવ સે ફિર નિકલા—

"દુનિયા મેં ઐસે આદમી હૈં જિનકે બદન મેં [illegible] ઈશ્વર કી ઇચ્છા કેવલ પ્રબલ રૂપ મેં કામ કર [illegible] કિ કોઈ ભી ધર્મકી યા ચાહ ઉન્હેં [illegible] નહીં [illegible] ઇસ શરીર મેં [illegible] હૈ ઉસને [illegible] ઈશ્વર કે [illegible] દ્વારા. અનુભવ [illegible] નહીં હૈ. કેવલ [illegible]

મેં બુદ્ધિમાન ઔર ગુણી હૈ જો કિસી કષ્ટ કો અનુભવ નહીં કરતા, ઔર વહી પ્રસન્ન હૈ જો કિ પ્રત્યેક વસ્તુ કો તર્ક કી દૃષ્ટિ સે દેખતા હૈ."

અંત મેં બ્રૂનો કો પ્રાણ-દંડ કા હુકમ સુના દિયા ગયા. ઇસ પર હંસતે હુએ બ્રૂનો ને જજોં સે કહા—

"શાયદ યહ સજા સુનાતે સમય મેરી અપેક્ષા તુમ લોગ અધિક ભયભીત હો."

લગભગ તીનસૌ વરસ બાદ, સન્ ૧૮૮૯ ઇસ્વી મેં, રોમ મેં ઠીક ઉસી સ્થાન પર, જહાં બ્રૂનો આગ મેં જિન્દા જલાયા ગયા થા, એક પ્રસ્તર મૂર્તિ કી સ્થાપના ી ગઈ. યહ મૂર્તિ આજ ભી ઇટલી કે પ્રસિદ્ધ દાર્શનેક ઔર કવિ બ્રૂનો કી યાદ દિલા રહી હૈ. અપની અદ્ભુત વીરતા, સચાઇ ઔર દૃઢતા કે લિયે બ્રૂનો સચમુચ ઇતિહાસ મેં અમર હૈ.

[હિંદી માસિક "ચાંદ"ના એક અંકમાંથી]



કામ કરવા માંડ્યું.

[illegible]

[illegible] સાહેબ [illegible] માં આવ્યું. તેમના [illegible] દુકાન [illegible] બંધાઈ, ને તેની [illegible] થઈ. [illegible] આશીર્વાદ [illegible], અને [illegible] દુકાન તેણે પોતે [illegible] લઈ લીધો.

ગાઈ નાસ્તિક માલુમ હતો અને ધંધામાં [illegible] આનાથી જ તેણે સાહસ ખેડવા માંડ્યું. [illegible] ખ્રિસ્તીઓનું ધર્મપુસ્તક બાઈબલ ઈંગ્લંડમાં કેટલ[illegible] વેચવું તેના પ્રશ્ન વિષે ઝઘડો ચાલતા હતા [illegible] કમાં સંખ્યાબંધ બાઈબલો અમેરિકા [illegible] છૂપી રીતે ઈંગ્લંડમાં દાખલ થઈ જતાં, [illegible] આવતાં બાઈબલો વેચવાની રાજ્યની મના[illegible] એણીને પણ બાઈબલ તેનું વેચાણ કરવા માંડ્યું [illegible] [illegible] ગ્યો.

તે જમાનામાં નૌકાસૈન્યમાં નોકરી કરતા ખલાસીઓને તેમનો પગાર આપવાની એક વિચિત્ર પ્રથા ચાલતી હતી. પગાર પેટે એ લોકોને રોકડ નાણું ન મળતું, પણ કાગળની નોટો મળતી. આ કાગળિયાં વટાવી તેનાં રોકડ નાણાં સરકારી તીજોરીમાંથી મેળવવામાં આ ખલાસીઓને અતિશય હાડમારી ભોગવવી પડતી. ખલાસીઓ સ્વભાવે લહેરી લાલા રહ્યા, એટલે એ બધી મુશ્કેલીઓ વેઠવા કરતાં, સામું આવીને કોઇ ઓછાં નાણાં આપી જાય તો એ કાગળીઆં વટાવી નાખતા. ગાર્ડ આ ધંધામાં પડ્યો અને તેમાં ઘણી વાર તો પચાસ, સાઠ કે સિત્તેર પાઉંડ રોકડા આપતાં તેને સો પાઉંડની કિંમતનો કાગળ મળી જતો, અને વખત આવ્યે તેના તે પૂરા પૈસા ઉપજાવી મોટો નફો પેદા કરી લેતો. અલબત્ત, આ ધંધો હલકો ખરો, પણ નાણાં ધીરનારા વેપારીઓ હમેશાં આજ રીતે નાણાં કમાતા આવ્યા છે—માગનારની ખરી અણીની જરૂરનો લાભ લઇ તેઓ માતબર થતા આવ્યા છે.

પણ ગાર્ડમાં ફેર એટલો હતો કે આ રીતે કમાયેલા બધા પૈસા તે હમેશાં ધર્માદામાં ખરચતો. તેની પહેલી જાહેર સખાવત પોતાની માતાના વતનમાં ગરીબ ગુરબાંઓ માટે અન્નક્ષેત્ર ખોલવાથી થઇ. એ વખતે ગાર્ડની ઉંમર માત્ર ૩૦ વરસની હતી. કશી જાહેરાત કે કશો ઉહાપોહ કર્યા વગર ચૂપચાપ તેણે આ અન્નક્ષેત્ર ચાલુ કરી દીધું.

[illegible]

ધારે મોટો દેખાયો. પોતાની બધી કમાણીના ત્રણ ભાગ પાડ્યા. નાનામાં નાનો ભાગ પોતાને માટે, સહુથી મોટો એક ભાગ દવાખાના માટે અને કોઈ નાનો એક સાધારણ ભાગ ધંધામાં રોકવા માટે.

એ જમાનામાં "સાઉથ સી કંપની" નામનું એક મોટું વેપારી તૂત ઊભું થયેલું. તેના શેર શરૂઆતમાં તો બહુ સોંઘી કિંમતે વેચાતા, પણ વખત જતાં ૧૦૦ પાઉંડના શેરની કિંમત વધીને ૩૦૦ થી ૬૦૦ પાઉંડ જેટલી થઈ ગયેલી. ગાઈએ આ શેરો સસ્તી કિંમતે ખરીદ કરેલા ને ભાવ વધતાં એકદમ વેચી નાખ્યા. તેમાંથી તેને ચોખ્ખો ૨૦ લાખ પાઉંડ જેટલો નફો થયો. પાછળથી આ કંપની દેવાળામાં જવાથી સંખ્યાબંધ કુટુંબો પાયમાલ થઈ ગયાં હતાં, પણ નસીબદાર ગાઈએ તો તેમાંથી અઢળક ધન પેદા કરી લીધું હતું.

આ રીતે એક તરફથી દ્રવ્ય રળવાનો ને એકઠું કરવાનો લોભ, અને બીજી તરફથી તે દ્રવ્ય ગરીબોના માટે ખર્ચવાની મગજમાં રમી રહેલી અનેક યોજનાઓ વચ્ચે ગાઈને બીજા કોમળ આવેશો માટે વખત બચતો નહોતો; છતાં એક વાર તેના જીવનમાં એક નાનકડો પ્રેમ-પ્રસંગ બની ગયો. પોતાના ઘરમાં કામ કરતી ચાકરડી સાથે તે પ્રેમમાં પડ્યો, અને તેને પરણવાનું પોતે વચન આપ્યું. એક દિવસ પોતે ઘરની ફરસબંદીનું સમારકામ કરવા માટે મજૂરોને આવવા કહેલું. ઘેરથી બહાર જતી વખતે ચાકરડીને એ કહી ગયો કે માણસો કામ કરવા આવે તો તેને અમુક પથ્થર સુધીજ કામ કરવા દેજે, એથી આગળ નહિ. બાઈએ મજૂરો પાસેથી થોડું વધારે કામ લેવા ખાતર માલિકે બતાવેલ ઠેકાણા કરતાં એકજ પથ્થર વધારે કરવા દીધો. સાંજે ઘેર આવતાં આ બનાવ જોઈ ટૉમસ ગાઈએ પોતાની પ્રિયતમાને સંભળાવી દીધું કે:— " હું તને હવે પરણી શકીશ નહિ. " બસ. આખા જી-

વનમાં આ એક કોમળ પ્રસંગ. હવે તેના જીવનની એક બીજી બાજુ જોવા જેવી છે.

દેખાવ અને પહેરવેશમાં આ માણસ છેક કંગાલ હતો અને તેનો ચહેરો કાયમ વિષાદભર્યો લાગતો. એક દહાડો ટેમ્સ નદીના પૂલ ઉપર એક કઠેડામાં એ બેઠેલો. તે વખતે તેની કંગાલ આકૃતિ અને દિદાર જોઇને કોઇને જરૂર એમ લાગે કે, દુઃખથી કંટાળેલો કોઇ માણસ બિચારો આપઘાત કરવા બેઠો છે. રસ્તે ચાલતા એક ભલા રાહદારીએ તેની પાસે આવી, તેને દિલાસો આપ્યો અને દયા લાવી તેના હાથમાં એક અરધી ગીનીનો સિક્કો મૂકી ચાલવા માંડ્યું. ટૉમસે તેની પાછળ દોડી તે ભલા માણસનું નામ અને ઠેકાણું પૂછી લીધું. થોડાંક વરસ પછી એક વાર એ સજ્જનનું નામ નાદાર દેવાદારોની ટીપમાં ગાઇના વાંચવામાં આવ્યું. એકદમ ગાઇ તેની મદદે ગયો. તેમના બધા લેણદારોને તેમનું લેણું ચૂકવી આપ્યું. પેલા માણસનો વેપારધંધો ફરી ચાલુ કરાવી દીધો અને દુઃખી કુટુંબમાં સુખ વસાવી દીધું.

આ ગાઈની ખરી ખુબી. શહેરના લોકો જ્યારે તેને કંજુસ, કંગાલ વગેરે કહી કહી તેની નિંદા કરતા હતા, ત્યારે ગાઈ પોતાના વતનમાં ગરીબીમાં સડતાં પોતાનાં દુર દુરનાં સગાઓને વર્ષાસનો બાંધી આપતો હતો. આ વર્ષાસન ૨૦ પાઉંડથી માંડીને ૧૫૦ પાઉંડ સુધીનાં [illegible]

તરફથી મદદ મળતા માંદાની. કેટલાએક માંદાઓ ને
નીચ ક્રૂરપણે પાયમાલ થઇ ગયાં હોય એવું જણાતું હતું
પોતાને ખર્ચે તેમને હૉસ્પિટાલમાં મોકલી આપતો. આટલું
પાર આ એટલી હૉસ્પિટાલમાં બહુ માણસોનો સમાવેશ થતો
નહિ, તેથી આખરે કેવળ અસાધ્ય માણસોને માટે એક
નવુંજ મોટું હૉસ્પિટાલ બાંધવાનો નિશ્ચય કર્યો અને તે
બંધાવી આપ્યું પણ ખરૂં.

આજે એ હૉસ્પિટાલ તેના ઉત્તમ નામના સ્મારક-રૂપે હજુ ઉભું છે. તે બાંધવાનું શરૂ થયું ત્યારે ગાઇની ઉંમર ૭૬ વરસની હતી. મકાન તૈયાર થઇ ગયું ને માંદાઓની ચારવારનું કામ પણ તેમાં બરોબર ચાલુ થઇ ગયું. તે જોવા એ જીવ્યો. મકાન પાછળ ૧ લાખ પાઉંડનો ખર્ચ થયો, અને હૉસ્પિતાલના કાયમી ખર્ચ માટે ગાઇએ દસ લાખ પાઉંડની રકમ અનામત રખાવી. ૧૭૨૪માં એનું અવસાન થયું ત્યારે હજારો ગરીબો અને દુઃખીઆંઓએ તેના નામ ઉપર આશીર્વાદ વરસાવ્યા હતા.

આ કંજુસનું વસીહતનામું વંચાયુ ત્યારે લોકો દંગ થઇ ગયા હતા. તેમાં, પોતાની હયાતિમાં પોતે સ્થાપેલ તમામ સખાવતી ખાતાઓના નીભાવ માટે મોટી મોટી રકમો આપવામાં આવી હતી. પોતાના દૂરમાં દૂરના સગાને અને સગા ન હોય તેવાઓને પણ મોટી મોટી રકમો વારસામાં આપવામાં આવી હતી. વયોવૃદ્ધ અને કામ કરવાને અશક્ત એવાં સગાંવહાલાંઓને મોટી રકમો-નાં વર્ષાસનો બાંધી આપવામાં આવ્યાં હતાં. તે વસી-હતનામા મુજબ દેવાદારીને કારણે કેદમાં પડેલા ૬૦૦ માણસોનો એકીસાથે છુટકારો થઇ ગયો, અને બિમાર, બાલક ને વૃદ્ધ એ સહુને માટે મોટી મોટી રકમો અના-મત જાહેર થયેલી જાણવામાં આવી.


તેની હયાતિમાં જે લોકો તેને કંજુસને નામે ધિક્કા-

રતા હતા, તેમને આના કરતાં વધારે સારો જવાબ બીજો આપી ન શકાત. ગાઈના જેવું વસીહતનામું કરી જનાર કોઇ માણસ ઇંગ્લંડમાં અગાઉ થયો નહોતો, અને તેની પછીથી પણ એનાથી સારાં વસીહતનામાં ભાગ્યે જ થયાં જાણ્યાં છે.

ગાઇની સખાવતો મોટે ભાગે તેના મરણ પછી જ પ્રકાશમાં આવી, અને ઘણીક તો આજ સુધી છાની જ રહી છે. તેના નિંદકો કહેતા કે " ગાઈ પોતાના મજૂરોને ભૂખ્યા મારતો અને ગરીબોને ભાગ્યે જ કોઇ વાર કંઈ આપતો. " પણ ખરી હકીકત હવે જાણી શકાય છે, કે ગાઇની માતબર સખાવતોનો લાભ આજ સુધી લઇ રહેલા લાખો ગરીબો આજ પણ તેના અમર આત્મા ઉપર આશિષ વરસાવી રહ્યા છે.

[તા. ૬-૨-૩૨ ના " ફૂલછાબ " માંથી]





૭–યોહાન બાક

(લેખક–શ્રી ...)

પાશ્ચાત્ય સંગીતના વિકાસનો ઇતિહાસ ખૂબ રંગી-
છે. એ સંગીતમાં ઊંડાં ઉતારવાની અને અંતરને ઊંડે
ઊંડે સ્પર્શવાની જે તાકાત છે તે પાશ્ચાત્ય સંગીતવિધા-
યકોને લીધે જ. એ સંગીતનો ઇતિહાસ એના વિધાયકોનાં
જીવન સાથે એટલો ગૂંથાએલો છે કે એ બંનેને જુદાં
પાડી શકાય એમ નથી.

પાશ્ચાત્ય સંગીતના ઇતિહાસમાં અને તેની ઉત્ક્રા-
ન્તિમાં જે યુગો થઈ ગયા તેમના યુગસ્રષ્ટાઓનાં જીવનો
અત્યંત પ્રેરણાત્મક અને સબળ ભાવનાઓથી સભર ભર્યાં
છે. સંગીતાચાર્ય યોહાન બાક પાશ્ચાત્ય સંગીતના યુગસ્રષ્ટા
તરીકે અમર થઈ ગયો છે.

પોપ ગ્રેગરીએ પ્રવર્તાવેલા સંગીતયુગના પરિણામે
ઉદ્‌ભવ્યાં કેથોલિક સંપ્રદાયનાં ભક્તિભાવભર્યાં શબ્દગીતો
અને તે સમયનાં લોકગીતો પણ એ જ સાદી પ્રણાલિકાએ
રચાતાં. એમાં આત્માનું અત્યંત સાદું પણ ભાવદર્શી
અને રસાળ વ્યક્તિકરણ થતું. આ સંગીતયુગ ૧૨ મી
સદી સુધી લંબાયો. આ પછી પાશ્ચાત્ય સંગીતના બીજા
યુગનો આરંભ થયો. પહેલા યુગમાં રચાતાં સંગીતનું
સુર... યુ એ હતું કે, સ્વરરચનામાં પ્રતિપળે માત્ર
એક ... ર ગાઈ શકાય; પરંતુ આ બીજા યુગના

સંગીતમાં જુદા જુદા સપ્તકોના સંવાદી સૂરો એકસાથે યોજવામાં આવતા. આનું પરિણામ વધારે સુંદર અને આકર્ષક થતું. આ યુગમાં યુરોપના ત્રણ દેશોમાં સંગીત ખૂબ વિકસ્યું. શબ્દસંગીત અને વાદ્યસંગીતનાં કેટલાંય સંગીતવિધાનો આ યુગમાં રચાયાં. વળી રાજ્યાશ્રય અને ધર્માધિકારીઓના સહકારથી એ યુગમાં સંગીતનો વિકાસ દરેક દિશામાં થયો. છેક સોળમી સદી સુધી ઇટાલી, ફ્રાન્સ અને જર્મની આ યુગના સંગીતનાં ઉદ્ભવસ્થાનો બની રહ્યાં.

આ યુગમાં થઇ ગયેલા અનેક સંગીતવિધાયકોએ આધુનિક પાશ્ચાત્ય સંગીત માટે ભૂમિકા તૈયાર કરી. આમાં ફ્રેન્ચ સંગીતાચાર્ય ઓરલાન્દો, ઇટાલિયન પાલેસ્ટ્રીના અને જર્મન સંગીતકાર શૂટ્ઝનાં સંગીતવિધાનો અત્યંત આદરણીય થયાં. આજના પાશ્ચાત્ય સંગીતની સમર્થ સ્વરલેખનપદ્ધતિ પણ આજ યુગમાં રચાઇ; અને એ સંગીતની શાસ્ત્રીય રચનાનો યુગ પણ આજ હતો.

પાશ્ચાત્ય સંગીતના બીજા યુગનો અંત ૧૬મી સદીમાં આવ્યો. એ યુગમાં એકત્રિત થયેલી શાસ્ત્રીયતા, સંગીતવિધાનોની હારમાળા અને લેખનપદ્ધતિ—આ સર્વના પરિણામે ઉદ્ભવ્યો પાશ્ચાત્ય સંગીતનો ત્રીજો યુગ. આ યુગ આધુનિક પાશ્ચાત્ય સંગીતનો યુગ ગણી શકાય. આમાં રચાયેલું સંગીત બહુવિધ અને સંવાદી સ્વરરચનાવાળું હોઇ અત્યંત રસપ્રદ અને [illegible]

[illegible]

લોકોને મુગ્ધ કરી નાખતાં પોતાનાં સંગીતવિધાનો તે રચતો. યોહાનનો પિતામહ વણકર અને સંગીતકાર બંને હતો. શાળ ઉપર વણાતા વાણા અને તાણાઓ સુધારતાં સુધારતાં એ પોતાનાં સંગીતવિધાનોમાં અજબ સૂરો વણી શકતો. યોહાનનાં માતાપિતા તેની શૈશવ અવસ્થામાંજ ગુજરી ગયેલાં; આથી એના મોટા ભાઈ યોહાન ક્રિસ્ટોફરે યોહાનને પાળી પોષી મોટો કર્યો. શૈશવકાળથી માંડી કિશોર અવસ્થા સુધી યોહાન એના મોટા ભાઈ સાથેજ રહ્યો; અને મોટા ભાઈ આંહ્રુડસફમાં ઑરગન વગાડનાર તરીકે પ્રખ્યાત હોવાથી યોહાનને સંગીતના સંસ્કારો બાલ્યાવસ્થામાંથીજ સાંપડ્યા હતા. આમ યોહાન સંગીતમય વાતાવરણમાં મોટો થયેલો હોવાથી તેના ઉપર સંગીતની અતિ ઊંડી અસરો થઈ હતી.

બાળક યોહાન તેના ગામના મંદિરમાં સમૂહગીતની મંડળીમાં રસપૂર્વક ભાગ લેતો અને ત્યારથીજ તેનામાં ભક્તિભાવભર્યાં ઇસુવિષયક ગીતોના સંસ્કાર પડેલા. સમૂહગીતમંડળીનાં બીજાં બાળકો ગાતી વખતે માત્ર સંગીતના સ્વરોજ ગાતાં; પરંતુ યોહાન તો એ સંગીતના ભાવની સાથે તાદાત્મ્ય સાધતો. ગીતમાં રહેલાં આર્જવ, એની ભક્તિ અને ભગવાનને ચરણે અંતરનું અર્પણ—આ સૌ નાનો યોહાન અનુભવતો. ઘણી વખત તેની મીંચાયેલી કુમળી આંખોમાંથી અશ્રુધારાઓ પણ સરી પડતી. નાનપણથીજ યોહાનમાં સંગીત સમજવાની અને વ્યક્ત કરવાની અદ્ભુત શક્તિ હતી. એના સમયમાં આદર પામેલા સંગીતવિધાયકોની કૃતિઓ ઓરગન ઉપર બજાવવાનો એ દશ વર્ષની વયના બાળકને ખૂબ શોખ હતો; અને પ્રખ્યાત સંગીતાચાર્ય ફ્રોબર્જર અને પાશલબેલનાં વિધાનો બજાવવાના તેને કોડ હતા. પણ મોટા ભાઈને લાગતું કે બાળક યોહાન એ કૃતિઓ બજાવવાને લાયક નહિ હોય. આથી એ વિધાનોનાં સ્વરલેખનની પ્રતો અત્યંત કાળજીપૂર્વક યોહાનથી છુપાવીને રાખવામાં આ-

વતી. અત્યંત પ્રયાસને અંતે યોહાને આ પ્રતો શોધી કાઢી; અને જ્યારે રાત્રે આખાય ઘરનાં માણસો નિદ્રાધીન હોય ત્યારે ચંદ્રના ઝાંખા પ્રકાશમાં એણે એ પ્રતોની નકલો કરવામાં કેટલીય રાત્રિઓ ગાળી. છ માસને અંતે આવી રીતે કરેલા પ્રયત્નોના પરિણામરૂપે યોહાનની પાસે એના માનીતા સંગીતાચાર્યોનાં સંગીતવિધાનોની પ્રતો તૈયાર થઈ. ગામના દેવળમાં જઈ ઓરગન ઉપર યોહાને એમાંના એક વિધાનના પહેલા સૂરો બજાવ્યા ત્યારે દેવળના અર્ધ–અંધારા ગર્ભભાગમાં અવનત મસ્તકે પ્રાર્થના કરતી એક વ્યક્તિ ચમકી. યોહાન પોતે પણ ચમક્યો. ત્યાર પછી તો લગભગ અર્ધો કલાક સુધી ત્યાં સંગીતની રેલમછેલ થઈ રહી. પ્રાર્થના કરનાર વ્યક્તિ અને સંગીતકાર બંનેની આંખમાંથી આંસુ વહેતાં હતાં. સંગીતના છેલ્લા સૂરો શમી ગયા. પ્રાર્થના કરનાર તેની જગ્યાએથી ખસી બાળક યોહાન પાસે આવી. યોહાનને કપાળે તેણે ભાવપૂર્વક ચુંબન કર્યું અને બોલી: “બાપુ! મારા આખાય દુઃખી અને ખારા જીવનમાં આવી શાંતિ અર્પનાર મધુર પળો મેં અનુભવી નથી. ઈશુના જીવનસંદેશમાંથી આ હત્યારા અને ક્રૂર જગતને કેટલી બધી પ્રેરણા મળે છે? આ તારા સંગીતથી મને કેટલું સુખ થયું છે?” બિચારો યોહાન તો સાંભળી જ રહ્યો. ચંદ્રના ઝાંખા અજવાળામાં ઝડપભેર કામ કરતાં થાકી ગયેલા તેના નાના હાથ અને અતિશય વેદનાથી દુઃખતી તેની નાની આંખો—આ બંનેને ફરી વાર ચૂમી [illegible]

[illegible]

આ પ્રસંગ પછી ગોહાનના જીવનમાં વિગ્રહોની
પરંપરા ચાલી; પરંતુ અંતે આર્મસ્ટાટમાં જ્યારે એ
ઓરગનિસ્ટ તરીકે નિમાયો ત્યારે એને થોડીઘણી શાંતિ
મળી. અહીં પણ એનો સંગીતનો વધારે પડતો શોખ
એના સુખની વચ્ચે આવ્યો. પ્રખ્યાત બુક્સ્ટહુડનાં સંગી-
તવિધાનો સાંભળવા માટે સાત દિવસની રજા લઈ તે
લ્યુબેક ગયો; પરંતુ ત્યાં એને એટલી મઝા પડી કે
લગભગ ત્રણ માસ પછી પાછો પોતાનું કામ સંભાળવા
આવ્યો; પરિણામે એને રજા આપવામાં આવી.

ઘણી વખત યોહાને પોતાની સંગીતની ધૂનમાં
સ્વાર્થનો વિચાર નથી કર્યો. જીવન નિભાવવા માટે આવ-
શ્યક વસ્તુઓ પણ સંગીત આગળ તે ગણકારતો નહિ.

આ બધી ધમાલને અંતે ૧૭૧૭માં આન્હાલ્ટ–
કોથીનના પ્રિન્સ લીઓપોલ્ડે યોહાનને પોતાની પાસે
રહેવા માટે વિનંતિ કરી; અને અહીંજ યોહાનને જોઇએ
વા સંજોગો અને સગવડો મળ્યાં. આજે સંગીતજગતને
શ ખુશ કરી મૂકતાં સંગીતવિધાનો પ્રથમ ત્યાં રચાયાં.
મ આશરે બત્રીસ વર્ષે યોહાને યુગપ્રવર્તક સંગીતવિ-
નો યુરોપની સમક્ષ મૂકવાનો આરંભ કર્યો. વળી આજ
રસામાં તેને આના મેગડેલેન વુલ્કેન સાથે સંબંધ
ા. તેની એ પ્રેરણાદાયી જીવનસંગિની તે સમયમાં
દર પામેલી ગાયિકા હતી. યોહાને જેટલાં સંગીતવિ-
ા રચ્યાં તે સર્વેને કાળજીપૂર્વક આના સંભાળતી.
ક જેટલું એ વિધાનોનું તે જતન કરતી.

આ સઘળા જતનના બદલામાં યોહાને આનાને
નાં સારામાં સારાં અને ભાવવાહી ભક્તિગીતો અ-
કર્યાં છે. એક કલાધર પોતાની પ્રેરણાદેવીને બીજું
આપીં શકે ?

૧૭૨૩માં યોહાને કોથીન છોડયું અને લાઇપઝીક
ા. અહીં સેંટ થોમસના વિદ્યાલયમાં યોહાનઅધ્યા-

પક તરીકે નિમાયો. વિદ્યાર્થીઓમાં સંગીતની નૂતન ભાવના જન્માવવાનો અહીં તેને અવકાશ મળ્યો. ઊગતી જુવાનીની તાલીમમાં તેણે એવું સંગીત વણ્યું કે તેની ખ્યાતિ અને તેનો સંદેશ ખૂબ પ્રસર્યાં. અહીં યોહાને જે સંગીતવિધાનો રચ્યાં તે આજે પણ પાશ્ચાત્ય સંગીતમાં મોજૂદ છે અને એમાં વણેલી ભાવનાઓથી મુગ્ધ બનાવે છે. યોહાનની પ્રતિભા, તેનું કોમળ અંતર અને તેની ધાર્મિકતા : આ સૌ એ વિધાનોમાં વ્યક્ત થાય છે.

૧૭૪૭ માં પ્રુશિયાનો રાજા ફ્રેડરિક યોહાનના સંગીતથી એટલો મુગ્ધ થયો કે તેણે યોહાનને પોતાની સાથે રહેવાનું આમંત્રણ મોકલ્યું. ૧૭૪૭ ના મે માસમાં યોહાને તે સ્વીકાર્યું. યોહાનને સાંભળવા ફ્રેડરિક એટલો આતુર થઈ ગયો હતો કે મુસાફરીનાં કપડાં પણ બદલવા દીધા વિના યોહાનને પોતાને ત્યાં લઈ ગયો. આખી સાંજ અને રાત્રિ ફ્રેડરિકના રાજમહાલયમાં સંગીતની રેલમછેલ થઈ રહી.

અહીં યોહાનની આંખો વધારે બગડતી ચાલી, પરંતુ એ વેદનામાં પણ એણે સંગીતવિધાનો રચવાં ચાલુ રાખ્યાં. તેના જીવનનાં પાછલાં બે વર્ષોમાં એ ઘણું ઓછું જોઈ શકતો. બહારની દૃષ્ટિ લુપ્ત થતાં એને માનસિક દુઃખ થયું નથી. એક વખત સહાનુભૂતિ દર્શાવનાર કોઈક સરદારને તેણે કહેલું કે " હવે મારી સાચી દૃષ્ટિ ખૂલશે અને ત્યારે જ પ્રભુના દરબારના મને દર્શન થશે "



૮–ફ્રેડ્રીક ડગલાસ

"અમારી ગુલામી જો અમારા હાથે નહિ નિવારાય, તો આ જગતમાં એવી કોઈ શક્તિ નથી કે જે અમને ગુલામોને મુક્ત કરે. ગેરીસન, પેઇન, લવજોય અને લીંકનનાં નામો આફ્રિકાના હબસીઓનો રંગ કાળો રહેશે, ત્યાંસુધી તો હબસી માત્ર નહિ ભૂલી શકે. પરંતુ એ ન હોત તો અમારી ગુલામી રદ ન થાત એમ માનવાની હું સાફ ના પાડું છું. જે દિવસે હબસીઓના આત્માની અંદર સ્વાધીન બનવાની તમન્ના જાગી તેજ દિવસથી હબસી એની ગુલામીમાંથી છૂટો થઈ ચૂક્યો હતો. તમે એક વાત નિશ્ચય માનજો કે જે કોમ ગુલામ બનવાનો સાફ ઇન્કાર કરે છે એને ગુલામ બનાવનાર આ જગતમાં કોઈયે શક્તિ નથી."

(ફ્રેડ્રીક ડગલાસના ન્યુયૉર્કના મશહૂર ભાષણમાંથી)

ઈ. સ. ૧૮૪૩ ના મે માસના એક દિવસમાં બોસ્ટન શહેરમાં એક અજબ કૌતુક બન્યું.

એક ગોરા જુવાનને હાથેપગે બાંધીને કેટલાક ગોરાઓ જાહેર રસ્તા ઉપર ઘસડી જતા હતા. એની પાછળ શહેરના સંભાવિત ગણાય, આબરૂદાર ગણાય, આગેવાન ગણાય એવા માણસો બૂમો પાડતા ચાલતા હતા. એ ટોળામાંથી અનેક માણસો હાથેપગે બંધાયેલા એ ગોરા જુવાન ઉપર સડેલાં ઈંડાંઓ, પાકેલા ટમાટાંઓ, કાદવ વગેરે ફેંકતા જતા હતા. કેટલાક ઘરને ઓટલે ગોરી સ્ત્રીઓ [illegible] ટોળી લઈને ઊભી હતી. એ ટોળાંની સ્ત્રીઓ તિરસ્કારભર્યા હાસ્યથી આ જુવાન ઉપર હસતી હતી.

આવી રીતે આખાયે શહેરમાં એ ગોરા જુવાનને

ફેરવીને, મેલાં પાણી, સડેલાં ઇંડાંઓ વગેરેથી એને એક ચાડિયા જેવો બનાવીને ગામલોક શહેરના પાદરમાં આવેલા તળાવ તરફ ચાલ્યું. તળાવના પાણીમાં એમણે એક વાર આ જુવાનને ઝબોળ્યો. પછી આ લોકોના ટોળાના આગેવાન જેવા એક મવાલીએ પાણીથી નીતરતા અને દુર્ગંધથી ગંધાઇ ઉઠેલા જુવાનને સૂચના આપી કે 'કેમ, હજી તું તારી ભૂલ કબૂલ કરે છે કે નહિ?'

પેલા ગોરા જુવાનની આંખો ચમકી. નિર્ભયતાથી એ જુવાન બોલ્યો: "તમારે મારૂં ચાહે તે કરવું હોય તે કરો--તમે મને કાદવમાં રગદોળો, પાણીમાં ઝબોળો, ઇચ્છા હોય તો ખંજર ભોંકીને મારો જાન લ્યો; પણ કોઇ જાતનાયે અપમાન કે અનાચારનો ભય મને નમાવી નહિ શકે. ગુલામી એ ગેરઇન્સાફ છે, ગુલામી એ અનર્થ છે એવો મારો મત તમે કોઇ જાતનાયે અત્યાચારથી નહિ ફેરવી શકો."

વીસ–એકવીસ વર્ષનો એ જુવાન હતો, એનું નામ હતું એલીજાહ લવજોય. અમેરિકાના દક્ષિણ વિભાગમાંથી ગુલામીનું કલંક નાબુદ કરવાનું એક જાહેર નિવેદન તેણે પ્રકટ કર્યું હતું. એ નિવેદનથી ગુલામોના માલિકો, ગુલામોના દલાલો અને ગુલામીને અમેરિકન સમાજના એક અંગભૂત તત્ત્વ માનનારા [illegible] બધા નારાજ થયા, ગુસ્સે પણ થયા. એક ઉછાંછળા જુવાનની આવી અર્વાચીન

ગણનારી હતી પછી. જે વસ્તુને એ એક ગેરઇન્સાફ માનતો હતો એનો વિરોધ કરતાં એ જુવાન આ અત્યાચારથી જરાયે ન રોકાયો. 'અમારો કોઈનોયે રોષ [illegible] ઇંગ્લાંડના રાજમાંથી [illegible] નહિ કરી શકે' એલીજાહ લવજોયે તળાવને કાંઠે લોકોના ટોળાને આવેશમાં આણ્યું.

એલીજાહ લવજોય ઉપર થતા અત્યાચારો જોવામાં અનેક ગુલામો પણ આવેલ હતા. એ ગુલામોને ગુલામી કોઠે પડી ગઈ હતી. ગુલામી અન્યાયભરી છે, અનીતિકારી છે, માનવતાનો દ્રોહ કરનારી છે એ વાતો એમના મગજમાં હજુ સુધી કોઈએ ઉતારી નહોતી, કેમાંના અનેકોને મન તો આ ગોરો જુવાન પોતાનો રોજગાર અને પોતાની રોટીનો ઝૂંટવનાર દેખાયો.

પરંતુ અમેરિકામાંથી ગુલામીની પ્રથાને નાબુદ કરવા માટે સૌથી પહેલો પોતાનો અવાજ ઉઠાવનાર એલીજાહ લવજોય ઉપર બોસ્ટનના નાગરિકોએ ગુજારેલા આ અત્યાચાર, અને એ અત્યાચાર તથા એ અપમાન સામે સ્વસ્થ ગૌરવથી પોતાનો અભિપ્રાય કાયમ રાખનાર આ ગોરા જુવાનની નિર્ભયતાએ એક પંદરેક વર્ષના હબસી ગુલામ છોકરાને સાચેસાચ પુનર્જન્મ આપ્યો. એ ગુલામનું નામ હતું ફ્રેડ્રીક ડગલાસ. અમેરિકામાંથી ગુલામીની જડ ઉચ્છેદી નાખવાને તૈયાર બનેલા લવજોય, ગેરીસન અને લિંકનના પાછળથી જમણા હાથ સમો બનેલો, પાછળથી અમેરિકાના સર્વશ્રેષ્ઠ મહાપુરુષ સમો લેખાયેલો ફ્રેડ્રીક ડગલાસ લખે છે: "મેં અનેક અપમાનો, અત્યાચારો, સહન કર્યા છે. પરંતુ જ્યારે જ્યારે મારા ઉપર ગુજારવામાં આવેલા અત્યાચારનો હું વિચાર કરું છું, ત્યારે ત્યારે મારા મનમાં બોસ્ટનના તળાવને કાંઠે કાદવથી ખરડાયેલા અને સડેલાં ઇંડાંઓની બદબોથી દુર્ગંધ મારતા લવજોયનું ચિત્ર હૂબહૂ ખડું થાય છે અને મારો રોષ શમી [illegible]ય છે. આજ મારામાં જે કાંઇ છે એનો હું જ્યારે જ્યારે

વિચાર કરું છું, ત્યારે ત્યારે લવજોય ઉપર ગુજારવામાં આવેલા એ અત્યાચારનાં પ્રત્યક્ષ દર્શનેજ મારી ઉન્નતિનો પાયો નાખ્યો છે એમ હું મારા અંતરમાં કબૂલ કરૂં છું.”

હબસીઓની માનવતા તરફની પ્રગતિકૂચના એક વિકટ સંક્રાંતિકાળમાં અમેરિકાના તમામે તમામ ગુલામોની આગેવાનીનો મહાબોજ ઉંચકનાર હબસી કોમના અજોડ લડાયક આગેવાન ફ્રેડ્રીક ડગ્લાસનો જન્મ ક્યાં કઇ તારીખે થયો હતો એની એને પોતાનેય ખબર નથી. એના પિતાના નામથી પણ એ વાકેફ નથી. ફ્રેડ્રીક ડગલાસ પોતાની જન્મતારીખ વિષે એટલું જ કહે છે કે, લવજોય ઉપર જે દિવસે અત્યાચાર ગુજર્યો તે દિવસે મારી વય પંદરેક વર્ષની હશે. એ હિસાબે ફ્રેડ્રીક ડગલાસનો જન્મ ઇ. સ. ૧૮૨૮–૨૯ ની આસપાસ થયો હોવો જોઇએ.

પોતાની માતાના માલીકનાં ખેતરોમાં કૂદતો રમતો બાળક જેમ જેમ મોટો થતો ગયો, તેમ તેમ ગુલામીનો બોજ એને માથે લદાતો ગયો. પાંચ છ વર્ષની ઉંમરના બાળકને ખેતરમાં કામ કરવું પડતું. ગુલામીમાંથી કોઇ રીતે કોઈ દિવસે મુક્ત થઇ શકાય એવી કોઇ આશા વગર બાળક ફ્રેડ્રીક પંદર વર્ષની ઉંમરનો થયો. પંદર વર્ષ સુધી એક કહ્યાગરા ગુલામ-છોકરા તરીકે એની ખ્યાતિ હતી.

ચોથે દિવસે ફ્રેડ્રીક થાકેલો, ભૂખ્યોતરસ્યો અને થાકથી અર્ધબેભાન બનેલો પકડાયો. એના પગમાં સાંકળો નાખવામાં આવી અને ગળામાં ટોકરી બાંધવામાં આવી. પોતાને ખેતરે લઇ જઇને આ નાસી જનાર ગુલામને આકરી સજા કરવાનો ઓવરસિયરે નિરધાર જાહેર કર્યો.

એ ઓવરસિયરની આબરૂ ગમે તેવા નાફરમાન અને ઉદ્ધત ગુલામને પણ વશ કરવાની હતી. ચોપાસથી અનેક ગુલામ-માલેકો પોતાના ઉદ્ધત દેખાતા ગુલામોની સાન ઠેકાણે લાવવા એમને આ ઓવરસિયરને સોંપતા. બેડી, ફટકા, ભૂખમરો, ગાળો વગેરેથી આ જાલીમ નરરાક્ષસ ગમે તેવા ગુલામને પણ મહાત કરતો, આસપાસના પચાસ પચાસ જોજનના પથકમાં જહોન સ્ટ્રેન્ગવે જેવો જાલીમ ઓવસિયર બીજો કોઇ ન મળે. એટલે આ નાસી જવાની ધૃષ્ટતા દાખવનાર ગુલામની શી દશા થશે એનો વિચાર સરખો કરતાં પણ બીજા ગુલામો થરથરી ઉઠયાં.

અનુભવતા દક્ષિણ સંસ્થાનોના આગ્રહથી અમેરિકન સરકારે અમેરિકામાં આફ્રિકાથી નવા ગુલામોની આયાતની ખાસ કાયદાથી મંજૂરી આપી અને એક અમેરીકન કપ્તાન બોસ્ટનમાં આફ્રિકાથી સદંતર નવા આઠસો ગુલામો પણ લઇ આવ્યો.

પહેલાં અમેરિકામાં નવા ગુલામો આયાત ન થઇ શકતા. અમેરિકામાં જેટલાં ગુલામ કુટુંબો હોય એમનાજ વંશ-વારસો માથે ગુલામીનો બોજો પડે. પરંતુ કોઇ માણસ આફ્રિકામાંથી કે અમેરિકાની બહારથી ગુલામો અમેરિકામાં આયાત ન કરી શકે. ઇ. સ. ૧૮૬૦ પહેલાં આ સ્થિતિ હતી. પરંતુ ઇ. સ. ૧૮૬૦ના ખાસ કાયદાથી તો બહારથી ગમે ત્યાંથી નવા ગુલામો આયાત કરવાની દક્ષિણના ગુલામ-વેપારીઓને મંજૂરી મળી.

ફ્રેડ્રીક ડગ્લાસને આ કાયદા પછી લાગ્યું કે કેવળ 'અંડરગ્રાઉન્ડ'થી ગુલામીનો પ્રશ્ન ઉકેલાઇ નહિ શકે. જૂના ગુલામોને નસાડવામાં આવે ને નવાની ભરતી કરવામાં આવે તો એથી ગુલામીની પ્રથા કાંઈ નાબુદ થયેલી ન ગણાય. બાર વર્ષથી પોતે જે કાર્યને સાચું માનતો હતો એ કાર્યને ફ્રેડ્રીકે ત્યાગી દીધું. હવે એણે ગુલામીની પદ્ધતિ સામે પ્રચાર કરવાનું કામ માથે લીધું. ગુલામીની સામે પ્રબળમાં પ્રબળ લોકમત કેળવવો એ એને ખાસ જરૂરનું લાગ્યું.

ડગલાસ આંતરવિગ્રહની કલ્પનાથી ન કંપ્યો. આંતર-વિગ્રહ વહેલો મોડો અનિવાર્યજ હોય તો પછી એને વહેલામાં વહેલોજ જગવી દેવો જરૂરનો છે એમ એને સમજાયું.

ને પછી ઇ. સ. ૧૮૬૦ થી ડગલાસ ઉત્તર અમેરિકા-માં જાહેર ભાષણો આપવા લાગ્યો, લેખો લખવા માંડ્યા. એની જીભમાં સરસ્વતી હતી, એના વિચારોમાં સ્વાનુભવની આગ હતી, એની વાણીમાં ઉન્માદક ઉગ્રતા હતી. હબસી-ઓની લડાયક વૃત્તિની સજીવ મૂર્તિશા ડગલાસે પોતાનાં લડાયક અને તેજસ્વી ભાષણોથી અમેરિકાનાં ઉત્તર-સંસ્થાનોના લોકોનાં દિલ ઉપર જાણે કે જાદુ કરી લીધું. અમેરિકામાં આજ દિન સુધી ફ્રેડ્રીક ડગલાસ જેવો કોઇ બીજો સમર્થ વક્તા થયો નથી.

ને આખરે એ ઘડી આવી પહોંચી કે જ્યારે ગુલા-મીને નાબુદ કરવા માટે ઉત્તર સંસ્થાનોએ હથિયાર લીધાં. દક્ષિણ સંસ્થાનોએ પણ સેના ચલાવી. ફ્રેડ્રીક ડગલાસે ઉત્તર-સંસ્થાનોના સૈન્યમાં ભરતી કરવાનું કામ માથે લીધું.

એ ઘોર આંતરવિગ્રહમાં એક કાળ એવો આવ્યો કે દક્ષિણનાં સૈન્યો વિજયી બન્યાં. ઉત્તરનાં સૈન્યો પીછે-હઠ કરવા લાગ્યાં. ઉત્તરના સૈન્યનો કોઇ સમર્થ સરદાર રહ્યો નહિ. સર્વત્ર પરાજયના પુરોગામી પડછાયા પથરાવા લાગ્યા. અમેરિકાના પ્રમુખ લિંકને આ આંતરવિગ્રહને તહકુબ કરવાના રાહ વિચારવા માંડ્યા.

ડગલાસ જ્યારે આ વાતથી વાકેફ બન્યો, ત્યારે એ સીધો પ્રમુખ લિંકન પાસે ગયો. લિંકન સમક્ષ એણે દરખાસ્ત મૂકી કે ગુલામોમાંથી એક સૈન્ય ઉભું કરીને એની સરદારી હું લેવા તૈયાર છું. મારા જીવનકાર્ય માટે આજ દિન સુધી ભાષણો લખ્યાં છે ને લેખો લખ્યા છે. આજ હું રણના મેદાનમાં મારો જાન હોમવા જવાને

પણ તૈયાર છું. પરંતુ એક શરતે. મારી શરત એ છે કે અમેરિકાના તમામ મુલકમાંથી ગુલામીને સદંતર નાબુદ કરવાનું તમે સત્તાવાર ફરમાન જાહેર કરો.

ઉત્તર અમેરિકામાં એવા કેટલાક હતા કે જેઓ ગુલામીને રફ્તે રફ્તે નાબુદ કરવાની હિમાયત કરતા હતા. એવા સુધારકોને આવા ફરમાનથી નાખુશ કરવાનું લિંકનને પહેલાં તો સહેજ મુશ્કેલ લાગ્યું; પરંતુ ફ્રેડ્રીક ડગલાસ પોતાની માગણીમાં મક્કમ રહ્યો. લડાઈ ચલાવવામાં અને એને ટકાવવામાં ડગલાસની સરકારને જરૂર હતી. લિંકને અમેરિકામાંથી ગુલામી નાબુદ કરવાનું ફરમાન પ્રગટ કર્યું.

ને એને ત્રીજેજ દિવસે ફ્રેડ્રીકે દોઢ લાખ ગુલામોની સ્વયંસેવક સેના ઉભી કરી દીધી અને ડગલાસ એ સેનાને મોખરે થયો.

જે માનવી આ આલમમાં એકજ જીવનકાર્ય હાથ પર લે છે, એના મગજમાં એ એક કાર્યને સિદ્ધ કરવા ખાતર કેવી કેવી મહાશક્તિઓ પ્રકટ થાય છે, એનું માનસશાસ્ત્રીઓ હજી પૃથક્કરણ નથી કરી શક્યા. ગઈ કાલના કેવળ વક્તા, ગઈ કાલના કેવળ લેખકમાં ચુનંદા સેનાપતિની કાબેલિયત ક્યાંથી ને કેમ કરીને પ્રગટી એ કોણ કહી શકે? એણે અમેરિકાના સરકારી પાટનગર વૉશિંગ્ટન ઉપર હલ્લાભેર સ્વારી કરતાં દુશ્મનના સૈન્યની આગેકદમ થોભાવી દીધી. એણે દક્ષિણના વિજયવંતા અને સર્વશ્રેષ્ઠ રણપંડિત સરદાર [illegible] ફ્રેડરિક્સ-બર્ગની લડાઈમાં સખ્ત શિકસ્ત આપીને [illegible] દક્ષિણના [illegible] કરવાની ફરજ પાડી. ઉત્તર અમેરિકાને [illegible] [illegible] સુધી ફ્રેડ્રીક [illegible]

નિરાશાનાં વાદળ ઓસરી ગયાં અને ઉત્તર-અમેરિકાની સેનાને વિજયપરંપરાની ભરતી ઉપર આખરે વિજયી બનાવનાર જનરલ ગ્રાંટ સરકારી સેનાનો મુખ્ય સરદાર નિમાયો. ડગલાસે લશ્કરી નોકરી છોડી દીધી. લિંકને એને 'દક્ષિણમાંથી નાસી આવેલા કાળા લોકો'ના સવાલો ઉકેલવા માટે સ્પેશિયલ કમીશ્નર નીમ્યો.

મહાયુદ્ધ પૂરું થયું. લિંકનનું ખૂન થયું. ગુલામી નાબુદ થઇ. ફ્રેડ્રીક ડગલાસે હવે મુક્ત થયેલા ગુલામોને પ્રમાણિક ધંધાઓમાં ચડાવી દેવાનું કામ હાથ પર લીધું. અમેરિકાના એ નવા—ગુલામવિહીન—સમાજમાં એને લાખો હબસીઓનું સ્થાન કરવું હતું. ગઇ કાલના ગુલામો આજના બેકાર હતા. એમને ધંધે વળગાડવાના હતા. એમને પ્રમાણિકતાથી રોટી રળતાં શીખવવાનું એ કામ હતું.

અમેરીકન સરકારને કહીને ડગલાસે પહેલાં તો આફ્રિકાના ગીનીના અખાતના કાંઠા ઉપર છૂટેલા ગુલામોના વસવાટ માટે એક સંસ્થાન સ્થાપ્યું. પહેલાં તો અમેરિકાની સરકાર આ સંસ્થાનને પોતાના તાબાની વસાહત તરીકે રાખવા માગતું હતું. પરંતુ ડગલાસનો મત એવો હતો કે, સંસ્થાનનો વહિવટ પ્રજાસત્તાકના ધોરણ ઉપર ત્યાં કાયમી વસાહતી થવા માટે જનારા હબ્સીઓજ કરી લે. આખરે ડગલાસની વાત મંજૂર રહી. અમેરિકાએ એ રીતે લાઇબેરિયા સંસ્થાન સ્થાપ્યું. ફ્રેડ્રીક ડગલાસે એ સંસ્થાનમાં લાખો અમેરિકન હબ્સીઓને વસાવ્યા.

પોતાની કોમને થયેલા ગંભીર ગેરઇન્સાફને નિવારવાને માટે પોતાની આખી જીંદગી સમર્પી દેનાર આ હબ્સી વીરને માથે એના ઉત્તરકાળમાં સરકારી માનચાંદો અને ઇલકાબો ખડકાવા લાગ્યા. એ ન્યુયૉર્ક સંસ્થાનનો સેનેટર બન્યો, હારવર્ડ યુનિવર્સીટીનો માનદ ડૉકટર બન્યો, અમેરિકાની મહાસભાનો સભાસદ બન્યો. કેવળ આપબળે આગળ વધેલા અમેરિકાના આ મહાપુરુષને

મુલાકાત લેવામાં અમેરિકાના પ્રમુખો પણ માન સમજતા. પોતાના જીવનકાર્યને વરેલો આ હબ્સી વીર અનેક ગોરા લોકની શ્રીમંત અને મધ્યમ વર્ગની કન્યાઓની ન્યોછાવર છતાં મૃત્યુ લગી પરણ્યોજ નહોતો.

એક અનર્થ ટાળવાને માટે એકલે હાથે આટલું કામ કરનાર ફ્રેડ્રીક ડગલાસની જીવનકથા કોઇ પણ દલિત વર્ગને આશા અને પ્રેરણાદાઇ બનવી જોઇએ છીએ. એના મૃત્યુ પછી એની સ્મશાનયાત્રામાં સાથ આપવા આખા અમેરિકામાંથી આવેલા બેએક લાખ હબ્સીઓએ એ કાળે ગાયેલું કરુણા-ગીત આજ પણ હબ્સીઓ નહિ તો અનેક દલિતવર્ગને આશાસંદેશ આપનારૂં થવું જોઇએ.

આશાસંદેશના એ ભાવવાહી કાવ્યની પહેલી લીટી આ પ્રમાણે છેઃ-

"વૃદ્ધ ડગલાસનું અવસાન થયું, પરંતુ એનો આત્મા તો આપણી ચોકી કરતો આગળ ને આગળ કૂચકદમ કર્યા કરશે. કોઇ એ પ્રગતિની કૂચને રોકી નહિ શકે."

[તા. ૧-૭-૧૯૩૩ના "ફુલછાબ" માંથી]





९-अब्राहाम लिन्कन

(લેખક:-શ્રી. નમસ્કાર)

ઈશ્વરની પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણે તેને દીનાનાથ, દીનદયાળ, અનાથોના પાલણહાર, ગરીબપરવર ઈત્યાદિ સંબોધનો વડે સંબોધીએ છીએ. તેને કોઈ એમ કહેતું નથી કે, તવંગરનાથ, સનાથના નાથ ઈત્યાદિ. ઈશ્વરનું ઐશ્વર્ય ગરીબોના રક્ષણમાં, ભક્તોની ભાળ રાખવામાં અને શ્રદ્ધાળુઓની શ્રદ્ધાને સાચવવામાં છે.

યુનાઈટેડ સ્ટેટ્સના લોકોને મન માર્ચ માસ ઘણો પવિત્ર છે. કારણ, કવિશ્રી ન્હાનાલાલ કહે છે તેમ, યુનાઈટેડ સ્ટેટ્સના લોકોને જગતના લોકોના ઈતિહાસમાં ચિરંજીવ સ્થાન અપાવનાર અબ્રાહામ લિન્કનનો એ માસ છે. કવિ કહે છે કે ઈતિહાસકારો તલવારોના સામનાનાં–રણાંગણોનાં ગીત ગાય છે; રણાંગણોના ગડગડાટને સાંભળે છે; એકશનને આલેખે છે; 'થૉટ' એકલો ચીતરતા નથી. ચિરંજીવી ભાવનાઓ, જે વિચારો માનવજાતિનાં ચરિતને ઘડે છે તેનાં ગીત ગાનારા તો જુદાજ.

યુનાઈટેડ સ્ટેટ્સના ગોરાઓનાં હૃદયો નિત્ય કાળા હબસીઓ, સીદીઓ પાસે સૈકાઓથી ગુલામી કરાવ્યાથી રીઢા બની ગયા હતા. કોઈને એવો વિચાર થતો ન હતો કે આ જાતીય જીવનમાં એક પ્રજા બીજી પ્રજાને અન્યાય કરે છે. કોઈને એવો વિચાર નહોતો સ્ફૂર્યો કે ઈશ્વરના કાનૂનથી આ માનવવ્યવસ્થા વિરુદ્ધ છે.

ઈશ્વરે અબ્રાહામ લિન્કનના હાથમાં સત્તા મૂકીને પ્રેરણા કરી કે, યુનાઈટેડ સ્ટેટ્સમાં વસતા કાળા હબસી-

ઓ—નીગ્રોનો મોક્ષ કર, અને યુનાઇટેડ સ્ટેટ્સના લોકોના અંતરમાંથી કાળા—ગોરાનો ભેદ કાઢી નાખી ચિરંજીવી કાર્ય કર. લિન્કને કરોડો હબસીઓનાં ઘરોમાં જ્યોતિ ફેલાવી, ગોરા ખ્રિસ્તીઓને અધોગતિમાંથી બચાવ્યા. ગુલામોને ગુલામીમાં જકડી રાખવાથી સ્વતંત્રતાની કદર થતી નથી; સ્વતંત્રતાની કદર તો ગુલામીમાં જકડાયેલાઓને બંધન-મુક્ત કરી પોતાના જેવા સ્વતંત્ર કરવામાં થાય છે. ગુલામીમાં જકડી રાખનારનો અંત છેવટે જાતે ગુલામ બનવામાં આવે છે. લિન્કને આ ચિરંજીવી કાર્ય કર્યું અને પોતાના પ્રાણોની તેમાં આહૂતિ આપી !

આપણે ત્યાં જગતના ચિરંજીવ મહાભાવોનાં ચરિતોનાં દૃશ્યો ભાગ્યેજ દેખાડાય છે. કારણ, સ્વતંત્ર થવાની પ્રેક્ષકોના અંતરમાં સ્ફૂરે તેવી અણછાજતી બીક. ડ્રિન્કવાટર નામના લેખકે અબ્રાહામ લિન્કનનું ચરિત દૃશ્ય બનાવી શકાય તેમ ગોઠવ્યું છે. નાટકકાર લિન્કનને એક અસાધારણ હિંમતવાળા પુરુષ તરીકે રજૂ કરે છે. સ્ટોન નામનો એક ખેડુત કહે છે કે લિન્કન, સેમ્પ્સન નામક પહેલવાન જેવો અડગ છે ! વાત ખરી છે. મનુ કહે છે કે સર્વ ગુણોનો પાયો નિર્ભયતા, હિંમત, સત્ય, સાહસ છે. લિન્કન નિર્ભય હતો, તેમ હિંમતવાળો હતો. પોતાના મંતવ્યના સત્યમાં શ્રદ્ધા હતી, અને લિન્કનની હિંમત કંઈ સાધારણ ન હતી. ઈશ્વરે તેના અંતરને અજેય બનાવ્યું હતું. લિન્કનને બીક ઈશ્વરની હતી. મારા સર્જનના કાનૂનથી ઉલટું કામ મારાથી ના થાય. મારા સર્જકે આપેલી શક્તિનો મારે સદુપયોગ કરવો ઘટે, મારે તેનો જવાબ દેવાનો છે. જેમનામાં આધ્યાત્મિક હિંમત [illegible] છે તે આ મોટા ભેદને [illegible] કરે છે. [illegible] અંતરનાં [illegible] [illegible] [illegible]

[illegible]

એક અનેરી ભાવનાનું સેવન કરતો પહોંચ્યો ત્યારે સ્ટેટ-સના રીપબ્લીકન પક્ષના આગેવાન નગરજનોનું પ્રતિનિધિ મંડળ સ્ટેટ્સના પ્રજાસત્તાક તંત્રના પ્રમુખપદ માટે ઉમેદવારી કરવાની વિનતિ કરવાને લિન્કન પાસે આવ્યું. લિન્કન પાસે કંઇ પ્રપંચ, વાક્છળ ન હતો, અહમ-હમિકા ન હતી. સિદ્ધાંતપૂર્વક કાર્ય કરવું અને મરી જવું. એ કંઇ સમાધાન કે માંડવાળ કે તોડજોડ કરનારો ન હતો. એ કંઇ કોઇની ચરમુખત્યારી માંગતો ન હતો. તેને નહોતી જોઇતી યશલક્ષ્મી, નહોતી જોઇતી ધનલક્ષ્મી. તેને જોઇતો હતો ભાવના સિદ્ધ કરવાનો મોકો માત્ર. મોકો મળે તો સિદ્ધાંતને માટે કાર્ય કરવું; બીજું સર્વ ગૌણ.

લિન્કને પોતાને મળવા આવનારાઓને પૂછ્યું: "જાણો છો તમે કે આ કાર્ય માટે મારામાં કેટલી ખામી ઉણપો છે?" વળી તેણે કહ્યું કે "મારામાં નાગી ચકાઈ કે નથી ચાતુરી. હું ઘણોજ દુરાગ્રહી આદમી છું, મને તમે પ્રજાસત્તાક તંત્રના પ્રમુખપદ માટે પસંદ કરશો, પણ અન્ય લોકો તમારી હાંસી કરશે; અને વિશેષમાં મારી ઇચ્છાનુસાર કાર્ય કરીશ તે ધ્યાનમાં રાખજો." ઇત્યાદિ.

લિન્કનનાં વચનોમાં વાગ્જાળ ન હતી, ગુહ્યાર્થ ન હતો, શબ્દોની ઘટનામાંથી નવા અર્થો ઉપજાવવાના ન હતા, એની કંઇ સમાધિભાષા ન હતી; એણે તો જે અંતરમાં હતું તેજ શબ્દો દ્વારા રજુ કર્યું હતું. ઇશ્વરભક્ત લિન્કનને દંભ ન હતો. જેને ઈશ્વરમાં શ્રદ્ધા નથી હોતી અને નેતાપદ આ લોકમાં જાળવવું હોય છે તેઓને શબ્દો સાથે રમત કરવી પડે છે. લિન્કને તેઓને પ્રથમથીજ ચેતાવ્યા હતા કે, મને જો પ્રમુખ તરીકે પસંદ કરશો તો ગુલામીના પ્રશ્નમાં હું સમાધાની નહિ કરી શકું; એનો કાયદાપુરઃસર અંત લાવવાનો મારો નિશ્ચય અડગ છે. સત્ય વાતમાં સમાધાન, તોડજોડ ના હોય. લિન્કન કહે છે કે, આ નિશ્ચય મારા રક્તના અણુ અણુમાં વ્યાપક છે, અને તેણે પોતેજ આ ભાવના બાલપણમાં કેમ ઉપજી તે કહ્યું છે.

એની વાતનો સાર આ પ્રમાણે છેઃ–બાલપણમાં હું ન્યુઓર્લિયાં નામના શહેરમાં રહેતો હતો. ત્યારે ગરીબ લાચાર હબ્સીઓના હાથપગમાં બેડીઓ નાખેલી મેં જોઇ હતી. તેઓની પાસે બળાત્કારે કામ કરાવાતું હતું અને ખોટા કે ખરા બહાને તેઓને ચાબખાના માર સહન કરવા પડતા હતા. એક પુરુષ એક ચોટ્ટા કૂતરાને લાત મારે તેમ તેઓના પર લત્તાપ્રહારો થતા હતા. અને એક દિવસ એક હબસી છોકરીને વેચવા માટે બજારમાં આણેલી; તેને માટે કોઈ ખરીદદાર મળે તે કારણે ગુલામોના બજારમાં એ છોકરીને આ નાકેથી પેલે નાકે આંટા મરાવતા હતા. આ દૃશ્ય નિહાળી મારા હૃદયમાં થયું કે મને જો કદી પ્રસંગ મળે તો હું એને જડમૂળથી ઉખેડી કાઢીશ–બેપગાં પ્રાણીઓને ગુલામીમાંથી છોડાવીશ.

લિન્કને પ્રતિનિધિ નગરજનોને પોતાની માગણી માટે પુનઃ વિચાર કરવાનું સૂચવ્યું. વિચાર કરવાનો સમય આપી તે બીજા ખંડમાં ગયો. જ્યારે તે પાછો આવ્યો ત્યારે પ્રતિનિધિમંડળ એક પ્રમાણિક, સત્યવાદી, સ્પષ્ટ-વક્તા, હિંમતવાળા લિન્કનનેજ પ્રમુખસ્થાન આપવાને આતુર જણાયું. લિન્કને કહ્યુંઃ "તમારો આભાર; મને કબૂલ છે." એટલું કહી લિન્કન ટેબલ પાસે જમીન પર ઈશ્વરપ્રાર્થના કરવા ઘુંટણીએ પડ્યાં.

જ્યારે એ પ્રતિનિધિમંડળ તેને છોડી ગયું ત્યારે તે યુનાઈટેડ સ્ટેટ્સનો નકશો જોતો હતો. એ શાંત પળ, એ શાંત વિચારણા ધર્મયુક્ત કર્તવ્ય ભાવનાની મૂર્તિ ઈશ્વર પાસે કાર્ય કરવાની માત્ર શક્તિ માંગી રહી હતી.

પ્રમુખ તરીકે તેની પસંદગી થઇ. પછી તેની સામે ભયંકર વિરોધો જાગ્યા, [illegible] લિન્કન અડગ અને અચલ રહ્યા. [illegible]

સામા દક્ષિણ બાજુના કેટલા રિપબ્લીકો પણ ભીંત ભારેલા
હતો. એટલે સુધી નેતાઓએ કહ્યું કે હવે લિન્કન ગુલામી-
ને કાઢી નાખશે તો દક્ષિણભાગનાં સંસ્થાનો—પ્રાંતો ઉત્તર
ભાગથી છૂટા પડી જશે, સંયુક્ત રાજ્ય—યુનાઈટેડ સ્ટેટસ-
ના કટકા થઈ જશે. લિન્કન દક્ષિણ અને ઉત્તર એમ બે
ભાગલા પડે તેથી સદંતર વિરુદ્ધ હતો. દક્ષિણભાગના
લોકો સાથે સિદ્ધાંતને ખાતર હથિયાર ઉપાડી લડવું
પડે તો લડવાની હદે જવાને તે તૈયાર હતો; પણ ગુ-
લામી તો સ્ટેટ્સમાંથી જવીજ જોઈએ. ઘણાકોએ તેને
સમજાવ્યું કે તોડજોડ કરો, સમાધાન કરો; પણ લિન્ક-
ન કાંઈ ના ખસ્યો. તેણે કહ્યું કે, ગુલામીના સિદ્ધાંતપર
રાજ્યની, જનતાની મહોરછાપ કદી ના મળી શકે. પરિ-
ણામે યુનાઈટેડ સ્ટેટ્સમાં પાંચેક વર્ષપર ગુલામીની પક્ષ-
પાતી અને ગુલામીના વિરોધી એવા દક્ષિણ અને ઉત્તર-
ભાગો વચ્ચે મહાવિગ્રહ થયો. ઉત્તરભાગ તરફથી એન્ડર્સન
ને દક્ષિણભાગના કિલ્લા સુંટરપર ઘેરો ઘાલવામાં આવ્યો.

થોડા વખત વીતતાં એન્ડર્સને લિન્કનને કહાવ્યું
કે બીજા માણસો, યુદ્ધસામગ્રી અને અનાજ જો પહોંચા
ડશો નહિ તો ટકી શકશે નહિ. લિન્કને પોતાની સલાહ-
કારક પ્રધાનમંડળીને ભેગી કરી. કોઈકે કહ્યું કે, લશ્કર
પાછું ખેંચી લો; પણ એ વાત કંઇ લિન્કનને ગળે ના
ઉતરી. તેણે કહ્યું કે " હિમ્મતની, શ્રદ્ધાની આપણને
ઘણી જરૂર છે. " એણે એન્ડર્સનની કુમકે સૈન્યો મોકલ્યાં.
યુદ્ધ બે વર્ષ ચાલ્યું. બન્ને પક્ષોમાં તેના દેશબાંધવો હતા.
નિત્ય રક્તપાત થતા હતા. લિન્કનનું મગજ મજબૂત હતું,
મનોબળ ભારે હતું, પણ હૈયું પોચું હતું. જે માણસો મરે
તેમને પ્રાણ પાછા આપવાની શક્તિ તેનામાં ન હતી. તે
કહે છે કે, રોજ સવારે જ્યારે જાગું ત્યારે મારા મનમાં
થતું કે આજે સો બસો કે હજાર દેશબાંધવો ખપી જશે.
એ અસહ્ય છે. હર પળે થતું કે લડાઈ બહુ ખુંચે છે; પણ
એ ચલાવ્યા વિના છૂટકો નથી. આપણે જીવ દઈને કામ

કરવું જોઇએ. કોઇક સ્ત્રી તેને મળવા આવી હતી તેને તેણે કહ્યું કે "મેં લડાઇમાં ઉતરવાનું ભારે દિલે સ્વીકાર્યું છે અને દરરોજ મારૂં અંતર તૂટી જશે એમ થાય છે. પણ મેં માનવજાતિના હિત માટે અને જગતમાં ન્યાય અને દયાયુક્ત વ્યવહાર રાખવાને અને સ્નેહ અને ઉદારતાની વૃદ્ધિ માટે લડવાનું કબૂલ્યું છે."

લડાઇ ચાલુ રહી અને હબસીઓની મુક્તિનો નિશ્ચય વધારે પાકો થતો ગયો. લિન્કન જીત્યો અને દક્ષિણ ભાગના લોકો હાર્યા. રાજ્યની છાયામાંથી, રાજબંધારણ-માંથી ગુલામી નાઠી. લિન્કને પોતાની કારોબારી મંડળીને બોલાવી:–"ઇતિહાસ પુનરાવૃત્તિ કરે છે એ નિયમ છે; ગુલામો બનાવનાર પોતે ગુલામ બને છે. આપણે ગુલા-મીનાં બંધનો તોડી નાખી જેઓ સ્વતંત્ર છે તેમની સ્વતંત્રતાનો વીમો ઉતારીએ છીએ; તેમની સ્વતંત્રતાની જામીનગીરી લખી આપીએ છીએ." પોતાની નોંધમાં તેણે લખ્યું છે કે "જગતમાં સર્વોત્તમ વસ્તુ આપણે ઘણી ઉદાર-તાથી બચાવી શકીશું અથવા ઘણી નીચતાથી ગુમાવીશું."

૧૮૬૦ માં યુનાઇટેડ સ્ટેટ્સમાં વસતા હબસીઓને ગુલામીનાં બંધનોમાંથી છૂટા કરવાનો ઢંઢેરો બહાર પાડવા-માં આવ્યો હતો. ૧૮૫૮ માં હિન્દી સિપાઇઓના સ્વતંત્ર-તાના યુદ્ધમાં સિપાઇઓ હાર્યા ત્યારે શ્રીમતી વિક્ટોરિયા રાણીએ રાજવહીવટમાં ધર્મનો કે વર્ણનો કે કાળાગોરાનો કે દેશનો ભેદ ન પાળવાનાં વચનવાળો ઢંઢેરો બહાર પાડ્યો હતો. યુનાઇટેડ સ્ટેટ્સની હકુમતમાં હબસીઓની વસ્તી છતાં આજે તે મહાન બન્યું છે; [illegible] હિન્દમાં હજી હિન્દીઓ રાજતંત્રમાં [illegible] સમાનતાનો હક્ક મેળવવા, [illegible] મેળવવા મંથન કરી રહ્યા છે. [illegible] નિર્ણીત. [illegible] ધર્મીઓ [illegible] માગી ન [illegible]

હીક રાજદરબારી નાલાયકીઓના ભાર સહન કરે છે. યુનાઈટેડ સ્ટેટ્સ, બ્રિટન અને યુરોપની ડેમોક્રસીઓની આંખો પરથી રંગભેદનાં જે આવરણો છે તે ઉતર્યાં નથી; ઈસુ ક્રાઈસ્ટે પાદરીઓનાં મંદિરોમાં અને વ્યવહારમાં ભ્રાતૃભાવનો ફેલાવો કરવાને માટે વધસ્તંભ પર પોતાનો ભોગ આપ્યો. એનું સ્વાર્પણ ના લેખે, પણ જે ખ્રિસ્તી પ્રજાઓના હાથમાં આજે જગતનું તંત્ર છે તેઓ હજી સ્વાર્થનો ભોગ આપી સર્વ પ્રજાઓમાં પરસ્પર ભાઈચારો ફેલાવી કાર્ય કરવાનું શોધી શકી નથી. વળી યુરોપની ખ્રિસ્તી પ્રજાઓમાં યાહૂદીઓની કતલ કરવાની ભયભેરીઓ હજી પણ સંભળાય છે.

